શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૪મું
જુલાઈ : ૨૦૨૦ ● અંક : ૧
પાના નં. ૧ ● કુલ પેજ : ૧૧૨

૧૫ જુલાઈ, ૨૦૨૦ પ્રસિદ્ધ કર્યા તા. ૧૫-૦૭-૨૦૨૦ કિંમત : રૂા. ૧૮/-

## "કોરોના વિશેષાંક"




તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) ● દિનેશભાઈ આર. મહેતા ● ભોલાભાઈ ગોલીબાર
મુખ્ય કાર્યાલય : **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૭૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ● ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.


www.artnirman.com
A Project by: ART Nirman Ltd.
श्री विष्णुधारा GARDENS
2&3 BHK | SHOPS | OFFICES
WITH ALL BRANDED FITTINGS
FOR THOSE WHO CARE FOR QUALITY
The Limitless Luxury Living
The landmark housing project @ Gota.
SAMPLE HOUSE READY
100%* LOAN PAPERS AVAILABLE
ALL USEFUL AMENITIES
Lush Green Landscaping | Affordable Luxury | Blissful Living
WITH ALL USEFUL LUXURIOUS AMENITIES
Attractive Garden
Kids Play Area
Club House
Community Hall
Jogging Track
4 Star Guest House
Basement Parking
Multi Purpose Court
SITE OFFICE : BEHIND EULOGIA HOTEL, OFF. S.G. HIGHWAY, GOTA, JAGATPUR, AHMEDABAD.
FOR BOOKING / INQUIRY CALL ▸ 88 66 71 44 99 | 88 66 38 44 99


TOPScorer App™
Fun. Learn. Score. More.
A NAVNEET® INITIATIVE
૧૦૦% અભ્યાસક્રમ અને પુસ્તકો પર આધારિત ઈ-લર્નિંગ
TOPScorer
CIN : U72200MH2008PTC181531
ઈ-લર્નિંગ પ્રોડક્ટ ધોરણ ૧ થી ૧૦ માટે
ગુજરાત સ્ટેટ બોર્ડ
English
ગુજરાતી
દરેક 2D / 3D પ્રકરણનું એનિમેશન
દરરોજ અમર્યાદિત વીડિયો અને પ્રકરણ શિખો સ્કૂલ અને ટ્યૂશનમાં
આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત અસેસમેન્ટ સૉફ્ટવેર
પ્રકરણ ભણી લીધા બાદ પરીક્ષા લઈ શકાય
GET IT ON Google Play
મોબાઈલ કેમેરા દ્વારા QR કોડ સ્કેન કરો એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે
*T & C apply
TOPScorer App
@TopScorerApp
@TOPScorerApp
topscorer_app

# અમે આભારી છીએ...

*શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ" સમગ્ર ભારતમાં કોરોના મહામારીની અસરના કારણે એપ્રિલ-૨૦૨૦થી જૂન-૨૦૨૦ – એમ ત્રણ મહિના દરમિયાનના પોતાના અંકો બહાર પાડી શકેલ ન હતું. તેનો જુલાઈ-૨૦૨૦નો અંક "કોરોના વિશેષાંક" તરીકે પ્રકાશિત કરવામાં આવી રહેલ છે. આ વિશેષાંક બહાર પાડવાના સમયે અમે સમાજના કેટલાક માનવંતા સભ્યોને ફોન પર જ અપીલ કરેલ હતી કે જેના જવાબ સ્વરૂપે આ સભ્યો તરફથી જે હકારાત્મક પ્રતિસાદ સાંપડ્યો, તેના ફળ સ્વરૂપે અમે આ વિશેષાંક પ્રકાશિત કરી શક્યા છીએ. અત્રેથી અમે દરેક સહયોગી સભ્યોનો ખૂબ ખૂબ આભાર માની, આ કાર્યમાં નિમિત્તરૂપ બનવા બદલ તેઓશ્રીને ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવીએ છીએ.*

*– તંત્રી મંડળ*

## વિશિષ્ટ દાતાશ્રીઓ

- શ્રીમતી મંજુલાબેન હરખચંદ સાવલા – ગાંધીનગર
- શ્રી શાંતિલાલ મુળજી સાવલા, દીપ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ – અમદાવાદ
- અનુભૂતિ એન્જિનિયરીંગ પ્રાઈવેટ લિમિટેડ – અમદાવાદ
- ભુજ મર્કેન્ટાઇલ કો.ઓ. બેંક લિ. - અમદાવાદ ★ મહેન્દ્રભાઈ મોરબિયા (મો. ૯૬૩૮૩ ૦૮૪૩૨) (બ્રાંચ : ભુજ, માધાપર, અંજાર, ગાંધીધામ, નખત્રાણા, અમદાવાદ)

## માનદ્ દાતાશ્રીઓ

- શ્રી હરીશભાઈ રંગવાલા, હર્ષા એન્જિનિયર્સ – અમદાવાદ
- વિનોદ કોલ્ડ સ્ટોર્સ પ્રા.લિ., જય અંબે હીમઘર પ્રા.લિ., મધુસુદન કુલ સ્ટોર્સ પ્રા.લિ.
- શ્રી પ્રફુલ્લચંદ્ર ટાંક, કર્મા કેમિકલ ઇન્ડસ્ટ્રીઝ – વટવા, અમદાવાદ.

## સહયોગી દાતાશ્રીઓ

- શ્રી કીર્તિભાઈ બારૂ, કતીરા કન્સ્ટ્રકશન કું. – અમદાવાદ / ભુજ
- શ્રી રઘુરામભાઈ વશરામભાઈ ઠક્કર – અમદાવાદ
- શ્રી દીપકભાઈ નાનાલાલ ચૌહાણ, ડી. એન. પોલિટેકનિક – અમદાવાદ
- શ્રી મેઘજીભાઈ કુંવરજીભાઈ ખેતાણી, પટેલ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ – અમદાવાદ
- CA ભાઈલાલભાઈ કે. પટેલ, બી.કે. પટેલ એન્ડ કું. – અમદાવાદ
- શ્રી અનિલભાઈ રામજીભાઈ હરિયા, દેવલ ડેવલોપર્સ – અમદાવાદ
- શ્રી રતિલાલભાઈ મેઘજીભાઈ સુથાર, હોમ ડિઝાઇન ફર્નિચર – અમદાવાદ

## ★ સહયોગી દાતાશ્રીઓ ★

- શ્રી રસીકલાલભાઈ ખીમજીભાઈ મહેતા – અમદાવાદ
- શ્રી અશોકભાઈ રામજીભાઈ સાવલા, અંકિત ઇન્ફ્રાબિલ્ડ એલ.એલ.પી. – અમદાવાદ
- શ્રી મનુભાઈ શાહ, ગૂર્જર પ્રકાશન – અમદાવાદ
- શ્રી ચીમનલાલ વલમજી પલણ, રાધાવલ્લભ ગ્રૂપ – અમદાવાદ
- ક્રિષ્ના પાર્ટી પ્લોટ – સિંધુ ભવન પાસે, અમદાવાદ (બુકિંગ માટે સંપર્ક : ૯૩૨૭૦ ૩૭૪૪૯)
- શ્રી પરબતભાઈ શિવજીભાઈ પટેલ, શિવમ પેકેજિંગ ઇન્ડસ્ટ્રીઝ – નારોલ, અમદાવાદ
- શ્રી કમલેશભાઈ મનુભાઈ શેઠ – અમદાવાદ
- મે. આકાશ એક્સ્પ્લોરેશન સર્વિસીસ પ્રા. લિ. – અમદાવાદ

## ★ શુભેચ્છક દાતાશ્રીઓ ★

- શ્રી હિમાંશુભાઈ ભાઈલાલભાઈ ઠક્કર, એક્ષપર્ટ એજ્યુકેર પ્રા.લિ. – અમદાવાદ
- CA હરસુખભાઈ વિશ્રામભાઈ પટેલ, એચ. પટેલ એન્ડ એસોસિએટ્સ – અમદાવાદ
- શ્રી દક્ષેશભાઈ નવીનચંદ્ર સંઘવી, કિરીટ કન્સ્ટ્રક્શન કું. – અમદાવાદ
- શ્રી ચિત્રસેન રવજી શાહ – ગાંધીનગર
- શ્રી દામજીભાઈ પ્રેમજીભાઈ નીસર, એકતા ચિક્કી – અમદાવાદ
- શ્રી જ્ઞાનભાઈ ભાનુશાળી – અમદાવાદ
- શ્રી મહેન્દ્રભાઈ મોતીલાલ વસા – અમદાવાદ
- શ્રી કૃણાલ નરેન્દ્રભાઈ શાહ, ઇન્ડોટેક્ષ પેઇન્ટ્સ પ્રા.લિ. – અમદાવાદ
- શ્રી નરસિંહભાઈ નારાયણભાઈ પટેલ – અમદાવાદ
- શ્રી પૃથ્વીભાઈ શાહ – ગાંધીનગર
- શ્રી કે. ડી. શાહ (શ્રી ચંદ્રકાંત દામજી શાહ) – પાલડી, અમદાવાદ
- શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર – પાલડી, અમદાવાદ
- શ્રી રજનીકાંત ધરમશી પારેખ – પાલડી, અમદાવાદ
- CA વી. આર. ગોપાણી, વી. આર. ગોપાણી એન્ડ કું. – બાવળા, અમદાવાદ (મો. ૯૪૨૬૩ ૦૩૬૨૮)
- શ્રી સુનિલભાઈ પટેલ, શ્રી ક્રિષ્ના આઈસ ફેક્ટરી – ચાંદીઅલ, અમદાવાદ
- શ્રી નિહારભાઈ મહેતા, ડ્રીમ ડેકોર – ડ્રાઇવ-ઇન રોડ, અમદાવાદ
- શ્રી તરુણકુમાર પુરુષોત્તમભાઈ મોતીવાલા – ઘોડાસર, અમદાવાદ
- શ્રી વીનીતભાઈ મજીઠિયા – વસ્ત્રાપુર, અમદાવાદ

# સીમ્સ હોસ્પિટલ

CIMS

વિશ્વાસ





**ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને ઓપરેશન થીયેટર, ૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને ૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ**

- પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
- GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન.
- સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયાલોજીસ્ટ
- આર્થ્રોસ્કોપી અને સ્પોર્ટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કાર્ડિયો થોરાસિક સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઈનોલોજી
- ઈમરજન્સી
- ફેમિલી મેડિસીન
- ફીટોમેટરનલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઇન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, એસ્થેટીક એન્ડ આઇવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઇન્ફેક્શન એન્ડ આઇવીએફ ડિસીઝ
- ઇન્ટરનલ મેડિસીન
- જોઇન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનેટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઈન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઇક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિએશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઇન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.**

**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક ટ્રાન્સકેથેટેર એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા 5 TAVI (ટ્રાન્સ એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન) ટૂંક સમયમાં કરવામાં આવ્યા છે.**

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) | NABH | NABH EX | Ethics Committee | NABL | ACC | GreenOT

**24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00**

**એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઇમરજન્સી : +91-97234 50000**

CIMS® Care Institute of Medical Sciences

ગુરુકુળ મેલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઇમેલ : info@cims.org | www.cims.org

www.facebook.com/cimshospitals

www.cims.org

CIMS Hospital India App on:

વર્ષ-૩૪ ● અંક - ૧
૧૫ જુલાઈ, ૨૦૨૦

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com

●

**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## સંપૂટ-૧

### તંત્રી લેખ


- કોરોના – એક અદ્વિતીય મહામારી ........ **અશોક મહેતા**.....૯
- માનદ્ મંત્રીશ્રીની કલમે ........ **હિમાંશુ ઠક્કર**....૧૧
- કોરોનાના દર્દીના હોમ ક્વોરન્ટાઈન માટે કેન્દ્રની માર્ગદર્શિકા જાહેર ........ ....૧૨
- વિશ્વમાં રોગચાળા જેવી મહામારીઓ પર એક ઉડતી નજર ........ **અશોક મહેતા**....૧૩
- કોરોના! કોરોના! કોરોના! : જાણો અને સમજો ........ **ડૉ. નીતુબેન પરીખ**....૨૧
  એમ.ડી. (ફિઝીશિયન)
- કોવિડ-૧૯ના સંદર્ભમાં હેલ્થ કેર ઈન્ડસ્ટ્રીઝની સ્થિતિ ........ **ડૉ. ધીરેન એસ. શાહ**....૨૩
  MB, MS, MCh (CVTS), FICS, Director - CIMS Hospital
- હું પણ એક કોરોના વૉરિયર છું ........ **ડૉ. હિતેન્દ્ર એમ. શાહ**....૨૭
  **ડેન્ટલ સર્જન** (BDS, MDS)
- કોરોના અને આપણે ........ **ડૉ. ગૌરાંગ ગાંધી, યુરોલોજિસ્ટ** ....૨૯
- કોરોના : અત્યાર સુધીની પરિસ્થિતિ પર એક દૃષ્ટિપાત ........ **ડૉ. ધીમંત પુરોહિત**....૩૩
  વરિષ્ઠ પત્રકાર અને ન્યુઝ પોર્ટલના એડિટર
- કોરોનાની સાઈડ ઈફેક્ટ ........ **લીલાધર માણેક ગડા**....૩૫
- મહામારી કોરોનાને પરાસ્ત કરવાનો એક વૈશ્વિક પુરુષાર્થ ........ **પ્રવીણચંદ્ર શાહ**....૩૭
- ૧૦૦ વર્ષ અગાઉની સ્પેનિસ ફ્લુની મહામારીના ફોટાઓ ........ **CA બી.કે. પટેલ**....૪૧


## સંપૂટ-૨



- વિશ્વ કોરોના ડાયરી (તા. ૩૦-૬-૨૦૨૦ સુધી) ........ **અશોક મહેતા**....૪૩
- કોરોના ચાર્ટ – ગુજરાત ........ ....૮૯
- કોરોના ચાર્ટ – ભારત ........ ....૯૨
- કોરોના વર્લ્ડ ચાર્ટ – કોરોનાની વૈશ્વિક સ્થિતિ ........ ....૯૫
- કોરોના વર્લ્ડ કમ્પેરેટીવ ચાર્ટ ........ ....૯૯



## સંપૂટ-૩



- પ્રતિભાવ ........ ...૧૦૧
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : અવસાન નોંધ ........ ...૧૦૩
- ગુણવત્તા વિનાના જાહેર બાંધકામો ........ **શશીકાંત ઠક્કર**....૧૦૪
- કચ્છ ભારતીય કિસાન સંઘે મુખ્યમંત્રીશ્રીને લખેલ પત્ર ........ ....૧૦૫
- કચ્છ ........ **અલકા એ. સંઘવી**....૧૦૮
- એક નિર્જીવ કોરોના યમરાજના પાડાને બુલેટ ટ્રેનની ઝડપે દોડાવે છે .... **ચિત્રસેન શાહ**....૧૦૯
- લઘુકથા : ટપાલી ........ **ધીમંત પ્રાણશંકર ભટ્ટ**....૧૦૯
- બોધકથા : વાત અંગત છે છતાં કહું;
  મગજમાં ભીડ હશે, હું દિલમાં રહું..? ........ **ભોલાભાઈ ગોલીબાર**....૧૧૦

# GPSC, UPSC, NET, TAT, HTAT, UGC, NET/JRF, G-SET, PSI (પોલીસ-સબ ઇન્સ્પેક્ટર) વગેરે

## વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં બેસ્ટ પર્ફોર્મન્સની સજ્જતા કેળવવા માટે ઉપયોગી પુસ્તકો














| | | |
|---|---|---|
| પાટણની પ્રભુતા | ક. મા. મુનશી | 250 |
| અખેગીતા | સંપા. ઉમાશંકર જોશી, રમણલાલ જોશી | 125 |
| મારી હકીકત | નર્મદ, સંપા. ધીરુભાઈ ઠાકર | 320 |
| રાઈનો પર્વત | રમણભાઈ નીલકંઠ | 130 |
| સૌરાષ્ટ્રની રસધાર ભા. 1 | ઝવેરચંદ મેઘાણી | 120 |
| સૌરાષ્ટ્રની રસધાર (સંકલિત) | ઝવેરચંદ મેઘાણી | 400 |
| સરસ્વતીચંદ્ર ભા. 1 | ગોવર્ધનરામ મા. ત્રિપાઠી | 150 |
| સરસ્વતીચંદ્ર (બૃહદ સંક્ષેપ) | ગો. મા. ત્રિપાઠી, સંપા. ઉપેન્દ્ર પંડ્યા | 350 |
| ગુજરાતી લેખન-પદ્ધતિ | રમણ સોની | 100 |
| અર્વાચીન ગુજ. સાહિત્યની વિકાસરેખા(ભા. 1થી 5) | ડૉ. ધીરુભાઈ ઠાકર | 1250 |
| ભાગ 1 મધ્યકાળ | | 110 |
| ભાગ 2 સુધારકયુગ | | 130 |
| ભાગ 3 સાક્ષરયુગ | | 250 |
| ભાગ 4 ગાંધીયુગ અને અનુગાંધીયુગ | | 400 |
| ભાગ 5 આધુનિક અને અનુઆધુનિક પ્રવાહો | | 360 |
| ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ (મધ્યકાલીન) | અનંતરાય મ. રાવળ | 270 |
| સપ્તપદી | ઉમાશંકર જોશી | 35 |
| ચંદ-ચંદ્રાવતીની વાર્તા (શામળ ભટ્ટ) | સંપા. હીરા રામનારાયણ પાઠક | 225 |
| જનરલ નોલેજ | બંસીધર શુક્લ | 450 |
| જ્ઞાનસંહિતા (પુરસ્કૃત) | બંસીધર શુક્લ | 800 |
| પ્રસન્નિકા જ્ઞાનકોશ (પુ. 10 DVD સાથે) | બંસીધર શુક્લ | 12500 |
| નોલેજ-ગાર્ડન | હેમેન ભટ્ટ | 150 |
| ગુજરાતી વ્યાકરણ | જિજ્ઞેશ ઠક્કર | 145 |
| ગુજરાતી વ્યાકરણ અને લેખન | ધર્મેન્દ્ર પટેલ, બી.એસ.પટેલ, જયેશ પટેલ | 300 |
| સંપૂર્ણ ગુજરાતી વ્યાકરણ | ડૉ. ગંગારામ મકવાણા | 320 |
| ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ | રજની વ્યાસ | 1200 |
| ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ | રજની વ્યાસ | 1000 |
| સમયને સથવારે : ગુજરાત (પુરસ્કૃત) | કુન્દનલાલ ધોળકિયા | 300 |
| ભાષાપરિચય અને ગુજ. ભાષાનું સ્વરૂપ | જયંત કોઠારી | 200 |
| એકાંકી અને ગુજરાતી એકાંકી | જયંત કોઠારી | 270 |
| નિબંધ અને ગુજરાતી નિબંધ | જયંત કોઠારી | 350 |
| ટૂંકી વાર્તા અને ગુજરાતી ટૂંકી વાર્તા | જયંત કોઠારી | 400 |
| ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ | સંપાદન | 450 |
| રણ, જણજણનું (કચ્છનો અભ્યાસ) | ધીરેન્દ્ર મહેતા | 150 |
| Compect English Grammar | - | 300 |
| Basic of English Speaking | - | 250 |
| Micro English Grammar | - | 200 |
| English Grammar | - | 200 |
| English Speaking Tectics | - | 300 |
| ગુજરાતી ભાષાશિક્ષણ અધ્યાપન પોથી | - | 280 |
| ગુજરાતી વ્યાકરણ અને લેખન | - | 300 |
| આસાન ગુજરાતી | - | 200 |
| ગુજરાતી નિબંધલેખન | - | 300 |
| હિન્દીલેખન | - | 250 |
| સરલ હિન્દી વ્યાકરણ | - | 280 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15
ફોન : 26934340, મો. 9825268759 ઈમેલ :
gurjarprakashan@gmail.com

# સંપૂટ-૧

તંત્રીલેખ

## કોરોના – એક અદ્વિતીય મહામારી



અશોક મહેતા

કચ્છની ૨૦ લાખની વસતી હોય કે અમદાવાદની ૬૦ લાખની, ગુજરાતની ૬ કરોડની વસતી હોય કે ભારતની ૧૩૭ કરોડની અથવા તો દુનિયાની ૭ અબજની વસતી હોય પરંતુ આપણે બધા એક એવા અદ્વિતીય સમયમાંથી પસાર થઈ રહ્યા છી કે જે દુનિયામાં ક્યારેય પણ ભૂતકાળમાં આવેલ નથી અને ભવિષ્યમાં તે આવશે કે નહીં અને આવશે તો ક્યારે આવશે, તેની કોઈને ખબર નથી. સૃષ્ટિના સર્જનહારે નરી આંખે ન દેખાય એવા અનેક પ્રકારના ભિન્ન ભિન્ન વિજાણુઓનું પણ સર્જન કરેલ છે કે જેને નાથવા માટે મનુષ્યની બધા જ પ્રકારની તાકાતનો અંત આવે છે. આ વિજાણુઓની સામે રક્ષણ મેળવવા સમગ્ર દુનિયાના દેશો જ્યારે પોતાની પ્રજાને અનેક દિવસો સુધી બધા જ પ્રકારની પ્રવૃત્તિઓ બંધ કરીને ઘરમાં પૂરાઈ રહેવાનો – લોકડાઉનનો આદેશ આપે એ બીના ખરેખર અકલ્પનીય છે અને વિશેષ તો એ નોંધવા જેવું છે કે વિશ્વના બધા જ દેશો એકજુટ થઈ, આ આવી પડેલ આફતમાંથી બહાર નીકળવાના – વિજાણુને નાથવાના તનતોડ પ્રયાસ કરી રહ્યા છે.

આ મહામારી એટલે કોરોના / કોવિડ-૧૯ છે કે જેણે નવેમ્બર-૨૦૧૯માં સૌપ્રથમ વખત ચીનમાં દેખાવ દીધો. આ અગાઉ દુનિયાની મોટા ભાગની પ્રજાએ આ મહામારીનું નામ સુધ્ધાં જાણેલ ન હતું, કે જેણે ત્યાર પછીના છ મહિનામાં તો સમગ્ર વિશ્વને ભરડામાં લઈ લીધેલ છે. દુનિયાના ૨૮૦ દેશોમાંથી મોટાભાગના દેશોમાં આ મહામારી ફેલાઈ ચૂકી છે.

માણસથી માણસ દ્વારા ચેપથી પહોંચાડાતી અથવા તો પશુ-પક્ષીથી માનવને પહોંચાડાતી ચેપના રોગની ઘટના વિશ્વના અનેક દેશોમાં ભૂતકાળમાં અનેક વખત ફેલાઈ ચૂકી છે પરંતુ સમગ્ર વિશ્વના લોકોને દિવસો સુધી પોતાના ઘરમાં પૂરાઈ રહેવું પડે તેવી માત્ર આ એક ઘટના છે, કે જે અત્યારે ઘટી રહી છે અને તે અદ્વિતીય છે.

૨૦મી સદીના બે વિશ્વયુદ્ધમાં લોકોને ખૂબ જ લાંબા સમય સુધી ઘરમાં પૂરાઈ રહેવાનો વારો આવ્યો હતો પરંતુ તે અમુક દેશો પૂરતો જ સીમિત રહેવા પામેલ હતો. જ્યારે હાલની મહામારીએ વિશ્વના લગભગ બધા જ દેશોને આવરી લીધેલ છે અને દરેક દેશમાં લોકો બધા જ પ્રકારની પ્રવૃત્તિઓને છોડીને આ મહામારીથી બચવા ઘરમાં પૂરાઈ ગયા છે.

વિશ્વમાં બનેલી અગાઉની મહામારીનો ઈતિહાસ આપણે તપાસીએ તો મુખ્યત્વે પ્લેગ, કોલેરા, વિવિધ પ્રકારના સ્વાઈન ફ્લુ કે એચ.આઈ.વી. જેવા બેક્ટેરીયાજન્ય અથવા તો વિજાણુજન્ય બીમારીઓ આવે, પરંતુ તેનાથી સમગ્ર વિશ્વે લોકડાઉન કરવાની પરિસ્થિતિ આવેલ ન હતી. એક માત્ર કોરોના જ એક એવી મહામારી છે કે જેનો ઈલાજ હજુ સુધી શોધાયેલ નથી અને તેના વિજાણુઓનો શરીરમાં વિકાસ ન થાય અથવા માણસથી માણસમાં તેનો ચેપ ન ફેલાય તે માટે અત્યારે તો માત્ર અને માત્ર ઘરમાં બેસી તેના કેટલાક દેશી અને સાદા ઉપચાર કરવાથી તેને નાથી શકાય છે અને તેથી જ સમગ્ર વિશ્વની જનતાને લોકડાઉનમાં જકડી રાખવી હિતાવહ બની રહે છે. જાહેરમાં આવવાથી મુખ પર માસ્ક

જિંદગી આસાન બની જાય છે, જ્યારે કોઈ કહે છે "તું ચિંતા ના કર, બધું બરાબર થઈ જશે."

*અને સેલ્ફ ડિસ્ટન્સીંગ અનિવાર્ય બની ગયેલ છે. આ સમયે જૈનોએ જૈન ધર્મના સિદ્ધાંતને યાદ કરી મુખ પર મુહપત્તિ તથા બે હાથ જોડીને એકબીજાને અડ્યા વગર દૂરથી વંદન કરવા, એ સિદ્ધાંતો આજના સમયમાં કેટલા અનિવાર્ય ગણાઈ રહ્યા છે, તેનો સમગ્ર વિશ્વને ખ્યાલ આવે છે અને જૈનો પોતાના ધર્મના સિદ્ધાંતોને ચરિતાર્થ થતા જોઈ, મહામારીના આ સમયમાં પણ ગર્વ અનુભવે તે સ્વાભાવિક છે.*

*કોરોનાના સંક્રમણના સમયે દુનિયાભરના દરેક દેશોમાં ડૉક્ટર્સ, નર્સીસ, પેરા મેડિકલ સ્ટાફ તથા વોર્ડ બોય વગેરે પ્રકારના કોરોના વોરિયર્સ પોતાની જાન કે પરિવારની પણ ચિંતા કર્યા વગર મહિનાઓ સુધી જે કાર્યરત રહ્યા તે ખરેખર અભિનંદનીય તો છે પરંતુ સાથે સાથે વંદનીય પણ છે. શ્રી કચ્છી સમાજ - અમદાવાદ અને તેનું માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ" આ **કોરોના વોરિયર્સ**ને આ પ્રસંગે ગર્વ સહિત સલામી આપે છે. અમદાવાદની સિવિલ, એસ.વી.પી., સોલા સિવિલ, એલ.જી., શારદાબેન કે નાની મોટી ખાનગી તથા સંસ્થાગત હોસ્પિટલની તથા પોલીસ વિભાગની અને સફાઈ કામદારોની આ સમયની સેવાઓને પણ નત મસ્તકે વંદન કરે છે. જ્યાં સુધી આ કોરોના વાયરસની રસી ન શોધાય ત્યાં લગી આ હોસ્પિટલોની સેવાઓ ઈતિહાસના પાના પર અદ્વિતીયપણે નોંધાઈ રહેશે. સમગ્ર વિશ્વના દેશો આ વાયરસનો ઈલાજ શોધવા તનતોડ મહેનત તો કરે જ છે પરંતુ સાથે સાથે જાલીમ ખર્ચ પણ કરે છે. આપણે ઈચ્છીએ કે આ વિષયના જ્ઞાતાઓ શક્ય ત્વરાએ સફળતાને વરે કે જેથી સમગ્ર વિશ્વ આ નાગચૂડમાંથી છૂટી શકે.*

*છેલ્લા ત્રણ મહિનાના વર્તમાન પત્રોમાંથી મળેલી વિગતોને એકત્રિત કરી, આ મહામારીના દરરોજના બનાવોની જરૂરી રેકોર્ડસ તરીકે ગણના કરી અને તેને **'કોરોના ડાયરી'** તરીકે પ્રસારિત કરવામાં આવી રહેલ છે. 'કચ્છશ્રુતિ'નો આ "કોરોના વિશેષાંક" આવતા દાયકાઓ સુધી તેની નોંધો સાથે લોકોના ઘરની લાઈબ્રેરીમાં સચવાયેલો રહેશે તેવી ગણના રાખવામાં આવેલ છે. આ વિગતોને આપણે એક પ્રકારના ડોક્યુમેન્ટ્સ પણ કહી શકીએ. વિશેષમાં જણાવવાનું કે કોરોના વિશેના આંકડાઓ નિયમિતપણે અલગ અલગ એન્જન્સીઓ દ્વારા પ્રસારિત કરવામાં આવે છે અને દરેક એજન્સીના આંકડા એકબીજાથી ભિન્ન પ્રકારના હોય છે. ગુજરાત સરકાર એક જ દિવસના આંકડા અલગ અલગ એજન્સીના ભિન્ન પ્રકારના કેમ પ્રસારિત કરવા દે છે તે અલગ વિષય છે પરંતુ આ અંકમાં જે એજન્સીના મોટાભાગના આંકડા લેવામાં આવેલ છે તે 'ગુજરાત સમાચાર'માં પ્રસિદ્ધ કરવામાં આવતી એજન્સીના આંકડા છે. શક્ય છે કે તે અન્ય એજન્સીના આંકડાઓ સાથે મેચ ન થાય અથવા આ જ અંકમાં લેખ લખનાર લેખકશ્રીના આંકડાથી પણ ભિન્ન સ્વરૂપના હોય કે જેનો કોઈ ઈલાજ દેખાતો નથી. વાચકશ્રીને આ વિગતની નોંધ લેવા વિનંતી કરવામાં આવે છે.*

*બહુ જ ઓછા સમયમાં સમાજના આ વિષયના **નિષ્ણાત ડોક્ટરો તથા તજજ્ઞો** પાસે કોરોના વિશે લેખો તૈયાર કરાવડાવી અત્રે પ્રસારિત કરવામાં આવેલ છે. 'કચ્છશ્રુતિ'ની વિનંતીને ધ્યાને લઈ **સુવિખ્યાત ડોક્ટરો તથા તજજ્ઞ લેખકોએ** જે સાથ-સહકાર આપેલ છે તે બદલ તેમનો અત્રેથી ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે.*

*કોરોના મહામારીનો અંત આવેલ નથી. જ્યાં લગી તેની યોગ્ય રસીની શોધ નહીં થાય ત્યાં લગી મહિનાઓ કે વર્ષો સુધી ચાલશે. આ અંકમાં ડોક્યુમેન્ટેશન કરેલ જે વિગતો પ્રસારિત કરવામાં આવી રહેલ છે તે જૂન-૨૦૨૦ સુધીની છે. હવે પછીની કોરોના મહામારીની વિગતો આ મહામારીના અંત પછી શક્ય હશે તો "કોરોના વિશેષાંક : ભાગ-૨" તરીકે પ્રકાશિત કરવામાં આવશે.*

*આ અંકને પ્રસારિત કરવા સમાજના અનેક **શુભેચ્છકોએ** માત્ર એક ફોન કોલ ઉપર જ પોતાના સહકારની ઉમદા ભાવનાના અમને દર્શન કરાવેલ છે, કે જે બીના પણ આપણા માટે નોંધનીય બની જવા પામેલ છે. સમાજના આ **શુભેચ્છકોની** આર્થિક મદદના કારણે જ અમે આ અંક ખૂબ જ ટૂંક સમયમાં આપશ્રી સમક્ષ રજૂ કરી શક્યા છીએ.*

*અંતમાં આશા રાખીએ કે આ માહિતી - સંપૂટ આપશ્રીને સવિશેષપણે ઉપયોગી બની રહેશે.*

***૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,***
***બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯***

*શબ્દોનું પણ પી.યુ.સી. કરાવી લેજો. સંબંધોના ૯૯.૯૯ ટકા કેસમાં "શબ્દો" જ પ્રદૂષણ ફેલાવે છે.*

## માનદ્ મંત્રીશ્રીની કલમે....



હિમાંશુ ઠક્કર

### કોરોના : સ્વાસ્થ્ય – કેળવણી – શિક્ષણ

ભારત વર્ષ સામે સ્વાસ્થ્ય અંગે આટલો મોટો પડકાર ઇતિહાસમાં ક્યારેય નથી આવ્યો અને આ લોકડાઉનના સમયગાળામાં એવું ઘણું બધું બન્યું, કે જે ભૂતકાળમાં ક્યારેય નહીં બન્યું હોય અને ક્યારેય નહીં અનુભવ્યું હોય અને કલ્પના પણ નહીં કરી હોય એવી અનેક વાતોના આપણે સાક્ષી બન્યા. તેમ છતાં અનેક પડકારોનો સામનો થઈ રહ્યો છે અને એમાં ખૂબ મોટી હિંમત જોઈએ. આવનારા દિવસોમાં હજુ પણ વધુ હિંમત રાખવી પડશે. ખાસ કરીને કચ્છ, કે જેમાં ધીમે ધીમે હવે હજી પણ કોરોનાનો પગપેસારો થઈ રહ્યો છે અને જેમ જેમ ટેસ્ટીંગ વધશે તેમ તેમ કેસો વધી પણ શકે છે. પરંતુ આપણી જાગૃતિ અને આપણી જાત માટેની કાળજી જ આપણને આમાંથી બચાવશે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ છેલ્લા કેટલાય વર્ષોથી અનેકવિધ સેવાકીય અને રચનાત્મક પ્રવૃત્તિઓથી ગતિશીલ છે અને મને કહેતા આનંદ થાય છે કે આ ગંભીર સમયમાં પણ શ્રી કચ્છી સમાજ - અમદાવાદે કચ્છીયતને જીવંત રાખી છે. વડીલ, અનુભવી અને જેમની નસેનસમાં કચ્છીયતની અસલ કેફ જેવી સેવા દોડે છે તેવા ટ્રસ્ટીશ્રીઓના માર્ગદર્શન હેઠળ અનેકવિધ કાર્યોમાં કચ્છી માડુઓને આ સમાજ સતત મદદરૂપ થઈ રહેલ છે.

જે મિત્રો વિદ્યાર્થી અવસ્થામાં છે અને આજે પણ સ્કૂલ કે કોલેજ સાથે જોડાયેલા છે તેઓની કોરોનાની મહામારીને કારણે શિક્ષણ મેળવવાની અને શીખવાની રીત તો બદલાઈ જ છે અને અભિગમ પણ બદલાયો છે. પરંતુ જ્યારે જ્યારે આવી કોઈ આફત આવી છે ત્યારે તેના પરિપાકરૂપે સારા પરિણામો આ દેશમાં દેખાયા છે અને શિક્ષણ ક્ષેત્રે પણ ચોક્કસ ક્રાંતિ આવશે અને ધરમૂળથી ફેરફારો આવશે તેવું દેખાઈ રહ્યું છે. ટેકનોલોજીના કારણે જ્ઞાનના સીમાડાઓ પણ અનહદ રીતે વિસ્તાર પામ્યા છે અને જ્યારે જે માહિતી જોઈએ તે પોતાની જગ્યાએથી ઊભા થયા વગર પણ માણસ મેળવી શકે છે.

હવે વિષય એટલો છે કે આપણા માટે શું કામનું છે? આપણે શું મેળવવું છે? શા માટે મેળવવું છે? આ મેળવીને આપણે સુખ પ્રાપ્ત કરવા માંગીએ છીએ? અને શું સમાજને કે રાષ્ટ્રને અર્પણ કરવા માંગીએ છીએ? ઘણા બધા માતા-પિતા, વિદ્યાર્થીઓ કેરિયર અને કારકિર્દી માટે ચિંતિત રહીએ છીએ તે માટેની વિચારધારા પણ બદલાઈ જશે. *(કોઈપણ અભ્યાસક્રમ કે માહિતી માટે આપ મારો પણ સંપર્ક કરી શકો છો.)*

આપણે શિક્ષણની વાત કરી. હવે વિદ્યાર્થીઓ માટે. હવે એવા વિદ્યાર્થીઓની વાત કરવી છે કે જે શાળા અને કોલેજ વર્ષોથી પૂર્ણ કરી ચૂક્યા છે. દરેક શીખતો માણસ જ જીવે છે. માણસે જીવનપર્યંત સતત શીખતા રહેવું જોઈએ અને કૉલેજો અને તમામ અભ્યાસક્રમોમાં ડિગ્રીઓ પૂરી થઈ જાય પછી માણસ જીવન જીવવાનું શરૂ કરે અને એમાં જે શીખે એનું નામ કેળવણી. મને એવું લાગે છે કે કોરોના કાળમાં શિક્ષણ કરતાં કેળવણી મેદાન મારી ગઈ. ભલભલા માણસોના જીવન પ્રત્યેના અભિગમ, જીવન જીવવાની રીત અને જીવન માટેની જરૂરિયાતોમાં આમૂલ પરિવર્તન આવ્યા. કદાચ આ સમયમાં માણસ જેટલો પોતાની જાત સાથે રહ્યો હશે કે પોતાની જાત સાથે જેટલો સંવાદ સાધ્યો હશે એટલો બીજા કોઈ સાથે નહીં કર્યો હોય. જેમણે આત્મમંથન કર્યું હશે, એમને ખ્યાલ આવશે કે દિવસ દરમિયાન એટલા બધા કામો અને સંવાદો થતા હોય છે, જેના વગર ખરેખર ચાલે એવું હતું અને ચાલી રહ્યું છે. માણસ પોતાની જાતને વધારે સ્વસ્થ અને માનસિક રીતે તંદુરસ્ત અનુભવી રહ્યો છે. આવો, આપણે સૌ સાથે મળી એકબીજાથી કંઈક ને કંઈક શીખતા રહીએ અને શ્રી કચ્છી સમાજ - અમદાવાદ જેવી સંસ્થાઓ કે જે કેળવણીની સાચા અર્થમાં પાઠશાળાઓ છે તેમાં નવી પેઢીને જોડીએ અને ધન્યતા અનુભવીએ.

**હિમાંશુ ભાઈલાલ ઠક્કર**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

***Mobile : 98793 01004 ■ Facebook : himanshuthakkarforall ■ Web : www.experteducation.org***

*ખોટા પાસવર્ડથી એક નાનો અમથો મોબાઈલ નથી ખૂલતો, તો ખોટા કર્મોથી મોક્ષના દરવાજા કઈ રીતે ખૂલશે?*

# કોરોનાના દર્દીના હોમ ક્વોરન્ટાઇન માટે કેન્દ્રની માર્ગદર્શિકા જાહેર

કોરોનાની સારવાર આપતા તબીબો દ્વારા દર્દીને એસિમ્પ્ટોમેટિક એટલે કે તેને કોરોના વાયરસનો ચેપ હોવા છતાંય તેના ચિહ્નો દેખાતા ન હોવાથી ચેપનો શિકાર બન્યો હોવાનું જાહેર કરવામાં આવે કે તેને હળવો ચેપ હોવાનું જાહેર કરે તથા તેને ચેપ નથી પણ ચેપ લાગવાની શક્યતા હોવાનો નિર્દેશ આપે તો તેવા દર્દીઓ પોતાના ઘરમાં સમાજથી અલગ રહીને પોતાની સારવાર કરાવી શકે તે માટેની માર્ગદર્શિકા કેન્દ્રના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે શુક્રવાર, તા. ૩-૭-૨૦૨૦ના રોજ જાહેર કરી છે.

આમ તો ૩૦મી મે એ જ સરકારે કોરોનાના હળવા, મધ્યમ અથવા ગંભીર લક્ષણો ધરાવતા દર્દીઓને કોવિડ કેર સેન્ટર, ડેડીકેટેડ કોવિડ આરોગ્ય કેન્દ્ર અથવા ડેડીકેટેડ કોવિડ હોસ્પિટલમાં દાખલ કરવા સૂચના જારી કરી હતી. અત્યારે એસિમ્પ્ટોમેટિક લક્ષણો ધરાવતા કેસો વધતા આ માર્ગદર્શિકામાં જરૂરી સુધારા કરવામાં આવ્યા છે. અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે દર્દીની સારવાર કરતા મેડિકલ ઓફિસર દ્વારા દર્દીને એસિમ્પ્ટોમેટિક, વેરી માઈલ્ડ સિમ્પ્ટોમેટિક અને પ્રિ-સિમ્પ્ટોમેટિક તરીકે દર્શાવવામાં આવ્યા હોય તો તેને હોમ ક્વોરન્ટાઇન કરીને સાજા થવાની છૂટ આપી શકાશે. હા, દર્દી પાસે ઘરે આઇસોલેશન માટેની સુવિધા હોવી જોઈએ તથા તેના સંપર્કમાં આવતા લોકો માટે પણ આઇસોલેશન સુવિધા હોવી અનિવાર્ય છે.

માર્ગદર્શિકામાં જણાવ્યા મુજબ ઓછી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા તેમજ એચ.આઈ.વી., ટ્રાન્સપ્લાન્ટ, કેન્સર થેરેપીના દર્દીઓને હોમ આઈસોલેશનની મંજૂરી આપવામાં આવતી નથી. ૬૦ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધ દર્દીઓ અને હાયપરટેન્શન, ડાયાબિટીસ, હૃદયરોગ, ક્રોનિક ફેફસાં, યકૃત, કિડની તેમજ સેરેબ્રો-વેસ્ક્યુલર જેવા રોગ ધરાવતા દર્દીઓને સારવાર કરતા તબીબી અધિકારી દ્વારા યોગ્ય મૂલ્યાંકન કર્યા પછી જ હોમ આઈસોલેશન માટેની મંજૂરી આપવામાં આવશે. દર્દીની સંભાળ રાખવા માટે એક વ્યક્તિ ૨૪ કલાક હાજર હોવી જોઈએ તેમજ આઈસોલેશનના સમયગાળા દરમિયાન દર્દી અને હોસ્પિટલ વચ્ચે યોગ્ય કોમ્યુનિકેશન થાય તે અનિવાર્ય છે. દર્દીની સંભાળ રાખનાર તેમજ દર્દીના નજીકના બધા સંપર્કોએ અને સારવાર કરતા ડૉક્ટર્સ દ્વારા સૂચવ્યા મુજબ હાઈડ્રોક્સિક્લોરોક્વિન પ્રોફીલેક્સીસ લેવી જોઈએ. કોરોનાગ્રસ્ત દર્દીને શ્વાસ લેવામાં તકલીફ, શરીરમાં ઓક્સિજનનું સ્તર ૯૫ ટકાથી ઓછું થાય, છાતીમાં દુખાવો, માનસિક મુંઝવણ અથવા સજાગતાનો અભાવ, અસ્પષ્ટ અવાજ, કોઈપણ અંગ અથવા ચહેરામાં નબળાઈ અથવા નિષ્ક્રિયતા, હોઠ-ચહેરા પર વાદળી રંગ જણાય તેવા સંજોગોમાં તેને ખાસ સારવાર લેવાની જરૂર પડશે. હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓની તબિયતની સ્થિતિનું કોલ સેન્ટર દૈનિક ધોરણે ફોલો-અપ કરશે તેમજ ફિલ્ડ સ્ટાફ / સર્વેલન્સ ટીમો વ્યક્તિગત રીતે દર્દીની પરિસ્થિતિની જાણકારી મેળવશે. ફિલ્ડ સ્ટાફ - કોલ સેન્ટર દ્વારા દર્દીઓનો ક્લિનિકલ (શરીરનું તાપમાન, પલ્સ રેટ અને ઓક્સિજન સેચ્યુરેશન) રેકોર્ડ રાખવામાં આવશે. સાથે જ દર્દીના કેર ટેકરને પણ ફિલ્ડ સ્ટાફ દ્વારા સૂચનાઓ આપવામાં આવશે જેનું કડકપણે પાલન કરવાનું રહેશે. ફિલ્ડ સ્ટાફ દ્વારા કુટુંબના બધા સભ્યો અને નજીકના સંપર્કોનું પ્રોટોકોલ મુજબ નિરીક્ષણ અને પરીક્ષણ કરવું પડશે. આ ડિસ્ચાર્જ માર્ગદર્શિકાને ફિલ્ડ ટીમ દ્વારા ફિટનેસ સર્ટિફિકેટ આપવાની સાથે તેનું સખત રીતે પાલન કરવાનું રહેશે.

## ત્રણ દિવસ તાવ ન આવે તો ડિસ્ચાર્જ આપી દેવાશે

ભારતના કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા સુધારેલ હોમ આઈસોલેશન માર્ગદર્શિકા પ્રમાણે હોમ આઈસોલેશન હેઠળ રહેલા દર્દીને લક્ષણોની શરૂઆતના ૧૦ દિવસમાં જો ૩ દિવસ સુધી તાવ ન આવે તો તેને ડિસ્ચાર્જ કરવામાં આવશે. ત્યારબાદ દર્દીને હોમ આઈસોલેશનમાં વધુ ૭ દિવસ રહી સ્વાસ્થ્યનું સ્વ-નિરીક્ષણ કરવા દર્દીને જણાવવામાં આવશે. હોમ આઈસોલેશનનો સમય સમાપ્ત થયા પછી પરીક્ષણની જરૂર નથી. કોરોનાના શંકાસ્પદ લક્ષણો ધરાવતાં હોય અથવા કોરોનાગ્રસ્ત હોય તેવા દર્દીઓને નિયત સમયગાળા માટે સેલ્ફ આઈસોલેશન જાળવવા માટે બાંહેધરી આપવાની રહેશે.

## દર્દીએ હોમ આઇસોલેશનમાં શી કાળજી લેવી પડશે

હોમ આઈસોલેશન દરમિયાન દર્દીએ હંમેશાં ટ્રીપલ લેયર મેડિકલ માસ્કનો ઉપયોગ કરવાનો રહેશે. માસ્ક ભીના થઈ જાય અથવા મેલા દેખાય કે ૮ કલાકના ઉપયોગ બાદ યોગ્ય નિકાલ કરી દેવો જોઈશે. માસ્કને એક ટકા સોડિયમ હાઈપોક્લોરાઈટથી ડીસઈન્ફેક્ટ કર્યા પછી જ તેનો નિકાલ કરવાનો રહેશે. દર્દીએ નક્કી કરેલા રૂમમાં ઘરના અન્ય લોકોથી દૂર રહેવું જોઈએ. ખાસ

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૦ ઉપર)

# વિશ્વમાં રોગચાળા જેવી મહામારીઓ પર એક ઉડતી નજર



અશોક મહેતા

અત્યારે વિશ્વભરમાં કોરોનાની મહામારી ફેલાઈ જવા પામેલ છે કે જેના કારણે અત્યાર સુધી (તા. ૨૫-૬-૨૦૨૦ સુધી) સમગ્ર વિશ્વમાં ૯૨ લાખથી પણ વધુ લોકો સંક્રમિત બનેલ છે અને ૪.૭૫ લાખથી પણ વધુ લોકો અવસાન પામેલ છે.

પરંતુ આ પ્રકારની મહામારી વિશ્વમાં આ પ્રથમ વખત નથી ફેલાઈ. વિશ્વનો ઈતિહાસ તપાસીએ તો ભૂતકાળમાં અનેક વખત વિવિધ પ્રકારની મહામારીઓથી વિશ્વ સંક્રમિત બનેલ છે અને લાખો ને કરોડો લોકો તેનાથી મૃત્યુના મુખમાં હોમાઈ ચૂકેલ છે.

***આપણે એ ઈતિહાસ પર વિગતવાર દૃષ્ટિપાત કરી લઈએ.***

## પ્લેગની મહામારી

**૧. ઇ.સ. પૂર્વે ૩૦૦૦ વર્ષ**

ઈ.સ. પૂર્વે ૩૦૦૦થી ૩૫૦૦ વર્ષ અગાઉ પ્લેગનું અસ્તિત્વ હોવાનું સંશોધકોએ અનુમાન બાંધ્યું છે.

**૨. ઇ.સ. ૧૬૫**

ઈ.સ. ૧૬૫માં પ્લેગની મહામારીએ એશિયા, ઈજિપ્ત, ગ્રીસ, ઈટાલી વગેરે દેશોમાં કેર વર્તાવેલ હતો. અંદાજિત ૫૦ લાખ લોકો આ મહામારીમાં મૃત્યુ પામેલ હતા. એમાં મોટાભાગના સૈનિકો હતા. મિસોપોટેમિયામાંથી સૈનિકો રોમમાં રોગ લઈને આવ્યા, પછી તે ફેલાવો શરૂ થયો હતો.

**૩. ઇ.સ. ૫૪૧**

ઈ.સ. ૫૪૧માં પ્લેગની મહામારી યુરોપના દેશોમાં ફેલાયેલી હતી. આ મહામારી યુરોપની અડધી વસતિને ભરખી ગયેલ હતી. કેટલાયે નાના શહેરો નાશ પામ્યા હતા. લોકો પરિવારના સભ્યોને સંક્રમિત હાલતમાં પડ્યા રહેવા દઈને દૂર ભાગી જવા મજબૂર બન્યા હતા. લગભગ ૨.૫ કરોડ લોકો આ મહામારીમાં મૃત્યુ પામ્યા હોવાનો અંદાજ છે.

**૪. ઇ.સ. ૧૩૪૬**

બ્લેક ડેથ નામે ઓળખાયેલો ભીષણ પ્લેગનો રોગચાળો ૧૩૪૬થી ૧૩૫૩ દરમિયાન ફેલાયો હતો. વિશ્વની વસતિના આંકડા એ સમયે આજના જેટલા સચોટ ન હોવાથી અમુક ઈતિહાસકારોના કહેવા પ્રમાણે મૃત્યુનો આંક વધીને ૮ કરોડ જેટલો થઈ જવા પામેલ હતો. અમુક ઈતિહાસકારોના મતે આ આંકડો ૨૦ કરોડ જેટલો વધી જવા પામેલ હતો કારણકે તેનો ફેલાવો એશિયા, યુરોપ અને આફ્રિકા ખંડમાં થયેલ હતો અને આઠેક વર્ષ સુધી આ મહામારીએ વિનાશ વેરેલ હતો. એશિયામાંથી તેની શરૂઆત થયેલ હતી. વેપારીઓના જહાજમાં સવાર થઈને આ મહામારી અન્ય દેશોમાં પહોંચી હતી. ભારતમાં એ સમયની વસતિના ત્રણ ટકાનો ભોગ આ પ્લેગે લીધેલ હતો.

**૫. ઇ.સ. ૧૭૨૦**

ગ્રેટ પ્લેગ નામથી ઓળખાતો રોગચાળો ૧૭૨૦માં ફેલાયો હતો. એનું એપીસેન્ટર ફ્રાન્સનું માસેલી શહેર હતું. આ પ્લેગમાં ૧ લાખ લોકોના મૃત્યુ થયા હતા. શહેરની મોટાભાગની વસતિ અસરગ્રસ્ત બની હતી. શહેરને આ પ્લેગમાંથી બહાર આવતા ૪૫ વર્ષ લાગ્યા હતા. ૧૭૨૦માં એ સમયે શહેરની જે સમૃદ્ધિ, આવક, ઉત્પાદન, નિકાસ વગેરે હતા તેને ફરી પહોંચતા ૧૭૬૫નું વર્ષ આવી ગયું હતું.

---

*જ્યારે કરેલા કર્મોનું નિશ્ચિત કારણ પકડમાં નથી આવતું, ત્યારે "નસીબ" શબ્દનું નિર્માણ થાય છે.*

**૬. ઇ.સ. ૧૮૫૫**

ઈ.સ. ૧૮૫૫માં ચીનના યુનાન પ્રાંતમાંથી પ્લેગની મહામારી શરૂ થયેલ હતી. તેણે આખી દુનિયામાં ભરડો લીધો હતો અને એક સદી સુધી એ પ્લેગ સક્રિય રહ્યો હતો. ભારત અને ચીનમાં આ પ્લેગથી એક કરોડ વીસ લાખ લોકોના મોત થયા હતા. ભારતમાં ૩૦ વર્ષ સુધી આ મહામારી બેકાબૂ રહી હતી અને આશરે ૯૦ લાખથી એક કરોડ લોકો, એ પ્લેગથી મોતના મુખમાં ધકેલાયા હતા. W.H.O. (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન)ના કહેવા પ્રમાણે ઈ.સ. ૫૪૧ અને ઈ.સ. ૧૩૪૬ના પ્લેગ પછી આ સૌથી મોટો ત્રીજો પ્લેગનો રોગચાળો હતો. પ્લેગની ત્રીજી મહામારી તરીકે ઓળખાતા આ રોગચાળાનો છેલ્લો કેસ ૧૯૬૦માં નોંધાયો હતો. લગભગ ૧૦૫ વર્ષ સુધી ચાલેલ આ રોગચાળો કાબૂ બહાર રહ્યો હતો અને એ સમય દરમિયાન બે-બે વિશ્વયુદ્ધો પણ લડાઈ ચૂક્યા હતા.

**૭. ઇ.સ. ૧૮૯૭**

પ્લેગની મહામારીને નાથવા તેને લગતા સંશોધનો વર્ષોથી ચાલુ થઈ ગયેલ હતા. પરંતુ તેનું પરિણામ ૧૮૯૭માં આવ્યું હતું. ભારતમાં કામ કરતા બ્રિટીશ ડૉ. વોલ્ડમોર હાફકીને ૧૮૯૭માં પ્લેગની રસી શોધીને દુનિયાને શરૂઆતની રાહત અપાવી હતી. ત્યારબાદ કેટલાય વૈજ્ઞાનિકોએ તેમાં જરૂરી ફેરફારો કરીને વેક્સીનને વધુ અસરકારક બનાવી હતી.

**૮. ઇ.સ. ૧૯૬૦**

ઈ.સ. ૧૯૬૦થી ઈ.સ. ૨૦૦૦ના સમયગાળામાં ૩૮ દેશોમાં પ્લેગનો રોગચાળો જોવા મળેલ હતો. જો કે તે વૈશ્વિક મહામારી જેટલો ભયાનક બનેલ ન હતો. ૧૯૮૭થી ૨૦૦૦ની વચ્ચે ૩૬,૮૭૬ પ્લેગના દર્દી નોંધાયા હતા અને એમાંથી ૨૮૪૭ના મૃત્યુ થયા હતા. આજે પણ વર્ષે ૬૦૦ જેટલા લોકોને પ્લેગનું નિદાન થાય છે. કોંગો, મડાગાસ્કર, પેરૂમાં આ રોગચાળો જોવા મળે છે. ઈ.સ. ૨૦૧૭માં અમેરિકાના ગ્રામ્ય વિસ્તારમાં પણ તેની હાજરી નોંધાયેલ હતી.

**૯. ઇ.સ. ૧૯૯૪**

ભારતમાં ઈ.સ. ૧૯૯૪માં પ્લેગની મહામારી ફેલાઈ હતી. તાપી નદીમાં પૂર આવ્યું તે પછી ગંદકી વધી ગઈ હતી અને એના કારણે રોગચાળો ફેલાયો હતો. ઓગસ્ટથી ઓક્ટોબર સુધીમાં ગુજરાત - મહારાષ્ટ્રમાં આ રોગચાળાએ હાહાકાર મચાવ્યો હતો. મહારાષ્ટ્રમાં ૪૮૮ અને ગુજરાતમાં ૭૭ કેસ સહિત ટોટલ ૬૯૩ કેસ નોંધાયા હતા. સુરતમાં ૫૨ (બાવન) લોકોના મોત થયા હતા. લોકોએ રાતોરાત સ્થળાંતર કરેલ હતું. લગભગ ૨૫થી ૩૦ ટકા લોકો વતનમાં ચાલ્યા ગયા હતા. અન્ય રાજ્યોના પરપ્રાંતિય મજુરો પણ ડરના માર્યા પ્લેગથી દૂર રહેવા સ્થળાંતર કરવા લાગ્યા હતા. એ મજુરોના કારણે અન્ય રાજ્યોમાં પણ ચેપ લાગ્યો હતો.

## ૧૦. ૨૦મી સદીના બે વિશ્વયુદ્ધ અને વાયરસથી ફેલાતા રોગોના મરણના આંકડા

માનવજાત પર યુદ્ધનું જોખમ સતત રહે છે. ૨૦૦ જેટલા દેશો વચ્ચે કોઇને કોઈ મુદ્દે સતતપણે તંગદિલી વર્તાતી હોય છે. તેમાંથી ૧૦૦ જેટલા દેશો તો સરહદ માટે દાયકાઓથી લડતા રહ્યા છે. દુનિયાના ૩૧ દેશો પરમાણું હથિયારોથી સજ્જ છે. આતંકવાદીઓના ફેક્ટરને પણ ગણનામાં લેવું પડે. આતંકવાદીઓ પાસે પરમાણું હથિયારો આવી જાય તો દુનિયાનું શું થશે? એ મોટી ચિંતાનો વિષય છે.

શાસકો વચ્ચે યુદ્ધોની ચિંતા વધતી જાય છે. પરંતુ માનવજાતને ખરો ખતરો તો વિવિધ પ્રકારના વાયરસના ફેલાવાથી છે. પ્રથમ વિશ્વયુદ્ધમાં ૨ કરોડ લોકોના મોત થયા હતા અને બીજા વિશ્વયુદ્ધમાં ૭.૫૦ કરોડ લોકોના મોત થયા હતા. વીસમી સદીમાં આ બે મહાયુદ્ધોના કારણે અંદાજે ૧૦ કરોડ લોકોના મોત થયા હતા. તે સામે રોગચાળાની વાત કરીએ તો ૨૦મી સદીમાં જે મહામારીઓ માનવજાત ઉપર ત્રાટકી હતી એમાં પણ અંદાજે ૧૨ કરોડ લોકોનો ભોગ લેવાયેલ હતો. એચ.આઈ.વી.ના કારણે ૪ કરોડ અને ૧૯૧૮માં ત્રાટકેલા સ્પેનિશ ફ્લુમાં જ પાંચ કરોડ લોકો મૃત્યુ પામ્યા હતા. એ પછી એશિયન ફ્લુ, કોલેરા, પ્લેગ જેવી મહામારીમાં દોઢથી બે કરોડ લોકો કાળના ખપ્પરમાં હોમાયા હતા. કેન્સર, ટી.બી., ડાયાબિટીસ, હૃદયરોગ જેવી બીમારીઓની ગણના ન કરીએ તો પણ વિશ્વયુદ્ધ કરતા વધુ ઘાતક આ મહામારી સાબિત થયેલ છે.

*મિટાવવાથી મિટતા નથી આ ભાગ્યના લેખ, તું સારા કર્મો કરતો જા પછી જોઈ લે ઈશ્વરનો મહિમા.*

# અન્ય મહામારીઓ

વિશ્વમાં પ્લેગ સિવાય કોલેરા, એશિયાટીક ફ્લુ, સ્પેનિસ ફ્લુ, હોંગકોંગ ફ્લુ, એચ.આઈ.વી. - એઈડ્સ, કોરોના જેવી મહામારીઓ પણ અવારનવાર ફેલાતી રહે છે, જે માનવજાત માટે સંપૂર્ણપણે ઘાતક બની શકે તેમ છે. જ્યાં લગી વિશ્વના વિજ્ઞાનીઓ આ દરેક મહામારીના રોગની રસીની શોધ નહીં કરી શકે ત્યાં સુધી વિશ્વને તેની સામે ખતરો તો ઊભો જ રહે છે. અત્યાર સુધી વિશ્વમાં ત્રાટકેલી વિવિધ મહામારીઓની પણ આપણે ટુંકમાં નોંધ લઈએ.

## ૧. ઇ.સ. ૧૮૧૭થી ફેલાયેલ કોલેરાની મહામારી (૧૮૧૭થી ૧૮૨૪)

ઇ.સ. ૧૮૧૭માં કલકત્તામાં કોલેરાનો રોગચાળો ફાટી નીકળ્યો હતો. ત્યાંથી આખા ભારતમાં તે ફેલાયો હતો. એ વખતે ૨૦ લાખ લોકોના મૃત્યુ આ મહામારીના કારણે થયા હતા. એ સમયે એ રોગ વિશે અથવા તેના ઉપચારો વિશેની કોઇ માહિતી ન હતી. તેથી તેને ઇશ્વરના પ્રકોપ તરીકે સ્વીકારવામાં આવેલ હતો. એ સમયે ભારતમાં અલગ અલગ રાજ્યો હોવાથી અને કોઈ કેન્દ્રીય વ્યવસ્થા ન હોવાથી લોકોને એકબીજા વિશેની માહિતી પહોંચી શકતી ન હતી. આ રોગચાળો એશિયા, યુરોપ અને આફ્રિકા ખંડ સુધી ફેલાઈ ગયો હતો. એશિયાનો એક પણ દેશ આ મહામારીથી બાકી રહ્યો ન હતો. તે છેક ૧૮૨૪માં કાબૂમાં આવ્યો હતો. એ સમયે વૈજ્ઞાનિકોનું માનવું હતું કે ઇ.સ. ૧૮૨૩ની કાતિલ ઠંડીમાં કોલેરાના બેક્ટેરિયા ફેલાઈ શક્યા નહીં અને મહામારીનો અંત આવ્યો.

## ૨. ઇ.સ. ૧૮૨૬માં કોલેરાનો બીજો હુમલો (૧૮૨૬થી ૧૮૩૭)

કોલેરાની પ્રથમ મહામારી નાબૂદ થયા બાદ બે જ વર્ષમાં એટલે કે ૧૮૨૬માં તેણે ફરી દેખાવ દીધો હતો. ગંગા નદીના કિનારેથી કોલેરા ફેલાયો હતો. ૧૮૨૬થી છેક ૧૮૩૭ સુધી આ મહામારીએ વિશ્વના જુદા જુદા દેશોમાં હાહાકાર મચાવ્યો હતો. પહેલી વખતની જેમ બીજી વખત પણ ભારતમાં અસંખ્ય લોકોએ પોતાના જાન ગુમાવ્યા હતા. ચીન, જાપાન, રશિયા, ફ્રાન્સ, બ્રિટન, અમેરિકા સુધી આ મહામારી ફેલાઈ ચૂકેલ હતી. ભારતમાં તેનો મૃત્યુ આંક પાંચ લાખ કરતા વધુ હતો. એકલા રશિયામાં જ એક લાખ લોકોના મોત થયા હતા. ૧૮૩૦ સુધીમાં રશિયા તો કોલેરાની સજ્જડ પક્કડમાં આવી ગયું હતું. આ મહામારીના કારણે સમગ્ર દુનિયામાં ૮ લાખ લોકોના મૃત્યુ થયાનો અંદાજ છે.

## ૩. ઇ.સ. ૧૮૪૬થી ૧૮૬૦ સુધીમાં કોલેરાની ત્રીજી મહામારી

કોલેરાની ત્રીજી મહામારી પણ ગંગા નદીના તટમાંથી ફેલાયેલી હતી. કોલેરાની દરેક મહામારીમાંથી આ મહામારી સૌથી વધુ ભયંકર હતી. ૧૯મી સદીનો એ સૌથી બિહામણો રોગચાળો હતો. ઇ.સ. ૧૮૪૬થી ઇ.સ. ૧૮૬૦ સુધી ચાલેલી આ મહામારીમાં ૧૦ લાખ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. આ બીમારીમાં ઝાડા-ઉલટી, કળતર અને તાવ એક સાથે શરીરમાં છવાઈ જતા હતા અને તેની સામે માનવ સાવ લાચાર બની જતો હતો. કોલેરાને એ વખતે લોકો કુદરતી પ્રકોપ ગણતા હતા. એ રોગ ભારતથી એશિયા અને ત્યાંથી યુરોપ, અમેરિકા અને આફ્રિકા સુધી ફેલાયેલ હતો. ૧૮૫૪માં બ્રિટીશ ડૉ. જોન સ્નોએ કોલેરા કેવી રીતે ફેલાય છે તે પહેલી વખત શોધી કાઢ્યું હતું. સંશોધન કરતી વખતે અને કોલેરાના દર્દીનું નિરીક્ષણ કરીને જોન સ્નોએ શોધી કાઢ્યું કે કોલેરા પાણીજન્ય રોગ છે. કોલેરા સંક્રમિત વ્યક્તિ પાણીના સંપર્કમાં આવે છે અને એ જ પાણી પીવાથી બીજાને પણ કોલેરાનું સંક્રમણ લાગે છે. તેનું આ સંશોધન ખૂબ જ ઉપયોગી સાબિત થયું હતું. ગંગા નદીના તટેથી કોલેરાનો રોગચાળો કેવી રીતે તટવર્તીય વિસ્તારમાં ફેલાયો હતો, તેનો તાળો પણ મળી ગયો હતો. જોન સ્નોએ જે વર્ષમાં આ સંશોધન કરી ચેતવણી આપી, એ જ વર્ષમાં એકલા બ્રિટનમાંથી જ અંદાજિત ૩૦ હજાર લોકો કોલેરાનો ભોગ બન્યા હતા. ત્યાર પછીના સમયમાં આ શોધખોળ ખૂબ જ ઉપયોગી સાબિત થયેલ હતી. જો કે શિક્ષણના અભાવે ભારતમાં જાગૃતિ ઘણી મોડી આવી હતી.

## ૪. ૧૮૬૩થી ૧૮૭૫ સુધી ચાલેલો કોલેરાનો ચોથો તબક્કો

ઇ.સ. ૧૮૬૩માં બંગાળમાં ફરી વખત કોલેરાનો રોગચાળો ફાટી નીકળ્યો હતો. બંગાળમાંથી મક્કા ગયેલા મુસ્લિમ પ્રવાસીઓની સાથે કોલેરા મક્કા અને ત્યાંથી આખી દુનિયામાં ફેલાઈ, તેણે લગભગ ૧૨ વર્ષ સુધી દુનિયાના અનેક દેશોમાં હાહાકાર મચાવ્યો

*વાહ રે, આધુનિક યુગના માણસ! જ્યાં જરૂર નથી ત્યાં લાખોના દાન કરે છે અને પોતાને ત્યાં જ કામ કરતા નાના માણસની રજાનો પગાર કાપી નાંખે છે!*

હતો. આફ્રિકામાં ૧૯૬૯ના એક જ વર્ષમાં ૭૦ હજારથી પણ વધુ લોકોના મોત થયા હતા. રશિયામાં ૧૮૬૬માં ૯૦ હજાર લોકોના કોલેરાના કારણે મૃત્યુ થયા હતા. ઓસ્ટ્રેલિયન એમ્પાયર હેઠળની વસતિમાંથી ૧,૬૫,૦૦૦ લોકોના મૃત્યુ થયા હતા. ઇટાલીમાં એક લાખથી વધુ લોકોના મોત થયા હતા. ઉત્તરી અમેરિકામાં ૫૦ હજારથી વધુ લોકોના મૃત્યુ થયા હતા. ભારતમાં સર્વાધિક ચારેક લાખ લોકોના મૃત્યુ થયા હતા. આ તબક્કે મહામારીમાં ટોટલ ૯ લાખ લોકોના મૃત્યુ થયા હતા.

## ૫. ઇ.સ. ૧૮૮૧થી ૧૮૯૬ – કોલેરાનો પાંચમો રોગચાળો

કોલેરાની પાંચમી મહામારી પણ ઇ.સ. ૧૮૮૧માં ભારતમાંથી શરૂ થઈ હતી. અગાઉની સરખામણીએ દુનિયાના દેશોમાં અવર-જવર વધુ થતી હોવાના કારણે આ મહામારી દુનિયાના અન્ય ખંડો અને દેશો જેવા કે એશિયા, આફ્રિકા, અમેરિકા, ફ્રાન્સ, જર્મની વગેરેમાં ઝડપી ફેલાવા પામેલ હતી. કોલેરા, એ પાણીજન્ય રોગ હોવાનું સંશોધન થયેલ હોવાથી અગાઉની તુલનાએ તેનો મૃત્યુ આંક કાબૂમાં રહેવા પામેલ હતો. આ મહામારીના કારણે ભારત સહિતના દેશોમાં મૃત્યુ આંક છ લાખે પહોંચ્યો હતો.

## ૬. ઇ.સ. ૧૮૯૯થી ૧૯૨૩ – કોલેરાની છઠ્ઠી મહામારી

કોલેરાના છઠ્ઠા રોગચાળાનો સમય ૧૮૯૯થી ૧૯૨૩ એમ ૨૪ વર્ષનો હતો. તેની શરૂઆત પણ ભારતમાંથી થયેલ હતી અને ત્યારબાદ તે આખી દુનિયામાં ફેલાયેલો હતો. આ સમયે આ મહામારીએ મધ્ય પૂર્વ, આફ્રિકા અને યુરોપમાં હાહાકાર મચાવ્યો હતો. ભારતમાં ઇ.સ. ૧૯૧૦-૧૯૧૧ના વર્ષોમાં તે ચરમસીમાએ પહોંચ્યો હતો. ભારતમાં કોલેરા વારંવાર ફેલાતો હોવાથી અંગ્રેજો તેના પ્રત્યે બેદરકાર રહેતા અને હિલ સ્ટેશનોમાં ફરવા ચાલ્યા જતા હતા. એ સમયની અંગ્રેજ સરકારે યોગ્ય પગલા ભર્યા ન હોવાને કારણે એકલા ભારતમાં જ આઠ લાખ લોકોએ કોલેરામાં જાન ગુમાવ્યા હતા. આ સમયે અમેરિકામાં જાગૃતિ આવેલ હતી અને તેણે કોલેરા પર કાબૂ મેળવી લીધેલ હોવાથી અમેરિકામાં માત્ર ૧૧ લોકોના જ મૃત્યુ થયેલ હતા.

## ૭. ઇ.સ. ૧૯૬૧થી ૧૯૭૫ – કોલેરાની સાતમી મહામારી

પ્રથમ વખત કોલેરાનું ઉદ્ગમસ્થાન ભારતના બદલે ઇન્ડોનેશિયા બન્યું હતું. આ મહામારી ઇન્ડોનેશિયામાં ઇ.સ. ૧૯૬૧માં શરૂ થયેલ હતી અને ૧૯૭૫ સુધી એમ ૧૪ વર્ષ સુધી ચાલેલ હતી. ઇન્ડોનેશિયામાંથી બાંગ્લાદેશ (ત્યારે પૂર્વ પાકિસ્તાન)માં આ મહામારી પ્રસરી હતી. ત્યાંથી કોલેરાએ ભારતમાં પ્રવેશ મેળવ્યો. ૧૯૬૪માં ભારતમાં હાહાકાર મચી ગયો હતો. ત્યારબાદ ૧૯૬૬માં રશિયા અને ૧૯૭૩માં ઇટાલીમાં તે ફેલાયો હતો. ત્યારબાદ તે જાપાન, અમેરિકા અને ફ્રાન્સ વગેરે દેશોમાં ફેલાયેલ હતો. આ સમયે મેડિકલ સાયન્સનો ખૂબ વિકાસ થયેલ હોવાથી મૃત્યુ દર માત્ર ૧.૫૫ લાખનો રહેવા પામેલ હતો.

## ૮. કોલેરા બાબતે સવિશેષ જાણકારી

હજુ પણ કોલેરાનો રોગ દુનિયામાંથી નાબૂદ થયો નથી. દર વર્ષે દુનિયામાંથી ૩૦થી ૫૦ લાખ લોકોને કોલેરા થાય છે. જેમાંથી અંદાજિત ૨૫ હજાર લોકોના મૃત્યુ થાય છે. પીવાનું શુધ્ધ પાણી અને યોગ્ય તબીબી સગવડો પ્રાપ્ત થતી હોવાથી હવે કોલેરા દુનિયામાં હાહાકાર મચાવી શકતો નથી. ભારતમાં સદીઓથી કોલેરાનું અસ્તિત્વ હોવાનું મનાતું હોવાથી તે ભારતમાંથી દુનિયાના અન્ય દેશોમાં ફેલાતો હતો. કોલેરાની સાત મહામારીમાંથી છ મહામારીનું ઉદ્ગમ સ્થાન ભારત હોવાથી તે ત્યાંથી દુનિયાના અન્ય દેશોમાં પ્રસરાયેલ હતો. કોલેરાના કારણે વધુમાં વધુ લોકો ભારતમાં મૃત્યુ પામ્યા છે.

## ૯. ઇ.સ. ૧૮૮૯ – એશિયાટીક ફ્લુ – ૧૦ લાખ મૃત્યુ

એશિયાટીક ફ્લુ કે રશિયન ફ્લુ તરીકે જાણીતા થયેલા આ તાવનો પ્રકાર $H_3N_8$ હોવાનું સંશોધકો કહે છે. આ તાવનો પહેલો કેસ મે-૧૮૮૯માં મધ્ય એશિયામાં બુખારામાં જોવા મળેલ હતો. ત્યાંથી તે રશિયા, કેનેડા, ગ્રીનલેન્ડ વગેરે સ્થળોએ ફેલાયેલો હતો. ત્યાંથી તે સમગ્ર દુનિયામાં ફેલાઈ જવા પામ્યો હતો. ૧૯મી સદીના અંતમાં દુનિયામાંની ગ્રામ્ય વસતિ શહેરો ભણી જતી હોવાથી આ મહામારીના કારણે થોડો સમય શહેરીકરણ અટકી ગયું હતું. એક તરફ દુનિયામાં અંધશ્રદ્ધા ચરમ સીમાએ હતી જ્યારે અન્ય તરફ વિજ્ઞાનના પ્રયોગો પણ વધ્યા હતા. બેક્ટેરિયોલોજીનો યુગ શરૂ થયો હતો. એટલે પહેલી વખત તાવ અને બેક્ટેરિયાનું કનેક્શન પ્રસ્થાપિત કરવાના પ્રયાસો શરૂ થયા હતા. આ કાળા તાવમાં ૧૦ લાખ લોકોના મૃત્યુ થયાનો અંદાજ છે. પરંતુ એ વખતે ડેટા કલેક્શનની વ્યવસ્થા પૂરતી માત્રામાં ન હોવાના કારણે અને ગ્રામીણ વિસ્તારમાં

*જિંદગીના આ કશ્મકશમાં એમ તો હું પુષ્કળ બિઝી છું, પરંતુ સમયનું બહાનું કાઢીને, પોતાનાને ભૂલી જવા એ મને આજે પણ નથી આવડતું.*

થયેલ મૃત્યુના કારણે કદાચ મૃત્યુ આંક ૨૦ લાખ પર પણ પહોંચેલો હોઈ શકે તેવું કેટલાક લોકોનું માનવું છે.

## ૧૦. ઇ.સ. ૧૯૧૮થી ઇ.સ. ૧૯૨૦ – સ્પેનિસ ફ્લુ – ૫ કરોડ મૃત્યુ

પ્રથમ વિશ્વયુદ્ધ ચાલતું હતું એ વખતે સૈનિકોનું મોરલ ટકાવી રાખવા બ્રિટન, જર્મની, ફ્રાન્સ, અમેરિકા વગેરે દેશોમાં બીમારીના કોઈ અહેવાલો પ્રસિદ્ધ કરવામાં આવતા ન હતા. એ સમયે આ તાવ અનેક સ્થળોએ ફાટી નીકળ્યો હતો. પરંતુ તેના અહેવાલો માત્ર સ્પેનના અખબારોમાં પ્રસિદ્ધ થતા હતા. આ બીમારી ફ્લુની હતી અને તેના કારણે લોકો ટપોટપ મૃત્યુ પામી રહ્યા હતા. તેના વિગતવાર અહેવાલ સ્પેનિસ અખબારો પ્રસિદ્ધ કરતા હતા. સ્પેનમાં આ રોગ અંગે જાગૃતિ લાવવાના પ્રયાસો જારી હતા. અન્ય દેશો આ બાબતે ગુપ્તતા સેવતા હતા. તેથી જતે દહાડે આ તાવ સ્પેનિસ ફ્લુ તરીકે ઓળખાવા લાગ્યો. પરંતુ તેનું ઉદ્ગમ સ્થાન તે સમયે પણ જાણી શકાયેલ ન હતું. વિશ્વયુદ્ધ દરમિયાન માનવજાતને આ ફ્લુ તાવનો ચેપ લાગ્યો હતો. એક થીયરી એવી પણ છે કે બાયોકેમિકલ વેપન્સના કારણે આ રોગ ફેલાયેલો હોઈ શકે. જાન્યુઆરી-૧૯૧૮થી શરૂ થયેલી આ મહામારી ડિસેમ્બર-૧૯૨૦ સુધી ચાલી હતી. કોરોનાની જેમ સ્પેનિસ ફ્લુ પણ બાળકો અને મોટેરાના શરીરમાં ઝડપથી પ્રવેશી જતો હતો અને તે ખૂબ જ ઘાતક હતો. એક અંદાજ પ્રમાણે દુનિયામાં પાંચ કરોડ લોકોએ આ તાવના કારણે જીવ ગુમાવ્યા હતા. એ સમયે દુનિયાની જીવિત વસતિમાંથી ત્રીજા ભાગની વસતિ આ તાવના સકંજામાં આવી ગયેલ હતી. દુનિયાનો એક પણ દેશ તેની પક્કડમાંથી બાકી રહ્યો ન હતો. કોરોનાની જેમ આ રોગ પણ માણસની રોગ પ્રતિકારક શક્તિ પર પ્રહાર કરતો હતો.

## ૧૧. ઇ.સ. ૧૯૫૬થી ૧૯૫૮ – એશિયન ફ્લુ – ૨૦ લાખ મૃત્યુ

એશિયન ફ્લુ તરીકે ઓળખાયેલા આ તાવનું અધિકૃત રૂપ $H_2N_2$ છે. ૧૯૫૬માં તે ચીનમાંથી ફેલાયો હતો. ચીનમાંથી શરૂ કરીને તે હોંગકોંગ, સિંગાપોર, અમેરિકા વગેરે દેશો સુધી ફેલાયેલો હતો. તેના કારણે એકલા અમેરિકામાં જ ૬૯૮૦૦ લોકો મૃત્યુ પામ્યા હતા. આથી દુનિયાનો મૃત્યુ આંક વીસ લાખે પહોંચ્યો હતો. બીજા વિશ્વયુદ્ધ પછી વિશ્વ સામે આવેલો આ સૌથી પ્રથમ ખતરો હતો.

## ૧૨. ઇ.સ. ૧૯૬૮ – હોંગકોંગ ફ્લુ – ૧૦ લાખ મૃત્યુ

ઇન્ફ્લુએન્ઝા પ્રકારના હોંગકોંગ ફ્લુ તરીકે ઓળખાતા તાવનું સત્તાવાર નામ $H_3N_2$ છે. ૧૩ જુલાઈ, ૧૯૬૮ના તેનો પહેલો કેસ હોંગકોંગમાં નોંધાયેલ હતો. ત્યાંથી તે ૧૭ દિવસમાં સિંગાપોર અને વિયેટનામ પણ પહોંચી ગયેલ હતો. ત્રણ મહિનામાં તેનો ફેલાવો ફિલીપાઈન્સ, ભારત, ઓસ્ટ્રેલિયા, યુરોપ અને અમેરિકા સુધી થઈ ગયો હતો. આ મહામારીમાં અંદાજિત ૨૦ દેશોના ૧૦ લાખ લોકો મૃત્યુ પામ્યા હતા. તેમાં માત્ર હોંગકોંગમાં જ ૫ લાખ લોકોના મૃત્યુ થયા હતા કે જે તે સમયના હોંગકોંગની વસતિના ૧૫ ટકા હતા.

## ૧૩. ઇ.સ. ૧૯૭૬ – એચ.આઈ.વી. એઇડ્ઝ – ૪ કરોડ મૃત્યુ

૧૯૭૬માં કોંગોમાં એચ.આઈ.વી.નો પ્રથમ દર્દી નોંધાયો હતો. એ વખતે હજુ આ રોગનું નામ પડ્યું ન હતું અને આ રોગ કેટલો ઘાતક નીવડશે તેની પણ કલ્પના ન હતી. કદાચ પ્રાણીમાંથી માણસમાં આ બીમારી ભેદી રીતે પ્રવેશેલી હશે પરંતુ આ મહામારીનો સચોટ ઇલાજ હજુ સુધી મળ્યો નથી. ૧૯૮૧થી ૧૯૨૦ સુધીમાં સમગ્ર દુનિયામાં અંદાજે ૪ કરોડ લોકો આ બીમારી એચ.આઈ.વી. – એઇડ્ઝના કારણે મોતના મુખમાં ધકેલાયા છે. દુનિયામાં અત્યારે ૩.૫ કરોડ લોકો એચ.આઈ.વી.ના વાયરસ સાથે જીવી રહ્યા છે. એક અંદાજ પ્રમાણે ૨.૧ કરોડ આફ્રિકન નાગરિકો એચ.આઈ.વી.થી પીડાય છે. અસુરક્ષિત જાતિય સંબંધથી ફેલાતી આ બીમારી ૨૦૦૫થી ૨૦૧૨ દરમિયાન અતિશય ઝડપે ફેલાતી હતી પરંતુ દુનિયાભરમાં ચાલતી અસરકારક અવેરનેસ ઝુંબેશના કારણે છેલ્લા આઠેક વર્ષથી તેનું સંક્રમણ ઘટ્યું છે. એચ.આઈ.વી.ના વાયરસને મારી શકાય એવી દવા હજુ સુધી શોધાઈ નથી પરંતુ તેની અસરકારક વૈકલ્પિક સારવાર ઉપલબ્ધ હોવાથી તેના સંક્રમણ પછી પણ લાંબુ આયુષ્ય ભોગવી શકાય છે.

## ૧૪. ઇ.સ. ૨૦૧૯ – કોરોના – ૫.૦૦ લાખથી વધુ મૃત્યુ (તા. ૩૦-૬-૨૦૨૦ સુધી)

કોરોનાનો પ્રથમ કેસ ૨ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ ચીનમાં નોંધાયો હતો. ૩૧ ડિસેમ્બર સુધીમાં તો ચીનમાં તેના કારણે

૨૧૩ લોકોના મૃત્યુ થઈ ચૂક્યા હતા. ૩૦મી જૂન, ૨૦૨૦ સુધીમાં તેના સકંજામાં ૧ કરોડથી વધુ લોકો આવી ચૂક્યા છે અને ૫.૦૦ લાખથી વધુ લોકોના મૃત્યુ થયા છે. આ મહામારી દુનિયાના ૨૦૦થી પણ વધુ દેશોમાં પ્રસરી ચૂકી છે અને તેની કોઈ દવા કે રસી હજુ સુધી શોધાયેલ નથી. આ પરિસ્થિતિમાં આવતા ૨-૫ વર્ષમાં વિશ્વ તેનાથી છૂટી શકે તેવી કોઈ શક્યતા દેખાતી નથી. ૨૧મી સદીની આ સૌથી કારમી મહામારી છે અને તે માનવથી માનવના સ્પર્શના કારણે તેના ચેપથી અતિ તીવ્ર ગતિથી ફેલાય છે.

● **તારવણ :**

આ રીતે વિશ્વમાં વિવિધ સમયે પ્લેગ, કોલેરા, ઈન્ફ્લુએન્ઝા, કોરોના જેવી મહામારીઓ બેક્ટેરિયા થકી અથવા તો વાયરસ થકી ફેલાતી આવી છે અને માનવ જાતે જે-તે સમયે પોતાની શક્તિ મુજબ તેનો સામનો કરેલ છે. અત્યારે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ છવાઈ ગયેલ હોવાથી ભવિષ્યમાં આ પ્રકારની મહામારીનો વિશ્વ સારી રીતે મુકાબલો કરી શકશે.

*ઉપર દાખવેલ દરેક મહામારીની વિગત આપણે નીચે મુજબ સંક્રમિત કરી શકીએ.*

## પ્લેગ થકી

| ક્રમ | સાલ | મહામારીનું નામ | ઉદ્‌ગમ દેશ | વિશ્વના અન્ય કયા કયા દેશોમાં ફેલાયો | મૃત્યુ આંક | રીમાર્ક |
|---|---|---|---|---|---|---|
| ૧. | ઈ.સ. પૂર્વે ૩૫૦૦થી ઈ.સ. પૂર્વે ૩૦૦૦ | પ્લેગ | — | — | — | અન્ય માહિતી ઉપલબ્ધ નથી. |
| ૨. | ઈ.સ. ૧૬૫ | પ્લેગ | મિસોપોટેમિયા | એશિયા, ઈજીપ્ત, ગ્રીસ, ઈટાલી | ૫૦ લાખ | મોટા ભાગે સૈનિકો મૃત્યુ પામેલ હતા. |
| ૩. | ઈ.સ. ૫૪૧ | પ્લેગ | — | યુરોપના દેશો | ૨.૫ કરોડ | ઉદ્‌ગમ સ્થાન પ્રાપ્ય નથી. |
| ૪. | ઈ.સ. ૧૩૪૬થી ઈ.સ. ૧૩૫૩ | પ્લેગ (બ્લેક ડેથ) | એશિયાના કોઈ એક દેશમાંથી | એશિયા, યુરોપ અને આફ્રિકા | ૮ કરોડ | કેટલાક ઈતિહાસકારોના મતે મૃત્યુ આંક ૨૦ કરોડ સુધી. |
| ૫. | ઈ.સ. ૧૭૨૦થી ઈ.સ. ૧૭૬૫ | પ્લેગ (ગ્રેટ પ્લેગ) | માસેલી, ફ્રાન્સ | દુનિયાના વિવિધ દેશો | ૧ લાખ | — |
| ૬. | ઈ.સ. ૧૮૫૫થી ઈ.સ. ૧૯૬૦ | પ્લેગ | યુનાન પ્રાંત ચીન | લગભગ સમગ્ર દુનિયા | ૧.૨૦ કરોડ | (૧) આ મહામારી ૧૦૫ વર્ષ લાંબી ચાલી હતી. (૨) ઈ.સ. ૧૮૯૭માં પ્લેગની રસી શોધવામાં આવી. |
| ૭. | ઈ.સ. ૧૯૬૦થી ઈ.સ. ૨૦૦૦ | પ્લેગ | ઉપલબ્ધ નથી | ૩૮ દેશોમાં આ રોગચાળો જોવા મળ્યો. | ૨૮૪૭ | – |
| ૮. | ઈ.સ. ૧૯૯૪ | પ્લેગ | ભારત | ગુજરાત - મહારાષ્ટ્ર (ભારત) | ૫૨ | — |

*ખુશીઓ ખેતરમાં ઊગતી નથી કે હાટના બજારમાં મળતી નથી, તમારી અંદર જ શોધી લો, તેના અતુલ ભંડારો ભરેલા પડ્યા છે.*

## પ્લેગ સિવાયની મહામારી એટલે કોલેરા, વિવિધ પ્રકારના ફ્લુ, એચ.આઈ.વી., કોરોના વગેરે

| ક્રમ | સાલ | મહામારીનું નામ | ઉદ્‌ગમ દેશ | વિશ્વના અન્ય કયા કયા દેશોમાં ફેલાયો | મૃત્યુ આંક | રીમાર્ક |
|---|---|---|---|---|---|---|
| ૧. | ઈ.સ. ૧૮૧૭થી ઈ.સ. ૧૮૨૪ | કોલેરા | ભારત | એશિયા, યુરોપ, આફ્રિકા વગેરે ખંડોના દેશોમાં | ૨૦ લાખ | ગંગા નદીના તટ પરથી |
| ૨. | ઈ.સ. ૧૮૨૬થી ઈ.સ. ૧૮૩૭ | કોલેરા | ભારત | ચીન, જાપાન, રશિયા, ફ્રાન્સ, બ્રિટન, અમેરિકા વગેરે | ૮ લાખ | ગંગા નદીના તટ પરથી |
| ૩. | ઈ.સ. ૧૮૪૬થી ઈ.સ. ૧૮૬૦ | કોલેરા | ભારત | એશિયા, યુરોપ, અમેરિકા, આફ્રિકા વગેરે | ૧૦ લાખ | ● ગંગા નદીના તટ પરથી ● ઈ.સ. ૧૮૫૪માં આ પાણીજન્ય રોગ છે તેવું શોધી શકાયું. |
| ૪. | ઈ.સ. ૧૮૬૩થી ઈ.સ. ૧૮૭૫ | કોલેરા | ભારત | રશિયા, ઓસ્ટ્રેલિયા, ઈટાલી, અમેરિકા, આફ્રિકા વગેરે | ૯ લાખ | — |
| ૫. | ઈ.સ. ૧૮૮૧થી ઈ.સ. ૧૮૯૬ | કોલેરા | ભારત | એશિયા, આફ્રિકા, અમેરિકા, ફ્રાન્સ, જર્મની વગેરે | ૬ લાખ | — |
| ૬. | ઈ.સ. ૧૮૯૯થી ઈ.સ. ૧૯૨૩ | કોલેરા | ભારત | મધ્ય પૂર્વ, આફ્રિકા, યુરોપ | ૮ લાખ | — |
| ૭. | ઈ.સ. ૧૯૬૧થી ઈ.સ. ૧૯૭૫ | કોલેરા | ઈન્ડોનેશિયા | બાંગ્લાદેશ (પૂર્વ પાકિસ્તાન), ભારત, રશિયા, ઈટાલી, જાપાન, અમેરિકા, ફ્રાન્સ વિ. | ૧.૫૫ લાખ | — |
| ૮. | ઈ.સ. ૧૮૮૯ | એશિયાટિક ફ્લુ અથવા રશિયન ફ્લુ | બુખારા, મધ્ય એશિયા | રશિયા, કેનેડા, ગ્રીન લેન્ડ | ૧૦ લાખ | ● આ તાવનો પ્રકાર એટલે $H_3N_8$ ● અન્ય અંદાજ મુજબ મૃત્યુ ૨૦ લાખ. |
| ૯. | ઈ.સ. ૧૯૧૮થી ઈ.સ. ૧૯૨૦ | સ્પેનિસ ફ્લુ | – | સ્પેન, બ્રિટન, જર્મની, ફ્રાન્સ, અમેરિકા તથા દુનિયાના અન્ય દેશો | ૫ કરોડ | ઉદ્‌ગમ સ્થાન શોધી શકાયું નથી |
| ૧૦. | ઈ.સ. ૧૯૫૬થી ઈ.સ. ૧૯૫૮ | એશિયન ફ્લુ | ચીન | હોંગકોંગ, સિંગાપુર, અમેરિકા વગેરે. | ૨૦ લાખ | આ તાવનો પ્રકાર એટલે $H_2N_2$ |

*મંઝીલે મંઝીલે વિસામા નથી હોતા, સાથે ચાલનારા દરેક હમસફર નથી હોતા; મળે છે લાખો લોકો આ ટૂંકી જિંદગીમાં, પણ તમને ગમતાં દરેક તમારા નથી હોતા.*

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૧. | ઈ.સ. ૧૯૬૮ | હોંગકોંગ ફ્લુ | હોંગકોંગ | સિંગાપોર, વિયેટનામ, ફિલીપાઈન્સ, ભારત, ઓસ્ટ્રેલિયા, યુરોપ, અમેરિકા વગેરે. | ૧૦ લાખ | ● આ તાવનો પ્રકાર એટલે $H_3N_2$ ● માત્ર હોંગકોંગમાં જ ૫ લાખ લોકો મૃત્યુ પામ્યા હતા. જ્યારે બાકીના ૫ લાખ અન્ય દેશોમાંથી |
| ૧૨. | ઈ.સ. ૧૯૭૬ | એચ.આઈ.વી. – એઈડ્ઝ | કોંગો | દુનિયાના લગભગ બધા જ દેશો | ૪ કરોડ | |
| ૧૩. | ઈ.સ. ૨૦૧૯ | કોરોના કોવિડ-૧૯ | ચીન | દુનિયાના ૨૦૦થી વધુ દેશોમાં | ૫.૦૦ લાખ (૩૦-૬-૨૦ સુધીમાં) | માત્ર ૪ મહિનામાં આ રોગ સમગ્ર દુનિયામાં ફેલાઈ ગયેલ છે અને જ્યાં સુધી તેની રસી નહીં શોધાય ત્યાં સુધી ફેલાતો રહેશે. |

● **ઉપસંહાર :**

આ રીતે આપણે દુનિયાનો ઇતિહાસ ચકાસી જોઈએ તો છેલ્લા ૨૦૦૦ વર્ષમાં માનવજાતે અનેક રોગોની મહામારીનો સામનો કરેલ છે અને તેમ છતાં તે ક્ષણિક રૂકીને ફરી પોતાની પ્રગતિ સાધતો આવેલ છે.

આ રીતે એક સમય એવો આવશે કે તે કોરોનાને પણ નાથી શકશે.

## કોરોનાના દર્દીના હોમ ક્વોરન્ટાઈન માટે કેન્દ્રની માર્ગદર્શિકા

**(અનુસંધાન : પાના નં. – ૧૨ ઉપરથી ચાલુ)**

કરીને વડીલો અને હાયપરટેન્શન, રેનલ-શ્વસનતંત્ર ડિસીઝ જેવા સહ-રોગની સ્થિતિ ધરાવતા લોકોથી દૂર રહેવું જોઈએ. દર્દીએ વધુમાં વધુ પ્રમાણમાં પ્રવાહી લેવું જોઈએ અને પૂરતા પ્રમાણમાં ઊંઘ લેવી જોઈએ. વારંવાર સાબુ અને પાણીથી ૪૦ સેકન્ડ્સ સુધી હાથ ધોતાં રહેવા અથવા આલ્કોહોલના સેનેટાઇઝરથી સાફ કરતા રહેવા જોઈએ. પોતાની અંગત વસ્તુઓ અન્ય લોકો સાથે શેર કરવી જોઈએ નહીં. ટેબ્લેટ્સ, ડોર નોબ્સ, હેન્ડલ્સ વગેરે કે જેને વારંવાર સ્પર્શ કરવામાં આવે છે તેને ૧ ટકા હાયપોક્લોરાઇટ સોલ્યુશન વાપરીને સાફ કરવા જરૂરી છે. ઘરની અન્ય કોઈ વ્યક્તિએ દર્દીના શરીરના પ્રવાહી તેમજ શ્વસન અવયવ સાથે સીધો સંપર્ક ટાળવાનો રહેશે. દર્દીને સાચવતી વખતે એકવાર ઉપયોગ કર્યા બાદ ફેંકી શકાય તેવા ગ્લોવ્સનો ઉપયોગ કરો. ઉપરાંત વાતાવરણમાં સંભવિત દૂષિત ચીજોના સંસર્ગને ટાળવો જોઈએ. દર્દીને તેના રૂમમાં જ ખોરાક પૂરો પાડવો આવશ્યક છે. દર્દી દ્વારા ઉપયોગમાં લેવાતા અન્ય વાસણો તેમજ ડિશને સાબુ - ડિટરજન્ટ અને ગ્લોવ્ઝ પહેરી પાણીથી સાફ કરવા જોઈએ. વાસણોનો ફરીથી ઉપયોગ કરી શકાય છે. દર્દી દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી વસ્તુઓ, કપડાં સાફ કરતી વખતે ટ્રીપલ લેયર માસ્ક અને ફેંકી શકાય તેવા ગ્લોવ્સનો ઉપયોગ કરવાનો રહેશે. દર્દીની સારસંભાળ રાખનાર અને તેની નજીક રહેનાર તમામ વ્યક્તિઓએ દૈનિક તાપમાન માપીને સ્વાસ્થ્યનું સ્વયં-નિરીક્ષણ કરવાનું રહેશે અને જો તેઓને કોવિડ-૧૯નાં તાવ, ઉધરસ, શ્વાસ લેવામાં તકલીફ જેવા કોઈ લક્ષણ જણાય તો તાત્કાલિક જાણ કરવાની રહેશે. ■

## અવિચારી વાણી

કોઈના માટે અત્યંત વેધક કે કટાક્ષયુક્ત ટીકા કરવાનું મન થાય ત્યારે યાદ કરો કે વધારે પડતા મરીમસાલા ખોરાકને બેસ્વાદ બનાવે છે.

અવિચારી શબ્દોએ ઘણા મૂલ્યવાન સંબંધોને ખંડિત કર્યા છે, જ્યારે સદ્વ્યવહારથી કોઈએ ક્યારેય કંઈ ગુમાવ્યું નથી.

અન્યોને પોતાની રીતે વિકસવાની સ્વતંત્રતા આપો.

*ઝાડનો એકરાર : દરરોજ પાંદડા ખરે છે મારા, તેમ છતાં ક્યારેય પણ પવનથી સંબંધ નથી બગાડ્યા.*

# કોરોના! કોરોના! કોરોના! : જાણો અને સમજો

● ડૉ. નીતુબેન પરીખ, M.D. (Physician) ●

કોરોના વાયરસ એક નોવેલ Covid-19 વાયરસ છે, જે મનુષ્યો તથા પશુપક્ષીઓ બંનેમાં ચેપ (ઇન્ફેક્શન) ફેલાવે છે.

આ કોરોના વાયરસની મહામારીની શરૂઆત સૌથી પહેલા ચીનમાં આવેલ વુહાન શહેરના દરિયાઇ - પ્રાણીજન્ય ખોરાકના બજારમાં (Seafood market) મિડ-ડિસેમ્બર ૨૦૧૯માં થઈ હતી. આ રોગ ૨૧૪ અલગ અલગ દેશ, શહેરોમાં ફેલાયેલો છે. તેથી ૧૧ માર્ચ, ૨૦૨૦ના દિવસે WHO એ હવે COVID-19 કે કોરોનાને Panendemic જાહેર કર્યું છે.

## કોરોનાનો રોગ શાસ્ત્ર :

Covid-19 ના વાયરસનું નામ SARS-COV-2 છે, જે RNA Virus છે. આ રોગ મનુષ્યથી મનુષ્યમાં ફેલાય છે.

- ✦ નજીકનો સંસર્ગ (Near contact)
- ✦ શ્વાસોચ્છવાસમાંથી નીકળતા સૂક્ષ્મ બિંદુઓ (જે બોલવાથી, ઉધરસ ખાવાથી, વાત કરવાથી અને છીંક ખાવાથી નીકળે છે.)
- ✦ વસ્તુઓ પર પડેલા શ્વસન ટીપાને અડવાથી અને પછી એ હાથ તમારા આંખ, નાક કે મોઢાને અડવાથી થાય છે.

વ્યક્તિને આ સંસર્ગ પછી ચેપ લાગવાની શક્યતા (Incubation period) ૨ થી ૧૪ દિવસ હોય છે. ચેપી વ્યક્તિ, જેને કોરોના થયો છે, એ બે દિવસ પહેલાથી અને ચેપ લાગ્યા પછી ૮ દિવસ સુધી એટલે કે ૧૦ દિવસ બીજાને ચેપ આપી શકે છે.

## રોગબીજ :

આ Covid-19 એક શ્વસનતંત્રનો ચેપ છે, જે SARS-Covid-2 ના ચેપ સાથે સંકળાયેલો છે. જેમાં સાદા ગળાના ચેપથી લઈને ફેફસાનો ચેપ (ARDS), સેપસીસ (Sepsis), સેપ્ટીક શોક (Septic Shock), મલ્ટી ઓર્ગન ફેલ્યોર (Multi Organ Failure), કિડની ફેલ્યોર (Kidney Failure) અને હૃદયનો દુઃખાવો (Heart Attack) થાય છે. આ રોગમાં ફેફસાનો ન્યુમોનિયા નથી થતો પણ Covid-19 ચેપના લીધે ફેફસાની રક્ત વાહિનીઓની આંતર દીવાલમાં સોજો આવે છે, ઝીણા ઝીણા લોહીના ગઠ્ઠા (Clots) બને છે. એના કારણે alveoli અને Inter stitial tissue (જે ફેફસાનો નાનામાં નાનો ભાગ છે) – એમાં ખૂબ સોજો આવી જાય છે. જેથી શ્વાસ લેવામાં મુશ્કેલી પડે છે. Oxygen Saturation ઘટે છે. આમાં Cytokin Storm આવે છે. જેથી કરીને રક્તવાહિનીઓમાં લોહી જાડું થવા માંડે છે (Intravascular coagulopathy). અને આને કારણે વ્યક્તિનું મૃત્યુ પણ થઈ શકે છે. એટલે ઓક્સિજન ઓછુ પહોંચવું (Hypoxemia), ARDS અને Hyper Coagulopathy (લોહી જાડું અને ક્લૉટ થઇ જવું) આ મુળભૂત કારણો છે વ્યક્તિના મૃત્યુ પાછળ.

## Covid-19ના લક્ષણો :

- ✦ કોરોનાના દર્દીઓને નીચે પ્રમાણે લક્ષણો થઈ શકે છે. જેમકે, (૧) તાવ, (૨) ખાંસી, (૩) શ્વાસ લેવામાં તકલીફ, (૪) થકાવટ, (૫) ખાંસીમાં ગળફા પડવા, (૬) હાથ-પગના સ્નાયુઓમાં ખૂબ દુઃખાવો થવો, (૭) ગળામાં સોજો આવવો, (૮) ઝાડા થવા, (૯) સુગંધ અને સ્વાદ ન પરખાવા.
- ✦ ઉંમરવાળા અને Co-morbid દર્દીઓને તાવ ઘણી વાર નથી આવતો. એમને નીચેના લક્ષણો જોવા મળે છે : (૧) થકાવટ, (૨) ઉઠવા બેસવામાં તકલીફ, (૩) ઝાડા થવા, (૪) ભૂખ ન લાગવી, (૫) લવારી કરવી (Deliriun).

## વધારે રોગ ફેલાવાની શક્યતા કોને?

- ✦ ઉંમર ૧૦ વર્ષથી નીચે અને ૬૦ વર્ષથી ઉપર.
- ✦ જેને –

  ડાયાબિટીસ,
  બ્લડપ્રેશર,
  હૃદયરોગ (Coronary Artery Disease),
  જૂની ફેફસાની બીમારી (Chronic Lung Disease),
  મગજનો લકવો થયો હોય,
  કિડનીના રોગ (Chronic Kidney Disease),
  કેન્સર

*ઉંમર થકાવી નથી શકતી, ઠોકર પાડી નથી શકતી; અગર જીતી જવાની જીત હોય, તો પરિસ્થિતિઓ હરાવી નથી શકતી.*

આ બીમારીવાળા દર્દીમાં રોગ ફેલાવાની શક્યતા વધુ છે.

**તપાસ (Investigation) :**

૧. હાલમાં Covid-19 ટેસ્ટ Throat તથા Nasal Swab થી કરવામાં આવે છે જે RT-PCR ટેકનિકથી થાય છે.
૨. HRCT thorax – જેની Sensitivity વધુ છે.
૩. Chest X-ray, Routine લોહીના રીપોર્ટ દ્વારા કરવામાં આવે છે.

આના સિવાય CRP, IL-6, D-Dimer, LDH, S Ferritin, Absolute Lymphocyte Countની જરૂરિયાત હોય છે.

● **સારવાર (ટ્રીટમેન્ટ) :**

જેટલી જલ્દી સારવાર થાય, એટલો જલ્દી ફાયદો થાય છે.

અત્યારે આ રોગની સારવાર કરવા માટે રોગને Mild, Moderate અને Severe માં વહેંચવામાં આવ્યો છે.

- ✦ Mild દર્દીઓને ઘરે તથા Covid Care Centre માં સારવાર લઈ શકાય. Co-morbid કંડિશન ન હોવી જોઈએ. આ દર્દીઓનું $SPO_2$ ૯૪થી ઉપર હોય છે અને Respiratory Rate (શ્વાસોચ્છવાસની ક્રિયા) ૨૪થી નીચે હોય છે. HRCTમાં ન્યુમોનિયાના લક્ષણ ન હોવા જોઈએ.
- ✦ Moderate અને Severe દર્દીઓને હોસ્પિટલમાં દાખલ થવું જરૂરી છે.

**EARLIER IS BETTER**

- ✦ જો તમને શરીર તૂટવાનું ચાલુ થાય, તાવ આવે કે ગળામાં દુઃખાવાનું શરૂ થાય તો તરત જ ડૉક્ટરની સલાહ લો.
- ✦ જાતે Home Quarantine થઈ જાવ.
- ✦ નવશેકા ગરમ પાણીના કોગળા કરો.
- ✦ Betadin Solution ના કોગળા કરો.
- ✦ દિવસમાં ૩-૪ વાર લીંબુ તથા ઈલેક્ટ્રોલ પાવડરનું પાણી પીઓ.
- ✦ સાદુ પાણી ૨-૩ લીટર જેટલું પીઓ.
- ✦ હળવો ખોરાક લો.
- ✦ નાસ લો.
- ✦ શરૂઆતમાં આરામ કરવો ખૂબ જરૂરી છે.

***હાલમાં જે દવાઓ અપાય છે, એમાં નીચેની દવાઓનો સમાવેશ થાય છે.***

- ✦ Azithromycin (Antibiotic)
- ✦ Vit. C, Vit. D, Zinc, Multi Vitamin
- ✦ Hydroxychloroquin Tab
- ✦ Remdesivir
- ✦ Fevipiravir
- ✦ Tocilizumab
- ✦ Ivermectin
- ✦ Doxycycline
- ✦ Methylprednisolone
- ✦ LMWH (Low Molecular Weight Heparin)
- ✦ Disprin
- ✦ Plasma Exchange
- ✦ $O_2$

જરૂર પડે તો દર્દીને વેન્ટીલેટર પર મૂકવામાં આવે છે.

આ કોવિડની મહામારીને સૌએ સાથે રહીને છુટા-છુટા, માસ્ક પહેરીને, હાથ સેનેટાઈઝ કરીને જીતવાની છે.

***તો ચાલો, પોતાનો અને બીજાનો ખ્યાલ રાખો.***

**S** : Social Distancing

**M** : Mask

**S** : Sanitization of Hand

***થી જીતો Covid ને.***

## કોઈના બેલી બનીએ

*સમાજથી તરછોડાયેલા કોઈની સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર કરીએ,*
*કોઈ નિરાધાર અથવા વિકલાંગને મદદ કરીએ,*
*કોઈને કદી દુઃખ ના પહોંચાડીએ,*
*એકાકી અને વૃદ્ધ માટે થોડો સમય કાઢીએ,*
*કોઈનાં આંસુ લૂછીએ, કોઈને ભયમુક્ત કરીએ,*
*કોઈનો કાર્યભાર ઓછો કરીએ,*
*પિંજરમાં કેદ કોઈ પક્ષીને મુક્ત કરીએ,*
*કોઈના જીવન ઉપર સ્મિત લાવીએ,*
*કોઈના હૃદયમાંથી ગ્લાનિ અને હતાશા દૂર કરીએ,*
*ધિક્કારને બદલીએ પ્રેમમાં*
***– તો જીવન બને અર્થપૂર્ણ.***

***જેમના પર જવાબદારી ઉપાડવાનો બોજ રહેલ છે, તેઓએ રૂઠવાનો કે તૂટવાનો હક્ક નથી રહેતો.***

# કોવિડ-૧૯ના સંદર્ભમાં હેલ્થ કેર ઇન્ડસ્ટ્રીઝની સ્થિતિ...

● ડૉ. ધીરેન એસ. શાહ, MB, MS, MCh (CVTS), FICS ●
ડાયરેક્ટર, સિમ્સ હોસ્પિટલ

મોટાભાગની હોસ્પિટલોમાં નવા કોઈ રોગચાળા, વાયરસના રોગ, અચાનક આપત્તિજન્ય રોગ વગેરે સંબંધી કામગીરી ખાસ કોઈ તકલીફ વિના ચાલતી હોય છે. દરેક હોસ્પિટલ કોઈપણ પ્રકારની આક્રમક કે આપાતકાલીન સ્થિતિમાં સામાન્ય રીતે કાર્યરત હોય છે. તેવી સ્થિતિમાં વાયરસ સંક્રમણનો રોગ કોરોના – કોવિડ-૧૯ અચાનક જ એક વાવાઝોડાની જેમ આવીને ફેલાતાં હોસ્પિટલોની પ્રવર્તમાન સમગ્ર વ્યવસ્થાને અસરકર્તા થયો. એટલું જ નહીં પરંતુ હોસ્પિટલના પાયાના સિદ્ધાંતો, સગવડ અને સંચાલનને ગંભીર રીતે અસર કરીને અસ્થિર રૂપમાં ફેરવી નાખ્યા.

*કોવિડ-૧૯ સંદર્ભમાં હેલ્થ કેર ઈન્ડસ્ટ્રીઝની સ્થિતિ અંગે અન્ય કેટલીક વિગત જાણીએ...*

૧. કોરોના વાયરસ સંબંધી કાર્યવાહી કરવા ભારત સારી સ્થિતિમાં હતું. કોવિડ-૧૯ની મહામારી સામે લડવા ભારતે અનેક પ્રયત્નો હાથ ધરીને તેનું વહીવટીતંત્ર ધીરે ધીરે સજાગ થઈ ગયું હતું. જ્યારે ચીન, ઇટાલી, સ્પેન તથા યુ.એસ.એ. જેવા સમૃદ્ધ દેશોની આ સંબંધી ખાસ કોઈ વિચારસરણી ન હતી. જોકે ત્યાં પણ આ પ્રકારની બીમારી અચાનક જ આવી હતી. પરંતુ તે દેશોની સરકાર અને વહીવટકર્તાઓ પોતાની આધુનિક અને વિકસિત તબીબી પદ્ધતિ, વિજ્ઞાન અને ટેકનોલોજી, માઇક્રોબાયોલોજીનું જ્ઞાન અને સમજ, રિસર્ચ અને ડેવલપમેન્ટનું સામર્થ્ય અને વિશાળ પ્રમાણમાં ફેલાયેલ હેલ્થ કેર ઈન્ડસ્ટ્રીઝની મદદથી તેઓ પોતાના દેશમાં કોઈપણ રોગ કે વાયરસ રોગચાળાને કાબુમાં રાખી શકશે તેવા વધારે પડતા આત્મવિશ્વાસમાં રહ્યા હતા. બીજી તરફ કોરોના વાયરસે જ્યારે ભારતમાં પ્રવેશ કર્યો અને કોવિડ બીમારી સારા પ્રમાણમાં પ્રસરી રહી હતી ત્યારે પેથોફિઝીયોલોજી વાયરસની અસર, તેની સારવાર તથા તેના સંક્રમણથી બચવા માટેના ઉપાયો અને તેને કાબુમાં રાખવા શું કરવું જરૂરી છે એ બધું જ તે સમયે ભારતમાં સ્થાપિત થઈ ગયું હતું અને તે સંબંધી સઘળી તૈયારીઓ પણ કરી લેવામાં આવી હતી. બાકી માળખાકીય કામગીરી અને આ બીમારી સંબંધી સામાન્ય જનતાની સંવેદનાત્મક જાણકારીની ખાસ ઉણપ વર્તાતી હતી, જે બાબત ખૂબ જ મહત્ત્વની હતી.

૨. કોરોના વાયરસ સંબંધી ત્રણ ઉદ્દેશો પાર પાડવા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રમાં લોકડાઉન જાહેર કરીને ઉચિત પગલું ભર્યું હતું. આ ઉદ્દેશ પૈકી પ્રથમ કાર્ય હતું હેલ્થ કેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા તેની કામગીરીથી હોસ્પિટલોને સારી રીતે માહિતગાર કરીને, સરકારી વહીવટીતંત્રને આ પ્રકારના સંક્રમણની સામે તૈયાર કરવાનું. ભારતમાં વધારે વસતી ધરાવતા મેટ્રો શહેરોમાં તથા જ્યાં નિરક્ષરતા છે તેવા સ્થળોમાં કોરોના વાયરસનું પ્રસારણ અટકાવવા અથવા તો ઓછું કરવાની કામગીરી, એ બીજા ક્રમાંકની કામગીરી હતી. ત્રીજું કાર્ય હતું – આ મહામારીના લક્ષણો અને તેના સંક્રમણ અંગે દેશના લોકોને યોગ્ય રીતે સમજણ આપવી.

૩. આ ભયંકર મહામારીના સમયે આયુષ ડૉક્ટરોને મુખ્ય પ્રવાહ જેવા મેડિકલ ક્ષેત્રમાં લાવવાની કામગીરી અને તેનું ઉચિત રીતે નિયંત્રણ કરવા અર્થે મોદી સરકારે જે કાર્યવાહી કરી તે ખૂબ મદદરૂપ સાબિત થઈ. જ્યારે મેડિકલ સ્ટાફની ખેંચ વર્તાતી હતી ત્યારે ઉપરોક્ત કાર્યવાહીથી પ્રવર્તમાન સ્થિતિમાં ઘણો બદલાવ આવ્યો અને આપત્તિના સમયે તે મેડિકલ સ્ટાફ મુખ્ય પ્રવાહમાં ખૂબ ઉપયોગી સાબિત થયો.

૪. કોરોના મહામારીના પ્રવેશ સુધી દેશની હેલ્થ કેર ઈન્ડસ્ટ્રીઝ ખૂબ જ નીચા દરના માર્જિન સાથે તબીબી ક્ષેત્રે કામગીરી કરતી હતી. હકીકતમાં તેનાં કેટલાંક ખર્ચાઓ કાયમી ધોરણે નક્કી હોય છે. જેમ કે, માનવ સંશાધન, વીજળી વપરાશના બીલ, તબીબી સાધન સામગ્રીઓના વાર્ષિક સાર-સંભાળના ખર્ચ વગેરે. આ મહામારીએ દેશની હોસ્પિટલોના સંચાલન ખર્ચ અને ત્યારબાદના આવકના રેશિયાને પશ્ચિમના દેશોની તુલનામાં લગભગ નષ્ટ કરી નાખ્યો તેવી સ્થિતિનું નિર્માણ થયું. જ્યારે કોરોના વાયરસ સંક્રમણના દર્દીઓ સતર્ક થઈને હોસ્પિટલમાં ભરતી થવા લાગ્યા ત્યારે અન્ય

રોગચાળા અને અન્ય સારવારના દર્દીઓની સંખ્યા ઓ.પી.ડી.માં નીચા સ્તરે આવી. કારણકે તે પ્રકારના વિભાગોની કામગીરી જોવા માટેના તબીબી સ્ટાફની ખેંચ વર્તાવા લાગી હતી. તે ઉપરાંત, કોવિડ-૧૯ના સંદર્ભમાં કેટલીક સરકારી તેમજ ખાનગી હોસ્પિટલો રાજ્યના વહીવટીતંત્ર દ્વારા આંશિક રીતે આરક્ષિત કરવામાં આવી હતી. આ કારણે હોસ્પિટલોમાં ઓ.પી.ડી. આવક રેવન્યુ પર ઉંધી અસર થઈ. સામાન્ય રીતે જનરલ ઓ.પી.ડી.માં આવતા દર્દીઓ પૈકી ૧૦થી ૧૨ ટકા દર્દીઓ આઈ.પી.ડી.માં બદલી થતા હોય છે. આ રીતે તે આવક મર્યાદિત થઈ. સામાન્ય રીતે ખાનગી હેલ્થકેર યુનિટો કોઈપણ પ્રકારની તકલીફોનો સામનો કરવા હંમેશાં તૈયાર હોય છે. પરંતુ એ પણ સત્ય હકીકત છે કે બીજા હેલ્થકેર સેન્ટરની જેમ ખાનગી હેલ્થકેર યુનિટો પણ કેટલોક આર્થિક ભાર ઉઠાવતા હોય છે : (અ) વધારાનો સ્ટાફ, યંત્રસામગ્રી, હોસ્પિટલમાં પૂરતું રક્ષણ, જરૂર ઉભી થાય ત્યારે દર્દીઓની પ્રસંગોપાત સારવાર. (બ) ઓ.પી.ડી.માં ઘટતી સંખ્યા, સર્જરી અને મેડિકલ ટૂરિઝમ જેવા પ્રશ્નોનો સામનો કરવાનો રહે છે.

૫. હેલ્થ કેર ઈન્ડસ્ટ્રીઝમાં હાલે સામાન્ય દર્દીઓના ટર્ન ઓવરની માત્રા ઓછી થઈ છે. જેના પરિણામે નુકસાની થવાની પૂરી શક્યતા છે. આ પ્રકારની સ્થિતિ હજુ બીજા ૩ થી ૬ માસ સુધી રહી શકે છે. બીજી તરફ, આ પ્રકારના સેક્ટરના કુલ ખર્ચનો ૮૦ ટકા ખર્ચ કાયમી – નક્કી હોય છે. એટલે આવકની સામે ખર્ચ વધે અને તેના પગલે નુકસાની ભોગવવી પડે તેવી પૂરેપૂરી સંભાવના છે.

૬. વાસ્તવિક્તા એ છે કે હેલ્થ કેર ઈન્ડસ્ટ્રીઝ માનવીય સંશાધન પર આધારિત છે. એટલે આપત્તિના સમયે આ ઈન્ડસ્ટ્રીને ચલાવવી ખૂબ મુશ્કેલ છે. આ પ્રકારની પરિસ્થિતિમાં સ્ટાફ ઓછો કરવાનું અને સ્ટાફના પગાર પર કાપ મૂકવાની શક્યતાઓ વ્યાપક પ્રમાણમાં રહે છે.

૭. હેલ્થ કેર સેક્ટરમાં થતી કોઈપણ અસર અથવા થતી હલચલના સમાચાર અમેરિકા, ઈટાલી તથા સ્પેનથી નિયમિત સાંભળવા મળે છે. એટલે અહીંની હેલ્થ કેર ઈન્ડસ્ટ્રીઝને માર્ચ માસના મધ્યથી જ ચાલુ પદ્ધતિમાં ફેરફાર અને અન્ય પ્રકારે પ્રોસેસ કામગીરી શરૂ કરી દીધી હતી. તબીબી સારવાર, ઓ.પી.ડી. ચલાવવા, ઑપરેશન થિયેટર, સ્ટાફની સલામતી, બાયોમેડિકલ વેસ્ટ, પી.પી.ઈ. કીટ વાપરવા વગેરે તમામ પદ્ધતિઓ સંબંધી માહિતી રોજ મળતી રહે છે અને તે પ્રમાણે અમલમાં રહેલ પદ્ધતિઓમાં જરૂરી ફેરફાર અહીં કરતા હતા અને કરી રહ્યા છીએ. આ સ્થિતિમાં સ્ટાફ અને મેનેજમેન્ટને પણ ચિંતા થતી હતી કે તેઓએ હવે કયા પ્રકારની કાર્યપદ્ધતિ અમલમાં મૂકવી જોઈએ. સેક્ટરમાં ચિંતા ત્યારે પણ હતી અને કાંઈક અંશે આજે પણ છે. હાલે કાર્ય પદ્ધતિમાં યુધ્ધ જેવી પરિસ્થિતિ વર્તાય છે. પ્રતિદિન અને પ્રત્યેક કલાકે નવી નવી સમસ્યાઓ અને પડકારો આ ઈન્ડસ્ટ્રીની સામે આવે છે, ત્યારે કાર્યપદ્ધતિ અને સંચાલનમાં તેને અનુરૂપ રણનીતિ, યોજના અને પ્રોસેસમાં પરિવર્તન કરવો પડે છે, જે એક હકીકત છે.

૮. એપ્રિલ માસમાં પી.પી.ઈ. કીટની ખૂબ જ અછત વર્તાતી હતી. તે ક્ષણે પોતાની પી.પી.ઈ. કીટ હોસ્પિટલમાં જ તૈયાર કરવાનું ઉચિત સમજ્યું હતું.

૯. કોવિડ રોગ પ્રત્યે ડર, અચોક્કસતા, રોગ અને તેનાં પ્રકાર સંબંધી અજ્ઞાનતા – આ બધા કારણે શરૂમાં ડૉક્ટર્સ, નર્સિંગ સ્ટાફ અને પેરામેડિકલનો સ્ટાફ કોવિડ વિભાગમાં કામ કરવા તૈયાર ન હતા.

૧૦. કોર્પોરેટ હોસ્પિટલોમાં સામાન્ય રીતે હાઉસ કિપિંગ, દર્દીઓની આગતા-સ્વાગતા અને તેમની યોગ્ય સંભાળ લેવા માટેની પદ્ધતિઓ નક્કી થયેલી હોય છે. જેમાં કાંઈપણ અધૂરાશ ન રહે તેની ખાસ તકેદારી રાખવામાં આવે છે. પરંતુ કોરોના વાયરસની અચાનક આ નવી સ્થિતિમાં કે જ્યાં દર્દીઓને 'કાલા-પાની'ની સજાની માફક ૭ થી ૧૪ દિવસ સુધી આઈસોલેશનમાં રાખવામાં આવે છે. જ્યાં દર્દી પોતાના સગાસંબંધીઓ અથવા તો હોસ્પિટલ સ્ટાફ સાથે કાંઈપણ વાતચીત કરી શકતો નથી. શરૂઆતમાં તો હાઉસ કિપિંગ વિભાગનો સ્ટાફ પી.પી.ઈ. કીટ પહેરીને પણ દર્દીના રૂમમાં સફાઈકામ કરવા માટે એકદમ ઈન્કાર કરતો હતો. એટલું જ નહીં પરંતુ દર્દીઓને તેના રૂમમાં ખાવાપીવાની ચીજવસ્તુઓ પહોંચાડવા કેન્ટીનનો સ્ટાફ તૈયાર ન હતો. આ કારણે દર્દીઓના રૂમ અને હાઉસ કિપિંગની સગવડને શરૂમાં અવળી અસર થઈ હતી. આ સ્થિતિમાં જે દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં દાખલ થતા હતા ત્યાં પહેલાની જેમ ફાઈવ સ્ટાર્સ સર્વિસની અપેક્ષા રાખતા હતા. પરંતુ ત્યાં પણ શરૂઆતમાં ઉચ્ચ પ્રકારની સર્વિસ શક્ય નહોતી. જેને પરિણામે અમુક દર્દીઓએ પોતાનો

*પૂર્વજોની સંપત્તિ વેચીને ઘર ચલાવવું પડે, તો તેને વિકાસ નહીં, મહાવિનાશ કહેવાય!*

અસંતોષ વ્યક્ત કર્યો હતો અને તે કારણે તેમના મગજ પર માઠી અસર થઈ હતી. આ પ્રકારની સ્થિતિ બે માસ સુધી રહ્યા બાદ હોસ્પિટલ સ્ટાફ અને એટેન્ડન્ટ ધીરે ધીરે વાયરસ અને તેના લક્ષણો અને તેની અસરથી જાણકાર થયા હતા. ત્યારબાદ ખાનગી હોસ્પિટલોની કામગીરી અને સંચાલન અગાઉની જેમ સામાન્ય થયા હતા. એ રીતે હોસ્પિટલનું વ્યવસ્થા તંત્ર હવે યોગ્ય સ્વરૂપે ચાલી રહ્યું છે.

૧૧. કોરોના વાયરસના કારણે એક અસામાન્ય પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. જેને પરિણામે હોસ્પિટલની મેનેજમેન્ટ ટીમ સામે કેટલાક પ્રશ્નો ઊભા થયા હતા. પ્રતિદિન અને દરેક કલાકે હંમેશાં નવો પડકાર અને નવી મુશ્કેલીઓનો સામનો કરવાનો હતો અને તે સ્થિતિમાં આગળ વધવાનું હતું. હકીકતમાં નવી સ્થિતિના કોઈ પ્રશ્નો કે તકલીફોનું નિરાકરણ કોઈ જ જાણતું ન હતું. મેનેજમેન્ટ ટીમમાં દરેક જણ આ નવી સ્થિતિનું સામનો કરવાનું શીખી રહ્યો હતો. એમ કહેવું ઉચિત બનશે કે આ વાયરસગ્રસ્ત રોગ એક પડકારરૂપ હતો. જેની સામે દરેકે ખંતપૂર્વક પોતાના પ્રયત્નો ચાલુ રાખવાનું ખૂબ જરૂરી હતું. આ પ્રકારની પરિસ્થિતિને ટીમના સભ્યોમાં થયેલ કોઈ ગેરસમજ અથવા તો અવિશ્વાસને દૂર કરવા તરફનું આગેકદમ ગણી શકાય.

૧૨. ઓ.પી.ડી. અને આઈ.પી.ડી.માં કોરોના દર્દીને સારવાર આપવાની પ્રક્રિયામાં ફેરફાર થયો હતો. હકીકતમાં નવી ટેકનોલોજી અથવા ટેલિ કન્સલ્ટેશનના ઉપયોગમાં વધારો થયો હતો. બીજી તરફ કોરોનાગ્રસ્ત દર્દી સાથે ટચ ટેકનિકનું પ્રમાણ ઘટ્યું હતું. આ દરેક વસ્તુ અને તેના સંદર્ભના ફેરફારો એક નવા પરિમાણ સ્વરૂપે હતા.

૧૩. દરેક દર્દીઓની સર્જરી / સારવાર પોઝિટિવ દર્દી તરીકે ગણવામાં આવતી હતી. તેથી પી.પી.ઈ. કીટનો વપરાશ પણ વધતો હતો. આ રીતે સર્જનને મુંજારો અને પસીનો થાય તેવી ત્રણ સ્તરવાળી કીટની સાથે બધા પ્રકારની તબીબી કામગીરી કરવાની હતી.

૧૪. કોવિડ-૧૯ માટેની દરેક હોસ્પિટલ આઈસોલેશન હોસ્પિટલોમાં ફેરવાઈ ગઈ હતી. કે જ્યાં માત્ર ડૉક્ટર્સ, નર્સિંગ સ્ટાફ અને પેરામેડિકલ સ્ટાફ પ્રવેશપાત્ર હતો. કોરોનાગ્રસ્ત દર્દીઓના પરિવારજનો કે સગાસંબંધીઓને હોસ્પિટલના વોર્ડમાં પ્રવેશ નિષેધ હતો. દર્દીની શારીરિક સ્થિતિ જાણવા તેમના પરિવારજનોને ખૂબ જ ઉત્કંઠા રહે તે સ્વાભિવિક હોય. આના પરિણામે ડૉક્ટર્સ અને દર્દીઓના પરિવારજનો વચ્ચેના સંબંધો સારા રહ્યા હતા. ઉપરાંત, દર્દીઓની સારવાર કરનાર ડૉક્ટર્સ ઉપર પરિવારજનો વિશ્વાસ રાખતા થયા હતા. હેલ્થકેર ઈન્ડસ્ટ્રીઝ માટે આ એક સારી બાબત કહી શકાય.

૧૫. અહીં ઓ.પી.ડી.થી આઈસોલેશન અને આઈ.સી.યુ.ના જુદા જુદા સ્તરે ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરવાનો હતો અને એ રીતે સમગ્ર કામગીરી થઈ રહી હતી.

૧૬. શરૂમાં નર્સિંગ સ્ટાફ અને ડૉક્ટર્સને કોવિડ રોગના ખાસ વોર્ડમાં કામગીરી કરવાનું ખૂબ મુશ્કેલજન્ય હતું. આ કારણે ત્યાં કામગીરી માટે તેમને કેટલાક અંગત લાભો આપવાનું નક્કી થયું હતું. તેઓએ કોવિડ પોઝિટિવ દર્દીઓ સાથે લગભગ બે મહિના સુધી સમગ્ર તબીબી કામગીરી કર્યા બાદ નવી સ્થિતિમાં સામાન્ય થઈ ગયા હતા.

૧૭. કોરોનાના દર્દીઓવાળી હોસ્પિટલમાં ત્રણ સ્તરવાળી પી.પી.ઈ.-કીટ સાથે તબીબી કામગીરી કરવાનું મુશ્કેલકર્તા હોય છે કારણકે તેના થકી મુંજારો અને પસીનો ખૂબ જ થતો હોય છે. એટલું જ નહીં, પરંતુ પી.પી.ઈ. કીટ પહેરવાથી ખાવાપીવાનું મુશ્કેલ થઈ જાય છે. આ બધા કારણે ડૉક્ટર્સ અને સ્ટાફ વાયરસગ્રસ્ત ન થાય તે માટે તેની કામગીરીની અવધિમાં કાપ મૂકવાનું પણ જરૂરી હોતાં દરેકની ફરજના ૬ કલાક જ રાખવામાં આવ્યા હતા. ૮ દિવસ આ રીતે કામગીરી કર્યા બાદ તેમને પાંચ દિવસનો આરામ આપવામાં આવે છે.

૧૮. ડૉક્ટર્સ કે જેઓ કોવિડ વિસ્તારમાં ૩ દિવસ સતત કામગીરી કરે છે તેવા તજજ્ઞ ડૉક્ટર્સને કોવિડ-ટીમ સારવાર કરી પૂરતી સંભાળ રાખે છે.

૧૯. કોવિડગ્રસ્ત દર્દી શારીરિક રીતે ઝડપી ઘસાતો જાય છે અને તેની ક્લિનિકલ સ્થિતિમાં પણ અચાનક ફેરફાર થાય છે. આ કારણે બધા આઈ.સી.યુ. અને એચ.ડી.યુ. ખૂબ ભરચક રહેવાથી હોસ્પિટલનો દરેક સ્ટાફ 24 X 7 ધોરણે સતત ખડેપગે રહે છે.

૨૦. સામાન્ય રીતે જે કામગીરી બહારના સ્રોત દ્વારા કરવામાં આવે છે તે પૈકી લોન્ડ્રીના કામ બાબત કેટલાક પ્રશ્નો ખડા થાય છે. જે હોસ્પિટલ કોવિડગ્રસ્ત દર્દીઓની સારવાર કરે છે, તેવી હોસ્પિટલના કપડાં સાફ કરવા માટે બહારની લોન્ડ્રીવાળા ઈન્કાર કરતા હોય છે. તેથી આ પ્રશ્નના સંદર્ભમાં કેટલીક વૈકલ્પિક વ્યવસ્થા કરવાની રહે છે.

*આજની જનરેશનના હાથમાંથી મોબાઈલ ખેંચવો એટલે આઈ.સી.યુ.ના દર્દીના મોઢેથી ઓક્સિજન માસ્ક ખેંચવા જેવું છે.*

૨૧. વાયરસજન્ય રોગચાળામાં બાયો મેડિકલ વેસ્ટની વ્યવસ્થાનો પ્રશ્ન પણ રોગચાળાને પ્રસરતો અટકાવવા માટે ઘણો જ અગત્યનો હોય છે. કમનસીબે સંબંધિત વ્યક્તિઓ આ મુદ્દા પરત્વે યોગ્ય કામગીરી કરવા પૂરતા સક્ષમ હોતા નથી.

૨૨. સરકાર તરફથી આ રોગચાળા સંબંધી નીતિ નિયમોમાં વારંવાર ફેરફાર કરવામાં આવે છે. જેના પરિણામે દરરોજની કાર્યપદ્ધતિ અને તેના શિષ્ટાચારમાં વારંવાર ફેરફારોને અવકાશ રહે છે. આ સ્થિતિના પરિણામે હોસ્પિટલોમાં સમગ્ર રીતે અવ્યવસ્થા અને ગેરસમજવાળા માહોલનું સર્જન થાય છે.

૨૩. દર્દીઓ માટે જરૂરી સંખ્યામાં બેડના અભાવે કોરોનાગ્રસ્ત દર્દીને હોસ્પિટલમાં સમયસર દાખલ કરવાનું અશક્ય બને છે. આથી દર્દીને સંબંધિત હોસ્પિટલમાં દાખલ થવા માટેની તેની પ્રતિક્ષા યાદીમાં રહેવું પડે છે, જે એક ગંભીર બાબત છે. આ પ્રકારની સ્થિતિમાં હોસ્પિટલના ડૉક્ટર્સ પૈકી કોઈને આ રોગનો ચેપ લાગશે તો તેમને પોતાની જ હોસ્પિટલમાં કઈ રીતે બેડ મળી શકશે?

૨૪. કોવિડ રોગની હોસ્પિટલોમાં કામ કરતા ડૉક્ટર્સ અને અન્ય સ્ટાફ જે બિલ્ડિંગમાં રહેતા હોય છે, તે સંબંધી પણ કેટલાક પ્રશ્નો ઉદ્‌ભવતા હોય છે. હોસ્પિટલમાં કોવિડ રોગના દર્દીઓ હોવાના કારણે નર્સિંગ સ્ટાફની હોસ્ટેલો પૈકી બે હોસ્ટેલો જબરદસ્તી ખાલી કરવા દબાણ થયું હતું.

૨૫. સમાજ દ્વારા કોવિડ રોગગ્રસ્ત દર્દીઓ પ્રત્યે ભેદભાવ રાખવામાં આવે છે. મૃત્યુ પામેલ વ્યક્તિ અને તેનાં પરિવારજનો સંબંધી આ પ્રકારના ઘણાં ઉદાહરણોનો ઉલ્લેખ થઈ શકે તેમ છે. આ એ જ દર્દીઓ છે કે જેમની દિવસ-રાત મેડિકલ સ્ટાફે વોરિયર્સ તરીકે સારવાર કરી હોય છે.

કોવિડ-૧૯ના સંદર્ભમાં હેલ્થકેર ઈન્ડસ્ટ્રીઝની સ્થિતિ તથા તેની સામેના પડકારો તથા ઉકેલની અહીં ટૂંક સમીક્ષારૂપે કેટલીક જાણકારી આપવા પ્રયત્ન કર્યો છે. આ સિવાય અન્ય બાબતોનો પણ તેમાં સમાવેશ શક્ય છે.

*મૂળ અંગ્રેજી લખાણ : ડૉ. ધીરેન શાહ*
*કાર્ડિયોથ્રોએસીસ, વેસ્ક્યુલર અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન*
*ડાયરેક્ટર એન્ડ કન્સલ્ટન્ટ, સિમ્સ હોસ્પિટલ - અમદાવાદ*
*મો. ૯૮૨૫૫ ૭૫૯૩૩*

*ગુજરાતી અનુવાદકર્તા : દિનેશ આર. મહેતા*

Parbatbhai Patel
M. : 98240 62711
**Shivam Packaging**
**Shiv Packing Industries**
સ્ટીફ બોર્ડસ / ગ્રે બોર્ડસ ● પી.વી.સી. પી.પી. રોલ અને રીમ
પી.પી. સુતળી, વુડન રોલ ● વાંસની પટ્ટી
H.M., L.D., P.P. Bags
ક્રાફ્ટ પેપર, સેલો ટેપ, કોરૂગેટેડ રોલ બોક્સ
Opp. Dwarkadhish Estate,
Outside Chandola Old Tol Naka,
Near Bombay Hotel, Narol Road,
Ahmedabad-382 405.
Ph. : (O) 25394011, 25394311

Splendid
**P & G Enterprise**
*Kitchenware, Household Products & Corporate Gifts*
157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
(M) : 9106682565, 9724932540
E-mail : pandgenterprise@gmail.com
● PACKED & MARKETED BY ●
P & G Enterprise
Sundha Estate, Sarkhej, Ahmedabad.
M. : 91066 82565

*મેચ્યોરીટી એટલે શું? કોઈ ઝઘડા કે નારાજગી ઉપર જલ્દીથી “પૂર્ણ વિરામ”નું બોર્ડ મારી દેવાની આવડત.*

# હું પણ એક કોરોના વોરિયર છું

• ડૉ. હિતેન્દ્ર શાહ – ડેન્ટલ સર્જન (BDS, MDS) •

'सर्वे भवन्तु सुखिनः
सर्वे सन्तु निरामयाः'
'शतायु भवः'

★

આપણા વડવાઓ પ્રત્યક્ષ રીતે આવા આશિર્વચન આપતા. પરંતુ આજે આપણા વડવાઓના દૂત સમાન કોરોના યોદ્ધાઓ આવા આશિર્વચનને નિભાવવા અને સાર્થક કરવા ખુદ યુદ્ધ મેદાનમાં ઉતર્યા છે, જે આપણને રક્ષાકવચ આપે છે.

આપણા સપનાઓમાં સફેદ કપડા પહેરેલા અને સૌમ્ય ચહેરો ધરાવતા દૂતનો આભાસ હોય છે. પરંતુ આજે કોરોના દૂતો ક્યારેક અને સ્ટેથોસ્કોપ લઇ દર્દીઓ વચ્ચે ફરતા, ખાખી કપડા અને ટોપી પહેરી રસ્તા વચ્ચે બળતા તાપમાં પહેરો ભરતા, મિલીટરી ડ્રેસ પહેરીને સરહદની રક્ષા કરતા, માસ્ક અને કેપ પહેરીને દર્દીઓની સુશ્રુષા કરતી નર્સ અને વોર્ડબોય કે થાક્યા વગર આપણો કચરો ઉપાડતા સફાઈ કામદારો, કે ઘરે ઘરે જઇને કોરોના ટેસ્ટ કરતા મેડિકલ કર્મચારીઓના રૂપમાં નજરે આવે છે.

વોરિયર્સની હરોળમાં તો મેડિકલમાં ભણતા વિદ્યાર્થીઓ, આયુર્વેદ ડૉક્ટર, હોમિયોપેથી ડૉક્ટર્સ, ફાર્માસિસ્ટ, મેડિકલ ફ્રન્ટ પર કામ કરતા ટ્રેઈન્ડ અને અનટ્રેઈન્ડ સાથીદાર, Phyco-Social Workers, આશાબેન, કોર્પોરેશન અને ગ્રામ પંચાયતના કર્મચારીઓ અને સમાજસેવકોની ગણના થઈ શકે.

શું આ બધા દૂતોને ઘર, બાળકો કે ઉંમરલાયક માતા-પિતા નહીં હોય? PPE કીટ પહેરીને ગરમીમાં ફરજ બજાવતા તકલીફો નહીં અનુભવતા હોય? આ બધું વિચારતા, આવા વિરલાઓને સલામ ભરવાનું મન થાય, બરાબરને?

કેટલાય વોરિયર્સ દિવસો સુધી પોતાના પતિ અથવા પત્નીને નહીં મળ્યા હોય! પરિવારને સુરક્ષિત રાખવા પોતાની દીકરી કે દીકરાને કોખમાં તેડ્યા નહીં હોય! કે વડીલ માતા-પિતાને નજીકથી પગે લાગીને સો વર્ષ જીવવાના આશિર્વાદ લેતા પણ ડર લાગતો હશે કે પોતાના પરિવારને ચેપ ન લાગી જાય! આપણા પરિવારને બચાવવા ફરજ બજાવતા પોતાના પરિવારનો ભોગ આપતા કેટલાય વોરિયર્સના પ્રસંગો આપણે જાણીએ છીએ.

તમને પણ લાગતું હશે કે હા, આપણે પણ એમની કદર કરીએ છીએ. ક્યારેક ફૂલ વરસાવીને તો ક્યારેક તાળી પાડીને તો ક્યારેક એમના વિશે બે શબ્દો લખીને કે બોલીને અને માની લઈએ છીએ કે આવું કામ આપણે ન કરી શકીએ.

પરંતુ શું આ સાચું છે? મારા મતે કોરોના વોરિયર્સનો કોઈ ચહેરો નથી હોતો. આ એક 'વિચારધારા' છે અને ઉપર જણાવેલા દરેક, એ વિચારધારામાં વહીને તરબોળ છે. શું આપણે આ ચહેરો ન બની શકીએ? બિલકુલ બની શકીએ. કોરોના યોદ્ધા એટલે 'સંકટ મોચન' એટલે કે સંકટને નષ્ટ કરે એવા. તો ચાલો, આપણે પણ વિચારીએ કે કોરોના નામના સંકટમાં આપણે કયો ચહેરો પહેરીશું? કદાચ માસ્ક પહેરીને બીજી વ્યક્તિને ચેપ ન લગાડીને કે જાહેરમાં પાન-મસાલા ન ખાઈને કે ન થૂંકીને, કે કોરોના પીડિત માણસોને એમના શારીરિક એકાંત આપીને મોરલ સપોર્ટ કરીને કે ધૂમ તડકે ફરજ બજાવતા ટ્રાફિક પોલીસને એમની ફરજમાં તકલીફ ન આપીને, ટ્રાફિક નિયમોનું પાલન કરીને કે દુશ્મન દેશોની પ્રોડક્ટ ન ખરીદીને આપણા જવાનોની રક્ષા કરીને, આપણા વડીલો કે બીજાના વડીલો જે આપણા માટે ફ્રન્ટ લાઇનમાં ફરજ બજાવે છે તેમને સુરક્ષા આપીને! આપણામાં રહેલો યોદ્ધો, જો આટલા વર્ષો સુધી અડીખમ રહ્યો હોય તો આજે ટાઈમનું આહ્વાન છે કે એને આપણે વોરિયરનો ચહેરો આપીને પોતાની ફરજ જે પણ કામ કરતા હોય તે પૂરી નિષ્ઠા અને ઈમાનદારી અને દેશહિતમાં બજાવીએ તો આપણે આપણું પોતાનું સન્માન કરી શકીશું અને ગર્વથી કહી શકીશું :

*"હું પણ એક કોરોના વોરિયર છું."*


## પ્રકાશ પ્રસરાવો...

અસત્ય લાંબો સમય ટકતું નથી. લોકોની ખોટી ટીકા તરફ ધ્યાન ન આપો. સાચી ટીકા માટે તેમનો આભાર માનો (ભલે મનમાં). તમારી સાથે ગેરવર્તન કરનાર માટે પણ સારું બોલીને તેને શિકસ્ત આપો.

અંધકાર હટાવવાનો ઉત્તમ ઉપાય પ્રકાશ પ્રસરાવવાનો છે.

*ફરિયાદ શું કરીએ ઈશ્વરના દરબારમાં, એને પણ ફરિયાદ છે આપણા વ્યવહારમાં.*

## ૧૯૭૫ થી વ્યવસાયલક્ષી તાલીમ આપતી એકમાત્ર સંસ્થા


આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?

**ફેશન ડીઝાઈનીંગ, ગારમેન્ટ મેકિંગ અને બ્યુટી પાર્લર ક્ષેત્રે**

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

**S.S.C. - H.S.C.**

પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

એન્જીનીયરીંગ ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

ડીપ્લોમા એન્જી. થઈ શકો છો.
સરકાર માન્ય તેમજ ખાનગી

ટી.વી. - ડી.વી.ડી., ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, ઈલે. મોટર રીવાન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એસી. રીપેરીંગ, ડ્રાફ્ટમેન સીવીલ, મિકેનિકલ, ટર્નર, ફીટર શીખો.

# ડી. એન. પોલીટેક્નીક

સંપર્ક :
પટેલ વાડી, બાપુનગર. : મો. ૮૧૨૮૮૪૧૭૮૦
રાયપુર : ફોન : ૦૭૯-૨૨૧૬૧૪૦૩ મો. ૯૬૦૧૬૦૫૬૩૧
નરોડા : ફોન : ૦૭૯-૨૨૮૧૪૨૩૫
મણીનગર : મો. ૭૮૭૪૦૩૧૮૬૦
મેઘાણીનગર : મો. ૯૬૦૧૧૭૭૪૮૯
દેહગામ : ૮૧૨૮૮૪૧૫૬૪

**કચ્છી સમાજ - અમદાવાદ પરિવારને ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.**

# કોરોના અને આપણે

• ડૉ. ગૌરાંગ ગાંધી, યુરોલોજિસ્ટ •

"લોકવત્ તુ લીલાકૈવલ્યમ્" – ઘણા વર્ષોથી આપણે સાંભળતા આવ્યા છીએ કે ભગવાને લીલા કરવા માટે સૃષ્ટિની રચના કરી છે. ઘણી વખત વિચાર આવતો, એણે વળી શું લીલા કરવાની? કઈ લીલા કરી? ત્યારે લોકો કહે, આ ધરતીકંપ, વાવાઝોડું, સુનામી – આ લીલા નહીં તો શું? ધરતીકંપ અને સુનામી તો ભૌગૌલિક કારણોસર આવે. ધરતીના પડળમાં તળીયું ખસે એટલે ભૂકંપ આવે. કોઈ જગ્યાએ હવાનું દબાણ એકદમ ઓછું થાય તો સુનામી આવે. પણ જ્યારે આ કોરોના આવ્યો ત્યારે ખરેખર એની લીલાના દર્શન થયા. કોરોના કોણે, કેવી રીતે ઉત્પન્ન કર્યો? કેવી રીતે ફેલાવ્યો? કોને કોને કેવી રીતે નિમિત્ત બનાવ્યા? અદ્ભુત. જુવાનજોધને કોરોના ભરખી જાય અને પાકટ વયના જવાની રાહ જોઈને બેઠેલાને બચાવી લે – આ લીલા નહીં તો શું?

બ્રહ્માંડની રચના ઈશ્વરે બહુ જ સમજી વિચારીને અને ચોક્કસ નિયમોને આધીન રહીને કરી છે. તેના કોઈ પણ સર્જનમાં ક્યાંય કચાશ નથી હોતી. તેની પ્રત્યેક ક્રિયા હેતુપૂર્ણ હોય છે. ત્યારે ફરી વિચાર આવે આ કોરોનાની મહામારી પાછળનો હેતુ શો હશે?

આખા વિશ્વમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. આ લખાય છે ત્યાં સુધીમાં એક કરોડ ને ૨૦ લાખ લોકોને તે આભડી ગયો છે. પાંચ લાખથી વધારે લોકોને તેણે જોતજોતામાં મૃત્યુના મુખમાં ધકેલી દીધા છે. સાજો સમો હરતો ફરતો જુવાનિયો ક્યારે ચિર નિદ્રામાં પોઢી જાય એની ખબર જ ના પડે. નરી આંખે દેખાય નહીં એવું પ્રોટીનનું બનેલું તત્ત્વ આટલો ઉધામો કરી રહ્યો છે તેની કોઇનેય કલ્પના નહીં અને ક્યાં સુધી કરશે એ ખબર નથી. ભલભલા ગણિતજ્ઞો અને જ્યોતિષીઓ ખોટા પડ્યા છે. આ કોરોના વાયરસથી માણસનું મૃત્યુ કેમ થાય છે તેની તો શરૂઆતમાં કોઈને ખબર પણ ના પડી અને હજુ આજે પણ મતભેદો છે. તેનો સાચો ઈલાજ કયો એ માટે આજે પણ જગત અંધારામાં છે. જાતજાતની દવાઓના અને સારવાર પદ્ધતિના નામ લેવાય છે. જેમ મેલેરીયાના દર્દીને ક્લોરોક્વીન નામની દવા આપીએ એટલે દર્દી સાજો થાય જ એમ ડૉક્ટર ખાતરીપૂર્વક કહી શકે અને દર્દીને પણ વિશ્વાસ કે ક્લોરોક્વીન લઈશ તો ત્રણ દિવસમાં તાવ ઉતરી જશે. એમ કોરોના માટે આટલા મહિનાઓ પછી પણ કોઈ છાતી ઠોકીને કહી શકે એમ નથી કે આ દવા લો દર્દી સો ટકા સાજો થઈ જ જશે.

નવેમ્બર - ડિસેમ્બર ૨૦૧૯માં ચીનમાં જ્યારે કોરોનાનો ઉપદ્રવ શરૂ થયો ત્યારે આખી દુનિયા નિશ્ચિંત મહાલતી હતી. ચીનથી બીજા દેશોમાં જ્યારે કોરોના ફેલાયો કે ચીન દ્વારા ફેલાવવામાં આવ્યો ત્યારે પણ અતિ વિશ્વાસમાં, બેફિકર રહીને તેને અવગણ્યો. અને પછી તો જે રીતે અને જે ઝડપે આ મહામારી ફેલાઈ, ત્યારે ખૂબ મોડું થઈ ગયું હતું. જગતના સૌથી વિકસિત – અમેરિકા, ઇંગ્લેન્ડ, ફ્રાન્સ, સ્પેન, ઇટાલી જેવા દેશો કોરોના આગળ લાચાર થઈ ગયા. આખી દુનિયામાં સૌથી શ્રેષ્ઠ, અત્યાધુનિક તબીબી સારવાર ધરાવતા દેશો કોરોના આગળ વામણા સાબિત થયા. બધા હતપ્રભ બનીને મૂક સાક્ષી બની રહ્યા. હા, આડેધડ જાતજાતની દવાઓના ક્લિનિકલ ટ્રાયલ્સ (અખતરા) કરવામાં અને કોરોનાની રસી શોધવાની હોડમાં બધા લાગી ગયા.

જ્યારે વિકસિત દેશોમાં કોરોના ફેલાઈ ચૂક્યો હતો ત્યારે ભારતમાં તો શરૂઆત હતી. તો પછી પ્રશ્ન એ થાય કે આપણે આજની સ્થિતિમાં શા માટે પહોંચ્યા? આજની તારીખે લગભગ ૬ લાખ ૫૦ હજાર દર્દીઓ કોરોનાથી પીડિત છે. ભારતવર્ષમાં તા. ૨૫-૩-૨૦૨૦ના દિવસે કોરોનાના ફક્ત ૬૨૭ દર્દીઓ હતા, જેમાંથી ૧૨ લોકોને કાળ ભરખી ગયો. અગમચેતી વાપરીને તરત જ કેન્દ્ર સરકારે યોગ્ય રીતે અને યોગ્ય સમયે લોકડાઉન-૧ લાગુ કરી દીધો. બધાને જ એવું હતું કે આ ૨૧ દિવસમાં તો કોરોના ઉપર કાબૂ મેળવી જ લઈશું, અને પછી હાશ! બધા છૂટા. શરૂઆતમાં તો સમાજના દરેક સ્તરના લોકોએ અભૂતપૂર્વ સાથ આપ્યો. દેશભરમાં વાહન વ્યવહાર અને આંતરરાષ્ટ્રીય વિમાની સેવાઓ બંધ કરી દીધી.

કહેવત છે ને કે ધાર્યું ધણીનું થાય, આપણું નહીં. તેમ ક્યાંકથી તબલીગી જમાતને ઊભી કરી દેશ આખામાં દરેક રાજ્યમાં કોરોનાનો ચેપ પહોંચતો કર્યો. સત્કર્મ કરવા બંધાયેલી સંસ્થાએ ભગવાનના વિચારોને બદલે કોરોનાની ભેટ આપી આખા દેશને મહામારીની ગર્તામાં ધકેલવાના શ્રીગણેશ કર્યા. ૨૧

*જિંદગી, બહુ જ અઘરું વ્યાકરણ છે તારું. 'તત્ત્વ' લેવા જાવ તો 'સત્ત્વ' છટકી જાય, બેઉને પકડો તો 'અસ્તિત્વ' છટકી જાય છે.*

દિવસના લોકડાઉન પછી બધું જ સામાન્ય થઈ જશે એ આશાથી આવી પડેલા બંધનને સ્વેચ્છાએ સ્વીકારીને બેઠેલા લોકો કોરોનાનો ફેલાવો જોઈ રઘવાયા થયા. તેમની ધીરજ ખૂટી. એમાં પરિસ્થિતિનો લાભ લઈ સ્વાર્થી, હલકી મનોવૃત્તિવાળા રાજકારણીઓએ વતન વાપસીની અફવા ફેલાવી. વતન વાપસીના નામે પરપ્રાંતીય કારીગર વર્ગને ગુમરાહ કરી હજારોના ટોળા રસ્તા પર ભેગા કરી બળતામાં ઘી હોમ્યું. સુયોગ્ય નીતિ નિયમોની સફળતા તેના યોગ્ય અને અસરકારક અમલમાં રહેલી છે. કેન્દ્ર સરકારની યોગ્ય નીતિઓને મોટાભાગના રાજયોના અણઘડ અને અભિમાની સચિવોના અયોગ્ય અમલને કારણે લોકડાઉન છતાં રસ્તા પર ટોળેટોળા ઉમટી પડ્યા. બીજા રાજ્યોની તો બહુ ખબર ના પડે પણ અમદાવાદ શહેરમાં ગુનાહિત આયોજને મહામારી ફેલાવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. પરદેશમાં પૈસા કમાવાની લાલચે ગયેલા ભારતીયો ત્યાં ફેલાયેલા કોરોનાના ડરથી સ્વદેશ પાછા આવ્યા ત્યારે પરદેશથી દેશવાસીઓ માટે કોરોના ભેટમાં લેતા આવ્યા. નિયમ મુજબ આઇસોલેશનમાં રહેવાને બદલે ગામ આખામાં ફર્યા, જાણે કોરોનાનો પ્રચાર કરવાની તેમની જ જવાબદારી ના હોય! અને દેશમાં લોકડાઉન-૨ અને લોકડાઉન-૩ પણ અમલમાં આવ્યા.

લંબાયેલા લોકડાઉનના હિસાબે નાના વેપારીઓ, રીક્ષાવાળાઓ, રોજગારી પર કામ કરનાર મજુર વર્ગ, હોટલ, પ્રવાસન કંપનીઓના કારીગરો બધા જ આર્થિક ભીંસમાં મૂકાયા. અનલોક-૧ શરૂ થતાં સુધીમાં તો મોટાભાગના પરપ્રાંતીય કારીગરોને સરકારે તેમના વતનમાં પહોંચાડી દીધા. ત્યારે પરિસ્થિતિ એવી થઈ કે અનલોક-૧ શરૂ થયો ત્યારે કારીગર વગરના કારખાનાઓ શરૂ થયા અને કામ વગરના કારીગરો પોતાના વતનમાં હેરાન થયા. બાવાના બેય બગડ્યા. અનલોક-૨ થતા સુધીમાં પરિસ્થિતિ થાળે પડવાની શરૂઆત થઈ ગઈ પણ દેશે અને સમાજે એની બહુ મોટી કિંમત ચૂકવવી પડી. બેફિકર, સ્વાર્થી અને અશિસ્ત લોકોના લીધે ૬૨૭ દર્દીઓથી શરૂ થયેલ આંકડો આજે ૬ લાખ ૨૦ હજાર દર્દીઓ સુધી પહોંચી ગયો.

*હે ભગવાન! આ વરસાદમાં*
*થોડું સેનીટાઈઝર ભેળવી દે.*

*કોરોનાને હવે તો એના*
*મોત સાથે તું મેળવી દે.*

*છે તારી પાસે*
*બધી જ શક્તિ,*
*અખિલ બ્રહ્માંડને*
*તું રોગમુક્ત કરી દે.*

*થાક્યા છે માનવી*
*હાથ ધોઈ ધોઈને,*
*હવે તો કોઈ ઉપાય*
*તું મોકલી દે.*

*માણસથી માણસ*
*ખૂબ ડરવા લાગ્યો છે*
*દયા કરી તું*
*હવે જીદ છોડી દે.*

*હવે કોઈ નહીં રંજાડે*
*ક્યારેય કુદરતને*
*આટલી વાર અમને*
*માફ તું કરી દે.*

*– ડૉ. ગૌરાંગ ગાંધી*

આ મહામારીમાં આપણે ફક્ત એક જ વાતનો સંતોષ લઈ શકીએ એમ છીએ કે જ્યાં પૃથ્વી પરનો દર છઠ્ઠો વ્યક્તિ ભારતીય છે તો જગતના કુલ ૧ કરોડ વીસ લાખ કોરોનાના દર્દીઓના હિસાબે ભારત દેશમાં ૧૮થી ૨૦ લાખ કોરોનાના દર્દીઓ હોવા જોઈતા હતા. જેના બદલે સરકારના અને લોકોના જે પણ પ્રયત્નો કર્યા તેના હિસાબે ત્રીજા ભાગના એટલે કે આશરે ૬ લાખ કોરોનાના દર્દીઓ જ છે. તેનો યશ માનનિય વડાપ્રધાનશ્રીની દૂરદર્શિતા અને કેન્દ્ર સરકારની નીતિઓને જરૂરથી આપી શકાય.

દરેક સિક્કાની બીજી બાજુ હોય જ. ઈશ્વરે માનવજાતને આ ભયાનક મહામારી આપી ઘણું બધું શીખવાડ્યું. એવું પણ વિચારી શકાય કે માનવ જાતે પ્રકૃતિની અવગણના કરીને જે રીતે કુદરતને નુકસાન પહોંચાડ્યું છે, જે હદે વિનાશ વેર્યો છે, જેનાથી વનસ્પતિ, જીવજંતુ, પશુ-પક્ષી, નદી, પહાડ, ધરતી, સમુદ્રને જે નુકસાન કર્યું છે તે સર્વેને નુકસાનથી બચાવવા ઉપરવાળાએ કોરોના મોકલી આપ્યો હશે. જેથી કરીને મનુષ્ય જગતની સાન ઠેકાણે આવે. માનો ને જગત નિયંતાએ પ્રકૃતિનું રીનોવેશન (Renovation) કર્યું છે. હવાનું પ્રદૂષણ ગાયબ થઈ ગયું. અવાજનું પ્રદૂષણ શૂન્ય થઈ ગયું. હિમાલય નજીકના શહેરોમાં ક્યારેય ન જોવા મળતી હિમાચ્છાદિત ગિરિશૃંખલાઓ ઘરે બેઠા જોવા મળવા લાગી. નદીઓ શુધ્ધ થઈ ગઈ, પશુપક્ષીઓ મુક્ત મને વિહરવા લાગ્યા. મારા ઘરના ટેરેસમાં જ્યાં પહેલા ફક્ત કબૂતર જ પાણી પીવા આવતા, ત્યાં કાગડો, કાબર, ચકલી, દેવચકલી, પોપટ પણ આવવા લાગ્યા.

સૌથી વધારે ફાયદો પણ માનવજાતને જ થયો છે. સવારથી સાંજ સુધી પૈસાની લ્હાયમાં મશીનની જેમ દોડતો માણસ, લાગણીશૂન્ય બનેલ યંત્રમાનવ જેવો સુખ, સમાધાન અને શાંતિની શોધમાં ઘરની બહાર ડાફોળિયા મારતો માણસ; મોટાઈ, કેરિયર, પ્રમોશનને સફળતાની પાછળ બધું ભૂલીને આંધળી દોટ મૂકતો માણસ; પોતાનો સ્વાર્થ સાધવા, મહત્ત્વકાંક્ષાની પૂર્તિ કરવા

*દર્દ જ એક એવી વસ્તુ છે કે જે જિંદા રાખે છે, નહીં તો ખુશીના માર્યા લોકો ખરેખર મરી જતા હોય છે.*

ઘરબહાર પત્ની-છોકરા, મા-બાપને અવગણીને દોડતો માણસ, સંસ્કાર નીતિનિયમો, કાયદો અને રાષ્ટ્રહિતને ભૂલીને ફક્ત અને ફક્ત પોતાનો અહં સંતોષવા અને ઈચ્છાપૂર્તિ માટે ઝઝુમતો માણસ, થોડાક સમય માટે સ્તબ્ધ થઈ ગયો. પૂરપાટ જતી ટ્રેનને સિગ્નલ ના મળતાં અચાનક જ વગર સ્ટેશને પાટા પર ઊભી રહી જાય એમ માનવની જિંદગી જાણે સ્થગિત થઈ ગઈ.

લોકડાઉનના થોડાક દિવસ પછી વ્યક્તિને ભાન થવા લાગ્યું કે જીવનમાં સુખ, સમાધાન, શાંતિ મેળવવા ઘરની બહાર ભાગાદોડી કરવાની જરૂર નથી. પોતાના સંતાન જોડે ઘરમાં કોઈ પણ પ્રકારની રમત રમવાથી બંનેને મળતો નિર્ભેળ આનંદ ક્લબમાં જઇને મળતા આનંદ કરતાં ઘણો વધારે અને બહેતર હોય છે. કલાક બહાર લાઇનમાં ઊભા રહીને રોબોટની જેમ ખાવાનું પીરસતા વેઈટરના હાથે, ઢગલો રૂપિયા આપીને હોટલનું કદાચ વાસી ખાવાનું ખાઈને મળતા આનંદ કરતાં ઘરમાં બનેલી મનપસંદ વાનગી પરિવાર સાથે ખાવાની મજા કંઈક ઓર જ છે. વયોવૃધ્ધ મા-બાપ સાથે બેસીને વિતાવેલ થોડા સમયનો તેમના ચહેરા પરનો જોવા મળતો સંતોષ મનને કંઈ જુદું જ સમાધાન આપે છે અને આખો દિવસ ઘરના દરેક નાના મોટા કામો પતિ-પત્ની સાથે મળીને કરવાની મજા કંઈ ઓર જ છે. એક જ ઘરમાં સાથે રહીને સમયના અભાવે મનથી દૂર રહેતા પતિ-પત્નીને સંતાનોને ભાવનાત્મક રીતે નજીક લાવી પોતાપણાનો અનુભવ કરાવ્યો. કોરોનાએ માણસને પોતાની અંદર જોવાનો સમય આપ્યો. સુખ, સમાધાન અને શાંતિ ઘરમાં જ મળે છે. તેના માટે ક્લબ, સિનેમા, પાર્ટી - પિકનિકની જરૂર નથી તેવી સમજણ આપી. પરિવારનો પ્રેમ અને હૂંફનું મહત્ત્વ સમજાવ્યું. જે કામ માટે દોડી દોડીને ઓફિસે જતા, એ જ કામ ટેકનોલોજીની મદદથી ઘરે બેઠા પણ કરી શકાય, તેનું જ્ઞાન આપ્યું. આનંદ અને શાંતિથી જીવવા માટે ઢગલો રૂપિયાની જરૂર નથી તેવું બ્રહ્મજ્ઞાન આપ્યું. પૂરતો સમય મળતાં વ્યક્તિએ શારીરિક તંદુરસ્તી માટે વ્યાયામ, યોગાસનો કરવાનું શરૂ કર્યું. નિયમિત જીવન જીવતા શીખ્યો. સમયની સાનુકૂળતાએ સંગીત, ચિત્રકામ, વાંચન જેવા પોતાના શોખ પૂરા કરવાનો મોકો આપ્યો. વ્યક્તિની સમગ્ર દિનચર્યા અને જીવન તરફ જોવાનો દૃષ્ટિકોણ બદલી નાખ્યો.

લોકડાઉને આપણા સમાજનું સાચું દર્શન કરાવ્યું. સમાજના નાનામાં નાના માણસને અગવડ ના પડે તે માટે અનેક સેવાભાવી સંસ્થાઓએ અને વ્યક્તિગત રીતે લોકોએ લાખો માણસોને બે ટંકનું ભોજન ઘરે બેઠા જમાડ્યું. હજારોની સંખ્યામાં રૂા. ૩૦૦થી માંડીને ૧૫૦૦/- સુધીની રાશનની કીટો વહેંચી છે. અબોલ પશુઓને ચારો, કૂતરાઓને રોટલા અને પક્ષીઓને ચણની વ્યવસ્થા કરી છે. ભર તડકામાં આખો દિવસ ઊભા રહેનાર પોલીસને માટે પણ લોકોએ ઠંડું પાણી, છાશ, ચા-નાસ્તો ને જમવાની વ્યવસ્થા કરી છે. જીવના જોખમે નિઃસ્વાર્થભાવે સેવા કરનારા હજારો કાર્યકરો નમસ્કારને પાત્ર છે. મહામારીમાં દર્દીઓની સેવામાં ખડેપગે રહીને દિવસ રાત અવિરત સેવા કરનારા ડૉક્ટરો, નર્સો, પરિચારક ગણ, સફાઈકર્મીઓ, પોલીસ કર્મચારી અને સરકારી કર્મચારીઓ ખરેખર અભિનંદનને પાત્ર છે. ત્રણ ત્રણ મહિના સુધી ઘરે ગયા વગર દર્દીની સેવા કરતા ડૉક્ટરો, ૨ મહિના સુધી નવજાત શિશુનું મોં જોયા વગર સેવા કરનાર ડૉક્ટરને દેવદૂત ના કહીએ તો બીજું શું કહેવાય! કદાચ, આ બધાના અથાગ પ્રયત્નોને લીધે જ દેશમાં ૧૮ લાખની જગ્યાએ ફક્ત ૬ લાખ કોરોનાના દર્દીઓ છે.

કોરોનાએ આજ સમાજની કલંકિત બાજુનું પણ તાદૃશ દર્શન કરાવ્યું. લોકડાઉનમાં કોઈ પણ જાતના કારણ વગર રસ્તે રખડતા લોકો જોયા, સોસાયટીના નાકે ટોળે વળીને બેઠેલા લોકો જોયા, પોતાના એરિયામાં સર્વે માટે, સારવાર માટે આવનાર ડૉક્ટરો અને નર્સો ઉપર પથ્થરમારો કરતા લોકો જોયા, હોસ્પિટલમાં કોરોનાની સારવાર કરતી નર્સોની છેડતી કરતા મવાલીઓ જોયા, હોસ્પિટલમાં થૂંકીને પેશાબ કરીને ગંદકી કરતા હલકા લોકો જોયા, હોસ્પિટલમાંથી ચાલુ સારવારે ભાગી જનારા કોરોનાના દર્દીઓ જોયા. લોકડાઉનના નિયમોનો છડેચોક ભંગ કરીને ધર્મ સ્થાનોમાં, રાજનેતાની મીટિંગમાં કે મોટા માણસને ત્યાં લગ્નમાં ભેગા થતા ટોળા જોયા. રેલવે સ્ટેશન ઉપર ટ્રેનના પ્રવાસીઓ માટે લઈ જવામાં આવતા ફૂડ પેકેટોને લૂંટતા ટ્રેનના મુસાફરો જોયા. નિઃસ્વાર્થભાવે જરૂરિયાતમંદોને આપવામાં આવતું ભોજન ફેંકનારા સંઘરાખોર જોયા અને નિઃસ્વાર્થભાવે આપેલી રેશનની કીટોને દુકાને વેચનારા લોકો અને ખરીદનાર દુકાનદારો પણ જોયા.

કોરોના, એ આપણી સાથે રહેવા આવેલી બીમારી છે. જે વસ્તુ તમે નથી બદલી શકતા તે સ્વીકારી લેવામાં, તેને અનુકૂળ થઈને રહેવામાં જ ડહાપણ છે. જ્યાં સુધી કોરોનાની કોઈ અસરકારક દવા ના શોધાય, જ્યાં સુધી કોરોનાની સફળ રસી ના શોધાય અને આખા સમાજનું રસીકરણ ના થાય ત્યાં સુધી કોરોના તો રહેવાનો જ છે. તો પછી આપણે શું કરવું?

સૌપ્રથમ તો મીડિયા અને સોશિયલ મીડિયાએ ઊભો કરેલો કોરોનાનો હાઉ - ભય મનમાંથી કાઢી નાખવાનો. પૃથ્વી પરના અગણિત બેક્ટેરીયા - વાયરસની વચ્ચે આપણે વર્ષોથી શાંતિથી રહીએ છીએ. અસંખ્ય બીમારીઓ આપણી આજુબાજુ જોવા મળે છે, તેમાં એક વધારે. આપણે ત્યાં કામ કરતા લોકોની ભૂલો

આપણને ખબર હોય છે, છતાં આપણે એની સામે આંખ આડા કાન કરીએ છીએ. એ જ રીતે કોરોનાની ઉપેક્ષા કરવાની અને ગભરાયા વગર એનાથી સજાગ પણ રહેવાનું. આપણા સંપર્કમાં આવનાર દરેક બીજા વ્યક્તિ કે વસ્તુ કોરોના ફેલાવી શકે, એ સજાગતા રાખવાની અને આપણને ચેપ ના લાગે તેની તકેદારી રાખીને તેની સાથે સામાન્ય વ્યવહાર કરવાનો.

કાયમ માસ્ક પહેરીને જ સામેની વ્યક્તિના સંપર્કમાં આવવું. સોશિયલ ડિસ્ટન્સિંગ રાખવું અને બીજાને તે યાદ કરાવવું. કોઈ પણ વસ્તુ કે સરફેસને હાથ લગાડ્યા પછી હાથને સેનીટાઈઝ કરવા અથવા સાબુથી ૨૦ સેકન્ડ સુધી હાથ ધોવા. બહારથી, ઘર / ઓફિસમાંથી આવતી કોઈ પણ વસ્તુને ૨૪ કલાક સુધી હાથ ન લગાવવો અથવા સેનીટાઈઝ કરીને જ હાથ લગાવવો. શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધે માટે નિયમિત વ્યાયામ, પ્રાણાયામ, યોગાસનો કરવા. પૂરતી ઊંઘ લેવી, બહારનું ખાવું નહીં, પુષ્કળ પ્રમાણમાં નવશેકુ પાણી પીવું. પૂરતા પ્રમાણમાં વિટામિન-સી વાળો – આમળા-લીંબુ-ટમેટા ફળો જેવો ખોરાક લેવો. સુંઠ, આદુ, હળદર, તજ, લવિંગનો પૂરતા પ્રમાણમાં ઉપયોગ કરવો. બને ત્યાં સુધી ફ્રિજની ઠંડી વસ્તુનો ઉપયોગ ના કરવો. નિયમિત રીતે નાસ લેવો. આયુર્વેદિક અને હોમિયોપેથીની રોગપ્રતિકારક શક્તિ વધારે એવી દવાઓ નિયમિત લેવી. કોરોનાના લક્ષણો જેવા કે શરદી, ઉધરસ, ગળામાં ખૂંચવું, સ્વાદ જતો રહેવો, તાવ આવવો જેવી તકલીફ થાય તો ડૉક્ટરની સલાહ લેવી. જરૂર પડે તો કોરોનાનો ટેસ્ટ કરાવવો ને ન કરે નારાયણ, કોરોના થયો હોય તો હોમ ક્વોરન્ટાઇન થઈ જવું. જેથી આપણાથી બીજાને ચેપ ના લાગે. બાકી તો ધાર્યું ધણીનું થાય. આપણે બહુ ચિંતા કરવાથી ફરક નથી પડતો પણ 'Prevention is better than Cure' એ સૂત્રને સતત યાદ રાખીને જીવવું.

કોરોનાએ આપણને લોકડાઉન દરમિયાન પારિવારિક સકારાત્મક જીવન જીવતા શીખવ્યું છે તે ભૂલી ના જઈએ તો બંને હાથમાં લાડુ જ છે.

રતન ટાટાએ સુંદર શિખામણ આપી છે : "૨૦૨૦નું વર્ષ કમાવાનું નહીં, સલામત રહેવાનું વર્ષ છે. સર સલામત તો પઘડિયા બહોત." એ ઉક્તિ પ્રમાણે ખોટું જોખમ ખેડીને પૈસા કમાવાની જરૂર નહીં. ૧૮મી સદીમાં લાખો લોકોને ભરખી જનાર કારમો દુકાળ આવીને ગયો. ૧૯મી સદીમાં ૫ કરોડ લોકોને મોતના ખપ્પરમાં હોમી દેનાર સ્પેનિસ ફ્લુ પણ આવી ગયો. એના પછી એક સદી વીતી ગઈ, તેમ ૨૦૨૦નો આ કોરોના પણ જશે જ. એને લાવનારો જ એનો પણ રસ્તો કરશે કારણકે "પૃથ્વી તણા આ ચક્રમાં પ્રભુને ગમે તે થયા કરે." ■

**Mr. Prafulchandra Tank**
M. : +91 98250 53258

**Mr. Kishan P. Tank**
M. : +91 99258 11599

KCI
**KARMA**
**CHEMICAL INDUSTRIES**

**Manufacturer of : BASIC DYES**
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

**● FACTORY ●**
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445.
Ph. : (079) 25890110

**● RESIDENCE ●**
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

*Mahalaxmi*
**INFRACONTRACT PVT. LTD.**
*Mining for Better Tomorrow*

**● CORPORATE OFFICE ●**
B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713
**CIN No. : U14200GJ2010PTC060146 Dt. 05-04-2010**

**● REGD. OFFICE ●**
102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com

*બે કિલોની જિંદગી આપણી ને બે મણનો બોજ; લાત મારીએ દુઃખને અને ચાલ કરીએ સુખની ખોજ.*

# કોરોના : અત્યાર સુધીની પરિસ્થિતિ પર એક દૃષ્ટિપાત

● ડૉ. ધીમંત પુરોહિત ●

૮૦ વર્ષના એક (આપણે એમને નિવૃત્ત નહીં જ કહીએ) કચ્છી અશોક મહેતાએ કોરોનાનું પગેરું બરાબર દબાવ્યું છે. કોરોનાનું નામ સૌથી પહેલું સંભળાયું ત્યાંથી માંડીને, એ ભારતમાં આવ્યો અને લોકડાઉન કરાવી ગયો અને કોરોનાએ કાળો કેર વરતાવ્યો ત્યાં સુધીનો દસ્તાવેજી રેકોર્ડ એમણે એકદમ ચીવટથી રોજેરોજ નોંધ્યો છે. કોઈ છાપાના પત્રકારોની આખી ટીમે કરવાનું કામ એમણે એકલે હાથે સુપેરે કર્યું છે. એમાંથી આપણને સાંપડ્યો છે એક અલભ્ય દસ્તાવેજ, જેનું ગુજરાતી પત્રકારત્વમાં અને અભ્યાસીઓમાં આવનારા વર્ષો સુધી કાયમી સ્થાન રહેવાનું છે. આજથી પચીસ-પચાસ વર્ષો પછીની પેઢી આ દસ્તાવેજ વાંચીને નવાઈ પામશે કે, *"હેં, આપણા પપ્પા - મમ્મી - દાદા - દાદી બબ્બે મહિના સુધી ઘરમાં બંધ કેમના રહ્યા હશે? એ ય પાછું રામલા વિના, મોલમાં ગયા વિના, મલ્ટીપ્લેક્સમાં ગયા વિના કેમના સર્વાઈવ થયા હશે? ક્રિકેટ વગર દેશ જીવ્યો કેમનો હશે? સ્કૂલ - કૉલેજ - ઑફિસ - બજાર - દવાખાના સુધ્ધાં બંધ? અરે, રેલવે અને વિમાનો પણ બંધ? મંદિરો તો બંધ થઈ જ કઈ રીતે શકે? અને છાપા પણ બંધ? રમત રમતમાં દુનિયાને કોઈએ સ્ટેચ્યુ કહી દીધેલું કે શું? મારા દાદાને ધાબે ભજીયા બનાવવા માટે જેલ થયેલી! અને દાદીને ઓટલે બેસીને ગપ્પા મારવા માટે પોલીસ પકડી ગયેલી! ના હોય, ૨૦૨૦ આવું હતું?"*

જુલાઈની શરૂઆતે આ લખાય છે ત્યારે ભારતમાં કોરોનાના પોઝિટિવ કેસીસ **૬** લાખ ઉપર થઈ ગયા છે. જાન્યુઆરીમાં **પહેલો** કેસ, ફેબ્રુઆરીમાં **૨** થયા અને માર્ચમાં સીધા **૧,૨૪૮**. ત્યારે ભારત સરકાર સફાળી જાગી અને ૨૪ માર્ચથી આખું ભારત એના ઈતિહાસમાં પહેલીવાર આખે આખું બંધ થઈ ગયું. લોકડાઉન. છતાં કેસીસ વધતા જ ગયા. એપ્રિલમાં **૩૧,૭૯૯.** મે માં **૧,૪૯,૦૮૩**. જૂનમાં અનલોક-૧ શરૂ થયું અને જૂન મધ્ય પછી કેસીસ પણ વધ્યા **— ૩,૮૪,૬૯૭**. જુલાઈની શરૂઆતે અનલોક-૨ શરૂ થયું ત્યારે કેસીસ પહોંચ્યા **૬,૭૨,૦૦૦** અને કોરોનાથી દેશમાં મોત **૧૯,૦૦૦.**

જુલાઈની શરૂઆતે દુનિયામાં કેસીસ છે **૧,૨૪,૮૪,૦૦૦.** ભારતમાં આપણે જોયું તેમ **— ૬,૭૨,૦૦૦.** ગુજરાતમાં **૩૫,૩૦૦** અને અમદાવાદમાં **૨૧,૭૦૦.** મુંબઇ અને દિલ્હીની સરખામણીમાં અમદાવાદમાં કેસીસ ઓછા દેખાય છે, પણ અમદાવાદ - ગુજરાતનો મૃત્યુદર આખા ભારતમાં સૌથી ઊંચો છે. બીલીવ ઇટ ઓર નોટ.

લોકડાઉન ભલે સરકારે પૂરું કર્યું, કોરોના પૂરું થવાનું નામ નથી લેતો. ૪ જુલાઈએ કોરોનાના કેસોએ ગુજરાત, દેશ અને દુનિયામાં પણ અત્યાર સુધીનો રેકોર્ડ તોડ્યો છે. દુનિયામાં એક દિવસમાં રેકોર્ડ બ્રેક **૨,૧૨,૩૨૬** કેસો નોંધાયા. ભારતમાં આજે એક દિવસમાં રેકોર્ડ બ્રેક **૨૨,૭૭૧** કેસો નોંધાયા છે અને ગુજરાતમાં પણ રેકોર્ડ બ્રેક એક દિવસમાં **૭૧૨** કેસો ઑફિશિયલી છે. ઑફિશિયલી એટલા માટે, કે શેર બજારમાં ફિક્સ કરેલી અપર સર્કિટની માફક ગુજરાતમાં છેલ્લા કેટલાય દિવસોથી કેસો થોડા દિવસ **૪૦૦**, પછી **૫૦૦**, પછી **૬૦૦** અને હવે **૭૦૦**ની આસપાસ જ આવે છે. એટલે ઘણાને શંકા જાય છે કે સરકાર અસલી આંકડાને બદલે પોતે આપવા ઇચ્છે એવા આંકડા તો નથી આપતીને? સરકાર કોરોનાના કેસો અને મૃત્યુના આંકડા છુપાવે શું કામ? એનો જવાબ નીચેના આંકડામાં છે.

૪ જુલાઈ, ૨૦૨૦ના આંકડા જોઈએ તો ભારતમાં કોરોનાના ટેસ્ટીંગમાં પ્રગતિશીલ ગણાતું ગુજરાત સાવ પાછળના ક્રમે છે. મુખ્ય રાજ્યોમાં તામિલનાડુમાં **૩૬,૨૦૦**; મહારાષ્ટ્રમાં **૩૨,૫૦૦**; આંધ્રના **૨૫,૦૦૦**; દિલ્હીના **૨૩,૭૦૦** અને કર્ણાટકના **૧૭,૬૦૦**ની સરખામણીમાં ગુજરાતમાં દૈનિક માત્ર **૮,૫૦૦** ટેસ્ટીંગ છે. આ પણ દબાણ બાદ હમણાં વધેલા ટેસ્ટીંગ છે. પહેલા તો આના કરતાં પણ ઓછા હતા ટેસ્ટીંગ. અમદાવાદ - ગુજરાતના આખા દેશમાં સૌથી ઊંચા મૃત્યુદર માટે આ પણ એક કારણ છે. અમેરિકાની જેમ આપણે એગ્રેસીવ ટેસ્ટીંગ કરી, દર્દી શોધી, એનો ઇલાજ નથી કરતા. સરકારની આ પોલીસીને કારણે દર્દી ઓછા પરખાય છે અને પરખાય ત્યારે એટલું મોડું થઈ ગયું હોય છે, કે કેસ આખરે મૃત્યુદરમાં વધારો કરતો આંકડો જ બની જાય છે. વળી, ના પરખાયેલો દર્દી એના ઘર અને સોસાયટીમાં બીજા દસને ચેપ લગાડે એ જોખમ તો ઊભું જ છે. ભારત માટે આ જોખમ હળવાશથી એટલા માટે ના લઈ શકાય, કે કોરોનામાં દુનિયાના ટોચના ત્રણ દેશો અમેરિકા, બ્રાઝીલ અને રશિયા પછી આપણે ચોથા નંબરે છીએ. અને આ લેખ તમારા

હાથમાં આવશે ત્યાં સુધી આપણે રશિયાને પાછળ છોડી દુનિયામાં ત્રીજા નંબરે આવી ગયા હોઈશું. રશિયામાં **૬,૭૪,૫૧૫** કેસીસ અને **૧૦,૦૨૭** મૃત્યુ છે જ્યારે ભારતમાં **૬,૭૨,૬૪૪** કેસીસ અને **૧૯,૨૭૯** મૃત્યુ છે.

કોરોના ચીને દુનિયામાં ફેલાવેલો આતંક છે. એ ક્યારે અને કઈ રીતે આવ્યો એ ચીન સિવાય કોઈનેય ખબર નથી. એ શું છે એ વિશે પણ મતમતાંતર છે. એની કોઈ રસી નથી, નથી કોઈ દવા. દેશ અને ગુજરાતની સરકારની ટીકા કરતાં પહેલાં આપણે એને ગ્રેસના થોડા માર્ક આપી દઈએ કારણકે દુનિયાભરની બધી સરકારોની જેમ એમણે પણ એક અદૃશ્ય દુશ્મન સામે અંધારામાં જ તીર ચલાવવાનું છે. આમ છતાં, આપણે ૧૯૨૦માં નથી જીવતા, ૨૦૨૦માં જીવીએ છીએ. વિજ્ઞાન, ટેકનોલોજી, કોમ્પ્યુટર અને મેનેજમેન્ટના આ જમાનામાં સરકાર પાસે ડિઝાસ્ટર મેનેજમેન્ટની આશા અને અપેક્ષા ચોક્કસ હોય. સરકાર - કેન્દ્ર અને રાજ્યની અને સ્થાનિય તંત્રો એમાં કેટલા ટકા પાસ થયા છે?

વડાપ્રધાને આટલો મોટો દેશ માત્ર ચાર કલાકની નોટિસથી લોકડાઉનમાં બંધ કરી દીધો. એ લોકડાઉન વહેલું કરવા જેવું હતું કે હજી મોડું કરવા જેવું હતું. લોકડાઉન ખોલીને અનલોક કરવાનો સમય યોગ્ય હતો, કે હજી લોકડાઉન લંબાવવા જેવું હતું, એ બધાની અસરો અને જાનમાલ - આર્થિક નુકસાનની ગણતરીઓ અને વિવાદો લાંબા સમય સુધી ચાલ્યા કરશે. એમાં મતમતાંતર પણ રહેવાના. પરંતુ પ્રવાસી મજુરોની ટ્રેજેડી જોયા બાદ એક વાત નિર્વિવાદ છે, કે એમને એમના વતન જવા માટે કમ સે કમ લોકડાઉન કરતા પહેલા એક અઠવાડિયાનો સમય અને સુવિધાઓ આપવા જેવી હતી. એ ના થવાને કારણે દેશે ભાગલાના નિર્વાસિતો જેવી જ મોટી ટ્રેજેડીના સાક્ષી બનવું પડ્યું. બબ્બે મહિના સુધી કામ રોજગાર બંધ રહેતા વગર પૈસે અને ખોરાકે સાવ રસ્તા પર આવી ગયેલા હજારો મજુરોએ નાછૂટકે ચાલતા જ હજાર કિલોમીટર દૂરના વતનની વાટ પકડી. એમાં કેટલા મજુરો ભૂખ્યા તરસ્યા, થાકેલા, નાસીપાસ થયેલા રસ્તામાં જ મરણને શરણ થયા એનો કોઇ હિસાબ નથી. જો થોડી પણ સંવેદના હોત તો એમના માટે સરકારી બસોની ફ્રી વ્યવસ્થા થઈ શકી હોત, જે ના થઇ. બાદમાં દબાણ વધતા કેન્દ્ર સરકારે મજુર સ્પેશિયલ ટ્રેનો શરૂ કરી, જેમાં મજુરોએ દેવા કરી કરીને ટિકિટો લીધી. કોંગ્રેસે આ ભાડું આપવાની વાત કરી, સુપ્રીમ કોર્ટે પણ હસ્તક્ષેપ કર્યો ત્યારે સરકાર ૧૫% કેન્દ્ર સરકાર ભરે અને ૮૫% રાજ્ય સરકાર એવી યોજના લાવી. જેનો પણ અમલ ના થયો. એક અભ્યાસ મુજબ, **૨૦** લાખથી વધુ મજુરોમાંથી માંડ ૧૫%ને એનો લાભ મળ્યો હશે. કેટલાય મજુરો આ લાંબી રેલ સફર દરમિયાન પણ ભૂખ અને બીમારીને કારણે મૃત્યુ પામ્યા. બાકીના માંડ માંડ એમના વતન પહોંચ્યા ત્યાં લોકડાઉન ખૂલ્યું અને ઉદ્યોગ ધંધા ચાલુ કરવા એમને કામે પાછા જવાના દબાણ આવ્યા. જો યોગ્ય આયોજન અને માનવિય સંવેદનાથી કામ લેવાયું હોત તો આટલી મોટી ટ્રેજેડી ચોક્કસ અટકાવી શકાઈ હોત.

કચ્છ જેવા પ્રદેશો કોરોનાની બાબતમાં અમદાવાદ જેવા શહેરોના પ્રમાણમાં નસીબદાર છે. અમદાવાદ જેવા શહેરોએ સરકાર અને સ્થાનિક તંત્રની અવહેલના, બેદરકારી, નિંભરતા અને મિસમેનેજમેન્ટ વેઠવા પડ્યા છે. કોરોનાના ટેસ્ટ કરાવવાથી માંડીને ખાનગી હોસ્પિટલોના લાખોના મોટા બીલો અંગે માધ્યમોએ દબાણ અને હાઈકોર્ટે હસ્તક્ષેપ કરવા પડ્યા છે અને અહીંની સિવિલ હોસ્પિટલના કિસ્સા જગપ્રસિદ્ધ છે. વધુ વિગતો અશોકભાઈએ નોંધી છે એટલે પુનરાવર્તન નહીં કરીએ પણ ત્રણ મહિના પછી પણ અમદાવાદમાં કોરોનાનો કોઈ કંટ્રોલ રૂમ નથી. જ્યાંથી પ્રજા અને પત્રકારોને કોરોના વિશેની અને સરકારના રોજેરોજ બદલાતા નિયમોની માહિતી મળે. ઇન્ટરનેટ અને મોબાઇલના યુગમાં પણ કોરોનાના દર્દીએ ભરતી થવા હોસ્પિટલે હોસ્પિટલે જાતે ભટકવું પડે છે. એવી કોઈ વેબસાઈટ કે મોબાઈલ એપ નથી કે જેમાં સરકારી - ખાનગી હોસ્પિટલોના ખાલી બેડની માહિતી 'બુક માય શો'ની જેમ ઓનલાઇન મળી શકે.

અમદાવાદની બેદરકારીમાંથી સરકારે કોઈ બોધપાઠ નથી લીધો. અમદાવાદ પછી હવે સુરતનો વારો છે અને મુખ્યમંત્રી સહિતની આખી સરકારે આગ લાગે ત્યારે કૂવો ખોદવા સુરત દોડવું પડ્યું છે.

અનલોક-૧ પૂરું થયું અને અનલોક-૨ શરૂ થયું ત્યાં સુધીમાં

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૬ ઉપર)**

**ભારતમાં કોરોના...**

| | |
|---|---|
| *૩૦ જાન્યુઆરી* | *: ૧લો કેસ (કેરાલા)* |
| *૨ ફેબ્રુઆરી* | *: ૨જો કેસ (કેરાલા)* |
| *૩૦ માર્ચ* | *: ૧૨૪૮ કેસ* |
| *૨૯ એપ્રિલ* | *: ૩૧૭૯૯ કેસ* |
| *૧૯ મે* | *: ૧ લાખ+ કેસ* |
| *૨૭ મે* | *: ૧,૫૦,૦૦૦+ કેસ* |
| *૧૯ જૂન* | *: ૩,૮૪,૬૯૭ કેસ* |
| *૧ જુલાઈ* | *: ૬ લાખ કેસ* |
| *૬ જુલાઈ* | *: ૭ લાખ કેસ* |

# કોરોનાની સાઈડ ઇફેક્ટ

• લીલાધર માણેક ગડા •

૨૪ માર્ચ, ૨૦૨૦ના રોજ શરૂ થયેલા લોકડાઉનને આજે ૧લી જુલાઈએ પૂરા એકસો દિવસ થયા અને ભારતમાં કોરોના રોગે દેખા દીધી તેને ૧૨૦ દિવસ પૂરા થયા. એક વરસનો ત્રીજો હિસ્સો અને માત્ર આટલા સમયમાં કોરોના મહામારીએ માણસના સોચ - વિચારમાં અને એના પારીવારીક, સામાજિક, આર્થિક, ધાર્મિક જીવનમાં જે પરિવર્તન અને બદલાવ આવ્યો છે તેનું બહુઆયામી મૂલ્યાંકન અત્યારે કરવું કસમયનું અને સાથે સાથે અશક્ય પણ છે. અર્થશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ, માનસશાસ્ત્રીઓ હાલ ઘડીએ જો એનું વિશ્લેષણ કરે તો અંધજનો હાથીને ઓળખવાનો પ્રયાસ કરે તે બરોબર થશે. જો આ મહામારી લાંબો સમય ચાલી, તો એના ટૂંકા ગાળાના અને દૂરોગામી પરિણામો શું આવશે એનો અંદાજ બાંધી શકાય નહીં.

આજના દિવસે સવારના આઠથી અગિયાર વાગ્યા સુધીમાં ત્રણ કલાક દરમિયાન ચારેક ઘટનાઓ બની જે આવતીકાલ... માણસનાં જીવનની આવતીકાલ, આવતો મહિનો, આવતું વર્ષ કે હવે પછીનો કાળ કેવો હશે તેનો માત્ર આછો આછો ખ્યાલ આપે છે.

સવારે સાતેક વાગે મારા દૂરના સગાનો ફોન આવે છે. આ ભાઈની આગલી ત્રીજી પેઢી, આજથી એકસો વર્ષ અગાઉ સમાજના માત્ર ૩-૪ કરોડપતિ પરિવારો પૈકીની હતી. અત્યારે જુદા જુદા વિસ્તારોમાં મોલમાં ત્રણેક દુકાનો પણ છે. છેલ્લા ત્રણ મહિનાથી બધો કારોબાર બંધ છે અને નજીકના ભવિષ્યમાં શરૂ થાય એવું લાગતું પણ નથી. બધા રોકાણો અટવાયેલા છે. ત્રણ ભાઈઓના બહોળા પરિવારનો ખર્ચ, મોલનાં ભાડાં, મોલની દુકાનોમાંના માલની નુકસાની... હવે બહુ લાંબુ ચાલશે નહીં. હાલ તુરત નોકરીનો મેળ પડે તો સારું અને... મારા એક મિત્ર સાથે એકાંતરે ફોન પર હાય હલ્લોથી વાર્તાલાપ શરૂ કરી, દસેક મિનિટ ઇધરઉધર કી બાતે કરવાનો નિત્યક્રમ છે. એણે જણાવ્યું કે અમેરિકાથી એના મિત્રનો ફોન હતો કે આગામી ત્રણ-ચાર મહિના પોતે પોતાના વડીલોને પૈસા મોકલાવી શકશે નહીં. અને આ સંજોગોમાં એમના વડીલોને ત્રણ ચાર મહિના માટે સંભાળી લેવાની મારા મિત્રને અરજ કરતો હતો. મંડપ અને એને સંલગ્ન અન્ય સુવિધાઓ ભાડે આપવાનો વ્યવસાય કરનાર ભાઈ વૉચમેન તરીકેની નોકરી સ્વીકારવા તૈયાર છે. પરસ્પર આધારિત સ્વતંત્ર વ્યવસાયો કરનાર મધ્યમ વર્ગના માણસો માટે જે કપરા ચડાણો છે, તેની કલ્પના થઈ શકતી નથી. છેલ્લા બે વર્ષથી આર્થિક ક્ષેત્રે આવેલી મંદીનો સામનો કરનારની આ મહામારીએ કેડ જ ભાંગી નાખી છે. મધ્યમ વર્ગ અને નોકરિયાત વર્ગની આર્થિક ભીડ હવે આર્થિક પાયમાલી તરફ દોરી જાય છે. આ મહામારી, આ લોકડાઉન, આ પરિસ્થિતિ હવે ન લંબાય તો સારું. શરૂઆતમાં ભયના માર્યા, ગભરાયેલા મજૂરો ગામ તરફ ગયા છે. ત્યાં પણ રોજગારી નથી. પાછા ફરવા માટે પૈસા નથી અને પાછા આવે તો મજુરી કે નોકરી મળશે એની નિશ્ચિતતા નથી. માત્ર સરકારી ખેરાત પર કેમ જીવાશે? ચોમાસું સારું નીવડે, એ એક આશા પર દેશનું આખું અર્થતંત્ર પાટા પર ચડશે? જે Service Provider ની ભૂમિકા ભજવતા કેટલાક વ્યવસાયો એકબીજા પર નિર્ભર હતા, એમની એક કડી તૂટે છે ત્યારે Chain Reaction રોકી શકાતું નથી. દેશનો મનોરંજન ઉદ્યોગ - વ્યવસાય (Entertainment Industry) સાથે કેટલા નાના મોટા અન્ય વ્યવસાયો જોડાયા છે? કેટરીંગ, મંડપ, હોટેલ, સિનેમા, નાટક, નાના-મોટા હોલ, જાહેર ખબરો... અને... આ લીસ્ટ લાંબુ છે. મુખ્ય વ્યવસાય સાથે સંકળાયેલા બધા વ્યવસાયો ઠપ્પ છે અને એની સાથે કામ કરનારા એંસી ટકા લોકો રોજ કમાઈ, રોજ ખાનાર છે અને આવા ઘણા વ્યવસાયો છે. સાચા અર્થશાસ્ત્રીઓને એમની ફીકર છે. દેશની કરોડરજ્જુ મધ્યમવર્ગ છે અને એ તૂટશે તો દેશ અપાહિજ બની જશે.

મારા નજીકના સંબંધી દંપતિ દસ દિવસ અગાઉ કોરોનાનો શિકાર બન્યા હતા. રાત્રે એ જોડું ખંડિત બની ગયું છે. બહોળા પ્રતિષ્ઠિત પરિવારમાંથી માત્ર બે જણ અંતિમક્રિયામાં સામેલ થઈ શક્યા. સાથી ગુમાવ્યાની જાણ બીજા સંગાથીને કરવાની નથી. એટલે પરિવારમાં પાંચેક જણ સિવાય અન્ય કોઈને આ મૃત્યુ અંગે ખબર પણ આપવામાં નથી આવી. અને જ્યાં સુધી બીજા સંગાથી હોસ્પિટલમાંથી ઘરે સુખરૂપ નહીં આવે ત્યાં સુધી મૃત્યુની માહિતી માત્ર પાંચ જણને જ હશે. આ અગાઉ આવા જ બે કિસ્સા બન્યા હોવાનું મારી જાણમાં છે. માણસ જેવો માણસ આપણી વચ્ચેથી ઉઠી જાય અને એ માટે ન દુઃખ વ્યક્ત કરી

*પાણી પણ લિજ્જતથી પીવું, જાણે શરબત પીતા હોઈએ.*

શકાય, ન દિલસોજી દર્શાવી શકાય એ કેવી વિટંબણા!

કોરોના લોકડાઉનથી પારિવારીક સમસ્યાઓ ઊભી થાય છે. એનું એક વિશિષ્ટ ઉદાહરણ નોંધુ છું. આ વર્ષે જાન્યુઆરી મહિનામાં પરિવારના એક ભાઈના સુપુત્રના લગ્ન ધામધૂમથી ઉજવાયા. જેમાં કહી શકાય કે આશરે રૂપિયા બે કરોડનો ધૂમાડો કરવામાં આવ્યો. બીજા ભાઈના સુપુત્રના લગ્ન એપ્રિલના પ્રથમ સપ્તાહમાં નિરધાર્યા હતા. આ લગ્નની ઉજવણી પણ ધામધૂમથી થાય તે માટે લગ્ન આગળ ઠેલાયા. કોરોના લોકડાઉન લંબાતો ગયો પરંતુ હવે લગ્ન લંબાવી શકાય નહીં અને બીજા ભાઈનાં પરિવારનાં અસંતોષ વચ્ચે લગ્ન સાદાઈથી લેવાયા. જેનો વસવસો સ્ત્રી સમુદાયને રહી ગયો. આ વસવસો અને અસંતોષ આખરે કલહમાં પરિણમ્યો. કોઈએ સમજદારી, વિવેકબુદ્ધિ દાખવી નહીં અને ભાઈઓ છુટા થયા, જે સમાચારો સવારે મળ્યા. આવા કેટલાય સામાજિક પ્રશ્નો અને સમસ્યાઓ ઊભી થતી હશે. બાળકો ઘરે કંટાળો આપે છે, ત્રણ બેડ રૂમ ફ્લેટમાં એકલા બે જણા કંટાળી ગયા છે... વગેરે વગેરે. **કોરોના લોકડાઉનમાં આપણા સંયમ, સાદગી, સરળતા, સાહજિકતા અને સમજદારીને લોકડાઉન આવે નહીં એ જરૂરી છે.** જીવનશૈલી પ્રત્યેનો અભિગમ હવે બદલવો જરૂરી છે. કોરોના દૈત્ય સામે હવે લડાઈ બે મોરચે આપવી પડશે. શારીરિક બીમારી અને માનસિક બીમારી...

આજે અમારા ગામમાં સવારે પૂજ્ય મહારાજ સાહેબોનો ચાતુર્માસ પ્રવેશ હતો. ગામમાં હાજર ૩૫-૪૦ જણની હાજરીમાં પ્રવેશ સંપન્ન થયો. આવા બે વર્ષ અગાઉનાં પ્રવેશ વખતે માત્ર એક જ દિવસ માટે ૪૦૦-૫૦૦ જણ મુંબઈ તથા બહારગામથી પધાર્યા હતા, જેમાંના મોટાભાગના શ્રાવકો સાંજની ટ્રેનમાં રવાના થઈ ગયા. આજથી સિત્તેર વર્ષ અગાઉ હું કચ્છમાં રહેતો હતો ત્યારે ચોમાસુ પ્રવેશ, પર્યુષણ પર્વ, વિવિધ અનુષ્ઠાનો, ઠાણા-ઓઠાણા — દરેક ધાર્મિક પ્રસંગ સાદાઈ અને સંયમ વર્તીને ઉજવવામાં આવતો. **છેલ્લા બે દાયકામાં એ ધર્મ દેખાડાનો થઈ ગયો છે.**

કરોડોના ખર્ચે બનેલા તમામ ધર્મના સ્થળો મંદિર, મસ્જિદ, દેરાસર, દેવળોમાં અધિષ્ઠાતા દેવ-દેવીઓ, ભગવાનો, ઇસુ, પયગંબર બંધ છે... કહી શકાય કે કેદમાં છે. આ વર્ષે ચાતુર્માસો, અધિક માસો સાદાઈથી ઉજવાશે, તો તે ધાર્મિકતામાં ઓટ આવશે કે ધમાલ નહીં હોય એટલે વધારે શાંતિથી માણસ ધર્મકરણી કરશે?

કરોડોના ખર્ચે બનેલા ધર્મસ્થાનકો અને એટલા જ વ્યયથી થતી ઉજવણીઓની નિરર્થકતા છતી થઈ છે. ધર્મસ્થાનકોને તાળા છે અને હોસ્પિટલો દિનરાત કાર્યશીલ છે. **સાધુ સાધ્વીઓ, ગુરૂદેવો, મૌલાઓ, પૂજારીઓ, પાદરીઓ બધા સ્વયં નજરકેદ થઈ ગયા છે.** જ્યારે ડૉક્ટરો, નર્સો, વોર્ડબોયોની દોડધામ સતત ચાલુ છે. ખરાખોટાનો હિસાબ આપણને નથી માંડવો પણ સાર્થકતા અને નિરર્થકતા અંગેની સાચી સમજ જરૂર કેળવી શકાય. કોના વગર ચાલે અને કોના વગર નહીં ચાલે, એટલો વિવેક આપણામાં આવે.

કોરોના મહામારીનું ભવિષ્ય... એની સાથે સમગ્ર માનવજાતનું ભવિષ્ય સંકળાયેલું છે. આ મહામારીનો તાત્કાલિક અંત નહીં આવે તો શું થશે એની કલ્પના થઈ શકે નહીં. અન્ય મહામારીઓ અને ભયાનક યુધ્ધો - દુર્ઘટનાઓમાંથી માણસે બોધપાઠ લીધો નથી અને આ મહામારીમાંથી લેશે કે નહીં એ શંકા છે. અગાઉ જણાવ્યું તેમ જીવનશૈલી પ્રત્યેનો અભિગમ સદંતર બદલવો જોઈશે. મેં દર્શાવેલી પ્રથમ ઘટનાઓનું પુનરાવર્તન થતું જશે તો ભય છે કે માણસ લાગણીશૂન્ય બનતો જશે. સામાજિક અંતર જો લાગણીઓનું અંતર બનતું જશે તો માણસ જાનવર બનતો જશે.

*ગામ ભોજાય, તા. માંડવી, કચ્છ-૩૭૦ ૪૫૦.*
*મો. ૯૮૭૯૫ ૦૬૦૫૯*

## કોરોના : અત્યાર સુધીની પરિસ્થિતિ પર એક દૃષ્ટિપાત

(અનુસંધાન : પાના નં. – ૩૪ ઉપરથી ચાલુ)

તો લોકોનો અનલોકનો ઉત્સાહ ઓસરી ગયો છે. જે વેપાર ધંધાને નામે અનલોક કર્યું, એના તો ઠેકાણા નથી. કરોડો રૂપિયાના સરકારી પેકેજ હજી જનતા સુધી પહોંચ્યા નથી. **૧૩૦** કરોડમાંથી **૮૦** કરોડ લોકોને મહિને ૫ કિલો અનાજ ફ્રી આપવાની વડાપ્રધાને જાહેરાત કરવી પડે છે. કોરોના ઓસરવાને બદલે વધતો જાય છે. આમ છતાં લોકોમાં એની કોઈ ગંભીરતા દેખાતી નથી. શહેરની સડકો ભીડથી ઉભરાય છે. લોકોને માસ્ક પહેરાવવા હજી પોલીસ અને દંડની બીક આપવી પડે છે. મોતની બીક જ જાણે નથી. સમજદાર માણસો આ સ્થિતિમાં ફરીથી લોકડાઉન કરવાની માંગણી કરતા થયા છે.


અને હજી તો કોરોનાની પીક પણ નથી આવી. અંત તો ક્યારે આવશે એ કોઈ કહી શકે એમ નથી અને હજી તો ૨૦૨૦ અડધું જ પત્યું છે, અડધું બાકી છે.

*(લેખક વરિષ્ઠ પત્રકાર અને ન્યુઝ પોર્ટલ www.newzviewz.com ના એડિટર છે.)*

*ઇ-મેઇલ : dhimantaajtak@gmail.com*

*મોબાઈલ : ૯૮૭૯૮ ૧૦૧૦૧*

# મહામારી કોરોનાને પરાસ્ત કરવાનો વૈશ્વિક પુરુષાર્થ



પ્રવીણચંદ્ર શાહ

કોરોના - વાયરસ ઉર્ફે કોવિડ-૧૯ નામથી કુ-પ્રસિધ્ધ બની ચૂકેલા જીવલેણ મહારોગે છેલ્લા ૮ મહિનામાં વિશ્વભરના બધા દેશોને તેમના પાયામાંથી હચમચાવી નાખ્યા છે.

એવું નથી કે આવી મહામારીઓ દુનિયાના વિવિધ ખંડોએ છેલ્લા સેંકડો વર્ષોના ઇતિહાસમાં અનુભવી નથી કે ભોગવી નથી. છેલ્લા સવાસો-સોએક વર્ષો પહેલાં સ્પેનિશ ફ્લુ – જે 'બ્યુબોનિક પ્લેગ'ના નામે પણ જાણીતો છે, તે મહારોગે દુનિયાના અનેકાનેક દેશોમાં ફેલાઇને ૧ કરોડ ૫૦ લાખ (દોઢ કરોડ) સ્ત્રી-પુરુષો અને બાળકોના જીવ ભરખી લીધા હતા. આ પ્લેગ ફેલાતો ફેલાતો વાયા મુંબઈ - માંડવી થઈને સમગ્ર કચ્છમાં પણ ફેલાયો હતો અને હજારો કચ્છીઓને ક-મોતે માર્યા હતા. સોનગઢ આશ્રમવાળા મુનિશ્રી કલ્યાણચંદજી લિખિત 'મારા સાધુ જીવનના સંસ્મરણો' નામની આત્મકથા (પ્રકાશન વર્ષ ૧૯૮૪)માં 'પ્લેગનો પંજો' શિર્ષક હેઠળ હૃદયવિદારક વિસ્તૃત વર્ણનમાં એમણે નોંધ્યું છે : *'અંજાર આવ્યા ત્યાં વિગતવાર ખબર સાંભળ્યા કે માંડવીમાં એક ભયંકર રોગ ફાટી નીકળેલ છે. આપણા લોકો એને ગાંઠિયો તાવ કહે છે. અંગ્રેજીમાં એને પ્લેગ કહે છે. દરરોજ ત્રણસો-ચારસો માણસો એના પંજામાં સપડાઈ જઈને મરણને શરણ થાય છે. કોઈ કોઈની સંભાળ લેતું નથી, કારણકે કોઈ પણ એ રોગના ભોગ બનેલા રોગી પાસે જાય તો તેને પણ એ રોગ તરત લાગુ પડે છે. અને થતું પણ તેમ જ. દીકરાને છોડીને બાપ ભાગી જાય અને બાપને પડતો મૂકીને દીકરો નાસી જાય. પતિને છોડીને પત્ની અને પત્નીને છોડીને પતિ પલાયન થઈ જાય. સંક્ષેપમાં કહીએ તો કોઈ કોઈનો નહીં એવો ભયંકર સમય પ્રવર્તમાન હતો... અલબત્ત, આ રોગ અતિ ભયંકર અને ચેપી તો ખરો જ, પણ એ રોગ કરતાં પણ એનો ભય તો વધુ ભયંકર બની ગયો હતો. એ રોગથી જેટલા મનુષ્યો મરતાં, તે કરતાં વધારે મનુષ્યો એના ભયથી મરતા...'*

ભય! રોગનો ભય! સો-સવાસો વર્ષ પહેલાં ફેલાયેલ સ્પેનિસ ફ્લુ કે બ્યુબોનિક પ્લેગની મહામારી વખતે જે માનસિક ભય અનુભવાતો હતો એવો જ – યા એથીયે વધુ પ્રમાણમાં માનસિક ભયથી આજે આપણો સમગ્ર દેશ અને સમગ્ર વિશ્વના દેશોના કરોડો લોકો દિવસ અને રાતના ચોવીસે ચોવીસ કલાક આ કોવિડ-૧૯ની સતત માથે અધ્ધર લટકતી તલવારના ભય અને અસલામતીના ડર અને ભયથી થરથરી રહ્યા છે. વિશ્વના બધા દેશોની જેમ, આપણી કેન્દ્ર સરકાર અને બધા રાજ્યો કે યુનિયન ટેરીટરીઝમાં કોરોના વાયરસનો ચેપ અને ઇન્ફેક્શનને કાબૂમાં લેવા અથાગ પ્રયાસો તો કરી રહ્યા છે ખરા, પણ કોવિડ-૧૯ની મહામારી ટસના મસ થતી જણાતી નથી. દરેક નવા દિવસે, કોરોના વાયરસના કૂદકે અને ભૂસકે કેસોની, અસરગ્રસ્તોની સંખ્યાના આંકડા વધતા જ જાય છે, વિસ્તરતા જ જાય છે.

મોટા અચંબાની, વધુ તીવ્ર આઘાતની દુ:ખદ એવી ભયાવહ પરીસ્થિતિ આકાર લઈ રહી છે, તે એ છે કે વિશ્વના બીજા દેશોમાંની સ્થિતિ કરતા આપણા દેશમાં (અને અમેરિકાના રાજ્યોમાં) સ્થિતિ વધુને વધુ વણસતી જાય છે. જ્યારે દુનિયાના કેટલાક દેશોમાં કોવિડ-૧૯ની મહામારીની સ્થિતિમાં આંખે ઉડીને વળગે એવી સુખદ સુધરતી સ્થિતિ થતી જાય છે. હમણાં જ પૂરા થયેલા જૂન મહિના દરમિયાન (૧લીથી ૩૦ જૂન) આપણા દેશના રાજ્યોમાં અને વિશ્વના દેશોમાં શું સ્થિતિ રહી છે તેનો હકીકતી ખ્યાલ અહીં (નીચે) નોંધેલા સત્તાવાર આંકડાઓથી મળે છે.

| રાજ્ય | કેસ સંખ્યા | વિદેશ | કેસ સંખ્યા |
|---|---|---|---|
| મહારાષ્ટ્ર | ૧,૬૯,૮૮૩ | સાઉદી અરે. | ૧,૮૬,૪૩૬ |
| તામિલનાડુ | ૮૬,૨૨૪ | ચીન | ૮૪,૭૮૦ |
| દિલ્હી | ૮૫,૧૬૧ | | |
| ગુજરાત | ૩૧,૯૩૮ | સ્વિટઝરલેન્ડ | ૩૧,૬૫૨ |
| ઉત્તર પ્રદેશ | ૨૨,૮૨૮ | આયર્લેન્ડ | ૨૫,૪૬૨ |
| વેસ્ટ બેંગાલ | ૧૭,૯૦૭ | જાપાન | ૧૮,૪૭૭ |
| રાજસ્થાન | ૧૭,૬૬૦ | | |
| તેલંગાણા | ૧૫,૩૯૪ | ઓસ્ટ્રીઆ | ૧૭,૭૨૩ |

*મમ્મી એટલે જીવનમાં થતા ગોઝારા અકસ્માત વખતે '૧૦૮'ની પહેલા યાદ આવતો શબ્દ.*

| રાજ્ય | કેસ સંખ્યા | વિદેશ | કેસ સંખ્યા |
|---|---|---|---|
| કર્ણાટક | ૧૪,૨૯૯ | સાઉથ કોરિયા | ૧૨,૮૦૦ |
| હરિયાણા | ૧૪,૨૨૦ | | |
| આંધ્ર પ્રદેશ | ૧૩,૮૯૭ | | |
| મધ્ય પ્રદેશ | ૧૩,૩૭૦ | | |
| બિહાર | ૯,૬૪૦ | મલેશિયા | ૮,૬૩૭ |
| પુડુચેરી | ૬૧૯ | જમૈકા | ૬૯૮ |
| આસામ | ૭,૭૫૨ | ઓસ્ટ્રેલિયા | ૭,૮૩૪ |
| જમ્મુ - કાશ્મીર | ૭,૨૩૩ | | |
| ઓરિસ્સા | ૬,૮૫૯ | | |
| પંજાબ | ૫,૪૧૮ | વેનેઝુએલા | ૫,૫૩૦ |
| કેરાલા | ૪,૧૮૯ | લક્ઝેમ્બર્ગ | ૪,૨૫૬ |
| ઉત્તરાખંડ | ૨,૮૩૧ | શ્રીલંકા | ૨,૦૩૯ |
| છત્તીસગઢ | ૨,૭૬૧ | | |
| ઝારખંડ | ૨,૪૨૬ | | |
| ત્રિપુરા | ૧,૩૮૦ | ન્યુઝીલેન્ડ | ૧,૫૨૮ |
| મણિપુર | ૧,૨૨૭ | | |
| ગોવા | ૧,૧૯૮ | | |
| લદાખ | ૯૬૪ | જ્યોર્જીયા | ૯૨૬ |
| હિમાચલ | ૯૪૨ | | |
| ચંદીગઢ | ૪૫૫ | તાઈવાન | ૪૪૭ |
| નાગાલેન્ડ | ૪૩૩ | | |
| દાદરા-નગરહવેલી | ૨૦૩ | કંબોડિયા | ૧૪૧ |
| અરુણાચલ | ૧૮૭ | | |
| મિઝોરમ | ૧૪૮ | | |
| આંદામાન નિકોબાર | ૯૦ | ભૂતાન | ૭૭ |
| સિક્કીમ | ૮૮ | | |
| મેઘાલય | ૪૭ | | |

*(આ આંકડાઓ કેન્દ્ર સરકારની હેલ્થ એન્ડ ફેમિલી વેલફેર મિનિસ્ટ્રી અને અમેરિકાની જહોન્સ હોપકિન્સ યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલા છે.)*

આ વજુદપાત્ર આંકડાઓ પરથી બિલકુલ સ્પષ્ટ થાય છે કે દુનિયાના ઘણા દેશોની સરખામણીએ આપણો દેશ કોવિડ-૧૯ના મહારોગને વધતો અટકાવવામાં, નાથવામાં પાછળ રહ્યો છે. આમ કેમ થયું છે તેના કારણો, આંતરિક કારણો એટલે કે કેન્દ્ર સરકારના દોષો કે રાજ્ય સરકારના દોષોની ચર્ચામાં પડશું તો આખીય ચર્ચા વિવાદાસ્પદ બની જશે. એટલે આંતરિક કારણોને હાલ પૂરતા બાજુએ મૂકી, વિશ્વના બીજા દેશોએ કોરોના વાયરસના ફેલાવાને કાબૂમાં લેવા કયા અને શું ઈલાજો કે ઉપાયો કર્યા છે તેની વિગતો ટૂંકમાં જાણવા - સમજવાનું વધુ ઉપયોગી થશે.

● **ચીન :**

કોરોના વાયરસના ભયંકર રોગની શરૂઆત ૨૦૧૯ના નવેમ્બરથી, ચીનના એક મહાનગર વુહાનથી થયેલી. ચીન સરકારના અધિકારીઓને જેવી જાણ થઈ, તે એમણે લગભગ ૨ મહિના ખાનગી રાખીને તાબડતોબ અનેક પ્રકારના પ્રતિબંધો અમલી બનાવ્યા અને રોગ-પ્રતિકાર અને મેડિસીનલ ઈમરજન્સી માટેની જંગી સગવડો ખડી કરતા ગયા. **આમાં માત્ર ૧૦ (દસ) દિવસ-રાત જબરદસ્ત મહેનત ઉઠાવીને ૧૦૦૦ દર્દીઓને માટે જરૂરી બ–ધી–જ દાક્તરી સગવડો સાથેની વિશાળ હોસ્પિટલ માત્ર દસ જ દિવસમાં ખડી કરી લીધી.** ડૉક્ટરો, ઓપરેશન થિયેટરો, ઓક્સિજન સિલિન્ડરો, એનેસ્થેશિયનો, સ્પેશિયલાઇઝેશનવાળા સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરો, નર્સો, સેનિટેશન માટેના સ્ટાફ, ટેસ્ટીંગ લેબોરેટરીઓ, ટેકનિશિયનો, વિવિધ દવાઓના જંગી સ્ટોક, એમ્બ્યુલન્સો જેવી સેંકડોની સંખ્યામાં – અને આવું બધું માત્ર ૧૦ દિવસમાં ખડી કરાયેલી ૧૦૦૦ દર્દીઓ માટેની 'જાદુઈ' હોસ્પિટલ એક જ માટે નહીં, પણ વુહાન નગર આખાયમાંની બીજી સેંકડો હોસ્પિટલો, પ્રાઈવેટ પ્રેક્ટિશનરોની ક્લિનિકો – આ બધામાં ફર્સ્ટ પ્રાયોરીટી કોવિડ-૧૯ના અસરગ્રસ્ત દર્દીઓ માટે યુધ્ધના ધોરણે કડક હાથે ગોઠવી કાઢી. ચીનના સત્તાવાળાઓએ છેક બે મહિના પ–છી દુનિયાને આ મહામારીની જાણ થવા દીધી.

નવેમ્બર - ડિસેમ્બર ૨૦૧૯ના બે મહિના દરમિયાન દરરોજ એક-એક દિવસે ૮૦૦થી ૧૦૦૦ નવા-નવા કેસો સારવાર માટે એડમિટ કરવા પડતા હતા તે ધીમે ધીમે ઘટતા ઘટતા ફેબ્રુઆરીના અંત અને માર્ચ-૨૦૨૦ની શરૂઆત સુધીમાં નવા કેસોની સંખ્યા દિવસ દીઠ માત્ર ૧૫ (પંદર) આસપાસ ઓછી થઈ ગઈ. **માર્ચની ૧૨ તારીખ સુધીમાં ચીન આખાય દેશમાં કુલ્લે ૮૦,૯૫૫ નવા કેસો હાથ પર લેવાયેલા તેમાંથી ૬૨,૮૮૮ અસરગ્રસ્તો ફરીથી નોર્મલ તંદુરસ્તીવાળા બન્યા હતા.** ચીન સરકારે જાહેર કરેલા નીતિ-નિયમોનું પાલન નહીં કરનારને ૩ થી ૭ વરસની જેલ ઠપકારવામાં આવતી હતી.

સરકારી કડક અમલમાં કંપનીઓના ટેલિફોન ઑપરેટરો અને મોબાઇલ ફોનના ઉપયોગ કરનારાઓને, તેમની અડોસ-પડોસના વિસ્તારોમાંના શકમંદ અસરગ્રસ્તોની બાતમી આપવા માટે રોકડ ઈનામો અપાતા હતા.

ચીને એક બીજો સફળ પ્રયોગ પણ અમલી બનાવેલો. હોસ્પિટલોમાં પારાવાર દર્દીઓના ભરાવા ન થઈ જાય એટલા માટે ખાસ 'ફીવર ક્લિનિકો'ની જુદી વ્યવસ્થા ગોઠવેલી. દરેક નગર, શહેર, ગામો કે ગામડાંઓના મોહલ્લા, મોટી શેરીઓ કે બિલ્ડિંગ - કોમ્પ્લેક્સોમાં રહેતા નાગરિકો, શહેરીઓ કે ગામવાસીઓ પોતાના ફ્લેટો, ઘર કે રહેઠાણોમાંથી બહાર નીકળે યા પાછા પ્રવેશે ત્યારે-ત્યારે જ એમના શરીર કે શ્વાસોચ્છવાસની બે-પાંચ મિનિટની તપાસણી થઈ જતી. કોઈ પણ સ્ત્રી, પુરુષ કે બાળકના શરીરમાં વધુ કે ઓછો તાવ હોવાનું તપાસણીમાં લાગે તો તેમને કોરોનાની હોસ્પિટલમાં નહીં, પણ 'ફીવર ક્લિનિક'માં વધુ તપાસ માટે દાખલ કરી દેવાની કડક વ્યવસ્થા કરાયેલી. જ્યાં કોરોના વાયરસના ચિહ્નો (સિમ્પટમ્સ) હોવા યા ન હોવાનું નક્કી થઈ જતું. આમ કરવાથી કોરોના - સારવાર માટેની જ હોસ્પિટલોમાં પારાવાર ભરાવા થઈ જવાનું અટકી જતું.

ચીનમાં લોકડાઉન થતો, પણ ઘણી બધી છૂટછાટો સાથે થતો; જેને કારણે ઉદ્યોગ-ધંધા-કામકાજો સાવ ઠપ્પ ન થતાં, નોકરી-ધંધા ઉદ્યોગોમાંથી લોકો, વેપારીઓ, મજદુરો કે કારીગરો રોજી-રોટી વગરના ન થતા.

આ બધાનો અર્થ એવો નથી જ કે ચીને કોઈ ભૂલ — થાપ જ નહોતી કરી.

નવેમ્બર - ડિસેમ્બર ૨૦૧૯માં જ વુહાન નગરના ૩૪ વર્ષની ઉંમરના એક અનુભવી ઓપ્થાલ્મોલોજિસ્ટ ડૉ. લી વેન્લાઇંગે સત્તાવાળાઓને ચેતવ્યા હતા કે SARS પ્રકારનો ચેપી રોગ ઝડપથી પ્રસરી રહ્યો હોવાના ઘણા એંધાણ મને દેખાય છે. માટે તુરત એ માટેની વિસ્તૃત તપાસ થવી જરૂરી છે. કોઈ વિસ્તૃત તપાસ કરવાને બદલે સરકારે તેમને ચૂપ તો કરી જ દીધેલા; ઉપરાંત, ભય ઉત્પન્ન કરનારી અફવાઓ ફેલાવવાના 'ગુના' સબબ દંડની સજા ફટકારી દેવાયેલી. આ ડૉક્ટર લી એ પછીના દિવસોમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સેવા કરતાં-કરતાં એ પોતે જ કોરોનાની મહામારીનો ભોગ બનેલા અને અવસાન પામેલા.

ચીની સરકારે શરૂઆતના બે-એક મહિના દરમિયાન આ બાબતને દબાવી રાખેલી અને કોઈ મોટો ઉપદ્રવ નથી તેવો ખૂબ ખૂબ પ્રચાર કરે રાખેલો. ચીની સત્તાવાળાઓએ ઓનલાઇન કે ઑફલાઈન આ મહામારીની કોઈ પણ ચર્ચા કરવા પર પ્રતિબંધો મૂકેલા અને 'અફવા' ફેલાવવાના 'ગુના' માટે ૮ લોકોને જેલમાં નાખી દીધેલા. હકીકતમાં આ અફવાઓ નહોતી પણ જીવલેણ મહામારી પુરવાર થયેલી.

## સિંગાપોર, હોંગકોંગ અને તાઈવાન :

આ ત્રણેય દેશોમાંથી કોઈ પણ દેશમાં ચીન જેવા કોઈ અતિ આકરા નીતિ-નિયમોના અમલ નહીં કરાયેલા.

૨૦૨૦ના જાન્યુઆરી - ફેબ્રુઆરીમાં ચીની પ્રજાનું નૂતન વર્ષ બેસતું હોય છે. આ નૂતન વર્ષની ઉજવણી નિમિત્તે આ ત્રણેય દેશો, જ્યાં ચીની પ્રજાની બહુમતી છે, તેઓ એમના સગાવહાલાઓને હળવા-મળવા ચીન જવા ઉમટે છે અને તળ ચીનમાંથી બહુ મોટી સંખ્યામાં ચીની નાગરિક સ્ત્રી-પુરુષો-બાળકો સિંગાપુર, હોંગકોંગ કે તાઈવાનની મુલાકાતે જાય - આવે છે.

● **હોંગકોંગ :**

આમ છતાં માર્ચની ૧૪ તારીખે હોંગકોંગમાં માત્ર ૧૪૦ કોવિડ-૧૯ ના કેસો નોંધાયા હતા અને માત્ર ૪ મૃત્યુ નોંધાયા હતા. સિંગાપોરમાં ૨૦૦ નવા કેસ નોંધાયા હતા અને એક પણ મૃત્યુ નોંધાયું નહોતું. તાઈવાનમાં માત્ર ૫૩ કેસ નોંધાયા હતા અને માત્ર ૧ મૃત્યુ નોંધાયું હતું.

કોરોના વાયરસના કેસ નોંધાવાની જેવી શરૂઆત જ થઈ, કે તરત જ આ ત્રણેય દેશોએ અનેકવિધ સાવધાનીના કડક પગલાં લેવાનું શરૂ કરી દીધેલું. પ્રવાસ નિયંત્રણો, ક્વોરન્ટાઇન્સની ગોઠવણો (સોશિયલ ડિસ્ટન્સિંગ), સામાજિક હળવા-મળવા પરના પ્રતિબંધો અને જાહેર પ્રજાની તંદુરસ્તી - સ્વાસ્થ્ય જાળવવાની વ્યાપક વ્યવસ્થા આ દેશોએ કશા જ વિલંબ વગર કરી. આ ત્રણેય દેશોનું કુલ વસતીનું પ્રમાણ બહુ મોટું નથી. સિંગાપોર અને તાઇવાન ટાપુઓ જેવા છે. આ ત્રણેયમાં સૌથી વધારે વસતી તાઇવાનમાં ૨ કરોડ ૩૦ લાખની છે અને હોંગકોંગ નજીવી સરહદથી ચીનનો સંપર્ક ધરાવે છે. આ કારણોએ પણ આ દેશોને કોરોના રોગને ફેલાતો અટકાવવામાં ઉપયોગી ભાગ ભજવ્યો છે.

● **સિંગાપોર :**

સિંગાપોર સૌથી પહેલો દેશ હતો કે જેવી કોરોના-રોગની બાતમી મળતા જ ચીનના વુહાન નગરથી આવતી પ્લેઇન-ફ્લાઇટો પર પ્રતિબંધ મૂકી દીધેલો અને ક્વોરન્ટાઇનની સારી સગવડો ઊભી કરી દીધેલી. સિંગાપોરની ત્રણ યુનિવર્સિટીઓની હોસ્ટેલો (વિદ્યાર્થી ગૃહો)ને ક્વોરન્ટાઇનોમાં ફેરવી નાંખેલી.

સિંગાપોરના જે નાગરિકને કોરોનાને કારણે નોકરી કે ધંધાથી દૂર રહેવું પડ્યું તેને નાણાંકીય બદલો આપવાનો નિયમ અમલી કર્યો. મોટી હાજરીવાળી સભાઓ કે સમારંભો પર પ્રતિબંધો મૂક્યા, પણ સ્કૂલો અને કૉલેજો ચાલુ રહેવા દીધા પણ પ્રત્યેક સ્કૂલો અને કૉલેજોના વિદ્યાર્થીઓ, લેક્ચરર, પ્રોફેસરો અને સ્ટાફના દરેકે દરેક માટે રોજિંદા - રોગ-ચેકિંગને ફરજિયાત બનાવ્યું.

- **તાઈવાન :**

તાઈવાને પણ લગભગ આવા બધા જ પગલા લીધા પણ કોઈ એર ફ્લાઈટની આવ-જા બંધ ન કરી, પણ પ્લેઈન ઉતરાણ કરે તેવું જ, પહેલા જ, પ્લેઇનની અંદર જ બધા પેસેન્જરો અને સ્ટાફના પરીક્ષણ - ચેકિંગને અમલી બનાવ્યું. પછીથી તાઈવાને પણ વુહાનથી આવતી ફ્લાઈટો પર પ્રતિબંધ મૂક્યા. તાઈવાન સરકાર તરફથી ક્વોરન્ટાઈનની સગવડો ઊભી કરી અને હોમ-ક્વોરન્ટાઈન પણ અમલી બનાવ્યો. આવા નિયમોના ભંગ કરનાર પર રૂા. ૨૫ લાખના દંડ ફટકાર્યા. ધાર્મિક સ્થળો, બુધ્ધ મંદિરો, ક્રિશ્ચિયન ચર્ચોમાં એકઠા થવા પર અને સ્કૂલ-કૉલેજોના નૂતન વર્ષ (લ્યુનાર ઈયર)ના વેકેશનોની મુદતો ૨૫ ફેબ્રુઆરી સુધી લંબાવી દીધી. સમયસર અનેકવિધ કોરોના-પ્રતિકારના પગલા તાઈવાને લીધેલા, તેની પ્રશંસા વિવિધ દેશોના જાણકારો મોંફાટ કરી રહ્યા છે.

- **સાઉથ કોરિયા :**

કોરોના વાયરસનો ચેપ ચિંતાજનક પ્રમાણમાં ફેલાવામાં, સાઉથ કોરિયાનો નંબર ચીન પછી ત્રીજો હતો. તે છતાં આ રોગથી મૃત્યુનું પ્રમાણ સાઉથ કોરિયામાં લગભગ નજીવું રહ્યું હતું. ચીનમાં લેવાયેલા ભારે પગલાંઓના પ્રમાણમાં સાઉથ કોરિયામાં લેવાયેલા પગલા ઘણા સાદા, નરમ હોવા છતાં, જીવહાનિ ઓછા પ્રમાણમાં થઈ હતી. સાઉથ કોરિયાના દાએગુ શહેરમાં કેસોનું પ્રમાણ ખાસ્સું વધારે રહ્યું હોવા છતાં, ત્યાંની સરકાર કે આમજનતા ગભરાઈ જઈને બેબાકળા બન્યા નહોતા. સાઉથ કોરિયાના સત્તાવાળાઓએ જેવી એમને ચીનની ખાનગી ઉથલ પાથલોની ગંધ આવી ગયેલી કે તરત જ ૨૦૧૯ના ડિસેમ્બરમાં જ વિશાળ પાયા પર રોગપ્રતિકારક જરૂરી ગોઠવણો કરી લીધી હતી. આ કારણે જ્યારે જાન્યુઆરીમાં ચેપી રોગ પ્રમાણ વધુ ફેલાયું ત્યારે સરકાર અને પ્રજા બધી રીતે પહોંચી વળવામાં સફળ રહ્યા હતા. સત્તાવાળાઓ ટેલિફોન-પરના મેડિકલ કન્સલ્ટેશન્સ, કાર ચલાવનારા માલિકો કે પેસેન્જરો કે ડ્રાઈવરોને કારમાંથી નીચે પણ ન ઉતરવું પડે અને કારમાં બેઠા બેઠા જ એમના જરૂરી હેલ્થ ચેકિંગ થઈ જાય, તેને કારણે કોરિયન પ્રજાનો સમય બગડતો નહોતો. કામધંધો રાબેતા મુજબ સંભાળી શકતા હતા અને રોગ-પ્રતિકારની સરકારી સંપૂર્ણ વ્યવસ્થા સંતોષકારક રીતે જળવાઈ શકી હતી. સરકારે શકમંદ અસરગ્રસ્તોના ટેસ્ટીંગ માટે થર્મલ કેમેરાઓનો બહોળો સફળ ઉપયોગ કર્યો હતો. સરકારે ટેસ્ટીંગ માટે એટલા મોટા પાયા ઉપર વ્યવસ્થા ગોઠવી હતી કે એક દિવસમાં ૨૦,૦૦૦ લોકોના ટેસ્ટીંગ આટોપી લેવાતા હતા. શકમંદ અસરગ્રસ્તોને ટેસ્ટીંગના સાધનો બિલકુલ કોઈ ચાર્જ લીધા વગર ફ્રી અપાતા હતા, જેથી વ્યક્તિ પોતે જ પોતાનું ટેસ્ટીંગ કરી શકે અને પોતાની સ્થિતિ છુપાવે નહીં. માર્ચ મહિના સુધીમાં કુલ ૭,૫૧૩ કેસો નોંધાયા હતા અને માત્ર ૫૪ મૃત્યુ નિપજ્યા હતા.

- **વિએટનામ :**

દક્ષિણ-પૂર્વ એશિયાના બીજા બધા દેશો કરતાં સૌથી વધારે શાણપણ, ચતુરાઈ અને દૂરંદેશી જાળવી પોતાના દેશ અને પ્રજાની સુખાકારી, તંદુરસ્તી, આર્થિક ફાયદા અને ઓછામાં ઓછું નુકસાન અને લગભગ સાવ નજીવી જાનહાનિનું આદર્શ દૃષ્ટાંત પ્રમાણમાં મધ્યમવર્ગી અને સામ્યવાદી રાજકીય વિચારસરણી ધરાવતા વિએટનામે અજાયબીભરી સીફતથી કોરોના વાયરસની કટોકટીમાંથી સાવ નજીવી જીવહાનિ અને સાવ ઓછા ખર્ચના બોજાવાળી પધ્ધતિ અપનાવી, દેશની પ્રજાનું રક્ષણ કર્યું છે. હકીકતમાં વિએટનામ દેશની રાષ્ટ્ર ભક્તિએ જે અદ્ભુત સફળતા મેળવી છે તેનું વિસ્તૃત વર્ણન એક જુદો આર્ટીકલ માંગી લે છે, જે અહીં આ વિગતવાર આર્ટીકલમાં ઉમેરવું શક્ય નથી.

*મો. ૯૧૬૭૫૬૭૩૯૫, ૯૯૩૦૬૬૦૨૪૨*

## વિચારીને આગળ વધો

*બોલતાં પહેલાં સાંભળો.*
*લખતાં પહેલાં વિચારો*
*ખર્ચતાં પહેલાં કમાઓ.*
*મૂડીરોકાણ કરતાં પહેલાં તપાસ કરો.*
*નિંદા કરતાં પહેલાં ચકાસો.*
*પ્રાર્થના કરતાં પહેલાં માફી આપો.*
*છોડી દેતાં પહેલાં કોશિશ કરો.*
*નિવૃત્ત થતાં પહેલાં બચત કરો.*
*મૃત્યુ પામતાં પહેલાં વહેંચો.*

*જીવવું સરળ છે, પ્યાર કરવું સરળ છે, હારવું કે જીતવું પણ સરળ છે. પરંતુ સરળ રહેવું એ જ ઘણું કઠિન છે.*


# ૧૦૧ વર્ષ અગાઉની સ્પેનિસ ફ્લુની મહામારીના ફોટાઓ

*આજથી ૧૦૧ વર્ષ અગાઉ દુનિયામાં સ્પેનિસ ફ્લુની મહામારી આવેલ હતી અને તે આજના કોરોનાની મહામારીની જેમ દુનિયાના અનેક દેશોમાં ફેલાઈ ગયેલ હતી.*

*એ સમયે આજની જેમ માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ, દર્દીઓથી ભરેલા હોસ્પિટલના વોર્ડ, દર્દીઓને લાવવા માટેની સ્લેજ ગાડીઓ વગેરે સરખા પ્રકારના જ હતા. દુનિયામાં મૃત્યુ પણ ટપોટપ થતા હતા.*

*એ સમયના બ્લેક એન્ડ વ્હાઈટ ફોટા સચવાયેલા પડ્યા છે કે જે અત્રે વાચકોની જાણકારી માટે રજૂ કરેલ છે.*

*આ સાથેના ફોટા જોયા બાદ એવું લાગે છે કે ભલે મહામારીનો પ્રકાર બદલાયેલો છે પણ તેને લગતા ચીવટના પગલા એ જ પ્રકારના લેવાઈ રહેલ છે. ઈતિહાસ રીપીટ થતો દેખાય છે.*






























Thursday, November 7th, 1918

CORPORATION OF THE CITY OF KELOWNA

PUBLIC NOTICE

Notice is hereby given that, in order to prevent the spread of Spanish Influenza, all Schools, public and private, Churches, Theatres, Moving Picture Halls, Pool Rooms and other places of amusement, and Lodge meetings, are to be closed until further notice.

All public gatherings consisting of ten or more are prohibited.

D. W. SUTHERLAND,
Mayor.

Kelowna, B.C.,
19th October, 1918.

મોકલનાર : CA બી. કે. પટેલ

# સંપૂટ-૨

## વિશ્વ કોરોના ડાયરી

(તા. ૩૦-૦૬-૨૦૨૦ સુધી)



અશોક મહેતા

*દુનિયામાં અત્યાર સુધી પ્લેગ, કોલેરા, ઈન્ફ્લુએન્ઝા જેવી અનેક પ્રકારની મહામારીઓ આવી ગયેલ છે. પરંતુ હાલે કોરાનાની જે મહામારી દુનિયાના ૨૦૦થી પણ વધુ દેશોમાં ફેલાઈ જવા પામેલ છે, તે અદ્વિતીય છે. તેના કારણે સમગ્ર દુનિયાના દેશોમાં લાખો લોકો સંક્રમિત થયેલ છે અને અન્ય લાખો લોકોના મૃત્યુ થયેલ છે. આ મહામારીના અંતે સંક્રમિતોની સંખ્યા કરોડોનો આંક તો વટાવી જશે પરંતુ મૃત્યુની સંખ્યા પણ લાખોમાં પહોંચશે. તેના કારણે વિશ્વના અનેક દેશોમાં તાળાબંધી (લોકડાઉન) જાહેર કરવામાં આવેલ છે કે જેના પ્રતાપે જે-તે દેશના અર્થતંત્ર પર લાંબા સમય સુધી અસરકારક રહે તેવી મંદી ફેલાઈ જવા પામી છે. અનેક લોકો પર તેની અસર થઈ છે. લોકોના ધંધા પડી ભાંગ્યા છે અને બેકારીનો વ્યાપ ખૂબ જ વધી જવા પામેલ છે.*

*આવતા દિવસોમાં આ મહામારી ઐતિહાસિક ઘટના બની જશે કે જેનું દસ્તાવેજીકરણ ભવિષ્યની જનતા માટે ખૂબ જ રોચક બની રહેશે.*

*આ ગણતરી રાખીને 'વિશ્વ કોરોના ડાયરી'નું સર્જન કરવામાં આવેલ છે. જેમાં વિશ્વ, ભારત, ગુજરાત અને અમદાવાદની વિગતોનો વિસ્તારપૂર્વક સમાવેશ કરી લેવામાં આવેલ છે. તેને અત્રેથી પ્રસારિત કરતા એવી આશા રાખવામાં આવે છે કે આ ડાયરી આવતા વર્ષોમાં એક ઐતિહાસિક નોંધ બની જવા પામશે.*

*આ ડાયરીની વિગતો ગુજરાતમાં પ્રસારિત થતા વર્તમાનપત્રોમાંથી લેવામાં આવેલ છે. સમગ્ર ગુજરાતમાં લોકડાઉનની પરિસ્થિતિના કારણે તા. ૨૪-૩-૨૦૨૦થી તા. ૧૫-૪-૨૦૨૦ સુધી અનેક વર્તમાનપત્રોનું વિતરણ કરવામાં આવેલ ન હોવાથી એ સમયની ડાયરીમાં વિગતોનો સમાવેશ કદાચ થોડો અધૂરાશપૂર્વકનો હોઈ શકે, કે જેની નોંધ લેવા આ ડાયરીના વાચક વર્ગને અપીલ કરવામાં આવે છે.*

*અત્રે જે નોંધ પ્રસારિત કરવામાં આવેલ છે તે વર્તમાનપત્રની તારીખ છે. તેથી પ્રસારિત થયેલ મોટાભાગના આંકડા આગલા દિવસના હોય તેવી ગણના કરવામાં આવે.*

*– તંત્રી મંડળ*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| **નવેમ્બર-૨૦૧૯** | | |
| ૧૭-૧૧-૨૦૧૯ સોમવાર | ચીન | ● ૧૭ નવેમ્બર, ૨૦૧૯ના રોજ ચીનમાં વુહાનમાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયેલ હતો. પરંતુ તા. ૮-૬-૨૦૨૦ના રોજ ચીને જે શ્વેત પત્ર જાહેર કર્યું તેમાં તેમણે કોરોનાનો પ્રથમ કેસ વાયરલ ન્યુમોનિયા તરીકે ૨૭ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ નોંધાયેલ હતો તેવું જાહેર કરેલ હતું. |

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| **ડિસેમ્બર-૨૦૧૯** | | |
| ૨૨-૧૨-૨૦૧૯ | ચીન | ● અત્યાર સુધી ચીનમાં કોરોનાને કારણે ૯ મૃત્યુ થયા. |
| ૩૧-૧૨-૨૦૧૯ | ચીન | ● કોરોનાને કારણે ચીનમાં સંક્રમિતોની સંખ્યા ૨૬૬ પર પહોંચેલ હતી. |
| **જાન્યુઆરી-૨૦૨૦** | | |
| ૨૯-૧-૨૦૨૦ | ભારત | ● કેરાલાના ત્રિચુર શહેરમાં ભારતમાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો. |
| ૩૦-૧-૨૦૨૦ | વિશ્વ | ● અત્યાર સુધી દુનિયામાં પોઝીટીવ કેસ ૯૭૦૦ નોંધાયા. |
| ૩૧-૧-૨૦૨૦ | વિશ્વ | ● WHOએ દુનિયામાં ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી ઘોષિત કરી. |
| **ફેબ્રુઆરી-૨૦૨૦** | | |
| ૮-૨-૨૦૨૦<br>શનિવાર | ભારત | ● દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી કરવામાં આવી.<br>● અન્ય તરફ દિલ્હીમાં સીએએ અને એનઆરસી વિરુધ્ધ ધરણા ચાલુ હતા. |
| ૧૨-૨-૨૦૨૦ | ભારત | ● દિલ્હીની ચૂંટણીના પરિણામ આવ્યા. આપને ૬૨ અને ભાજપને ૮ સીટ મળી. |
| ૧૪-૨-૨૦૨૦<br>શુક્રવાર | વિશ્વ | ● વિશ્વમાં કોરોનાના નોંધાયેલ પોઝીટીવ કેસ ૬૦,૩૮૪. તેમાં ચીનના ૫૯,૮૦૪ અને બાકી વિશ્વના ૫૮૦ કેસ હતા. |
| | ચીન | ● ચીનમાં કોરોનાના પોઝીટીવ કેસ ૫૯૮૦૪, મૃત્યુ ૧૩૬૭. |
| ૧૮-૨-૨૦૨૦<br>મંગળવાર | ચીન | ● ચીનમાં કોરોનાના પોઝીટીવ કેસ ૭૦૫૪૮. અત્યાર સુધીનો ટોટલ મૃત્યુનો આંક ૧૭૭૦. |
| | ભારત | ● ચીનમાંથી ફ્લાઈટ દ્વારા ભારતીયોને પરત લાવવામાં આવ્યા.<br>● કોરોના સામે લડવા ભારત ચીનમાં મેડિકલ સાધનો મોકલી આપશે તેવી જાહેરાત કરવામાં આવી. |
| ૨૧-૨-૨૦૨૦<br>શુક્રવાર | વિશ્વ | ● ચીન સિવાયના દેશોમાં મૃત્યુની સંખ્યાનો આંકડો ૮ પર પહોંચ્યો.<br>● ખાડીના દેશોમાં પ્રથમ પોઝીટીવ કેસ નોંધાયો.<br>● ઈરાનમાં ૨ વ્યક્તિના કોરોનાના કારણે મૃત્યુ થયા. |
| | ચીન | ● પોઝીટીવ દર્દીની સંખ્યા ૭૪,૫૭૬. ટોટલ મૃત્યુ ૨૧૧૮. |
| | ભારત | ● ***ચીન અને ભારત વચ્ચે વ્યાપારનો માહોલ હોવાથી બંને દેશ વચ્ચે આવન-જાવન ચાલુ રહેલ. છતાં ભારત કોરોના બાબતે સક્રિય ના થયું.*** |
| ૨૩-૨-૨૦૨૦<br>રવિવાર | વિશ્વ | ● ચીન પછી હવે યુરોપના ઈટાલીમાં ૧૫,૦૦૦ની વસ્તી ધરાવતા કોડોગ્નો શહેરમાં તાળાબંધી જાહેર કરવામાં આવી. કોડોગ્નોમાં ૨ વ્યક્તિના મૃત્યુ થયા અને તે સિવાય બીજા ૩ પોઝીટીવ કેસ નોંધાયા.<br>● દક્ષિણ કોરિયામાં નવા ૧૪૨ કેસ સાથે ટોટલ ૩૪૦ પોઝીટીવ કેસ નોંધાયા.<br>● ઈરાનમાં વધુ ૨ મૃત્યુના કારણે ટોટલ મૃત્યુનો આંક ૪નો થયો. |
| | ચીન | ● ચીનમાં ૭૬,૨૮૮ પોઝીટીવ કેસ. ૨૩૪૫ મૃત્યુ. |
| ૨૪-૨-૨૦૨૦<br>સોમવાર | વિશ્વ | ● ઈટાલીમાં ૧૦૦થી વધુ પોઝીટીવ કેસ નોંધાતા ત્યાંના ૧૨ શહેરોમાં તાળાબંધી જાહેર કરવામાં આવી.<br>● દક્ષિણ કોરિયામાં પોઝીટીવ કેસનો આંકડો ૫૫૬.<br>● ઈરાનમાં કોરોનાના કારણે ટોટલ ૬ના મૃત્યુ.<br>● ચીનથી અત્યાર સુધી વિશ્વના ૨૬ દેશોમાં કોરોના ફેલાયો. |
| | ચીન | ● ચીનમાં કોરોનાનો પોઝીટીવ આંકડો ૭૭૦૦૦. મૃત્યુ ૨૪૪૨. |

*નયન મળતા નયન શરમાઈ જશે, મન મળતા મન હરખાઈ જશે.*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | ભારત | ● ***ગુજરાતના અમદાવાદના મોટેરા સ્ટેડિયમમાં અમેરિકાના પ્રેસિડેન્ટ ટ્રમ્પનું આગમન થતા તેમના સ્વાગત માટે અહીં એક લાખ જેટલી પબ્લિક એકત્રિત થઈ.*** |
| ૨૫-૨-૨૦૨૦ મંગળવાર | ચીન | ● ચીનમાં ૧૮ શહેરોમાં તાળાબંધી જાહેર કરવામાં આવી. |
| | ભારત | ● સંસદીય સત્ર મુલત્વી રાખવામાં આવ્યું. |
| ૨૭-૨-૨૦૨૦ ગુરૂવાર | વિશ્વ | ● ચીન સિવાયના ૩૭ દેશોમાં ૪૪ના મૃત્યુ થયા. |
| | ભારત | ● ભારતના પાટનગર દિલ્હીમાં સી.એ.એ. અને આર.સી.ના અનુસંધાને ૧૯૮૪ પછીની સૌથી મોટી હિંસા. આ હિંસામાં ૨૭ વ્યક્તિના મૃત્યુ થયા. |
| | ગુજરાત | ● ગુજરાત વિધાનસભામાં વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટની રજૂઆત. |
| ૨૮-૨-૨૦૨૦ શુક્રવાર | વિશ્વ | ● સાઉદી અરબે ઈસ્લામના સૌથી વધુ પવિત્ર સ્થળોમાંના મક્કા અને મદીનાની યાત્રા પર પ્રતિબંધ મૂક્યો.<br>● પાકિસ્તાનમાં બે વ્યક્તિ કોરોના વાઈરસની ઝપટમાં આવી.<br>● ઈરાન - દુબઈ વચ્ચે વિમાની સેવા બંધ કરવામાં આવી. |
| | ચીન | ● ચીનમાં કોરોનાની સંક્રમિત સંખ્યા ૭૮૪૯૭ની થઈ છે જ્યારે ટોટલ મૃત્યુ ૨૭૪૪ના થયા છે.<br>● ચીનમાં કામ કરતી ૧૩૦ જેટલી ભારતીય કંપનીઓની આવકમાં સારું એવું ગાબડુ પડવાની શક્યતા છે. |
| | ભારત | ● વુહાન, ટોકિયો વગેરે સ્થળોએથી અનેક ભારતીયોને વિમાન દ્વારા ભારત લાવવામાં આવ્યા. |
| ૨૯-૨-૨૦૨૦ શનિવાર | વિશ્વ | ● વિશ્વભરમાં કોરોનાના ૮૩૦૦૦ કેસ નોંધાયા. જેમાં ચીનના ૭૮૦૦૦ કેસ.<br>● દક્ષિણ કોરિયામાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨૩૩૭.<br>● ઈરાનમાં મૃત્યુ આંક ૩૪ પર પહોંચ્યો. |
| | ચીન | ● ચીનમાં પોઝીટીવ કેસ ૭૮૧૯૦ અને મૃત્યુ ૨૮૦૦ની ઉપર. |
| **માર્ચ-૨૦૨૦** | | |
| ૨-૩-૨૦૨૦ સોમવાર | વિશ્વ | ● વિશ્વમાં કોરોનાનો આંકડો ૮૮૦૦૦.<br>● વિશ્વમાં કોરોનાથી ૩૦૦૦ના મૃત્યુ કે જેમાં ૨૮૭૦ મૃત્યુ ચીનમાં.<br>● કોરાનાનો અમેરિકામાં પગપેસારો. ૭૦થી વધુ પોઝીટીવ કેસો. ૧નું મૃત્યુ.<br>● ઈરાનમાં કોરોનાના કારણે ૫૪ના મૃત્યુ થયા.<br>● સમગ્ર દુનિયામાં ફોરેન ટુર હવે પછીથી કેન્સલ થવાની શક્યતા. |
| | ભારત | ● ભારત - બેંગકોક વચ્ચેની ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી.<br>● અમદાવાદ એરપોર્ટ પર ઈરાન, ઈટાલી, કોરિયા, સીંગાપોર વગેરે દેશોમાંથી આવનાર પ્રવાસીઓનું ફરજિયાત સ્ક્રિનિંગ કરાશે. ૧૪ દિવસ સુધી ક્વોરન્ટાઈનમાં રાખવાની જાહેરાત. |
| ૩-૩-૨૦૨૦ મંગળવાર | ભારત | ● ભારતમાં કોરોનાના વધુ ૩ કેસ. આ ત્રણે વ્યક્તિ અન્ય દેશમાંથી આવી. ૧ જયપુરમાં, ૧ દિલ્હીમાં અને ૧ તેલંગાણામાં.<br>● અત્યાર સુધી ભારતમાં કોરોનાના કુલ ૧૩ પોઝીટીવ કેસ નોંધાયા. |
| ૪-૩-૨૦૨૦ બુધવાર | વિશ્વ | ● વિશ્વમાં કોરોનાના દર્દીની ટોટલ સંખ્યા ૯૦૪૨૮ અને મૃત્યુ ૩૧૧૭. |
| | ભારત | ● ઈટાલી, ઈરાન, દ.કોરિયા અને જાપાનથી આવનારાઓના વિઝા રદ કરવામાં આવ્યા.<br>● ભારતમાં કોરોનાના વધુ ૬ કેસ નોંધાયા. ટોટલ કેસ ૧૯ થયા.<br>● નોઈડાની બે સ્કૂલો બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી. |
| | ગુજરાત | ● અમદાવાદ - બેંગકોકને સાંકળતી ફ્લાઈટ ૨૯ માર્ચ સુધી કેન્સલ રાખવાની જાહેરાત. |

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| ૫-૩-૨૦૨૦ ગુરૂવાર | વિશ્વ | ● વિશ્વ બેંકે કોરોના સામે લડવા ૧૨ અબજ ડોલરના પેકેજની જાહેરાત કરી. |
| | ભારત | ● ભારતમાં કોરોનાના ટોટલ ૨૮ કેસ નોંધાયા. જેમાં ૧૬ ઈટાલીથી અલગ અલગ સમયે આવેલ પ્રવાસીઓ. |
| ૬-૩-૨૦૨૦ શુક્રવાર | વિશ્વ | ● વિશ્વના ૮૦ જેટલા દેશો કોરોનાથી પ્રભાવિત.<br>● વિશ્વમાં ૩૦ કરોડ વિદ્યાર્થીઓની શાળા - કોલેજો બંધ. |
| | ચીન | ● ચીનમાં મૃત્યુ આંક ૩૦૧૨. |
| ૭-૩-૨૦૨૦ શનિવાર | વિશ્વ | ● વિશ્વમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૧ લાખને પાર. મૃત્યુનો આંક ૩૨૮૦. |
| | ચીન | ● ચીનમાં દર્દીઓની સંખ્યા ૮૦૫૫૨. મૃત્યુનો આંક ૩૦૪૨. |
| | અમદાવાદ | ● SVP સહિત ૩ હોસ્પિટલમાં ઊભા કરાયેલા ૫૧ પથારીના વોર્ડ તેમજ ૧૪ વેન્ટીલેટર, ૨૨ હજાર PPE કીટની અને ૩.૧૧ લાખ માસ્કની ઊભી કરાયેલ સગવડ. |
| ૮-૩-૨૦૨૦ રવિવાર | વિશ્વ | ● દુનિયાના ૯૭ દેશોમાં કોરોના ફેલાયો.<br>● અમેરિકામાં ૪૦૦થી વધુ કોરોનાના કેસ. મૃત્યુ આંક ૧૯.<br>● ઈટાલીમાં ચોથા ભાગની વસતી લોકડાઉનમાં. |
| | ભારત | ● ભારતમાં આજે હોળીનો ઉત્સવ.<br>● કોરોનાને કારણે લેહ - લડાખમાં બધી સ્કૂલો બંધ.<br>● કેરાલામાં કોરોનાના વધુ ૫ કેસ. ભારતમાં ટોટલ નોંધાયેલા ૪૦ કેસ. |
| ૧૦-૩-૨૦૨૦ મંગળવાર | વિશ્વ | ● વિશ્વમાં ૧.૧૦ લાખ લોકો કોરોના પોઝીટીવ. ૩૮૦૦ના મૃત્યુ.<br>● ઈટાલીમાં એક જ દિવસમાં ૧૩૩ના મૃત્યુ. ટોટલ મૃત્યુ ૩૬૬.<br>● ઈરાનમાં એક જ દિવસમાં ૬૦૦ કેસ નોંધાયા અને એક જ દિવસમાં વધુ ૪૯ના મૃત્યુ. |
| | ભારત | ● ભારતમાં કોરોના પોઝીટીવનો ટોટલ આંક ૫૪. |
| ૧૨-૩-૨૦૨૦ ગુરૂવાર | વિશ્વ | ● WHO એ કોરોનાને વૈશ્વિક મહામારી તરીકે જાહેર કરી. |
| | ભારત | ● ***ભારતમાં રાજકારણ : મધ્ય પ્રદેશમાં સિંધિયા કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયા. મધ્ય પ્રદેશમાં કોંગ્રેસ સરકાર ભયમાં.***<br>● ભારતે ૧૫ એપ્રિલ, ૨૦૨૦ સુધી તમામ વિઝા રદ કર્યા.<br>● ભારતમાં કોરોનાના ટોટલ પોઝીટીવ કેસ ૬૮. |
| ૧૩-૩-૨૦૨૦ શુક્રવાર | વિશ્વ | ● વિશ્વમાં ૧૧૦થી વધુ દેશોમાં ૧.૨૬ લાખ લોકોને કોરોનાનો ચેપ.<br>● યુરોપના દેશોના પ્રવાસ પર અમેરિકાનો પ્રતિબંધ. |
| | ભારત | ● કર્ણાટકમાં ૭૬ વર્ષના એક દર્દીનું કોરોનાના કારણે મૃત્યુ. ભારતમાં કોરોનાના કારણે પ્રથમ મૃત્યુ.<br>● ભારતમાં કોરોનાના દર્દી વધીને ૭૬ થયા.<br>● દિલ્હીમાં ૩૧ માર્ચ સુધી શાળા - કોલેજો બંધ રાખવાની જાહેરાત. |
| ૧૪-૩-૨૦૨૦ શનિવાર | વિશ્વ | ● વિશ્વના ૧૨૦ દેશોમાં કોરોનાનો વ્યાપ. મૃત્યુ આંક ૫૦૦૦થી વધુ.<br>● સમગ્ર વિશ્વમાં સ્કૂલ, કોલેજો, સ્ટેડિયમ વગેરે બંધ. |
| | ભારત | ● ભારતમાં ૧૧ રાજ્યોમાં કોરોનાનો વ્યાપ. ટોટલ દર્દીની સંખ્યા ૮૧.<br>● દિલ્હીમાં ૧ વ્યક્તિનું મૃત્યુ થતાં ભારતમાં મૃત્યુનો આંક ૨ નો થયો. |
| ૧૫-૩-૨૦૨૦ રવિવાર | વિશ્વ | ● કોરોનાના કારણે અમેરિકા અને સ્પેને રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી.<br>● ઈટાલીમાં એક જ દિવસમાં ૨૫૦થી વધુ મૃત્યુ. |

*આંસુ સૂકાયા પછી જે મળવા આવે એ સંબંધ છે અને આંસુ પહેલા મળવા આવે એ પ્રેમ છે.*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | ભારત | ● ભારતમાં કોરોનાને રાષ્ટ્રીય આપત્તિ તરીકે જાહેર કરવામાં આવી.<br>● ભારતમાં કોરોનાના પોઝીટીવ કેસનો આંકડો ૧૦૦ને પાર.<br>● મહારાષ્ટ્રમાં ૧ મૃત્યુ સાથે ભારતમાં મૃત્યુનો આંક ૩ પર પહોંચ્યો.<br>● અત્યાર સુધી વિદેશથી આવતા ૧૨ લાખ મુસાફરોનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું. |
| ૧૬-૩-૨૦૨૦ સોમવાર | વિશ્વ | ● વિશ્વમાં કોરોનાના ૧.૬૭ લાખથી વધુ દર્દી. મૃત્યુનો આંક ૬૫૦૦ની નજીક.<br>● ઈટાલીમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૬૮ મૃત્યુ. ટોટલ મૃત્યુ આંક ૧૮૦૯.<br>● છેલ્લા ૨૪ કલાકમાં ઈરાનમાં ૧૧૩ના મૃત્યુ.<br>● છેલ્લા ૨૪ કલાકમાં સ્પેનમાં ૧૦૦ના મૃત્યુ.<br>● અમેરિકાનો ટોટલ મૃત્યુ આંક ૬૦ પર પહોંચ્યો.<br>● કોરોના સામે સાર્ક દેશોએ ઈમરજન્સી ફંડની રચના કરી. ભારતે ૭૪ કરોડ આપ્યા. |
| | ભારત | ● ઈટાલી - ઈરાનથી ૪૫૦ ભારતીયોને ભારત લવાયા. |
| | ગુજરાત | ● ગુજરાતમાં આજથી શાળા, કોલેજો, મલ્ટીપ્લેક્સ વગેરે ૩૧ માર્ચ સુધી બંધ રહેશે.<br>● ***ગુજરાતની રાજ્યસભાની ૪ સીટની ચૂંટણી માટે રાજકારણ. કોંગ્રેસમાંથી ૪ ધારાસભ્યોના રાજીનામા. ધારીમાંથી જે.વી. કાકડિયા, લીંબડીમાંથી સોમા ગાંડા પટેલ, અબડાસામાંથી પ્રદ્યુમ્નસિંહ જાડેજા અને ગઢડામાંથી પ્રવીણ મારૂએ રાજીનામા આપ્યા.*** |
| ૧૭-૩-૨૦૨૦ | વિશ્વ | ● વિશ્વમાં કોરોનાના ૧.૭૩ લાખ કેસ. મૃત્યુ આંક ૬૬૮૬. |
| મંગળવાર | ભારત | ● અત્યાર સુધી ભારતમાં કોરોનાના ૧૧૪ કેસ નોંધાયા. |
| ૧૮-૩-૨૦૨૦ બુધવાર | વિશ્વ | ● વિશ્વમાં કોરોનાના ૧,૮૮,૧૬૭ કેસ નોંધાયા. મૃત્યુનો આંક ૭૪૯૭.<br>● અમેરિકામાં કેસની સંખ્યા ૫૬૩૬ અને મૃત્યુ આંક ૯૧. |
| | ભારત | ● ભારતમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૧૩૮. |
| ૧૯-૩-૨૦૨૦ ગુરૂવાર | વિશ્વ | ● વિશ્વમાં કોરોનાના ૨.૦૫ લાખ કેસ. મૃત્યુ આંક ૮૨૫૦.<br>● યુરોપના દેશોએ પોતાની બોર્ડર સીલ કરી.<br>● અમેરિકા - કેનેડાની સરહદ પર તાળાબંધી.<br>● ઓસ્ટ્રિયા - હંગેરીની સરહદ પર ૧૭ કિ.મી. લાંબી ટ્રકની લાઈન. |
| | ભારત | ● ભારતમાં કોરોનાના ટોટલ ૧૫૮ કેસ.<br>● સૈન્યમાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો.<br>● મુંબઈમાં આજથી આંશિકપણે શટ ડાઉનની જાહેરાત.<br>● ***વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રાત્રે ૮.૦૦ વાગે ટી.વી. પર સંબોધન કર્યું. રવિવાર, તા. ૨૨-૩-૨૦૨૦ના કોરોનાની સામે જાગૃત થવા દેશભરમાં જનતા કર્ફ્યુની અપીલ કરી.*** |
| | ગુજરાત | ● ગાંધીનગર સચિવાયલમાં મીટિંગો પર પ્રતિબંધ. |
| ૨૦-૩-૨૦૨૦ શુક્રવાર | વિશ્વ | ● વિશ્વમાં કોરોનાના ૨.૩૬ લાખથી વધુ કેસો. મૃત્યુ આંક ૧૦,૦૦૦ની નજીક.<br>● ઈટાલીમાં એક જ દિવસમાં ૪૭૫ના મૃત્યુ. |
| | ભારત | ● તા. ૨૨-૩-૨૦૨૦થી બધી જ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ પર પ્રતિબંધ.<br>● ભારતમાં કોરોનાથી ૪થું મોત પંજાબમાં. ભારતમાં કુલ કેસની સંખ્યા ૧૯૭. |
| | ગુજરાત | ● ગુજરાતમાં પ્રથમ વખત કોરોનાના બે કેસ નોંધાયા. સુરત અને રાજકોટમાં ૧-૧ કેસ.<br>● આજથી ગુજરાતના બધા જ મોટા મંદિરો દર્શનાર્થીઓ માટે બંધ જાહેર કરવામાં આવ્યા. |

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| ૨૧-૩-૨૦૨૦<br>શનિવાર | ભારત | ● ***મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન કમલનાથનું રાજીનામું. ૧૫ મહિનાની કોંગ્રેસ સરકારનું પતન.***<br>● ભારતમાં કોરોનાના ટોટલ ૨૫૧ કેસ. જેમાં મહારાષ્ટ્રના ૫૨ અને કેરાલાના ૪૦નો સમાવેશ. |
| | ગુજરાત | ● ગુજરાતમાં અમદાવાદમાં ૩ અને વડોદરામાં ૨ એમ ટોટલ મળીને નવા પાંચ કેસ નોંધાયા. ગુજરાતમાં ટોટલ ૭ કેસ થયા.<br>● અમદાવાદ સહિત રાજ્યના ૧૪ જિલ્લામાં કલમ-૧૪૪ લાગુ કરવામાં આવી. |
| | અમદાવાદ | ● અમદાવાદમાં સૌપ્રથમ કોરોનાના ૩ પોઝીટીવ કેસ નોંધાયા.<br>● ટ્રેનો બંધ થાય એ પહેલા વતન પહોંચવા અમદાવાદ સ્ટેશને ભીડ ઉમટી પડી. |
| ૨૨-૩-૨૦૨૦<br>રવિવાર | વિશ્વ | ● દુનિયામાં લોક ડાઉનના કારણે ૧ અબજથી વધુ લોકો ઘરમાં કેદ.<br>● દુનિયાના ૧૬૩ દેશમાં ૧.૭૫ લાખથી વધુ કેસ. ૧૧૩૯૭ના મૃત્યુ.<br>● સ્પેનમાં ૨૪૯૨૬ પોઝીટીવ કેસ. ૩૩૫૫ના મૃત્યુ.<br>● ઈટાલીમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૨૭ના મૃત્યુ.<br>● અમેરિકામાં ટોટલ ૧૯૭૭૭ કેસ. ૨૭૬ના મૃત્યુ. |
| | ભારત | ● ***વડાપ્રધાનની અપીલના કારણે કોરોનાને રોકવા આજે દેશભરમાં જનતા કર્ફ્યુ.***<br>● ***દેશભરમાં રીક્ષા, બસ, રેલ્વે, વિમાન, દુકાનો વગેરે સંપૂર્ણપણે બંધ.***<br>● મહારાષ્ટ્રના સૌથી વધુ ૬૧ કેસ સહિત દેશભરમાં કોરોનાના ૩૨૧ પોઝીટીવ કેસ. |
| | ગુજરાત | ● ***ગુજરાત સરકારે તા. ૨૩થી ૨૫ સુધી ગુજરાતના ૬ શહેર, ગાંધીનગર જિલ્લા તથા કચ્છ જિલ્લામાં લોકડાઉન જાહેર કર્યું.***<br>● તા. ૨૪થી ૨૯ માર્ચ દરમિયાન રોટેશન પધ્ધતિથી સરકારી કચેરીમાં ૫૦ ટકા સ્ટાફથી ઓફિસો ચાલુ રાખવાનું જાહેર કરાયું.<br>● છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના દર્દી ૭થી વધીને ૧૪ થયા.<br>● ગાંધીનગરમાં કોરોનાનો પ્રથમ પોઝીટીવ કેસ જાહેર થયો.<br>● કચ્છના લખપત તાલુકામાં મહિલા દર્દી તરીકે પ્રથમ પોઝીટીવ કેસ જાહેર થયો. |
| | અમદાવાદ | ● અમદાવાદમાં બીજી ૨ વ્યક્તિને કોરોના પોઝીટીવ. અમદાવાદમાં ટોટલ ૫ કેસ થયા. |
| ૨૩-૩-૨૦૨૦<br>સોમવાર | વિશ્વ | ● વિશ્વમાં કોરોનાના ૩ લાખથી વધારે કેસ. ૧૪૦૦૦થી વધારે મૃત્યુ. |
| | ભારત | ● ***રાજકારણમાં મધ્ય પ્રદેશમાં કોંગ્રેસની સરકારના બદલે ભાજપની સરકારની રચના. મુખ્યપ્રધાન તરીકે શિવરાજસિંહની શપથવિધિ કરવામાં આવી.***<br>● ભારતમાં કોરોનાના પોઝીટીવ કેસની સંખ્યા ૩૬૫.<br>● ભારતમાં કોરોનાના કારણે એક જ દિવસમાં ૩ના મૃત્યુ. ટોટલ મૃત્યુ આંક ૭. |
| | ગુજરાત | ● ગુજરાત સરકારની આજની જાહેરાત મુજબ સમગ્ર ગુજરાતમાં તા. ૩૧-૩ સુધી સંપૂર્ણપણે લોકડાઉન.<br>● ગુજરાતમાં કોરોનાથી પ્રથમ મૃત્યુ સુરતમાં. ગુજરાતમાં ૫ નવા પોઝીટીવ કેસ. |
| ૨૪-૩-૨૦૨૦<br>મંગળવાર | ભારત | ● ***આજે રાત્રે ૮ વાગે ટી.વી. પર ભારતના મુખ્યપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનું કોરોનાના મુદ્દે પ્રવચન. તેમણે આજે જ રાત્રે ૧૨ વાગ્યાથી એટલે કે તા. ૨૫-૩-૨૦૨૦ની વહેલી સવારથી તા. ૧૪-૪-૨૦૨૦ સુધી સમગ્ર ભારતમાં ૨૧ દિવસના લોકડાઉનની જાહેરાત કરી (લોકડાઉન-૧). (આ જાહેરાતનો મતલબ એ કરવામાં આવે છે કે કોરોના સામે સમગ્ર ભારતમાં ખૂબ જ અગાઉ ચેતી જવાની જરૂર હતી પરંતુ શાહીનબાગની લડત, દિલ્હીની ચૂંટણી, ૧૪ ફેબ્રુઆરીની અમેરિકાના પ્રેસિડેન્ટ ટ્રમ્પની મુલાકાત અને મધ્ય પ્રદેશમાં ભાજપની સરકાર જેવા રાજકીય કારણોસર કોરોના સામેની લડતમાં ખૂબ જ મોડું કરવામાં આવ્યું.)*** |
| | ગુજરાત | ● ***તા. ૨૪-૩-૨૦૨૦થી તા. ૧૫-૪-૨૦૨૦ સુધી સમગ્ર ગુજરાતના મોટા / નાના શહેરોમાં અને અમદાવાદમાં પણ વર્તમાનપત્રોનું વિતરણ ફેરિયાઓએ બંધ કર્યું. પરિણામે સમાચાર મેળવવાના સાધનો ટી.વી. અને મોબાઈલ રહ્યા.*** |

*આંસુ પણ એક પરેશાની છે, ખુશી અને ગમ બંનેની નિશાની છે; સમજણવાળા માટે અણમોલ છે, ના સમજવાવાળા માટે પાણી છે.*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| ૩૦-૩-૨૦૨૦ | વિશ્વ | ● દુનિયામાં કોરોનાના પોઝીટીવ કેસ ૭ લાખથી ઉપર અને મૃત્યુ ૩૪૦૦૦ની નજીક. |
| **એપ્રિલ-૨૦૨૦** | | |
| ૧-૪-૨૦૨૦ બુધવાર | વિશ્વ | ● કોરોનાને કારણે સમગ્ર વિશ્વમાં ૩.૬ અબજ લોકો ઘરમાં કેદ.<br>● વિશ્વમાં ૯.૩૭ લાખથી વધુ કેસ અને ૪૭૦૦૦થી વધુના મૃત્યુ. |
| | ભારત | ● તબલીગી જમાતે દેશમાં કોરોના વધુ પ્રમાણમાં ફેલાવ્યો. દિલ્હી ખાતેના નિઝામુદ્દીનના મરકઝ કેન્દ્રના ૧૫૩૦ લોકોમાંથી ૪૪૧માં કોરોનાના લક્ષણ.<br>● ભારતમાં કોરોનાના ૧૫૦૦થી વધુ કેસ. અત્યાર સુધી ૪૫ના મૃત્યુ.<br>● ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૧૦ના મૃત્યુ. ટોટલ મૃત્યુ આંક ૪૫.<br>● મહારાષ્ટ્રમાં ટોટલ પોઝીટીવ કેસ ૩૦૨, કેરાલામાં ૨૪૧ અને દિલ્હીમાં ૯૭. |
| | ગુજરાત | ● ગુજરાતમાં ટોટલ પોઝીટીવ કેસ ૭૪. મૃત્યુ આંક ૬. |
| | અમદાવાદ | ● અમદાવાદમાં ટોટલ પોઝીટીવ કેસ ૨૪. મૃત્યુ આંક ૩.<br>● અમદાવાદને હોટ સ્પોટ જાહેર કરવામાં આવ્યું. |
| ૨-૪-૨૦૨૦ ગુરૂવાર | ભારત | ● દિલ્હીના તબલીગી કાર્યક્રમમાં ભાગ લેનારની દેશભરમાં શોધખોળ.<br>● છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં ૩૮૬ નવા કેસ. ટોટલ કેસ ૧૯૦૦ની ઉપર.<br>● છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં ૧૦ મૃત્યુ. અત્યાર સુધીમાં ટોટલ મૃત્યુ ૫૫. |
| | ગુજરાત | ● ગુજરાતમાં નવા ૧૩ કેસ. અત્યાર સુધીમાં ટોટલ કેસની સંખ્યા ૮૭. |
| | અમદાવાદ | ● અમદાવાદમાં નવા ૮ કેસ. ટોટલ કેસની સંખ્યા ૩૨. |
| ૩-૪-૨૦૨૦ શુક્રવાર | વિશ્વ | ● બ્રિટનમાં વેન્ટીલેટરની સંખ્યા ઓછી હોવાથી વૃદ્ધ દર્દીઓના વેન્ટીલેટર કાઢીને યુવા દર્દીઓને ફાળવવાનો આદેશ.<br>● વુહાન યુનિવર્સિટીની રેનમિન હોસ્પિટલમાં હાઈડ્રોક્સિક્લોરોક્વિન દ્વારા કોવિડ-૧૯ના દર્દીને રીકવર કરી શકાય તેવું સંશોધન કરાયું. |
| | ભારત | ● કોરોના સામે લડવા આર્મિની યુદ્ધના ધોરણે તૈયારીઓ. દેશભરમાં ૧૩૩ હોસ્પિટલ, ૮૫૦૦ ડૉક્ટરો અને ૯૦૦૦ બેડ તૈયાર.<br>● છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વકર્યો. ટોટલ દર્દી ૩૦૫૯ અને ટોટલ મૃત્યુનો આંક ૮૬ પર પહોંચ્યો.<br>● મધ્ય પ્રદેશ, દિલ્હી, પંજાબ, રાજસ્થાન, ગુજરાત, હરિયાણા અને મહારાષ્ટ્રમાં મૃત્યુ નોંધાયા.<br>● દેશભરમાં તબલિગી જમાત સાથે સંકળાયેલા ૪૦૦ લોકો કોરોનાથી સંક્રમિત.<br>● ૧૩૦૦ વિદેશીઓ સહિત ૯૦૦૦થી વધુ તબલિગીઓને ક્વોરન્ટાઈન કરાયા.<br>● કોરોનાને કારણે ટુરિઝમ ઈન્ડસ્ટ્રીઝને આ વર્ષે રૂા. ૧.૨૫ લાખ કરોડનો ફટકો પડવાની સંભાવના.<br>● ફોર્ટિસ હેલ્થ કેર દ્વારા વડાપ્રધાન રાહત ફંડમાં રૂા. ૫.૯૦ કરોડનું દાન. |
| | ગુજરાત | ● કોરોના સામેના જંગ માટે ૩૪ પ્રકારના પર્સનલ પ્રોટેક્શન ઈક્વિપમેન્ટ્સનું સરકારે ભાવ નિર્ધારણ કર્યું. રૂા. ૮.૯૪ લાખમાં વેન્ટીલેટર અને રૂા. ૪૧/-માં N-૯૫ પ્રકારના માસ્ક ખરીદાશે.<br>● ૫૦૦ વેન્ટીલેટર્સ તાત્કાલિક મોકલવાની ગુજરાત સરકારની કેન્દ્રને રજૂઆત. |
| | અમદાવાદ | ● થઈ રહેલી ભીડના કારણે જમાલપુર શાક માર્કેટને અમદાવાદ શહેરથી બહાર જેતલપુર ખસેડવાનો APMCનો નિર્ણય.<br>● અમદાવાદમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૮૪ પર પહોંચ્યો. મુંબઈ અને દિલ્હીમાં તેનાથી પણ ઓછું વાયુ પ્રદુષણ. |
| ૪-૪-૨૦૨૦ શનિવાર | વિશ્વ | ● ૨૦૪ દેશના ૧૦,૭૪,૨૮૦ માનવી કોરોનાના ભરડામાં. ૫૬,૯૮૭ના મૃત્યુ.<br>● દુનિયાની ૫૦ ટકા અને અમેરિકાની ૮૫ ટકા વસતી ઘરોમાં કેદ.<br>● ગરમ વાતાવરણના કારણે ભારતીયોમાં રોગ પ્રતિકારક ક્ષમતા વધુ છે – WHO. |

*સળંગ જ્યાં હોય સંબંધ, એ દિલના દરવાજાને મિજાગરા નથી હોતા; ઝરણા ઝીણા ઝીણા વહે, દોસ્તીના ક્યાંયે ધોધ નથી હોતા.*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | ભારત | ● ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૫૦૮ પોઝિટિવ કેસ નોંધાયા.<br>● રવિવાર, તા. ૫-૪-૨૦૨૦ના રાત્રે ૯ કલાક અને ૯ મિનિટે દીપ પ્રગટાવવા વડાપ્રધાન મોદીની સમગ્ર દેશને અપીલ. કોરોનાના અંધકાર સામે પ્રકાશની મહાશક્તિની તાકાત બતાવવા તેમણે લોકોને આ સંદેશો આપ્યો.<br>● હવા થઈ સાફ... જલંધરથી હિમાલયની ખૂબસુરતી જોવા મળી. |
| | અમદાવાદ | ● જમાલપુર, કાલુપુર, રખિયાલ, દાણીલીમડામાં સંક્રમિતોના કેસ વધવાથી આ બફર ઝોનમાં પ્રવેશ પર પાબંદી.<br>● અમદાવાદમાં ૨૧ ક્લસ્ટરમાં કોરોનાનો વાયરસ પ્રસર્યો.<br>● શહેરમાં ભૂખથી પીડિત પરિવારની મહિલાની આપવીતીનો વીડિયો વાઈરલ. છેલ્લે ક્યારે પેટ ભરીને ખાધું હશે એ પણ યાદ નથી.<br>● વૈશાખ મહિનામાં યોજાતા લગ્નોને કોરોનાનું ગ્રહણ લાગ્યું.<br>● અમદાવાદ ડિવિઝનમાં રેલવેના ૭૦ કોચ આઈસોલેશન વોર્ડમાં ફેરવવાનો નિર્ણય. |
| ૫-૪-૨૦૨૦<br>રવિવાર | વિશ્વ | ● વિશ્વભરમાં કોરોના પોઝિટિવની સંખ્યા ૧૦ લાખને પાર. અત્યાર સુધી ૬૩,૦૦૦થી વધુના મૃત્યુ.<br>● અમેરિકામાં ૨૪ કલાકમાં ૧૪૮૦ના મૃત્યુ. ફ્રાન્સમાં ૧૧૨૦ના મૃત્યુ.<br>● કોરોનાને કારણે સમગ્ર વિશ્વમાં લાખો લોકો નોકરી ગુમાવે તેવો અંદાજ.<br>● વિશ્વ આરોગ્ય સંસ્થાએ વ્યક્ત કરેલી ચિંતા : કોવિડ-૧૯, એ માનવ અસ્તિત્વનો સૌથી કપરો કાળ. નોકરીની તકની ચિંતા કરતા, માનવને બચાવવા જરૂરી. |
| | ભારત | ● માસ્ક પહેરીને જ ઘરથી બહાર નીકળવા સરકારનો દરેકને આદેશ.<br>● બિહારમાં સ્વાસ્થ્ય કર્મચારીઓ પર પથ્થરમારો. કાનપુર અને લખનૌમાં તબલિગીઓ દ્વારા મેડિકલ સ્ટાફ સાથે અભદ્ર વર્તન.<br>● દેશના ૧૭ રાજ્યોમાં તબલિગી જમાતના ૧૦૨૩ લોકો કોરોના પોઝિટિવ.<br>● આઈ.ટી. સેક્ટરમાં ૧.૫૦ લાખ નોકરી છીનવાશે. |
| | ગુજરાત | ● રાજકોટની કંપની ૧૦૦૦ વેન્ટીલેટર ગુજરાત સરકારને વિના મૂલ્યે આપશે.<br>● ઉચ્ચ ટેકનિકલ શિક્ષણના લાખો વિદ્યાર્થીઓની પરીક્ષા અનિશ્ચિત. |
| ૬-૪-૨૦૨૦<br>સોમવાર | વિશ્વ | ● કોરોના પાછળ ચીની લેબનો હાથ હોઈ શકે છે : બ્રિટીશ સરકારને મળેલ માહિતી.<br>● છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે વિશ્વના કેટલાક દેશોમાં થયેલા મૃત્યુ :<br>ફ્રાન્સ : ૧૦૫૩ ∣ ઇટાલી : ૬૮૧ ∣ ઈરાન : ૧૫૮<br>સ્પેન : ૭૪૯ ∣ જર્મની : ૧૬૯ ∣ બેલ્જિયમ : ૧૪૦<br>બ્રિટન : ૭૦૮ ∣ નેધરલેન્ડ : ૧૬૪ |
| | ભારત | ● વડાપ્રધાન મોદીએ પૂર્વ રાષ્ટ્રપતિઓ, વડાપ્રધાનો સહિત સોનિયા ગાંધી સાથે કોરોનાની સ્થિતિ પર ચર્ચા કરી.<br>● ભારતમાં દર ૪ દિવસે કોરોનાના પોઝિટિવ કેસ બમણા થઈ રહ્યા છે – આરોગ્ય મંત્રાલય.<br>● કોરોનાને કારણે ભારતમાંથી ૧.૧૮ લાખ કરોડનું વિદેશી રોકાણ પાછું ખેંચાયું.<br>● લોકડાઉનની મુદત લંબાશે તો મેક્રો ઈકોનોમિક્સ વધુ કથળશે. |
| | ગુજરાત | ● ગુજરાત સરકારે કરેલો નિર્ણય : કોરોનામાં મૃત્યુ થાય તો સફાઈ કર્મી તથા રેશનના દુકાન ધારકને રૂા. ૨૫ લાખનું વળતર મળશે.<br>● ગુજરાતમાં એક જ દિવસમાં વધુ ૨૦ કેસ.<br>● ગુજરાતને હવે તબલિગી ભારે પડ્યા. અમદાવાદમાં સૌથી વધુ પોઝિટિવ મળ્યા. |
| ૭-૪-૨૦૨૦<br>મંગળવાર | ભારત | ● દેશ આઝાદી પછી સૌથી મોટા આર્થિક સંકટનો સામનો કરી રહ્યો છે : રઘુરામ રાજન.<br>● દેશમાં કોરોનાને કારણે મૂકેશ અંબાણીની સંપત્તિ ૨૮ ટકા ઘટી. વિશ્વમાં અમીરોની યાદીમાં ૧૭મા ક્રમે તેમનું નામ પાછળ ઠેલાયું.<br>● કોરોના સામે લડવા વડાપ્રધાન સહિતના તમામ સાંસદોના પગારમાં એક વર્ષ સુધી ૩૦ ટકાનો કાપ નક્કી કરાયો.<br>● ૩ ડૉક્ટર તથા ૧૨ નર્સને કોરોના પોઝિટિવ આવતા મુંબઈની બે હોસ્પિટલને સીલ કરવામાં આવી. |

*લાગણી છલકાય જેની વાતમાં, એક-બે જણ હોય એવા લાખમાં.*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | અમદાવાદ | ● સિવિલ કમ્પાઉન્ડની હોસ્પિટલો કોરોના માટે બે હજાર બેડથી સજ્જ.<br>● કોરોના ખાનગી હોસ્પિટલોને પણ નડ્યો. સર્જરી બંધ થતાં ૧૦૦ કરોડનો ફટકો પડશે. અમદાવાદમાં નાની, મોટી, મીડિયમ અને કોર્પોરેટ કેટેગરીની ૨૦૦ જેટલી ખાનગી હોસ્પિટલોમાં ઇમરજન્સી સિવાય તમામ પ્રકારની સર્જરી બંધ છે.<br>● અમદાવાદમાં કોટ વિસ્તારમાં તબલિગી કનેક્શનવાળા વધુ ૧૦ પોઝિટિવ. |
| ૮-૪-૨૦૨૦ બુધવાર | ભારત | ● ભારત સરકારે હાઈડ્રોક્સિક્લોરોક્વિનની આંશિક નિકાસને પરવાનગી આપી.<br>● સાત રાજ્ય સરકારો દ્વારા તકેદારીના પગલા રૂપે લોકડાઉન વધારવાની તરફેણ.<br>● મુંબઈમાં તબલિગી જમાતના ૧૫૦ સામે ક્વોરન્ટાઈનના ભંગ બદલ દાખલ કરવામાં આવેલ કેસ. |
| | ગુજરાત | ● સરકારી કર્મચારીઓને કોરોના વાયરસથી મૃત્યુના કિસ્સામાં રૂા. ૨૫ લાખની સહાય આપવામાં આવશે.<br>● ગુજરાતમાં એક જ દિવસમાં કોરોનાના ૨૯ કેસ વધ્યા. ચારના મૃત્યુ થયા. |
| | અમદાવાદ | ● તબલિગીઓના સંપર્કથી ૪૫ વ્યક્તિના રીપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યા. |
| ૯-૪-૨૦૨૦ ગુરૂવાર | વિશ્વ | ● ટ્વીટર સી.ઈ.ઓ. જૈક ડોર્સીએ કોરોના સામે લડવા એક અબજ ડોલરનું દાન કર્યું. કોરોના સામેના જંગમાં લડવા અત્યાર સુધીમાં દુનિયામાં સૌથી મોટું દાન.<br>● અમેરિકામાં કોરોનાને કારણે એક જ દિવસમાં ૧૮૯૦ મૃત્યુ પામ્યા.<br>● ન્યુયોર્કમાં એક જ દિવસમાં ૭૩૧ના મૃત્યુ થયા. |
| | ભારત | ● સરકારી અને ખાનગી લેબમાં કોરોનાનો ટેસ્ટ વિના મૂલ્યે કરવા સુપ્રીમ કોર્ટનો કેન્દ્રને આદેશ.<br>● કોરોના સંકટ વચ્ચે પણ માત્ર ડી-માર્ટના રાધાકિશન દામાણીની સંપત્તિમાં વધારો. સંપત્તિ પાંચ ટકા વધીને ૧૦.૨ અબજ ડોલરની થઈ.<br>● ૧૪મી એપ્રિલે સમાપ્ત થતો રાષ્ટ્રવ્યાપી લોકડાઉન એક સાથે હટાવાશે નહીં : વડાપ્રધાનનો સંદેશ. |
| ૧૦-૪-૨૦૨૦ શુક્રવાર | વિશ્વ | ● વૈશ્વિક અર્થવ્યવસ્થાને આગામી બે વર્ષમાં ૫ લાખ કરોડ ડોલરના નુકસાનની સંભાવના.<br>● વિશ્વમાં ૧૬ લાખથી વધુ કોરોના પોઝિટિવ. ૯૦,૦૦૦થી વધુ મૃત્યુ. |
| | ભારત | ● કોરોના ઈફેક્ટ : ભારતમાં લોકડાઉનના પગલે ક્રૂડની માંગમાં ૭૦ ટકાનો ઘટાડો.<br>● ઓરિસ્સાએ લોકડાઉન ૩૦ એપ્રિલ સુધી લંબાવ્યો. ૧૭ જૂન સુધી શાળા - કૉલેજો બંધ રહેવાની જાહેરાત કરી. |
| | ગુજરાત | ● ૨૨ દિવસમાં ૨૮૧ કેસ સાથે ગુજરાત દેશમાં દસમા ક્રમે. |
| | અમદાવાદ | ● એક જ દિવસમાં અમદાવાદમાં ૫૮ કોરોના પોઝિટિવ કેસ. સમગ્ર ગુજરાત રાજ્યમાં ૯૫ કેસ. |
| ૧૧-૪-૨૦૨૦ શનિવાર | વિશ્વ | ● વિશ્વમાં કોરોનાનો મૃતાંક ૧ લાખને પાર. અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૮૪૨ મૃત્યુ. |
| | ભારત | ● જો ભારતમાં લોકડાઉન અમલી બનાવાયો ન હોત તો તેની સ્થિતિ ઇટાલી જેવી થઈ હોત – **ICMR.**<br>● પંજાબ અને રાજસ્થાનમાં ૩૦ એપ્રિલ સુધી લોકડાઉન જાહેર કરવામાં આવ્યું.<br>● વર્ક ફ્રોમ હોમમાં ૯૯.૮ ટકા કર્મચારીઓની કામગીરી અસરકારક નહીં.<br>● રેસ્ટોરન્ટ, ઓટો, રીયલ્ટી સેક્ટરને મુશ્કેલીમાંથી બહાર નીકળતા એકથી બે વર્ષનો સમય લાગશે. |
| | ગુજરાત | ● ગુજરાતમાં પહેલા ૧૮ દિવસમાં કોરોનાના ૧૦૦ કેસ. પછીના માત્ર ૫ દિવસમાં ૨૭૦ નવા કેસ.<br>● રાજ્યમાં ૧લી એપ્રિલે કોરોનાના પોઝિટિવ કેસ ૮૪ હતા જે ૧૦ એપ્રિલે વધીને ૩૭૮ થઈ ગયા. ૩૬૦ ટકાનો વધારો. |
| | અમદાવાદ | ● કોટ વિસ્તારમાં ૪૪ દર્દી પોઝિટિવ. દરિયાપુરમાં સૌથી વધુ નવા ૨૧ કેસ.<br>● જેતલપુર શાક માર્કેટ ૧૨થી ૧૮ એપ્રિલ દરમિયાન બંધ રાખવા અંગે નિર્ણય લેવાયો. ૧૫મી એપ્રિલ સુધી નરોડાની ફ્રુટ માર્કેટ પણ બંધ. |
| ૧૨-૪-૨૦૨૦ | વિશ્વ | ● અમેરિકામાં ૪૦ કરતા વધુ ભારતીયોના કોરોનાથી મોત થયા. ન્યુયોર્ક અને ન્યુજર્સીમાં ૧૪૦૦થી વધુ ભારતીયો કોરોના પોઝિટિવ. |

*કીધું હતું મને એક જ્યોતિષે કે તને ડૂબવાની ઘાત છે; દરિયાથી તો હું દૂર રહ્યો, પણ લાગણીઓમાં ડૂબી ગયો.*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| રવિવાર | ભારત | ● વધુ બે સપ્તાહ લોકડાઉન લંબાવવા કેન્દ્ર અને રાજ્યો સહમત થયા. વિધિસરની જાહેરાત બાકી.<br>● મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને કર્ણાટકે ૩૦ એપ્રિલ સુધી લોકડાઉન જારી રાખ્યો.<br>● ભારતમાં કોરોના બેકાબુ. દેશભરમાં પહેલી વખત ૨૪ કલાકમાં ૧૦૦૦થી વધુ કેસ. ૪૦ના મૃત્યુ. |
| | ગુજરાત | ● ૯૦૦ બ્રિટીશ નાગરિકોને સ્વદેશ લઈ જવા અમદાવાદથી ૩ સ્પેશિયલ ફ્લાઈટ દ્વારા મોકલી અપાશે. ગુજરાતમાં ફસાયેલા બ્રિટીશરો માટે ખાસ વ્યવસ્થા.<br>● ગુજરાતના ફાર્મા ઉદ્યોગોએ મહિનામાં ૨૦ કરોડ હાઇડ્રોક્સિક્લોરોક્વિનનું ઉત્પાદન કર્યું. કેડિલાના સી.ઈ.ઓ. પંકજ પટેલના જણાવ્યા મુજબ આગામી મહિને ૧૫ કરોડ ટેબ્લેટોનું ઉત્પાદન કરાશે.<br>● માલવાહકો માટે હાઈવે પરના હોટેલ-ધાબા ખુલ્લા રાખવા આદેશ બહાર પડાયો.<br>● રાજ્યમાં ૨૪ દિવસમાં કુલ ૪૬૮ કેસમાંથી ૨૮૨ કેસ છેલ્લા ૩ દિવસમાં નોંધાયા.<br>● વડોદરામાં દર્દીઓની સંખ્યા ૮૫ની થઈ, જેમાંથી ૮૪ દર્દીઓ નાગરવાડાના.<br>● રાજ્યમાં ૨૨ મૃતકોમાંથી ૧૩ની ઉંમર ૬૦ વર્ષ ઉપરની. |
| | અમદાવાદ | ● અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮૬ કેસમાંથી ૭૨ નવા કેસ કોટ વિસ્તારના. |
| ૧૩-૪-૨૦૨૦<br>સોમવાર | વિશ્વ | ● વિશ્વમાં કુલ કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૧૭,૯૬,૪૧૫. મૃત્યુ ૧,૧૦,૦૩૦.<br>અમેરિકામાં કુલ કેસ : ૫,૩૩,૪૭૦ મૃત્યુ : ૨૦,૫૯૭<br>સ્પેનમાં કુલ કેસ : ૧,૬૬,૦૧૯ મૃત્યુ : ૧૬,૯૭૨ને પાર<br>ઇટાલીમાં કુલ કેસ : ૧,૫૨,૨૭૧ મૃત્યુ : ૧૯,૪૬૮<br>ફ્રાન્સમાં કુલ કેસ : ૧,૨૯,૬૫૪ મૃત્યુ : ૧૩,૮૩૨<br>જર્મનીમાં કુલ કેસ : ૧,૨૫,૪૫૨ મૃત્યુ :<br>ચીનમાં કુલ કેસ : ૮૨,૦૫૨ મૃત્યુ : ૩,૩૩૯<br>બ્રિટનમાં કુલ કેસ : ૭૮,૯૯૧ મૃત્યુ : ૧૦,૦૦૦<br>ઈરાનમાં કુલ કેસ : ૭૧,૬૮૬ મૃત્યુ : ૪,૪૭૪<br>તુર્કીમાં કુલ કેસ : ૫૨,૧૬૭ મૃત્યુ : ૧,૧૦૧<br>બેલ્જિયમમાં કુલ કેસ : ૨૯,૬૪૭ મૃત્યુ : ૩,૬૦૦<br>નેધરલેન્ડમાં કુલ કેસ : મૃત્યુ : ૨,૭૩૭<br>● મલેશિયામાં બે અઠવાડિયા સુધી એટલે કે ૨૮ એપ્રિલ સુધી લોકડાઉન લંબાવાયું. |
| | ભારત | ● ભારતે મોકલાવેલ ૩૫ લાખ **HQC** ટેબ્લેટનો જથ્થો અમેરિકા પહોંચ્યો.<br>● ભારતની ઇકોનોમિને કોરોના કોરી ખાશે. સરકાર માટે લોકોનું પેટ ભરવું એ સૌથી મોટો પડકાર બનશે – વર્લ્ડ બેંક.<br>● ૨૪ કલાકમાં પોલીસ અને આરોગ્ય કર્મચારીઓ પર હુમલાની ૪ ઘટના બની. (૧) જમ્મુ - કાશ્મીર, (૨) પતિયાલા, (૩) કર્ણાટક અને (૪) યુ.પી.માં આ ઘટનાઓ બની. અગાઉ ઇંદોર, મેરઠ અને કનીજમાં કોરોના વોરિયર્સ પર હુમલા કરાયા હતા.<br>● ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯૦૯ નવા દર્દી નોંધાયા. ૩૪ના મૃત્યુ થયા.<br>● મુંબઈમાં ટોટલ ૯૦૦થી વધુ કોરોના પોઝિટિવ દર્દી નોંધાયા. મુંબઈમાં ધારાવી હોટ સ્પોટ બની રહી છે. ધારાવીમાં ૧૫ નવા કેસ સાથે કુલ ૪૩ પોઝિટિવ કેસ.<br>● દિલ્હીમાં ટોટલ ૧૦૬૯ પોઝિટિવ કેસ નોંધાયા. |
| | અમદાવાદ | ● હવેથી હોમ અને હોસ્પિટલ ક્વોરન્ટાઇન વ્યક્તિની સારવાર વૈદ્યરાજો કરી શકશે. આયુર્વેદ તરફ કોરોના ઉપચાર માટે વળવાનું પ્રથમ પગથિયું.<br>● અમદાવાદ શહેરમાં એક દિવસમાં નવા ૩૯ કેસ. કુલ દર્દીની સંખ્યા ૨૮૨ની થઈ. કોટ વિસ્તાર બાદ પશ્ચિમના ૧૦ કેસ સાથે નારણપુરા નવું પોકેટ. |

*હું નથી આકાશ કે મને અઢળક તારા મળે, બસ આખું જીવન વીતી જાય, એટલા મને મારા મળે.*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| ૧૪-૪-૨૦૨૦ મંગળવાર | વિશ્વ | ● પ્લાઝમા થેરાપીથી ૩ મુળ ભારતીયો યુ.એસ.માં કોરોનાથી સાજા થઈ રહ્યા છે. |
| | ભારત | ● ભારત દેશના ૩૬૪ જિલ્લાઓ કોરોના વાયરસથી પ્રભાવિત છે.<br>● એક વખત કોવિડ-૧૯થી મુક્ત થયા બાદ ફરી તે દર્દ એ જ વ્યક્તિને આવી શકે છે તેવું તારણ કાઢવામાં આવ્યું છે. |
| | ગુજરાત | ● રાજ્યમાં લોકડાઉનના ભંગ બદલ તા. ૧૨-૪થી ૧૩-૪ના ૨૪ કલાક દરમિયાનના ગુનાઓની વિગત નીચે મુજબ છે :<br>જાહેરનામા ભંગના ગુનાઓની સંખ્યા : ૩૨૭૧<br>ક્વોરન્ટાઈન ભંગના ગુનાઓની સંખ્યા : ૧૧૮૫<br>રાયોટીંગ સહિતના અન્ય ગુનાઓની સંખ્યા : ૪૯૧<br>ડ્રોનથી નોંધાયેલ ગુનાઓની સંખ્યા : ૪૩૮<br>સીસીટીવી ની મદદથી શોધી કાઢવામાં આવેલ ગુનાઓની સંખ્યા : ૬૮<br>અફવા ફેલાવવા અંગેના ગુનાની સંખ્યા : ૨૩<br>આરોપીઓની અટકાયત કરી તેની સંખ્યા : ૭૨૫૮<br>જપ્ત થયેલ વાહનોની સંખ્યા : ૨૮૩૦<br>ઉપરોક્ત નોંધાયેલા ગુનાઓની સંખ્યાના આધારે આપણને પરિસ્થિતિનો ખ્યાલ આવી શકે છે. |
| ૧૫-૪-૨૦૨૦ બુધવાર | ભારત | ● દેશવ્યાપી લોકડાઉન (લોકડાઉન-૨) તા. ૧૫-૪-૨૦થી તા. ૩-૫-૨૦ એટલે કે ૧૯ દિવસ સુધી લંબાવાયો. લોકડાઉન-૧ની અવધિ ૨૫-૩-૨૦થી ૧૪-૪-૨૦ એટલે કે ૨૧ દિવસની હતી.<br>● લોકડાઉન-૨ના કારણે ભારતને અધધ ૨૩૪ બિલિયન ડોલરનું નુકસાન થશે – બાર્કલેઝ<br>● લોકડાઉન-૨ના કારણે ૩ મે, ૨૦૨૦ સુધી પેસેન્જર ટ્રેન, ડોમેસ્ટીક ફ્લાઈટ તથા આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ પર પ્રતિબંધ. બધા મળીને હાલના હિસાબે ૪૩ દિવસ સુધી પ્રવાસી ટ્રેનના પૈડા થંભી જશે.<br>● વતન જવા દેવાની જીદ સાથે મુંબઈના બાંદ્રા સ્ટેશને હજાર લોકો ઉમટી પડ્યા. |
| | ગુજરાત | ● રાજ્યભરમાં ત્રણ સપ્તાહના લોકડાઉન-૧ માં ૫૧૩૬૧ કેસ કર્યા અને ૮૦ હજાર લોકોની અટક કરવામાં આવી.<br>● લોકડાઉનની મુદત વધતાં શેલ્ટર હોમમાં રોકાયેલા શ્રમિકોની ધીરજ ખૂટી પડી.<br>● ગુજરાતમાં સરકારે સરૂ કરેલ ૩૩૮ શેલ્ટર હોમમાં ૯૨૭૯ પરપ્રાંતિય શ્રમિકો રહી રહ્યા છે. જો કે તે સિવાયના ૩ લાખથી વધુ પ્રવાસી શ્રમિકો ભાડાના મકાનોમાં, ઔદ્યોગિક એકમો અને બાંધકામ સાઈટની આજુબાજુના છાપરામાં ૧૪મી એપ્રિલે લોકડાઉન પૂરું થાય અને ઘરે જઈ શકાય તેની રાહ જોઈ રહ્યા હતા. |
| | અમદાવાદ | ● ગુજરાતમાં નોંધાયેલ કેસના ૫૦ ટકા એટલે કે ૩૫૦ કેસ તો કોરોના સંક્રમિતોના માત્ર અમદાવાદમાં થયા છે.<br>● સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે આજથી જેતલપુર શાક માર્કેટ ધમધમતું થશે. |
| ૧૬-૪-૨૦૨૦ ગુરૂવાર | વિશ્વ | ● વિશ્વમાં કોરોના પોઝિટિવની સંખ્યા ૨૦,૩૫,૩૭૩ અને મૃત્યુ ૧,૩૦,૮૦૦.<br>● અમેરિકામાં સંક્રમિતોની સંખ્યા ૬,૧૪,૬૪૩ અને મૃત્યુ ૨૬,૧૧૨.<br>● **WHO** દ્વારા કોરોના અંગે જોઈતી કાર્યવાહી ન કરાતા અમેરિકાએ તેને પોતાના તરફથી અપાતું ફંડ અટકાવ્યું.<br>● લોકડાઉન : ઘરે રહેવાની ફરજ પડતા લોકો એમેઝોનનો વધુ ઉપયોગ કરી રહ્યા છે. એમેઝોનનો ઉપયોગ વધતા બેઝોસની સંપત્તિમાં ૨૪ અબજ ડોલરનો વધારો.<br>● ન્યુયોર્કમાં આજ દિન સુધી ૧૦ હજારથી વધુના મૃત્યુ. યુરોપમાં આજ દિન સુધી ટોટલ સંક્રમિતોની સંખ્યા ૧૦ લાખની ઉપર. વિશ્વમાં અસરગ્રસ્તોની સંખ્યા ૨૦ લાખ ઉપર. |
| | ભારત | ● ભારતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૨,૩૭૦ અને મૃત્યુ ૪૨૮.<br>● લોકડાઉનથી મૃતઃપ્રાય બનેલ દેશના અર્થતંત્રને ધબકતું કરવા કેન્દ્ર સરકારની આંશિક છુટછાટ આપતી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી. ૨૦ એપ્રિલથી કૃષિ, ઉદ્યોગ અને ફાઈનાન્સ સેક્ટરને શરતી પરવાનગી આપવામાં આવશે.<br>● માલસામાન લઈ જતા વાહનોને પરિવહનની પરવાનગી અપાઈ. |

*ના ખુશી ખરીદી શકું, ના ગમ વેચી શકું છું; તેમ છતાં ન જાણે કેમ, દરરોજ કમાવા નીકળી પડું છું.*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | | ● પોતાના વતન જવા દિલ્હીમાં યમુના નદીના કિનારે સેંકડો મજૂરો ઉમટી પડ્યા.<br>● માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ સહિતના લોકડાઉનના નિયમોના યોગ્ય પાલન સાથે ૨૦ એપ્રિલથી ગ્રામીણ ક્ષેત્રો ફરી ધમધમશે. હજુ શહેરના વિસ્તારોને કોઈ ખાસ છુટ આપવામાં આવેલ નથી.<br>● કેન્દ્ર સરકારે જારી કરેલ નવી ગાઈડ લાઈન મુજબ જાહેરમાં થૂંકવું એ ગુનો ગણાશે. દેશભરના લોકોને જાહેરમાં માસ્ક પહેરવું ફરજિયાત રહેશે.<br>● ૩જી મે સુધી લોકડાઉન લંબાવવાની જાહેરાત થતાં વતન પરત જવા માંગતા શ્રમજીવી વર્ગની બેચેની વધી જવા પામી. ભારેલા અસંતોષનું વાતાવરણ.<br>● લોકડાઉનથી ભૂખમરો વધ્યો. મજૂરો સ્મશાનમાં ફેંકેલા કેળા વીણવા મજબૂર બન્યા.<br>● મુરાદાબાદમાં કોરોનાના દર્દીને લઈ જતી એમ્બ્યુલન્સ, સ્ટાફ તથા પોલીસ પર પથ્થરમારાથી હુમલો કરવામાં આવ્યો. હુમલામાં ડૉક્ટર, સેનેટાઈઝેશનની ટીમ અને કેટલાક પોલીસ કર્મીઓ ઘવાયા. બે સરકારી વાહનોને પણ નુકસાન કરવામાં આવ્યું.<br>● લોકડાઉનમાં બોલીવુડને રૂા. ૧૦૦૦ કરોડથી પણ વધુ આર્થિક ફટકાની સંભાવના. |
| | ગુજરાત | ● ગુજરાતમાં આજ દિવસ સુધીના કોરોના સંક્રમિતોની સંખ્યા ૭૬૬ અને મૃત્યુ આંક ૩૪ થયો.<br>● કચ્છમાં નોંધાયેલ પ્રથમ મરણ. માધાપરના ૬૨ વર્ષના વૃદ્ધનું કોરોનાથી મૃત્યુ. |
| | અમદાવાદ | ● અમદાવાદમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૪૫૦ અને મૃત્યુનો આંક ૧૬ થયો. |
| ૧૭-૪-૨૦૨૦ શુક્રવાર | વિશ્વ | ● વિશ્વ પ્રતિષ્ઠિત સમાચાર સંસ્થા એસોસિએટેડ પ્રેસે દાવો કરેલ છે કે ચીનને કોરોનાના પ્રકોપની જાણ હોવા છતાં જરૂરી પગલા લેવામાં અને અન્ય દેશોને સાવચેત કરવામાં બેદરકારી દાખવી.<br>● કોરોનાથી બચવા હસ્તધનુનથી બચવું જરૂરી. માત્ર દૂર રહીને જ નમસ્કાર કરવા જરૂરી.<br>● કોરોના મુદ્દે અમેરિકા - ચીન વચ્ચે વધતી તંગદિલી. કોરોના વુહાનની લેબમાંથી આવ્યો કે કેમ તે બાબતે ટ્રમ્પના કહેવા પ્રમાણે અમેરિકાની તપાસ શરૂ. |
| | અમેરિકા | ● અમેરિકામાં ૨૪ કલાકમાં ૨૬૦૦ના મૃત્યુ. અમેરિકામાં કુલ કેસ ૬.૫૦ લાખથી વધુ. મૃત્યુનો આંક ૩૪૦૦૦ની નજીક.<br>● અમેરિકામાં ૨.૨ કરોડ લોકોએ બેકારી ભથ્થા માટે માંગ કરી. ૧.૨૫ કરોડ નાગરિકોને આર્થિક સહાય પહોંચાડી પણ દેવામાં આવી. |
| | ભારત | ● લોકડાઉન વચ્ચે અર્થતંત્રને બીજું બુસ્ટર પેકેજ આપવા વડાપ્રધાન મોદીની તૈયારી.<br>● કોરોનાની દવા શોધવા ૬ ભારતીય કંપનીઓની કવાયત શરૂ. ૭૦ પ્રકારની રસી પર પ્રયોગો શરૂ કરવામાં આવ્યા.<br>● મધ્ય પ્રદેશના આરોગ્ય વિભાગના ૯૪ અધિકારીઓ અને કર્મચારીઓને કોરોના પોઝિટિવ આવ્યો. |
| | ગુજરાત | ● ગુજરાતના ૨૪ જિલ્લામાં કોરોનાનો પેસારો થયો. કુલ કેસનો આંક ૯૨૯ થયો.<br>● ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટરે જાહેર કરેલ છે કે કોરોનાનું વંશસૂત્ર શોધાયું છે. હવે તેની દવા તથા રસી શોધવી સરળ પડશે. દુનિયાની જૂજ લેબોરેટરીઓને કોરોના વાયરસના મૂળ સુધી પહોંચવામાં સફળતા મળી છે. |
| | અમદાવાદ | ● સામાન્ય બીમારી હોય તો દર્દીઓ હવે ડૉક્ટર પાસે જવાનું ટાળે છે. કોરોનાને કારણે ડૉક્ટરો પાસે ઓ.પી.ડી.માં આવતા દર્દીઓની સંખ્યામાં ૭૦ ટકાનો ઘટાડો.<br>● એલ.જી. હોસ્પિટલમાં ૩ ડૉક્ટરો સહિત ૫ લોકોને કોરોના થયો. હોસ્પિટલમાં ભયનો સન્નાટો છવાયો.<br>● હાઈકોર્ટમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ૭૨ કેસોની સુનાવણી. જરૂરિયાતવાળા મર્યાદિત કેસો જ આ રીતે લેવામાં આવશે. |
| ૧૮-૪-૨૦૨૦ શનિવાર | વિશ્વ | ● કોવિડ-૧૯ જે પ્રકારનો વાયરસ છે, એ કોરોનાની જાણકારી સૌથી પહેલા સ્કોટિસ મહિલા વિજ્ઞાની "જુન અલ્મેડા"એ ૧૯૬૪માં મેળવી હતી.<br>● અર્થતંત્રને ધમધમતું રાખવા દરેક નાગરિકને ૧ લાખ યેન આપવા જાપાન સરકારની વિચારણા.<br>● રશિયામાં પોઝિટિવ કેસની સંખ્યા ૩૨ હજારે પહોંચી. પુતીનની ચિંતા વધી.<br>● સ્પેન, ઇટાલી, ફ્રાન્સ, જર્મની અને યુ.કે. એમ દરેક દેશમાં સંક્રમિતોની સંખ્યા ૧ લાખને પાર. |

*રૂબરૂ નથી મળાતું, માટે જ શબ્દો દ્વારા રોજ મળું છું; કોઈ યાદ કરે કે ન કરે, હું રોજ સૌને યાદ કરું છું.*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | | ● વુહાન શહેરના સત્તાધીશોએ રજૂ કરેલ કોરોનાના આંકડા પ્રમાણે ચીને જે મૃત્યુના આંકડા જાહેર કરેલ છે તેમાં ૫૦ ટકાનો વધારો છે. ચીન અને વુહાન શહેરના સત્તાધીશોના જાહેર થયેલ મૃત્યુના આંકડામાં તફાવતની સારી દુનિયાએ નોંધ લીધેલ છે.<br>● કોરોના ઈફેક્ટ : ચીનનો વૃધ્ધિ દર ચાર દાયકાના તળિયે ઉતર્યો. ચીનમાં ૧૯૭૬ પછી જી.ડી.પી. વિકાસ દરમાં ૬.૮૮ ટકાનો સૌથી મોટો ઘટાડો.<br>● કોરોના લોકડાઉનના ભૂખમરાથી લાખો બાળકોના મોત થશે – યુ.એન.<br>ગત વર્ષે ૩૮ કરોડ બાળકો ગરીબીના ભરડામાં હતા. તેમાં અનેકગણો વધારો થઈ શકે છે – યુ.એન.<br>કરોડો બાળકો મધ્યાહ્ન ભોજન પર નભે છે. તેમને હવે પૂરતું ભોજન ન મળતા અનેક રોગો થઈ શકે છે.<br>લોકડાઉનથી ૧૫૦ કરોડ કરતાં પણ વધુ બાળકોનું શિક્ષણ ખોરવાયું.<br>૧૮૮ દેશોમાં લોકડાઉનના પગલે આર્થિક કટોકટી મુદ્દે સરકારોને યુ.એન. દ્વારા ચેતવણી. |
| | અમેરિકા | ● અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૪૬૦૦ મૃત્યુ. આખી દુનિયામાં ક્યાંયે ન થયા હોય તેટલા મૃત્યુ કોરોનાને કારણે અમેરિકામાં એક જ દિવસમાં નોંધાયા.<br>● કોરોનાને કારણે અમેરિકામાં બેકાર થયેલા દરેક નાગરિકને ચેક પર ટ્રમ્પનું નામ છાપીને (સહીના બદલે) ૧૨૦૦ ડોલરની રકમ અપાશે. અમેરિકામાં અત્યાર સુધી સવા બે કરોડ નાગરિકોએ બેકારી ભથ્થાની અરજી કરેલ છે.<br>● અમેરિકી સંસદમાં બે પ્રસ્તાવ રજૂ કરાયા : વાયરસ ફેલાવવો આતંકી કૃત્ય સમાન; ચીન પર દાવાની અમેરિકાની તૈયારી. પ્રસ્તાવ પસાર થઈ ગયા બાદ અમેરિકી નાગરિક પણ આંતરરાષ્ટ્રીય કોર્ટમાં ચીન સામે ગંભીર દાવો માંડી શકશે. |
| | ભારત | ● કોટામાં ફસાયેલા વિદ્યાર્થીઓને પરત લાવવા ઉત્તર પ્રદેશ સરકારે ૩૦૦ બસ મોકલી.<br>● કોરોનાની ગંભીર બિમારીમાંથી સાજા થયેલા દર્દીના પ્લાઝમાના ઉપયોગ માટે ગુજરાતે મંજૂરી માંગી. અમદાવાદની સિવિલ હોસ્પિટલના ડૉ. કમલેશ ઉપાધ્યાયે **ICMR** ને દરખાસ્ત મોકલાવી.<br>પ્લાઝમા ટ્રાન્સફ્યુઝન કોરોનાની ગંભીર બિમારી ધરાવતા દર્દીઓને આપીને તેમના શરીરમાં થતી અસરનો અભ્યાસ કરી પરિણામ મેળવી શકાશે.<br>● કોરોનાના સૌથી વધુ કેસ ધરાવતા જિલ્લાઓમાં અમદાવાદ હવે ત્રીજા સ્થાને પહોંચ્યું. દેશમાં કોરોનાના કેસ વધુ હોય તેવા જિલ્લાઓ :<br>__જિલ્લો__ __રાજ્ય__ __કેસ__ \| __જિલ્લો__ __રાજ્ય__ __કેસ__ \| __જિલ્લો__ __રાજ્ય__ __કેસ__<br>(૧) મુંબઈ મહારાષ્ટ્ર ૨૦૦૩ \| (૩) અમદાવાદ ગુજરાત ૬૨૨ \| (૫) પૂણે મહારાષ્ટ્ર ૪૩૦<br>(૨) ઈંદોર મધ્ય પ્રદેશ ૭૦૭ \| (૪) જયપુર રાજસ્થાન ૪૯૨ \| (૬) થાણા મહારાષ્ટ્ર ૨૯૫ |
| | અમદાવાદ | ● અમદાવાદ મ્યુનિ.કોર્પો.ના ૨૩ કર્મચારીઓ, અધિકારીઓ તથા ડૉક્ટરોને કોરોના પોઝિટિવની અસર.<br>● એલ.જી. હોસ્પિટલમાં કોરોનાનો પ્રકોપ. વધુ ૩ ડૉક્ટરો સાથે ૫ પોઝિટિવ કેસ. ટોટલ ૧૦ કેસ થયા. |
| ૧૯-૪-૨૦૨૦<br>રવિવાર | અમેરિકા | ● અમેરિકામાં લોકડાઉનના વિરોધમાં હજારો ટ્રમ્પ સમર્થકો બંદુકો સાથે સડક પર ઉતર્યા. |
| | ભારત | ● લોકડાઉનમાં છૂટ અપાશે. ૨૦ એપ્રિલથી ભારતનું ૪૫ ટકા અર્થતંત્ર ધમધમતું થાય તેવી સંભાવના. |
| | ગુજરાત | ● ગુજરાતમાં નવા ૨૮૦ કેસ. ટોટલ કેસ ૧૩૭૬.<br>ગુજરાતમાં નવા ૧૨ મૃત્યુ. ટોટલ મૃત્યુ ૫૩.<br>● સુરતમાં કોરોનાના નવા ૬૧ કેસ. |
| | અમદાવાદ | ● અમદાવાદમાં નવા ૨૩૯ કેસ. ટોટલ કેસ ૮૬૨.<br>અમદાવાદમાં નવા ૪ મૃત્યુ. ટોટલ મૃત્યુ ૨૫.<br>● ગુજરાતમાં ટોટલ ૧૩૭૬ પૈકી ૮૬૨ કેસ એટલે કે ૬૨% કેસ માત્ર અમદાવાદના.<br>● એલ.જી. હોસ્પિટલમાં વધુ ૧ ડૉક્ટર અને ૨ પેરામેડિકલ સ્ટાફ પોઝિટિવ જાહેર થયા. |
| ૨૦-૪-૨૦૨૦ | વિશ્વ | ● વિશ્વમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨૩,૬૧,૯૮૩ અને મૃત્યુની સંખ્યા ૧,૬૨,૦૪૫. |

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| સોમવાર | | ● અમેરિકામાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૭,૬૦,૦૦૦ ઉપર અને મૃત્યુની સંખ્યા ૪૦,૦૦૦ ઉપર.<br>● ઇટાલીમાં ૨૩,૦૦૦થી વધુના મૃત્યુ. છતાં લોકો તથા ઉદ્યોગોનો લોકડાઉન સામે વિરોધ.<br>● કોરોનાના પ્રસાર માટે ચીન જવાબદાર હશે તો તેમણે પરિણામ ભોગવવું પડશે – ટ્રમ્પ.<br>● માણસમાં હજી વાયરસ ફેલાવવાની ક્ષમતા જ નથી – વુહાનની લેબના વડા<br>તેમના કહેવા પ્રમાણે કોરોનાનું મૂળ વુહાનની લેબ હોવાની અફવા માત્ર છે.<br>● બેસુમાર મૃત્યુ આંક છતાં અમેરિકામાં લોકડાઉન સામે લોકો રસ્તા પર ઉતર્યા. આર્થિક સંકટ ન સર્જાય તે માટે સરકાર સામે લોકડાઉનનો વિરોધ કર્યો.<br>● ***પોતાને મહાસત્તા ગણાવતા અમેરિકામાં પણ કોરોનાથી ભૂખમરો વધ્યો. ટેક્સાસમાં કાર લઇને આવેલા હજારો લોકોએ ભોજન માટે લાંબી લાઇન લગાવી.*** |
| | ભારત | ● ભારતમાં કોરોના પોઝિટિવની સંખ્યા ૧૭,૦૨૯ અને મૃત્યુનો આંક ૫૬૫.<br>● ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭૧૨ નવા કેસ અને નવા મૃત્યુ ૪૭. |
| | ગુજરાત | ● ગુજરાતમાં કોરોના પોઝિટિવની સંખ્યા ૧૭૪૩ અને મૃત્યુનો આંક ૬૩.<br>● ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૬૭ નવા કેસ અને નવા મૃત્યુ ૧૦.<br>● આજથી શહેરી વિસ્તારો સિવાયના ગુજરાતમાં ઉદ્યોગો ફરી કામ કરતા શરૂ થશે.<br>● પંચાયતથી માંડી કલેક્ટર કચેરી, નગરપાલિકા, મહાનગરપાલિકા, પોલીસ, ગેસ, ઇલેક્ટ્રીસિટી જેવા વિભાગો સાથે જોડાયેલી કચેરીઓ કાર્યરત રહેશે.<br>● અમદાવાદ, સુરત સહિતના હોટ સ્પોટ શહેરોમાં કોઈ રાહત નહીં. લાંબા લોકડાઉનમાંથી ગ્રામ્ય વિસ્તારોને રાહત.<br>● જાહેરમાં થૂંકવા પર પ્રતિબંધ, માસ્ક ફરજિયાત, સોશિયલ ડિસ્ટન્સિંગ, આરોગ્ય સુરક્ષાના નિયમો દરેક નાગરિકે પાળવાના રહેશે. |
| | અમદાવાદ | ● અમદાવાદમાં કોરોના પોઝિટિવની સંખ્યા ૧૧૦૧ અને મૃત્યુ આંક ૩૨. |
| ૨૧-૪-૨૦૨૦<br>મંગળવાર | વિશ્વ | ● કોરોના માટે જર્મનીએ ચીનને ૧૪૯ અબજ યુરોનું તોતિંગ બીલ મોકલી આપ્યું.<br>● ચીનને અમેરિકાની ખુલ્લી ધમકી બાદ જર્મનીએ પણ જાનહાનિ અને આર્થિક નુકસાનીનો મુદ્દો ઉઠાવ્યો.<br>● બ્રિટનમાં અત્યાર સુધી ૧૬,૦૦૦થી વધુ મૃત્યુ. ટોટલ ૧,૨૦,૦૦૦થી વધુ કેસ.<br>● સ્પેનમાં અત્યાર સુધી ૨૦,૮૫૨ના મૃત્યુ. ટોટલ ૨ લાખથી વધુ કેસ. |
| | ભારત | ● છેલ્લા ૨૪ કલાકમાં સૌથી મોટો ઉછાળો. ૧૫૫૩ નવા કેસ નોંધાયા. ટોટલ કેસ થયા ૧૮,૫૮૨. |
| | ગુજરાત | ● ૩૩ ટકા સ્ટાફ સાથે સરકારી કચેરીઓ ફરી ધમધમતી થઈ.<br>● ગુજરાતમાં ૨૦,૦૦૦થી વધુ ઔદ્યોગિક એકમો ધમધમતા થયા.<br>● અમદાવાદ, સુરત અને રાજકોટમાં ૨૪ એપ્રિલ સુધી કરફ્યુ લંબાવાયો. ૨૪ એપ્રિલ સવારમાં ૬ વાગ્યા સુધી અમલમાં રહેશે. |
| | અમદાવાદ | ● માસ્ક સહિતના સાધનો વિના શહેરમાં સર્વે કરતા ૬ ડૉક્ટરો કોરોના સંક્રમિત થયા. |
| ૨૨-૪-૨૦૨૦<br>બુધવાર | વિશ્વ | ● અમેરિકા અને યુરોપના દેશોમાં લોકડાઉન ખુલવાની શરૂઆત થતા WHO એ ચેતવણી આપી કે લોકડાઉન ખોલવાની ઉતાવળ કરશો તો પસ્તાવાનો સમય આવશે. |
| | ભારત | ● અસંખ્ય ફરિયાદો હોવા છતાં ચેકિંગ કર્યા વગર કેન્દ્ર સરકારે ચીનની ખામીવાળી કીટ રાજ્યોમાં મોકલી આપી. અંતે ટેસ્ટીંગ કામને બે દિવસ માટે અટકાવાયું. |
| | ગુજરાત | ● ગુજરાતમાં ૨૭,૮૦૦ ઔદ્યોગિક એકમો ચાલુ કરવાની મંજૂરી આપવામાં આવી.<br>● કોરોનાને કારણે આયુર્વેદિક દવાના વેચાણમાં ૨૫-૩૦ ટકા સુધીનો વધારો.<br>● ગુજરાતમાં બીજા ૪૮ પોલીસ જવાન કોરોનામાં સપડાયા.<br>● મહારાષ્ટ્ર પછી ગુજરાત ૨૧૭૮ કેસ સાથે દેશમાં બીજા નંબરે. ગુજરાતમાં કોરોના મહામારીનો વ્યાપ વધ્યો.<br>● ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૧૯ના મૃત્યુ. નવા ૨૩૯ કેસ વધ્યા. |

*કોઈકે ખૂબ સરસ લખ્યું છે કે, 'હે જિંદગી! તારો ફેંસલો સમજમાં નથી આવતો.'*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | | ● કોરોના પોઝિટિવ કેસ અને મૃત્યુના આંકમાં ગુજરાત દેશમાં ત્રીજાથી બીજા ક્રમે આવી ગયું.<br>ગુજરાતમાં ૨૧૭૮ કેસ અને ૯૦ મૃત્યુ – દ્વિતીય ક્રમાંકે<br>મહારાષ્ટ્રમાં ૫૧૨૮ કેસ અને ૨૫૧ મૃત્યુ – પ્રથમ ક્રમાંકે |
| | અમદાવાદ | ● મહિના પહેલા અમદાવાદનું પ્રદૂષણ ૪૦૦ PPM હતું, જે આજે ઘટીને ૭૦ PPM થયું.<br>● અમદાવાદ શહેરમાં દિવસે ૨૦૦ મેટ્રિક ટનનો કચરો ઘટ્યો.<br>● એસ.વી.પી. હોસ્પિટલની હાલની ૫૦૦ બેડની ક્ષમતા વધારીને ૧૦૦૦ બેડની કરાઈ.<br>● એસ.વી.પી. હોસ્પિટલમાં પ્લાઝમા રીસર્ચ સેન્ટર ઊભું કરવા કેન્દ્રએ આપેલી મંજૂરી.<br>● ડૉક્ટરો તથા સ્ટાફના મોટા પાયે સંક્રમિત થવાના પગલે એલ.જી. હોસ્પિટલ ૨૭ એપ્રિલ સુધી બંધ રખાશે. |
| ૨૩-૪-૨૦૨૦<br>ગુરૂવાર | વિશ્વ | ● ***અમેરિકી સંસ્થાએ કરેલા સર્વેનું પરિણામ : કોરોના સામે લડનારા વૈશ્વિક નેતાઓમાં મોદી નંબર વન. બીલ ગેટ્સે પણ તેમના વખાણ કર્યા.***<br>● જગતના સમુદ્ર કાંઠે ફરવા ગયેલા ૧ લાખથી વધુ લોકો ક્રુઝ શીપમાં લોકડાઉનના કારણે ફસાયેલા છે.<br>● કોરોના પર લખાયેલી વુહાન ડાયરીની લેખિકાને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી. સોશિયલ મીડિયામાં ૬૦ પોસ્ટ લખનાર એવોર્ડ વિનર લેખિકા ફેંગ ફોંગે વુહાન અને ચીનમાં ફેલાયેલ કોરોનાના હાહાકારનું વર્ણન કરેલ હતું. આ ડાયરીમાં સરકારી તંત્રની લુચ્ચાઈનું વિગતવાર વર્ણન કરવામાં આવેલ છે. આ ડાયરી જર્મન તથા અંગ્રેજી ભાષામાં પણ પ્રસિદ્ધ કરવાના ચક્રો ગતિમાન થયા છે. |
| | ભારત | ● કોરોના સામે લડી રહેલા ડૉક્ટરો, નર્સ, વર્કર વગેરેના રક્ષણ માટે વટહુકમ બહાર પાડવામાં આવ્યો. "કોરોના યોદ્ધા" પર હુમલો કરનારને ૭ વર્ષની કેદ અને તેની સાથે જ પાંચ લાખ રૂપિયાનો દંડ થશે. એમ્બ્યુલન્સ, ક્લિનિક વગેરેને નુકસાન થશે તો ડબલ પૈસા ચૂકવવા પડશે.<br>● કોરોના સામે લડવા કેબિનેટે ૧૫,૦૦૦ કરોડના ફંડની મંજૂરી આપી. ફંડનો ઉપયોગ ત્રણ તબક્કે કરવામાં આવશે.<br>● લોકડાઉનમાં આપવામાં આવેલી છુટછાટના મામલે કેન્દ્ર અને કેટલીક રાજ્ય સરકારો વચ્ચે મતભેદ. ***કોરોના સામેની લડાઈમાં પણ પક્ષાપક્ષીનું રાજકારણ.*** |
| | ગુજરાત | ● લોકડાઉન ખુલ્યા પછી બિહાર, રાજસ્થાનના રહ્યાસહ્યા કારીગરો વતન જવાની લાઈનમાં. સરકારની છુટ મળ્યા પછી પણ કારીગરોના અભાવે માંડ ૧૦ ટકા ઔદ્યોગિક એકમો શરૂ થઈ શક્યા છે. |
| | અમદાવાદ | ● સેવા ફાઉન્ડેશનની ૩૨ મહિલાએ શહેરના ગીચ વિસ્તારોમાં વિતરણ કરવા માટે ૧૫ હજાર માસ્ક તૈયાર કર્યા.<br>● લોકડાઉનમાં પોસ્ટ વિભાગ દર્દીઓના પડખે. પોસ્ટ વિભાગે દર્દીઓને ત્વરીત દવા પહોંચાડી બન્યા "કોરોના વોરિયર્સ." દરરોજની પોસ્ટ તથા પાર્સલનું દરરોજ વિતરણ.<br>● વી.એસ. હોસ્પિટલ બંધ હાલતમાં છે, ત્યારે એલ.જી. હોસ્પિટલ પણ બંધ કરાતા કોરોના સિવાયના રોગ માટે સારવાર લેવા ક્યાં જવું તે વિકટ બનેલ પ્રશ્ન. કેટલાક અર્બન હેલ્થ સેન્ટરો પણ બંધ છે. |
| ૨૪-૪-૨૦૨૦<br>શુક્રવાર | વિશ્વ | ● બ્રિટનમાં લઘુમતીઓમાં સૌથી વધુ અસર ભારતીયોને થઈ. ૪૦૦ કરતા વધુના મૃત્યુ.<br>● અમેરિકામાં એક મહિનામાં ૨.૬ કરોડ લોકોએ બેરોજગારી ભથ્થું મેળવવા અરજી કરી. |
| | ભારત | ● ***<u>કોરોના લોકડાઉનને એક મહિનો પૂરો થતાં, ૩૦ દિવસનું સરવૈયુ.</u>***<br>★ દેશના ૨૦ ટકા દર્દીઓ સાજા થઈને ઘરે ગયા.<br>★ સેવન સિસ્ટર ગણાતા પૂર્વના ૭ રાજ્યોમાં અત્યાર સુધી માત્ર ૫૪ કોરોના પોઝિટિવ કેસ.<br>★ દેશનું આર્થિક સંક્રમણ રોકવા કેન્દ્રના કર્મચારીઓનું ડી.એ. ૧-૧-૨૦થી ૩૦-૬-૨૧ સુધી સ્થગિત કરવામાં આવ્યું. ૧-૧-૨૦થી ૩૦-૬-૨૧ સુધીના ૧૮ મહિના દરમિયાન ડીએ ૧૭ ટકા પર સ્થિર રહેશે. રાજ્ય સરકારો પણ કેન્દ્ર સરકારના નિર્ણયને અનુસરશે. આ નિર્ણયથી કેન્દ્રને ૩૭,૫૩૦ કરોડ જ્યારે રાજ્ય સરકારને ૮૨,૫૬૬ કરોડ રૂપિયાની બચત થશે. સરકારના આ નિર્ણયની અસર ૪૮ લાખ કર્મચારીઓ અને ૬૫ લાખ પેન્શનરો પર પડશે. |

*એક તરફ તું કહે છે કે સબૂરના ફળ મીઠા હોય છે અને બીજી તરફ તું કહે છે કે સમય કોઈની રાહ નથી જોતો.*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | | ★ ૨૯ માર્ચે અમદાવાદમાં પહેલો કેસ રીકવર થયો હતો કે જે એક મહિલા હતી.<br>★ ગુજરાતમાં ૧૧૨ લોકોના મૃત્યુ થયા છે. ૨૫૮ લોકો કોરોનાને હરાવી, સાજા થઈ, ઘરે ગયા.<br>★ ગુજરાતમાં ૧૯ લેબોરેટરીમાં કોવિડ-૧૯ના ટેસ્ટ થાય છે જેમાં ૧૫ સરકારી છે અને ૪ ખાનગી.<br>★ સુરેન્દ્રનગર, અમરેલી, જૂનાગઢ અને દેવભૂમિ દ્વારકામાં કોરોનાનો એક પણ પોઝિટિવ કેસ નથી.<br>★ ગુજરાતમાં ક્વોરન્ટાઇનમાં ગયેલ ટોટલ વ્યક્તિ ૩૪૪૦૯. કે જેમાંથી હોમ ક્વોરન્ટાઇન ૨૯,૬૬૭; સરકારી ફેસિલીટીમાં ક્વોરન્ટાઇન ૪૪૩૬ અને પ્રાઈવેટ ફેસિલીટીમાં ક્વોરન્ટાઇન ૩૦૬.<br>★ ગુજરાતમાં કોરોનાના ૨૨૫૪ કેસ કે જેમાંથી અમદાવાદના ૧૬૫૨ કેસ.<br>● કોરોનાને પગલે વર્ષ ૨૦૨૦માં એન.આર.આઈ. ૨૩ ટકા ઓછા નાણાં મોકલશે – વર્લ્ડ બેંક.<br>● ૨૩ રાજ્યોના ૭૮ જિલ્લામાં, છેલ્લા ૧૪ દિવસમાં કોરોનાનો કોઈ કેસ નથી.<br>● કેન્દ્ર સરકારે પ્રત્યેક પરિવારને દર મહિને રૂા. ૭૫૦૦ આપવા જોઈએ – સોનિયા ગાંધી<br>● દેશમાં ૧૨ કરોડ લોકોએ રોજી ગુમાવી. લોકડાઉનની રણનીતિ પર કેન્દ્ર સરકાર ફરી વિચાર કરે – સોનિયા ગાંધી |
| | ગુજરાત | ● ગુજરાતના અમદાવાદ સહિતના ૩ શહેરો કરફ્યુ મુક્ત. ૩ મે સુધી લોકડાઉન યથાવત રહેશે.<br>● એક્સપોર્ટના ઓર્ડર ધરાવનારને ૨૫ એપ્રિલથી એકમો ચાલુ કરવાની છુટ અપાઈ.<br>● ગરીબોને ફરીથી ૩.૫ કિ.ગ્રા ઘઉં અને ૧.૫ કિ.ગ્રા. ચોખા વિના મૂલ્યે અપાશે.<br>● ગુજરાતમાં છેલ્લા ૧૦ દિવસમાં કોરોનાના ૨૦૦૦થી વધુ કેસ.<br>● કોરોના વોરિયર્સ ઉપર હુમલામાં ૨૨ને પાસા હેઠળ જેલમાં ધકેલાયા. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં જાહેરનામા ભંગના ૨૨૭૧, ક્વોરન્ટાઇન ભંગના ૮૫૩ અને અન્ય ૪૪૫ ગુનાઓમાં ૪૩૩૧ આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. વધુમાં ૩૧૭૭ વાહનો પણ જપ્ત કરવામાં આવેલ છે. |
| | અમદાવાદ | ● કોરોનાના ડરને કારણે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ઓ.પી.ડી. સુમસામ.<br>● સિવિલ હોસ્પિટલમાં સરકારી બાબુઓના આદેશને પગલે ડૉક્ટરો આખો દિવસ મીટિંગમાં વ્યસ્ત રહેતા હોવાથી દર્દીઓ ભગવાન ભરોસે. |
| ૨૫-૪-૨૦૨૦ શનિવાર | વિશ્વ | ● વિશ્વમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨૭,૦૯,૪૦૮. મૃત્યુની સંખ્યા ૧,૯૪,૫૦૫.<br>● કોરોના મહામારીના પગલે વિકાસશીલ દેશોનું દેવું વધીને ૩.૪ અબજ ડોલર થશે : યુએન સીટી એડિ.ના તાજેતરના અહેલવામાં રજૂ કરાયેલ અંદાજ. |
| | અમેરિકા | ● અમેરિકામાં સંક્રમિતોની સંખ્યા ૮,૯૫,૦૭૨. મૃત્યુની સંખ્યા ૫૦,૯૫૨.<br>● ટ્રમ્પનું ગાંડપણ : કોરોનામાં જંતુનાશક દવાના ઈન્જેક્શનો લેવાની સલાહ આપી. તેની દુનિયાભરમાં ટીકા થઇ. દવાના ઉત્પાદકોએ સ્પષ્ટતા કરી કે કોઈપણ સંજોગોમાં જંતુનાશક પદાર્થો શરીરના આંતરિક કે બાહ્ય ભાગને પણ સ્પર્શે એ હિતાવહ નથી.<br>● અમેરિકાની અનેક હોસ્પિટલોમાં ૨૦ ટકા દર્દીઓમાં બ્લડ ક્લોટિંગની સમસ્યા.<br>કોરોનાથી ફેફસામાં થતું રહસ્યમય બ્લડ ક્લોટિંગ ડૉક્ટરો માટે મોટો પડકાર. લોહી જેલ જેવું થઈ જાય છે. આવું થવાનું કારણ નહીં જણાય ત્યાં સુધી ઉકેલ મેળવવો મુશ્કેલ – અમેરિકી ડૉક્ટર.<br>લોહીને પતલું કરવા થીનર આપીએ છીએ પરંતુ કોરોનાના દર્દી પર તેની અસર થતી નથી તેવો અમેરિકી ડૉક્ટરનો દાવો. |
| | ભારત | ● ભારતમાં ટોટલ સંક્રમિતોની સંખ્યા ૨૪૩૫૬ અને મૃત્યુ ૭૭૮.<br>● અમેરિકન ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ સ્ટ્રેટેજી જેરફરીઝના વડાની ચેતવણી કે ભારત માટે કોરોના નહીં, લોકડાઉન વધુ ખતરનાક સાબિત થશે.<br>● ખામીવાળી ટેસ્ટ કીટ ચીનને પરત મોકલાશે – કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધન.<br>● ડીએ સ્થગિત કરવાના બદલે સરકાર બુલેટ ટ્રેન પ્રોજેક્ટ બંધ કરે – કોંગ્રેસ<br>● કેરળમાં મહિલાને કોઈ જ ચિન્હો નથી છતાં સતત ૧૯ ટેસ્ટ પોઝિટિવ. કોરોના વાયરસ અકળ અને બેહદ છેતરામણો હોય તેવું લાગે છે. |

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | ગુજરાત | ● ગુજરાતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨૮૧૫ અને મૃત્યુ ૧૨૭.<br>● કોરોનાના કેસોમાં ભારતમાં. ૩.૧૯ મૃત્યુ દર સામે ગુજરાતમાં ૪.૫૧નો દર.<br>● ગુજરાતમાં તબલિગીઓના કારણે જ કોરોના વાયરસના કેસોમાં વધારો – મુખ્યમંત્રી વિજય રૂપાણી |
| | અમદાવાદ | ● અમદાવાદમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૮૨૧ અને મૃત્યુનો આંક ૮૩. |
| ૨૬-૪-૨૦૨૦ રવિવાર | વિશ્વ | ● કોરોનાથી વિશ્વભરમાં ૨ લાખથી વધુ મોત. ચોથા ભાગના મોત એકલા અમેરિકામાં. તુર્કીમાં પણ કોરોનાના ૧ લાખથી વધુ કેસ.<br>● ચામાચીડિયા માણસોમાં કોરોનાનો ચેપ નથી ફેલાવતા – ૬૪ વૈજ્ઞાનિકોનો દાવો.<br>● કોરોનાની મહામારીથી સ્પેનમાં સ્ટ્રોબેરીના બગીચા ઉજ્જડ બન્યા. મોરોક્કો સરહદ સીલ થતાં પ્રવાસી મજૂરો બગીચામાં આવી શકતા નથી. કોરોનાથી હોટેલ, રેસ્ટોરન્ટ અને કાફેટેરિયામાં સ્ટ્રોબેરીની માંગ ૬૦ ટકા ઘટી. |
| | અમેરિકા | ● જંતુનાશકના ઈન્જેક્શન લેવાની વાત તો મજાક હતી – ટ્રમ્પનો ખુલાસો. |
| | ભારત | ● કોરોના સામેની લડતમાં મોટાભાગના દેશો પોતાની પળોજણમાં પડ્યા છે ત્યારે ભારતે અનેક દેશોને દવા નિકાસ કરી છે. ભારતે ૫૪ દેશોને હાઇડ્રોક્સિક્લોરોક્વિન દવા કોરોનાની સારવાર માટે મોકલી આપી.<br>● મોડી રાત્રે કેન્દ્ર સરકાર દ્વારા ભારતભરમાં દુકાનો ખોલવાનો નિર્ણય લેવાયો.<br>● દેશમાં કોરોનાના કેસ ૨૬,૦૦૦ને પાર.<br>● કીટ ખામીવાળી જણાતા રેપિડ ટેસ્ટ અટકાવાયા.<br>● સાજા થયેલ લોકો ફરીથી સંક્રમિત નહીં થાય તેવી કોઈ ગેરંટી નથી – **WHO** |
| | ગુજરાત | ● ગુજરાતમાં આજથી નાની દુકાનો ચાલુ. શોપિંગ મોલ હજુ બંધ રહેશે. માત્ર ૫૦ ટકા સ્ટાફની હાજરીથી દુકાનો ચાલુ રાખી શકાશે.<br>● હોટ સ્પોટ અને વધુ સંક્રમણવાળા વિસ્તારોમાં દુકાનો, રેસ્ટોરા, હેર સલુન વગેરે ખૂલી નહીં શકે.<br>● વેપાર ઉદ્યોગોએ દુકાન ખોલાવવાના સરકારના પગલાને વખાણ્યું.<br>● કોરોનાના કેસો અને મૃત્યુનો આંક વધતા કેન્દ્રની ટીમ ગુજરાતમાં દોડી આવી. ટીમના અમદાવાદમાં ધામા.<br>● મંત્રીઓ સાથેની બેઠકમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૫ સપ્તાહના લેખાજોખા રજૂ કર્યા. કોરોના સામે જંગ છેડીને ગુજરાત સરકારે સંક્રમણથી ૧૮,૦૦૦ લોકોને બચાવ્યા.<br>● સુરતમાં ફસાયેલા શ્રમિક વર્ગમાં ખુશાલીનો માહોલ. ખાનગી વાહનોમાં વતન જવાની છુટ મળતા શ્રમિકો માટે ૧૧ લક્ઝરી બસ બુક થઈ.<br>● ટુ વ્હીલર પર એક અને ફોર વ્હીલરમાં બે વ્યક્તિ ફરી શકે તેવો નિયમ લાગુ કરાયો.<br>● નાની દુકાનોને ખોલવા માટે સરકારના નિર્ણય અંગે વિરોધાભાસી સૂર. સંકટ ઘેરું બનશે કે અર્થતંત્ર ગતિ પકડશે તેવી દ્વિધા રજૂ કરાઈ. |
| | અમદાવાદ | ● સમરસ કેર સેન્ટરના પેશન્ટોનો વીડિયો વાઈરલ. સવારની ચા બપોરે ૧ વાગે અને બપોરનું જમવાનું સાંજના ૪ વાગે મળે છે. |
| ૨૭-૪-૨૦૨૦ સોમવાર | વિશ્વ | ● વિશ્વમાં કોરોનાના કેસનો વધારો છતાં અમુક દેશોએ લોકડાઉન હળવું કર્યું. |
| | ભારત | ● છેલ્લા ૨૪ કલાકમાં સંક્રમિતોની સંખ્યા ૧૩૭૫ વધતા, ટોટલ સંક્રમિતો ૨૭૪૫૧ થયા.<br>છેલ્લા ૨૪ કલાકમાં ૫૦ મૃત્યુ થતા, ટોટલ મૃત્યુનો આંક ૮૭૩ પર પહોંચ્યો.<br>● લોકડાઉન લંબાવ્યું તો કરોડો લોકોને ખાવાના પણ ફાંફા પડશે – પૂર્વ આર.બી.આઈ. ગર્વનર સુબ્બારાવની ચેતવણી<br>● સુરત શહેરમાં હવે "રોબોટ" કોરોના દર્દીઓને દવા, પાણી, જમવાનું આપશે. |
| | ગુજરાત | ● છેલ્લા ૨૪ કલાકમાં સંક્રમિતોની સંખ્યા ૨૩૮ વધતા, ટોટલ સંક્રમિતો ૩૩૦૯ થયા.<br>છેલ્લા ૨૪ કલાકમાં મૃત્યુની સંખ્યા ૨૨ વધતા, ટોટલ મૃત્યુ ૧૫૫ થયા.<br>● રાજ્ય સરકારનો યુ-ટર્ન. કોરોના વધતા નિર્ણય બદલ્યો. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટમાં લોકડાઉન ચાલુ. દુકાનો |

*આપણે ગમે તેવા દાવપેચ કરીએ, પણ 'હુકમનો એક્કો' તો હંમેશાં કુદરત જ ફેંકી જાય છે.*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | | નહીં ખૂલે. આવશ્યક ચીજવસ્તુઓની દુકાનો ખુલ્લી રહેશે.<br>● ગુજરાતના ચારે મહાનગરો – અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટમાં ૮૦ ટકા કેસો હોવાથી ત્યાં છુટછાટ ન આપવાનો નિર્ણય લેવાયો – મુખ્યમંત્રી વિજય રૂપાણી<br>● લોકડાઉનનો કડક અમલ હોવા છતાં ગુજરાતમાં દરરોજના ૩૦૦૦ ગુનાઓ બને છે. |
| | અમદાવાદ | ● છેલ્લા ૨૪ કલાકમાં સંક્રમિતોની સંખ્યા ૧૭૮ વધતા, ટોટલ સંક્રમિતો ૨૧૮૧ થયા.<br>છેલ્લા ૨૪ કલાકમાં મૃત્યુની સંખ્યા ૧૮ વધતા, ટોટલ મૃત્યુ ૧૦૪ થયા.<br>● ગાંધી બ્રિજ, નહેરૂ બ્રિજ અને દધિચી બ્રિજ કોરોનાનું સંક્રમણ ઘટે નહીં ત્યાં સુધી બંધ રહેશે.<br>● કોરોનાના દર્દીઓની સારવાર કરતી એસ.વી.પી. હોસ્પિટલના ડૉક્ટરોને જ ચેપ લાગ્યા. એસ.વી.પી.ના ૮ ડૉક્ટરોને સ્પોર્ટસ ક્લબમાં ક્વોરન્ટાઈન કરાયા. અગાઉ ૧૬ ડૉક્ટરો ઝપટમાં આવતા એલ.જી. હોસ્પિટલ જ બંધ કરી દેવી પડી હતી. |
| ૨૮-૪-૨૦૨૦ મંગળવાર | વિશ્વ | ● વિશ્વમાં કોરોના સંક્રમિતોની ફાન્સમાં સંખ્યા ૩૦ લાખને પાર ગઈ અને ૨ લાખના મૃત્યુ થયા. |
| | ભારત | ● ખાનગી કંપનીએ કોરોનાની રૂા. ૨૪૫ની ટેસ્ટીંગ કીટ સરકારને રૂા. ૬૦૦માં વેચી. આયાત કરનાર અને વિતરક કંપની અંદરોઅંદર ઝઘડતા કૌભાંડ બહાર આવ્યું. કીટના રૂા. ૩૦ કરોડના ઓર્ડરમાં રેર મેટાલિકે કોઈ ખર્ચ કર્યા વિના રૂા. ૧૮.૭ કરોડનો નફો કર્યો.<br>● દિલ્હી હાઈકોર્ટે રેપીડ ટેસ્ટ કીટમાં ૧૪૫ ટકાનો નફો ઘટાડીને ૬૧ ટકા કર્યો. **ICMR** એ પાંચ લાખ કીટનો ઓર્ડર આપેલ હતો. |
| | ગુજરાત | ● ૩જી મે એ ગુજરાતમાંથી એક ઝાટકે લોકડાઉન હટાવાશે નહીં. રેડ ઝોન સંપૂર્ણ સલામત નહીં થાય ત્યાં સુધી લોકડાઉન ઉઠાવાશે નહીં – મુખ્યમંત્રી રૂપાણી<br>● ૯૨ પોલીસ કર્મચારીઓનો કોરોના રીપોર્ટ પોઝિટિવ આવ્યો. ૪૭૯ને હોમ ક્વોરન્ટાઈન કરાયા.<br>● ગુજરાતમાંથી મધ્ય પ્રદેશ, રાજસ્થાનના ૨૩૪૧ શ્રમિકો ૧૫૮થી વધુ બસમાં રવાના કરાયા. |
| | અમદાવાદ | ● કોરોનાના દર્દી અને તેના મૃત્યુના રોજેરોજ વધી રહેલ આંકડાથી લોકો ચિંતિત. લોકડાઉન હોવા છતાં સ્થિતિ બેકાબૂ છે તો લોકડાઉન ખૂલ્યા પછી શું થશે તે મોટો પ્રશ્ન. કોરોનાની સ્થિતિ એ હદે વકરી છે કે અમદાવાદ શહેર દેશભરમાં બીજા ક્રમે આવી ગયું. તંત્રના પ્રયાસો છતાં ચૂક ક્યાં રહી ગઈ તે શોધનો વિષય. |
| ૨૯-૪-૨૦૨૦ બુધવાર | અમેરિકા | ● કોરોનાની મહામારીમાં ન્યુયોર્કની દુઃખદ ઘટના. કોરોનાના દર્દીઓનું દુઃખ જોઈ ન શકાતા, મહિલા ડૉક્ટરે આત્મહત્યા કરી. આત્મહત્યા પહેલા તેમણે પિતા પાસે દર્દીઓનું દુઃખ વ્યક્ત કરેલ હતું. |
| | ભારત | ● કોરોના સામે લડવા ડૉક્ટર, નર્સ વગેરે મોકલો – યુ.એ.ઈ.ની ભારત પાસે માંગ.<br>યુ.એ.ઈ.માં કોરોનાના કેસની સંખ્યા ૧૧ હજારને પાર. ડૉક્ટર, નર્સ માટે વિમાન મોકલવા તૈયાર.<br>● કોરોના વાયરસનું ૧૦ પ્રકારના વાયરસમાં પરિવર્તન. **A2A** નું સૌથી વધુ. પશ્ચિમ બંગાળના કલ્યાણીમાં આવેલી નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ બાયોમેડિકલ જેમોમિકના નિધાન વિશ્વાસ અને પાર્થ મજમુદારે કરેલો આ અભ્યાસ.<br>● લોકડાઉમાં સરકાર વન નેશન - વન રાશન કાર્ડ યોજનાના અમલ અંગે વિચાર કરે – સુપ્રીમ કોર્ટ.<br>● દેશના ૧૫ જિલ્લામાં જ કોરોનાના સૌથી વધુ કેસ. કોરોનાની લડાઈમાં અમદાવાદ, દિલ્હી, મુંબઈ સહિત ૧૫ જિલ્લા અતિ જોખમી. |
| | ગુજરાત | ● લોકડાઉનના પગલે દક્ષિણ ગુજરાતમાંથી રૂા. ૫ કરોડની કેરીની નિકાસ ઠપ્પ.<br>● કોરોનાનો ટેસ્ટ પોઝિટિવ આવે અને લક્ષણ નહીં હોય તો હવેથી દર્દીને હોમ આઈસોલેશનમાં રખાશે. ગુજરાતના ૭૦ ટકા દર્દી આ કેટેગરીમાં આવે છે. |
| | અમદાવાદ | ● ૧૭ ડૉક્ટરો અને ૭ કર્મચારીઓને કોરોના થતા મ્યુનિસિપાલિટીએ બંધ કરી દીધેલી એલ.જી. હોસ્પિટલ સેનેટાઈઝ કરીને ફરીથી ચાલુ કરાઈ.<br>● અમદાવાદમાં હવે ક્યાંયે ગ્રીન ઝોન રહેવા પામેલ નથી. ૬ વોર્ડ રેડ ઝોનમાં અને ૪૮માંથી ૪૨ ઝોન ઓરેન્જ ઝોન |

*સ્વર્ગમાં બધુંય છે પણ મોત નથી, ગીતામાં બધુંય છે પણ જુઠ નથી; દુનિયામાં બધુંય છે પણ કોઈને શાંતિ નથી, આજના માણસમાં બધુંય છે પણ ધીરજ નથી.*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | | હેઠળ આવે છે.<br>● ૧૯-૪-૨૦૨૦ પછી ૮ દિવસે અમદાવાદમાં કેસો ડબલ થયા અને મૃત્યુ ૩ ગણાથી પણ વધુ થયા.<br>● એસ.વી.પી.ના ૩ ડૉક્ટરો કોરોનાની ઝપટમાં.<br>● કોરોનાથી નહીં પણ ભૂખથી મરી જઈશું. શિવશક્તિના છાપરામાં રહેતા શ્રમજીવીઓનું બયાન. તેઓને ૨૦ દિવસથી અનાજ કે ફુડ પેકેટ્સ મળેલ નથી. સરદાર નગરમાં તેઓના ધરણા. |
| ૩૦-૪-૨૦૨૦ ગુરૂવાર | વિશ્વ | ● વિશ્વમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૩૧,૮૬,૪૦૦ અને મૃતાંક ૨,૨૫,૪૬૬.<br>● અમેરિકામાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૦,૩૫,૭૬૫ અને મૃતાંક ૫૯,૨૬૬.<br>● ચીન છોડનારી ૫૬ કંપનીઓ પૈકી ૨૬ કંપનીઓ વિયેતનામમાં ગઈ. ભારતમાં માત્ર ૩ કંપની આવી.<br>● ચાલુ વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં અમેરિકાનો જી.ડી.પી. ઘટીને માઈનસ ૪.૮ ટકા થયો. છેલ્લા ૧૦ વર્ષનો સૌથી મોટો ઘટાડો. |
| | ભારત | ● ભારતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૩૨,૮૩૦ અને મૃતાંક ૧૦૬૪.<br>● વગર વિચારે લોકડાઉન જાહેર કર્યા પછી, વાસ્તવિક પરિસ્થિતિ હલ કરવા ૩૬ દિવસની હાલાકી બાદ મજૂરો તથા વિદ્યાર્થીઓને વતનમાં જવાની છૂટ. તે અંગે જરૂરી બસોની વ્યવસ્થા કરાશે – કેન્દ્ર સરકારની જાહેરાત.<br>● વિદેશમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવા કેન્દ્રએ પ્લાન તૈયાર કર્યો. ગલ્ફ તથા યુરોપિયન દેશોમાંથી શરૂઆત કરાશે.<br>● ભારતીય નિકાસકારોની ચેતવણી. મે મહિનામાં લોકડાઉન ચાલુ રહેશે તો નિકાસના ૨૦ ટકા ઓર્ડર અન્ય દેશોમાં શીફ્ટ થશે.<br>● હૈદ્રાબાદમાં વતન પરત જવા એકઠા થયેલા ૨૪૦૦ પરપ્રાંતિય મજૂરોનો પોલીસ પર પથ્થરમારો. |
| | ગુજરાત | ● ગુજરાતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૪૦૮૨ અને મૃતાંક ૧૯૭.<br>● ગુજરાતમાં અટવાયેલા આંધ્રના ૪૦૦૦ માછીમારોને તેમના વતન મોકલાયા.<br>● ગુજરાતમાં લોકડાઉનના ભંગ બદલ ૧.૭ લાખ આરોપીઓની અટકાયત. |
| | અમદાવાદ | ● અમદાવાદમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨૭૭૭ અને મૃતાંક ૧૩૭.<br>● અમદાવાદની બાઈક પર પોતાના વતન યુ.પી. જવા નીકળેલા અંદાજિત ૨૫ મજૂરો પાસેથી બાઈક જપ્ત કરી, તેમને બસ દ્વારા પરત અમદાવાદ મોકલવામાં આવ્યા. મજૂરોનું કહેવું છે કે અમને કોરોના હોય તો ગોળીએ મારો, નહીં તો અમને અમારા વતન જવા દો. અમદાવાદમાં અનાજ વગર ભૂખે રહીને તેઓએ દિવસો પસાર કરેલ હતા.<br>● અમદાવાદમાં ફસાયેલા અયોધ્યાના મજૂરો કપરી હાલતમાં.<br>● અમદાવાદથી ૧૫ હજારથી વધુ પરપ્રાંતિયો વતન જવા માંગે છે.<br>● ક્રાઈમ બ્રાંચના PSI સહિત ૧૦૫ પોલીસ કર્મચારીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ.<br>● માસ્ક નહીં પહેરનાર ફેરિયા, વેપારી કે મોલવાળાને દંડ કરી તેમનું લાઈસન્સ રદ કરાશે. |
| **મે-૨૦૨૦** | | |
| ૧-૫-૨૦૨૦ શુક્રવાર | વિશ્વ | ● કોરોના લોકડાઉનથી વિશ્વમાં ૧.૬ અબજ કામદારોની રોજી છીનવાઈ જવાનો ભય.<br>● વિશ્વમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૩૨.૭૧ લાખ ઉપર. મૃત્યુ ૨.૩૧ લાખ ઉપર.<br>● અમેરિકામાં સંક્રમિતોની સંખ્યા ૧૦.૬૪ લાખ ઉપર. મૃત્યુ ૬૧૬૫૬.<br>● ૨૪ કલાકમાં ૨૫૦૦થી વધુ મૃત્યુ છતાં અમેરિકામાં ૩૫ રાજ્યો રી-ઓપન કરવા તૈયાર.<br>● ગુજરાત સરકારે મદદ કરતા લોકડાઉનમાં ગુજરાતમાં અટવાયેલા અમેરિકા, કેનેડા, ચીન, ઈરાન, કોરિયા, સ્પેન, ઈટાલી સહિતના ૧૪ દેશોના વિદેશીઓ સ્વદેશ પરત પહોંચ્યા. |
| | ભારત | ● રીઝર્વ બેંકના ભૂતપૂર્વ ગવર્નર રઘુરામ રાજને વડાપ્રધાનને તબક્કાવાર લોકડાઉન ઉઠાવી લેવાની સલાહ આપી.<br>● ભારતમાં અન્ય રાજ્યોમાં ફસાયેલા પ્રવાસી મજૂરોની વિશેષ ટ્રેન દ્વારા પોતાના વતનમાં પહોંચાડવાની બિહાર, પંજાબ તથા તેલંગાણા રાજ્યોએ કેન્દ્ર સમક્ષ માંગણી કરી. |

*તમે તમને તમારી અંદર જ સર્ચ કરો, પોતાના કર્મ વિશે ક્યારેક તો રીસર્ચ કરો.*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | | ● તા. ૧-૫-૨૦૨૦ એટલે કે મજૂર દિને તેલંગાણાથી ઝારખંડ વચ્ચે પરપ્રાંતિય મજૂરોને પરત મોકલવા ૧૨૦૦ પ્રવાસીઓ સાથે પ્રથમ ટ્રેન દોડી.<br>● ભારતમાં કોરોના પોઝીટીવની સંખ્યા ૩૪૪૬૧. મૃત્યુ ૧૧૪૬. |
| | ગુજરાત | ● મેડિકલમાં અભ્યાસ કરતા ગુજરાતના ૩૦૦ વિદ્યાર્થી યુરોપ ખંડના બેલારૂસ દેશમાં ફસાયા હોવાથી તેમના વાલીઓ દ્વારા વિદ્યાર્થીઓને પાછા લાવવા સરકાર તથા એમ્બેસીમાં અનેકવાર રજૂઆત.<br>● લોકડાઉનમાં જુદા જુદા રાજ્યોમાં અટવાયેલા સ્વજનોને પરત ગુજરાત લાવવા ગુજરાત સરકારે ૧૬ નોડલ ઓફિસરોની નિમણૂંક કરી. ગુજરાતમાં અન્ય રાજ્યોના અટવાયેલા લોકોને વતન પરત મોકલવાની વ્યવસ્થા પણ આ જ ઓફિસરોને સોંપાઈ.<br>● ગુજરાતમાં કોરોના પોઝીટીવની સંખ્યા ૪૩૯૫. મૃત્યુ આંક ૨૧૪. |
| | અમદાવાદ | ● અમદાવાદમાં કોરોના પોઝીટીવની સંખ્યા ૩૦૨૬, મૃત્યુ આંક ૧૪૯.<br>● ગાંધીનગરમાં કોરોના પોઝીટીવની સંખ્યા ૫૦ને પાર. |
| ૨-૫-૨૦૨૦ શનિવાર | વિશ્વ | ● કોરોના કેસની ટોટલ સંખ્યા ૩૩.૩૬ લાખને પાર. મૃત્યુ ૨.૩૫ લાખને પાર.<br>● અમેરિકામાં કેસની સંખ્યા ૧૧.૦૫ લાખને પાર. મૃત્યુ ૬૪૫૦૦ને પાર. |
| | ભારત | ● તા. ૧-૫-૨૦૨૦ની રાત્રે કેન્દ્ર સરકારે કરી લોકડાઉન-૩ની જાહેરાત.<br>● લોકડાઉન-૩ તા. ૪-૫-૨૦૨૦થી તા. ૧૭-૫-૨૦૨૦ના ૧૪ દિવસ સુધી રહેશે.<br>● લોકડાઉન-૩માં રેડ ઝોન સિવાયના વિસ્તારમાં ઓછા પ્રતિબંધો સાથે વધુ છુટછાટો આપવાની પણ જાહેરાત.<br>● રેડ ઝોન સિવાયના વિસ્તારોમાં ૩૩ ટકા સ્ટાફ સાથે ખાનગી ઓફિસો ચાલુ કરવાની છુટ આપવામાં આવી.<br>● આજની જાહેરાત મુજબ આરોગ્ય સેતુ એપ્લીકેશનનો ઉપયોગ ફરજિયાત કરાયો.<br>● દેશના ૭૩૯ જિલ્લામાંથી ૩૧૯ જિલ્લા ગ્રીન ઝોનમાં, ૨૮૪ જિલ્લા ઓરેન્જ ઝોનમાં અને ૧૩૦ જિલ્લાઓ રેડ ઝોનમાં જાહેર કરાયા.<br>● ભારતમાં ટોટલ કેસની સંખ્યા ૩૭૧૮૧, મૃત્યુ આંક ૧૨૨૨. |
| | ગુજરાત | ● ગુજરાતના ૩૩ જિલ્લામાંથી ૫ જિલ્લા ગ્રીન ઝોનમાં, ૧૯ જિલ્લા ઓરેન્જ ઝોનમાં અને ૯ જિલ્લા રેડ ઝોનમાં જાહેર કરાયા.<br>● ગુજરાતમાં ૧૨૭૦૦ ફેક્ટરીઓમાં ૪.૬૭ લાખ કામદારો કામ પર ચાલુ થયા.<br>● ઓરિસ્સાના ૧૨૦૦ પ્રવાસી લઈને પ્રથમ શ્રમિક ટ્રેન સુરતથી આજે રવાના થઈ.<br>● ગુજરાતમાં સંક્રમિતોની સંખ્યા ૪૭૨૧, મૃત્યુ આંક ૨૩૬. |
| | અમદાવાદ | ● અમદાવાદમાં સંક્રમિતોની સંખ્યા ૩૨૯૩, મૃત્યુ આંક ૧૬૫. |
| ૩-૫-૨૦૨૦ રવિવાર | વિશ્વ | ● અમેરિકા ભારત સહિત ૧૨૦ દેશોને કોરોના માટે ૭૭.૫ કરોડ ડોલરની મદદ કરશે. |
| | ભારત | ● ભારતના શ્રમ મંત્રી ગંગાવરે જણાવ્યું કે દેશમાં ૧૨ કરોડ જેટલા પરપ્રાંતિય કામદારો ઔદ્યોગિક નગરો અને શહેરોમાં મજૂરી કરતા હોવાનો અંદાજ છે.<br>● તા. ૧-૫-૨૦૨૦ને શુક્રવારે કેન્દ્ર સરકારે લોકડાઉન-૩ની જાહેરાત કરતા એ જ રાત્રે સેંકડો કામદારોએ (ટ્રેન તેમજ બસ સેવા બંધ હોતા) પોતાના વતન તરફ જવા માટે સામૂહિક પગપાળા હિજરત ચાલુ કરી દીધી. તેના કારણે હાઈવે પર હજારો લોકો પગપાળા જતા દેખાતા હતા.<br>● કામદારો પોતાના વતન તરફ હિજરત કરી જતા હોવાથી સરકારો અને ઉદ્યોગોને ફરીથી કામકાજ શરૂ કરવા પર રોક લાગશે તેવો અભિપ્રાય આવ્યો. |
| | ગુજરાત | ● રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રને જોડતી સરહદો પર દક્ષિણ ગુજરાતથી માંડી ઉત્તર ગુજરાતની દરેક ચેક-પોસ્ટ પાસે ચક્કાજામ જેવી પરિસ્થિતિ. |

*તમે ભલે કદરૂપા ચહેરાની મજાક કરો, પણ બરબાદ તો હંમેશાં સુંદર ચહેરો જ કરે છે.*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| ૪-૫-૨૦૨૦ સોમવાર | વિશ્વ | ● વિશ્વના અનેક દેશોમાં લોકડાઉનની પરિસ્થિતિમાં છુટછાટ અપાઈ.<br>● રશિયા - બ્રિટનમાં કોરોનાને કારણે ગંભીર પરિસ્થિતિ. |
| | ભારત | ● ***ઓછા પ્રતિબંધો અને વધુ છુટછાટ સાથે આજથી બીજા ૧૪ દિવસ માટે લોકડાઉનનો ત્રીજો તબક્કો શરૂ.***<br>● ગ્રીન અને ઓરેન્જ ઝોનમાં બિનઆવશ્યક વસ્તુઓના વેચાણની સાથે હેર સલુન, સ્પા, ઈ-કોમર્સ કંપનીઓ વગેરેને પણ છુટ અપાઈ.<br>● રેડ ઝોનમાં ૩૩ ટકા કર્મચારી સાથે ખાનગી ઓફિસોને મંજૂરી.<br>● કોરોના વાઈરસના લોકડાઉન વચ્ચે મુંબઈમાંથી ૧.૫૦ લાખથી પણ વધુ લોકોએ વતન પરત ફરવા નોંધણી કરાવી. |
| | ગુજરાત | ● ગુજરાતમાં કોરોનાનું રૌદ્ર સ્વરુપ. છેલ્લા ૨૪ કલાકમાં ૨૮ના મૃત્યુ, ૩૭૪ નવા કેસ.<br>● અમદાવાદ, સુરત, વડોદરા, ભાવનગર, ગાંધીનગર – એમ ૫ શહેરોમાં લોકડાઉન ચાલુ. રાજકોટ રેડ ઝોનમાં મૂકાયું. અન્ય વિભાગોમાં છુટછાટ.<br>● સમગ્ર ગુજરાતમાં સાંજના ૭થી સવારના ૭ સુધી બહાર નીકળવા પર પ્રતિબંધ.<br>● ગ્રીન ઝોનમાં એસ.ટી. બસ શરૂ. બસમાં માત્ર ૩૦ મુસાફરો જ બેસી શકે.<br>● સૌરાષ્ટ્રમાંથી હજારો શ્રમિકોની પગપાળા હિજરત.<br>● રાજકોટથી વતન જવા સેંકડો શ્રમિકો રસ્તા ઉપર.<br>● વતન જવા નહીં મળતા ઝારખંડ, યુ.પી., બિહારના ૮૦ કામદારોએ (પાંડેસરા - સુરત પાસે) મુંડન કરાવ્યું. |
| | અમદાવાદ | ● છેલ્લા ૬ દિવસથી અમદાવાદમાં પરિસ્થિતિએ લીધેલો ગંભીર વળાંક. ૨૪ કલાકમાં ૨૩ના મૃત્યુ અને નવા ૨૭૪ કેસ.<br>● અમદાવાદમાં નહેરુ, ગાંધી, દધિચી, સરદાર અને આંબેડકર – એમ ૫ બ્રિજ બંધ કરાયા. માત્ર એલિસબ્રિજ અને સુભાષબ્રિજ ચાલુ રખાયા.<br>● મણિનગરનો પણ કન્ટેઈનમેન્ટ ઝોનમાં કરાયેલો સમાવેશ.<br>● પી.જી. હોસ્ટેલમાં ૧૦ રેસિડેન્ટ ડૉક્ટરોને કોરોના પોઝીટીવ.<br>● અમદાવાદ છોડી જવા માંગતા ૭૫ હજાર શ્રમિકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું. |
| ૫-૫-૨૦૨૦ મંગળવાર | વિશ્વ | ● વિશ્વમાં સંક્રમિતોની સંખ્યા ૩૬.૫૦ લાખની નજીક. મૃત્યુ આંક ૨.૫૦ લાખને પાર.<br>● અમેરિકામાં સંક્રમિતોની સંખ્યા ૧૨.૦૦ લાખની નજીક. મૃત્યુ આંક ૭૦,૦૦૦ની નજીક. |
| | ભારત | ● ભારતમાં સંક્રમિતોની સંખ્યા ૪૫૦૦૦ને નજીક. મૃત્યુ આંક ૧૪૦૦ની ઉપર. |
| | ગુજરાત | ● ગુજરાતમાં સંક્રમિતોની સંખ્યા ૫૮૦૪, મૃત્યુ આંક ૩૧૯.<br>● ગુજરાતમાંથી વતન જવા માંગતા ૨૨ લાખ શ્રમિકો.<br>● સુરતમાં ૫૦૦૦ શ્રમિકો રસ્તા ઉપર. ૨ કલાક સુધી તોડફોડ અને પથ્થરમારો. વતન જવાની માંગ સાથે ટોળાઓ ઉમટ્યા.<br>● સુરત નજીકના પલસાણા તાલુકાના વરેલી અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારમાં ૩ લાખથી વધુ પરપ્રાંતિયો રહે છે. તેમની બસોને પરત મોકલવામાં આવી હતી અને જમવાની કોઈ વ્યવસ્થા નહોતી. તેથી તોફાને ચડ્યા. |
| | અમદાવાદ | ● અમદાવાદમાં સંક્રમિતોની સંખ્યા ૪૦૭૬. અત્યાર સુધીના ટોટલ મૃત્યુ ૨૩૪. |
| ૬-૫-૨૦૨૦ બુધવાર | વિશ્વ | ● ૧૨ દેશોમાંથી ૧૪૮૦૦ ભારતીયોને પરત લાવવા તા. ૭-૫-૨૦૨૦થી તા. ૧૩-૫-૨૦૨૦ દરમિયાન ૬૪ ફ્લાઈટ ભારતમાંથી મોકલવામાં આવશે. અમેરિકાથી ભારત આવવા રૂા. ૧ લાખ અને બ્રિટનમાંથી ભારત આવવા રૂા. ૫૦,૦૦૦/-નું ભાડું નક્કી કરાયું. અંદાજે ૨ લાખ ભારતીયો વિદેશમાં ફસાયા છે.<br>● ભારતે વિદેશી નાગરિકોને આપેલ તમામ કેટેગરીના વિઝા રદ કર્યા. તેના માટે ગૃહ મંત્રાલયે જરૂરી નોટીફિકેશન બહાર પાડ્યું.<br>● કોરોનાને પગલે બ્રિટીશ સરકાર ૨.૬ કરોડ બેરોજગારોને સહાય ચૂકવી રહી છે. |
| | ભારત | ● બંગાળમાં એક દિવસમાં ૯૮ના મૃત્યુ. દિલ્હીમાં કોરોના દર્દીઓની સંખ્યા ૫૦૦૦ને પાર.<br>● શ્રમિકોને ઘણા સમય પછી વતન જવાની છૂટ મળતા દેશભરમાં અરાજકતા. |

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | | ● પાંચ દિવસમાં ૫૦ કરોડના ખર્ચે ૭૦,૦૦૦ શ્રમિકો વતન પહોંચ્યા.<br>● ગોવામાં ઘર વાપસીની ૮૦,૦૦૦ મજૂરો રાહ જોઈ રહ્યા છે. |
| | ગુજરાત | ● રાજ્યમાં લોકડાઉન છતાં કોરોના બેફામ. છેલ્લા ૨૪ કલાકમાં ૪૯ના મૃત્યુ. નવા ૪૪૧ કેસ નોંધાયા.<br>● ગુજરાતમાં ૩૩ જિલ્લામાંથી, અમરેલી સિવાયના ૩૨ જિલ્લા કોરોનાગ્રસ્ત.<br>● ગુજરાત - મહારાષ્ટ્ર બોર્ડર પર વાહનોની ૩ કિ.મી. લાંબી લાઈન. |
| | અમદાવાદ | ● કોરોનાની મહામારીમાં મેઘા બ્રેક આઉટ. છેલ્લા ૨૪ કલાકમાં ૩૯ મૃત્યુ અને ૩૪૯ નવા કેસ.<br>● અમદાવાદમાં અન્ય બીમારીવાળાને ખૂબ તકલીફ પડતી હોવાથી પોલીસ વિભાગે પોતપોતાના વિસ્તારમાં ડૉક્ટરો પોતાના દવાખાના શરૂ કરી દે તેવો આદેશ આપ્યો. સરકારની સુચના છતાં ખાનગી તબીબો દવાખાના, નર્સિંગ હોમ, હોસ્પિટલ ચાલુ કરતા ન હોવાને કારણે આદેશ આપવામાં આવ્યો.<br>● અમદાવાદની સિવિલ હોસ્પિટલનો એક વધુ છબરડો. ૭૦ વર્ષની મહિલાને કોરોનાને કારણે હોસ્પિટલમાં દાખલ કર્યા બાદ સતત ૫ દિવસ લગી તેમના પરિવારને તેમની ભાળ ના મળી. પોલીસ ફરિયાદ બાદ પોલીસની દરમિયાનગીરીથી તેમના મૃત્યુ બાદ તેમની લાશ છેક પાંચમા દિવસે મળી.<br>● રીવર ફ્રન્ટ અને ત્યાંની ફુટપાથ પર ૪૦ દિવસથી વતન જવાની રાહ જોઈ રહેલા હજારો શ્રમિકો. |
| ૭-૫-૨૦૨૦ ગુરૂવાર | વિશ્વ | ● ચીને અમેરિકાને પડકાર આપ્યો કે અમારી લેબોરેટરીમાં કોરોના વાઈરસ તૈયાર થયો હોય તો તેના પુરાવા આપો. |
| | ગુજરાત | ● ભારત દેશના કુલ મૃત્યુમાં ૨૨ ટકાથી વધુ મૃત્યુ માત્ર ગુજરાતમાં.<br>● સેલવાસની કંપનીમાં વિફરેલા કામદારોએ વતન મોકલવાની માંગ સાથે પથ્થરમારો, વાહનોની તોડફોડ, આગચંપી વગેરે સાથે દેખાવો કર્યા.<br>● કાકરાપાર અણુમથકના કોન્ટ્રાક્ટરના મજૂરો વતન જવાની માંગ સાથે રસ્તા પર ઉતર્યા. |
| | અમદાવાદ | ● અમદાવાદમાં બુધવાર, તા. ૬-૫-૨૦૨૦ના બપોરના એવી જાહેરાત કરવામાં આવી કે સુપર સ્પ્રેડર્સ (શાકભાજી વેચવાવાળા વગેરે)ના કારણે કોરોના વધુ ફેલાયેલ હોવાથી તા. ૬-૫-૨૦૨૦ના મધરાતથી જ દૂધ અને દવા સિવાય અમદાવાદને સંપૂર્ણ શટડાઉન કરવામાં આવશે. તેના કારણે તા. ૬-૫-૨૦૨૦ના બપોર પછી બજારમાં ખરીદીમાં ખૂબ જ અંધાધૂંધી ફેલાઈ ગયેલ હતી.<br>● ખાનગી હોસ્પિટલ્સ - નર્સિંગ હોમ ૪૮ કલાકમાં ચાલુ ન કરે તો લાઈસન્સ રદ કરવાની ડૉક્ટરોને ગુજરાત સરકારે ચીમકી આપી.<br>● અમદાવાદ મ્યુનિ.ના ૭૦ કર્મચારી / અધિકારીઓમાં કોરોના પોઝીટીવ.<br>● અમદાવાદના રેડ ઝોન વિસ્તારમાં લોકડાઉનનું પાલન નહીં કરાતા **BSF** ઉતારવાની ફરજ પડી.<br>● અમદાવાદના પૂર્વ ઝોનમાં કોરોનાના કેસ વધતાં સોનીની ચાલીનો ઓવરબ્રિજ બંધ કરવામાં આવ્યો. |
| ૮-૫-૨૦૨૦ શુક્રવાર | વિશ્વ | ● રશિયાએ જર્મની અને ફ્રાન્સને કોરોના કેસોમાં ઓવરટેઈક કર્યું. રશિયામાં ૧.૭૮ લાખ, ફ્રાન્સમાં ૧.૭૪ લાખ અને જર્મનીમાં ૧.૬૮ લાખથી વધુ કેસ નોંધાયા. રશિયામાં છેલ્લા ચાર દિવસથી દરરોજ સરેરાશ ૧૦,૦૦૦થી પણ વધુ કેસ નોંધાયા છે. રશિયાનું પાટનગર મોસ્કો કોરોનાનું એપી સેન્ટર બન્યું છે. મોસ્કોમાં ૯૨૦૦૦થી વધારે કેસ નોંધાયા છે.<br>● કોરોના મહામારી વચ્ચે પણ એપ્રિલમાં ચીનની નિકાસમાં ૩.૫ ટકાનો આશ્ચર્યકારક વધારો. |
| | ભારત | ● યુનિસેફ ગ્લોબલ રીપોર્ટમાં લોકડાઉનની સાઈડ ઈફેક્ટ માટે દાવો કરાયો છે કે ડિસેમ્બર-૨૦૨૦ સુધીમાં ભારતમાં ૨ કરોડ બાળકોનો જન્મ થશે.<br>● લઘુ, નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો સંપૂર્ણપણે પડી ભાંગવાની તૈયારી – કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી.<br>● સળંગ ૬ દિવસ ટ્રેનો ઉપડ્યા બાદ સુરતથી ઉપડતી શ્રમિક ટ્રેનો પર ઓરિસ્સા, બિહાર, ઝારખંડ સરકારે કોરોનાના ફેલાવાના કારણે રોક લગાવી.<br>● મુંબઈની સાયન હોસ્પિટલમાં શબની બાજુમાં કોરોનાના દર્દીઓની સારવારથી હોબાળો મચાવાયો. |
| | ગુજરાત | ● ગુજરાત સરકાર કોરોના મહામારીમાં ઊણી ઉતરેલ હોવાથી નેતૃત્વ પરિવર્તનની જે હવા ફેલાયેલ હતી તેને કેન્દ્રીય પ્રધાન |

*જિંદગી કહે છે કે હવે તારી આદત બદલી લે, બીજાની પાછળ બહુ ચાલ્યો, હવે પોતાની સાથે ચાલી લે.*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | | માલવિયાએ રદિયો આપ્યો.<br>● ગુજરાતમાંથી ૪.૨૫ લાખ શ્રમિકોને વતન પહોંચાડવામાં આવ્યા.<br>● ગુજરાતના નાના દુકાનદારોને સહકારી બેંકો લોન આપશે અને વ્યાજ રાજ્ય સરકાર ચૂકવશે. |
| | અમદાવાદ | ● અમદાવાદના ૨૨૮ ડૉક્ટરોને તેમના ક્લિનિક ચાલુ કરવા મ્યુનિસિપાલિટીના હેલ્થ ડિપાર્ટમેન્ટે ૧ દિવસમાં ક્લિનિક ચાલુ કરી દેવા નોટીસ આપી.<br>● કોરોના દર્દીઓની સંખ્યા વધતા સરકારે કોલેજોની હોસ્ટેલ હસ્તક લેવાનું શરૂ કર્યું.<br>● અમદાવાદની ૮ ખાનગી હોસ્પિટલોમાં કોરોનાના ૮૦૦ બેડની સુવિધા ઊભી કરાઈ.<br>● કોરોના સંક્રમણ અટકાવવા માટે માર્ગો અને બ્રિજ બંધ કરીને લોકડાઉનનું ચુસ્ત પાલન કરાવવામાં આવશે.<br>● કોરોનાને હરાવી મહિલા એસીપી સહિત કુલ ૬૨ પોલીસ કર્મચારી સાજા થયા.<br>● કેડિલા ફાર્માના ૨૬ કર્મચારીઓને કોરોના પોઝીટીવ આવતા કંપનીને બંધ કરાવાઈ. |
| ૯-૫-૨૦૨૦<br>શનિવાર | વિશ્વ | ● દુનિયા આખી કોરોના મહામારીના કારણે લાચાર છે ત્યારે ચીનનું અર્થતંત્ર ફરી ધમધમવા લાગ્યું. |
| | ભારત | ● ભારતની આર્થિક ગતિવિધિઓ સંપૂર્ણપણે ઠપ્પ. વર્ષ ૨૦૨૦-૨૧માં ભારતનો જી.ડી.પી. શૂન્ય ટકા રહેશે – મૂડીઝ.<br>● કોરોના સાથે ભારતના લોકોએ જીવન જીવતા શીખવું પડશે – કેન્દ્ર.<br>● ઘરે જવા નીકળેલા ઔરંગાબાદમાં પાટા પર સૂતેલા ૧૬ મજૂરોને માલગાડીએ કચડ્યા.<br>● મેંગલુરુના રેલવે સ્ટેશને ઘરે જવાની માંગણી સાથે અસંખ્ય મજૂરોના વિરોધ પ્રદર્શન.<br>● મહારાષ્ટ્રથી રાજસ્થાન જતા વાહનો ભીલાડ બોર્ડર પર અટકાવી દેવાતા હંગામો. પોલીસનો લાઠીચાર્જ.<br>● તામિલનાડુની દવાની દુકાનોમાં એક જ દિવસમાં ૧૭૨ કરોડનો દારૂ વેચાયો. |
| | અમદાવાદ | ● અમદાવાદની સિવિલ હોસ્પિટલની વધુ એક બેદરકારી. રીપોર્ટ આવે તે પહેલા જ દર્દીને કોરોના વોર્ડમાં દાખલ કરી દીધો. ૧૭ કલાક સુધી પોઝીટીવ દર્દી સાથે કોરોના વોર્ડમાં રહેનાર દર્દીનો રીપોર્ટ નેગેટીવ આવ્યો.<br>● લોકડાઉનનો અમલ કરાવવા ગયેલ પોલીસ પર શાહપુરમાં ભારે પથ્થરમારો. ટીયર ગેસના ૨૨થી વધુ સેલ છોડાયા. |
| ૧૦-૫-૨૦૨૦<br>રવિવાર | વિશ્વ | ● વિશ્વમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૪૦.૧૨ લાખથી વધુ અને મૃત્યુ ૨.૭૬ લાખથી વધુ.<br>● અમેરિકામાં સંક્રમિતોની સંખ્યા ૧૩.૩૨ લાખથી વધુ અને મૃત્યુ ૭૯૦૦૦થી વધુ.<br>● **WHO**એ જાહેર કર્યું કે કોરોનાના ફેલાવામાં વુહાન માર્કેટનો મોટો ફાળો. ચીને પણ એ ખામી સ્વીકારી.<br>● કોરોનાને કારણે અમેરિકન સંસદમાં ૪૦૦૦૦ વિદેશી ડૉક્ટરો - નર્સને ગ્રીન કાર્ડ આપવા બીલ રજૂ કરાયું. બીલ પસાર થશે તો ૨૫,૦૦૦ નર્સ અને ૧૫,૦૦૦ ડૉક્ટરને ગ્રીન કાર્ડ મળશે. આનાથી ભારતીય ડૉક્ટર-નર્સને મોટી સંખ્યામાં ફાયદો થશે. |
| | ભારત | ● કોરોના સંક્રમિતોની સંખ્યા ૬૨,૦૦૦ ઉપર. મૃત્યુની સંખ્યાનો આંક ૨૦૦૦ને પાર. |
| | ગુજરાત | ● ગુજરાતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૭૭૯૭. મૃત્યુની સંખ્યા ૪૭૨.<br>● સિંગાપોરથી ફ્લાઈટ દ્વારા આજે ૨૪૩ વિદ્યાર્થીઓ અમદાવાદ આવી પહોંચશે.<br>● સુરતમાં હજીરાના મોરા ગામે શ્રમિકોનો પથ્થરમારો. પોલીસે લાઠીચાર્જ કરી ટીયર ગેસ પણ છોડ્યો.<br>● વલસાડ જિલ્લામાં ૧૨૩૦ મુસાફરોને લઈ ગોરખપુર જવા આજે સ્પેશિયલ શ્રમિક ટ્રેન ઉપડી. |
| | અમદાવાદ | ● કોરોનાના સંક્રમિત કેસો ૫૫૪૦. આજ દિન સુધી મૃત્યુ ૩૫૩.<br>● અમદાવાદમાં ૨૪ હોસ્પિટલો ઉપરાંત વધુ ૧૨ હોસ્પિટલને કોરોના માટે રીઝર્વ કરાઈ.<br>● મધ્યમ વર્ગના દર્દીને અન્ય બીમારીની સારવાર માટે ખાનગી નાની હોસ્પિટલ કોરોના માટે રીઝર્વ હોવાથી મોંઘીદાટ હોસ્પિટલમાં જવા ફરજ પડી.<br>● એક જ દિવસમાં ૨૨ કેસ નોંધાતા ગાંધીનગર અને કલોલને સંપૂર્ણ લોકડાઉન કરાયા. |
| ૧૧-૫-૨૦૨૦<br>સોમવાર | વિશ્વ | ● ચીનમાં કોરિયા સરહદે આવેલ વિસ્તારમાં કોરોના ફેલાતા આ વિસ્તારમાં માર્શલ લૉ લાગુ કરાયો.<br>● લોકડાઉનમાં દેશના લોકોને આર્થિક સહાય આપવામાં અમેરિકા કરતા યુરોપના દેશોની વધુ ઉદાર નીતિ. |

*શરીફાઈ તો જુઓ : સૂકા પાંદડાએ ડાળીને કહ્યું કે મને ધીરેથી અલગ કરજે, નહીં તો લોકોનો સંબંધ પરથી ભરોસો ઉઠી જશે.*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | | ● સુરતથી હોંગકોંગ ડાયમંડ એક્ષપોર્ટ થયા બાદ આજથી એન્ટવર્પની ૬૦૦ ડાયમંડ ટ્રેડિંગ ઓફિસો ખોલવાની મંજૂરી અપાઈ. |
| | ભારત | ● ૧૭ મે પછી સમગ્ર દેશના બદલે માત્ર હોટ સ્પોટ વિસ્તારમાં જ લોકડાઉન કરાશે.<br>● તા. ૧૨-૫-૨૦૨૦થી ૧૫ રૂટ પર પેસેન્જર ટ્રેન શરૂ કરવામાં આવશે.<br>● એર ઇન્ડિયાની ફ્લાઈટમાં ઈંગ્લેન્ડથી ૩૨૯ ભારતીયોને મુંબઈ લવાયા.<br>● માલદિવ્સમાં ફસાયેલા ૬૯૮ ભારતીયોને લઈને નૌસેનાનું જહાજ કોચી પહોંચ્યું.<br>● મધ્ય પ્રદેશ - ઝારખંડમાં વતન પરત ફરી રહેલા કુલ ૧૫ મજૂરોના વિવિધ માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયા. |
| | ગુજરાત | ● ગુજરાતમાં પ્રથમ વખત કોરોનાના નોંધાયેલ કેસ કરતા ડિસ્ચાર્જ વધારે. તા. ૧૦-૫-૨૦૨૦ના રોજ નોંધાયેલ કેસ ૩૯૮, ડિસ્ચાર્જ કેસ ૪૫૪.<br>● ખેડૂતોનો રવિ પાક વેચાતો નથી. ખરીફ પાકના વાવેતર માટે નાણાં નથી અને મજૂરો પણ નથી. ગામડામાં ખેડૂતો બેહાલ.<br>● અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતમાંથી શ્રમિકો માટે સૌથી વધુ ટ્રેનો ઉપડી.<br>● વાપીના વિવિધ સ્થળો પર વતન જવા સવારથી સેંકડો કામદારો ઉમટી પડતાં પોલીસ બોલાવાઈ.<br>● બારડોલીના તાતીપૈયામાં ૩ દિવસથી અનાજ ન મળતાં ૫૦૦ શ્રમજીવી મહિલાઓનો ગ્રામ પંચાયત પર હલ્લો. |
| | અમદાવાદ | ● બોપલ, સાણંદ, ચાંગોદર, ચાંદલોડિયાના ૫૦૦૦ શ્રમિકોને ૯૭ બસોમાં બેસાડીને અમદાવાદના રેલવે સ્ટેશને અને ત્યાંથી ઉત્તર પ્રદેશ મોકલાયા. |
| ૧૨-૫-૨૦૨૦<br>મંગળવાર | ભારત | ● વડા પ્રધાનની મુખ્યમંત્રીઓ સાથેની બેઠકમાં લોકડાઉન મુદ્દે મુખ્ય મંત્રીઓમાં મત મતાંતર. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રેડ ઝોન સિવાયના વિસ્તારમાંથી લોકડાઉન હટાવવાની તરફેણ કરી.<br>● રેડ ઝોનને બાદ કરતાં મહારાષ્ટ્રના ૫૭,૭૪૫ ઉદ્યોગોમાંથી ૨૫,૦૦૦ ઉદ્યોગોમાં ઉત્પાદન શરૂ. ૬.૫૦ લાખ જેટલા કામદારો કામે લાગ્યા.<br>● હવેથી શ્રમિક ટ્રેનોમાં ૧૨૦૦ના બદલે ૧૭૦૦ પ્રવાસીઓ લઈ જઈ શકાશે. દૈનિક ૧૦૦ ટ્રેનો દોડાવાશે. અત્યાર સુધી ૪૬૮ સ્પે. શ્રમિક ટ્રેનો દ્વારા ૫ લાખ સ્થળાંતરીત મજૂરોને લાભ મળ્યો.<br>● ટ્રેન પછી ડોમેસ્ટીક ફ્લાઈટ શરૂ કરવાની સરકારની વિચારણા.<br>● કોરોનાના ૩ ટકા દર્દીમાં ગંધ કે સ્વાદ પારખવાની ઘટતી ક્ષમતાના પણ લક્ષણો દેખાયા. આવા લોકોએ વહેલી તકે કોરોનાનું ટેસ્ટીંગ કરાવી લેવું જોઈએ. |
| | ગુજરાત | ● ગુજરાતમાં તમાકુના કાળા બજાર. ૧ કિલોના રૂા. ૧૮૦૦૦ સુધીના ભાવો લોકો પાસેથી લેવાય છે. |
| ૧૩-૫-૨૦૨૦<br>બુધવાર | | ● ***<u>લોકડાઉનના ૫૦ દિવસનું સરવૈયુ</u> :***<br>***<u>વિશ્વ</u> :***<br>★ કોરોનાના કારણે વિશ્વમાં ચાર લાખ કરોડ ડોલરનું નુકસાન. (એશિયા ડેવલપમેન્ટ આઉટલુકનો રીપોર્ટ).<br>★ કોરોના લોકડાઉનથી વિશ્વના ૧.૬ અબજ કામદારોની રોજગારી છીનવાઈ જવાનો ભય.<br>★ વુહાનની લેબમાં પરીક્ષણ વખતે યુવતીની ભૂલથી કોરોના વાયરસ લીક થયો – એક રીપોર્ટ.<br>***<u>ભારત</u> :***<br>★ અત્યાર સુધી ભારતે જનસંખ્યાના માત્ર ૧ ટકાનો જ કોરોના ટેસ્ટ કર્યો.<br>★ ભારતે હાઈડ્રોક્સિક્લોરોક્વિન દવા ૫૦ દેશોને મોકલી આપી.<br>★ ભારતે કોરોનાના સંકટ વચ્ચે ૯૦ ટન મેડિકલ સામાન વિદેશ મોકલ્યો<br>★ ભારતે આળસને અવસરમાં ફેરવી : દરરોજ બે લાખ પીપીઈ કીટ અને માસ્કનું ઉત્પાદન કરવામાં આવી રહેલ છે. |
| | વિશ્વ | ● વિશ્વના કયા દેશોમાં ક્યારે લોકડાઉન શરૂ કરાયું તેની વિગત.<br>ચીન : ૨૩-૦૧ \| સ્પેન : ૧૪-૦૩ \| યુ.કે. : ૨૪-૦૩<br>જાપાન : ૨૭-૦૨ \| બેલ્જિયમ : ૧૭-૦૩ \| નેપાળ : ૨૪-૦૩ |

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | | ઇટાલી : ૦૯-૦૩<br>ઇઝરાયેલ : ૧૧-૦૩<br>કુવૈત : ૧૧-૦૩<br>નોર્વે : ૧૨-૦૩<br>આયરલેન્ડ : ૧૨-૦૩<br>ડેન્માર્ક : ૧૩-૦૩<br>જોર્ડન : ૧૭-૦૩<br>મલેશિયા : ૧૮-૦૩<br>અમેરિકા : ૧૯-૦૩<br>આર્જેન્ટીના : ૨૦-૦૩<br>ઓસ્ટ્રેલિયા : ૨૨-૦૩<br>જર્મની : ૨૨-૦૩<br>પાકિસ્તાન : ૨૪-૦૩<br>થાઈલેન્ડ : ૨૫-૦૩<br>કોલમ્બિયા : ૨૫-૦૩<br>ભારત : ૨૫-૦૩ |
| | ભારત | ● ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ટી.વી. પર રાષ્ટ્રજોગ પ્રવચન કરતા જણાવ્યું કે લોકડાઉન-૩ની તા. ૧૭-૫-૨૦૨૦ની મુદત પછી લોકડાઉન-૪ આવશે. શ્રી નરેન્દ્ર મોદીએ વિશેષમાં આર્થિક સંકટને પહોંચી વળવા રૂા. ૨૦ લાખ કરોડના "આત્મનિર્ભર ભારત અભિયાન"ના પેકેજની પણ જાહેરાત કરી. તેમણે એ પણ જણાવ્યું કે નાણાંમંત્રી શ્રીમતી નિર્મલા સીતારામન આવતીકાલથી આ પેકેજની વિગતવાર જાહેરાત કરશે.<br>● ૧૬ થી ૨૨ મે દરમિયાન બીજા તબક્કામાં ૩૧ દેશોમાં ફસાયેલા ભારતીયો માટે ૧૪૯ ફ્લાઈટ્સ મોકલાશે તેવી જાહેરાત કરવામાં આવી.<br>● ફિલ્મ એક્ટર સોનુ સુદે પરપ્રાંતિય મજૂરોને પોતાના વતન પરત જવા માટે ઘણી બસોની વ્યવસ્થા કરી. |
| | ગુજરાત | ● ગુજરાતમાં અત્યાર સુધીના ૯૦ ટકા કોરોના પોઝીટીવ કેસ માત્ર ૪ જિલ્લામાં છે.<br>(૧) અમદાવાદ : ૭૧%, (૨) સુરત : ૧૧%, (૩) વડોદરા : ૬.૩%, (૪) ગાંધીનગર : ૧.૫%, (૫) બાકીના બધા ૨૯ જિલ્લાઓમાં મળીને ૧૦.૩%.<br>● ગુજરાત એ દેશનું એવું પ્રથમ રાજ્ય છે કે જેણે કોરોના મૃતકોની એટોપ્સી શરૂ કરી. |
| | અમદાવાદ | ● મોડર્ન નર્સિંગની પ્રણેતા ફ્લોરેન્સ નાઈટીંગલની ૨૦૦મી જન્મ જયંતી એટલે કે ઇન્ટરનેશનલ નર્સિંગ ડે ના દિવસે ૧૦ હજારથી વધુ નર્સોએ કોરોનાની સારવાર અંગેના શપથ લીધા.<br>● અમદાવાદમાં ૧૫ મે થી અનાજ, કરિયાણું, ફળ, શાકભાજીની દુકાનો અને ઘંટીને ચાલુ કરવાની છુટ આપવામાં આવી.<br>● કોરોનામાં સપડાયેલ ૨૫૪ પોલીસ કર્મચારી પૈકી ૧૫૧ સાજા થઈ જતા રજા આપવામાં આવી. ૧૦૩ને હજુ સારવાર હેઠળ રાખવામાં આવેલ છે.<br>● એસ.વી.પી. હોસ્પિટલમાં યોગ્ય પ્રકારના માસ્કની માંગણી માટે રેસિડેન્ટ ડૉક્ટરોને બે કલાક ધરણા કરવા પડ્યા. બે કલાક બાદ તેઓની માંગણી સ્વીકારાઈ જતાં ધરણાનો કાર્યક્રમ પૂરો કરવામાં આવેલ. |
| ૧૪-૫-૨૦૨૦<br>ગુરૂવાર | ભારત | ● 'આત્મનિર્ભર ભારત અભિયાન' ભાગ-૧ તરીકે નાણાંમંત્રી નિર્મલા સીતારામને આજે રૂા. ૬ લાખ કરોડની નીચે મુજબના મુખ્ય વિભાગોમાં જાહેરાત કરી.<br>રૂા. ૩,૦૦,૦૦૦ કરોડ : માઈક્રો, સ્મોલ, મીડિયમ એન્ટરપ્રિન્યોર (**MSME**) માટે<br>રૂા. ૯૦,૦૦૦ કરોડ : વીજળી વિતરણ કંપનીઓ માટે.<br>રૂા. ૭૫,૦૦૦ કરોડ : એન.બી.એફ.સી. સેક્ટર માટે<br>રૂા. ૫૫,૦૦૦ કરોડ : ટી.ડી.એસ.ના દરોમાં ઘટાડો થવાથી<br>રૂા. ૨,૫૦૦ કરોડ : નાના કર્મચારીઓના ઈ.પી.એફ. માટે<br>● અર્થશાસ્ત્રી પી. ચિદમ્બરમે આર્થિક જાહેરાતો અંગે નિરાશા વ્યક્ત કરીને જણાવ્યું કે ભૂખ્યા કામદારો માટે આ પેકેજમાં કંઈ નથી. |
| | ગુજરાત | ● ગુજરાત સરકારનો નિર્ણય : ગુજરાતના અર્થતંત્રને પાટે ચડાવવાના આયોજન માટે અઢિયા કમિટીની રચના.<br>● કોરોનાથી ત્રસ્ત અતિ સંવેદનશીલ રાજ્યોમાં ગુજરાતનો પણ સમાવેશ.<br>● વતન જવા ગાંધીધામ - કંડલા હાઈવે પર ૫૦૦ જેટલા શ્રમજીવીઓએ ભારે હોબાળો કર્યો. |
| | અમદાવાદ | ● બુધવાર, તા. ૧૩-૫ના અમદાવાદથી ૧૧ ટ્રેનોમાં ૨૧ હજારથી વધુ શ્રમિકોને વતન મોકલાયા. અમદાવાદથી ટ્રેન દ્વારા |

*હે સંગીત! તારી સંગતમાં કેમ માની શકાય કે સ્વર્ગ મૃત્યુ વગર મળતું નથી.*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | | કુલ ૯૫૦૦૦ શ્રમિકો વતન ગયા.<br>● સરકાર પણ હવે આયુર્વેદિક સારવાર તરફ વળી. કોરોનાની સારવાર માટે સિવિલ તથા એસ.વી.પી. હોસ્પિટલોમાં આયુર્વેદિક ડૉક્ટરો હાજર રખાશે.<br>● અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં વધુ એક ઘોર બેદરકારી : પોરબંદરના ખારવા સમાજના આગેવાન પ્રવીણભાઈ બરીદુનનું કોરોનાના કારણે મૃત્યુ થયું. પરંતુ તેમની તપાસ કરવા છતાં પણ ૮ દિવસ સુધી તેના પરિવારને જાણ ના કરાઈ. પરિવારના સભ્યોને યોગ્ય જાણકારી ના મળતાં, કોંગ્રેસ આગેવાન અર્જુન મોઢવાડિયાએ ફોન કરતાં ઉપરોક્ત વિગત જાણવા મળી.<br>● કોરોનાના દર્દીઓ માટે એસ.વી.પી. હોસ્પિટલમાં જગ્યા ન હોવાથી દર્દીઓને ફરજિયાત અન્ય સ્થળે મોંઘી સારવાર લેવી પડે છે. |
| ૧૫-૫-૨૦૨૦ શુક્રવાર | વિશ્વ | ● વિશ્વમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૪૪.૬૭ લાખની નજીક. મૃત્યુની સંખ્યા ૩ લાખની નજીક.<br>● અમેરિકામાં સંક્રમિતોની સંખ્યા ૧૪.૪૦ લાખની નજીક. મૃત્યુની સંખ્યા ૮૬,૦૦૦ની નજીક. |
| | ભારત | ● ભારતમાં અત્યાર સુધી સંક્રમિતોની સંખ્યા ૮૨,૦૦૦ની નજીક અને મૃતકોની સંખ્યા ૨૬૦૦ની નજીક.<br>● 'આત્મનિર્ભર ભારત અભિયાન' પેકેજ-૨ ની જાહેરાત નાણાંમંત્રી નિર્મલા સીતારામને કરી. આ પેકેજ પ્રમાણે મજૂરોને મફત અનાજ, ફેરિયાઓને ૧૦,૦૦૦/-ની લોન અને ખેડૂતોને ધીરાણમાં રાહતની જાહેરાત. નાના વેપારીઓને ૫૦ હજાર સુધીની લોન વાર્ષિક ૨ ટકા વ્યાજે આપવાની પણ જાહેરાત કરી.<br>● દેશમાં લોકડાઉન વચ્ચે એપ્રિલમાં ભારતના ૨૧ રાજ્યોને રૂા. ૯૭,૧૦૦ કરોડના નુકસાનનો અંદાજ. એસ.જી.એસ.ટી., વેટ, વીજ કર જેવા આવકના મુખ્ય સ્રોતો ઠપ્પ.<br>● વિદેશથી ૧૪ સ્પે. ફ્લાઈટમાં હજુ ૨૦૦૦થી વધુ મુસાફરો અમદાવાદ આવશે.<br>● વિશ્વની સૌથી મોટી અને ગીચ ઝુંપડપટ્ટી ધારાવીમાં કોરોનાના ૧૦૦૦થી વધુ દર્દી નીકળતા ભયનો માહોલ સર્જાયો. અહીં ૨.૧ લાખ ચો.કિ.મી.ના વિસ્તારમાં ૭.૫૦ લાખની વસ્તી. આ વિસ્તારમાં ૧ લાખથી વધુ ઝુંપડપટ્ટીઓ છે. એક ઝુંપડીમાં સરેરાશ ૭થી પણ વધુ લોકો રહે છે.<br>● વતન જઈ રહેલા પરપ્રાંતિય મજૂરોને બે રાજ્યમાં અકસ્માત થતાં ૧૪ મજૂરોના મૃત્યુ અને ૬૦ મજૂરો ઘાયલ. (૧) મધ્ય પ્રદેશમાં ગુનામાં અકસ્માતમાં ૮ મૃત્યુ અને ૫૫ ઘાયલ. (૨) ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરમાં અકસ્માતથી ૬ મજૂરોના મૃત્યુ અને ૬ મજૂરો ઘાયલ. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની મૃતકના પરિવારજનો માટે રૂા. ૨ લાખની અને ગંભીર રીતે ઘાયલ મજૂરોને રૂા. ૫૦,૦૦૦ની રાહત આપવાની જાહેરાત. |
| | ગુજરાત | ● ગુજરાતમાં અત્યાર સુધીના કોરોના સંક્રમિતોની સંખ્યા ૯૫૦૦ને પાર. મૃતકોની સંખ્યા ૫૮૬.<br>● "આત્મનિર્ભર ગુજરાત" યોજનાના ભાગરૂપે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ આજે તેની જાહેરાત કરી. આ જાહેરાત અનુસાર નાના વેપારી, રીક્ષાચાલકો અને ફેરિયાઓને વાર્ષિક ૨ ટકા વ્યાજે રૂપિયા ૧ લાખ સુધીની લોન સહકારી બેંકમાંથી પ્રાપ્ત થઈ શકશે. ૮ ટકા વ્યાજ દરની આ લોનના ૬ ટકા વ્યાજ સરકાર તરફથી સહકારી બેંકોને ચૂકવવામાં આવશે. કોઈપણ જાતની સિક્યોરીટી વગરની આ લોન રહેશે. પ્રથમ ૬ મહિના સુધી લોનનો હપ્તો પણ ભરવો નહીં પડે.<br>● ગુજરાત હાઈકોર્ટની ચેતવણી : કોરોના અંગેની સુઓમોટોમાં હાઈકોર્ટે ચેતવણી આપતા જણાવ્યું કે ખાનગી હોસ્પિટલો હદ બહારનો ચાર્જ લેવાનું બંધ નહીં કરે તો લાઈસન્સ રદ કરીશું. |
| | અમદાવાદ | ● અમદાવાદમાં અત્યાર સુધીના કોરોના સંક્રમિતોની સંખ્યા ૬૯૦૦ને પાર. અત્યાર સુધીના મૃતકોની સંખ્યા ૪૬૫.<br>● અમદાવાદમાં આજથી શાકભાજી, અનાજ દળવાની ઘંટીઓ, કરિયાણા વગેરેની દુકાનો ચાલુ. |
| ૧૬-૫-૨૦૨૦ શનિવાર | વિશ્વ | ● અમેરિકાની 'નેશનલ ડિસીઝ કંટ્રોલ ઈન્સ્ટિટ્યૂટ'ના વડા તરીકે કાર્યરત એવા ડૉ. એન્થની ફૌસીએ ટાઈમ મેગેઝીનને આપેલ ઈન્ટરવ્યુમાં જણાવેલ હતું કે લોકડાઉન તથા કર્ફ્યુ કોરોનાનો ઈલાજ નથી. "બચવા માટે માસ્ક તથા સેનિટાઈઝર્સ ફરજિયાત."<br>● દુનિયામાં કોરોના ફેલાવવા બદલ ચીન સાથે બધા જ સંપર્ક તોડી નાખવાની અમેરિકાના પ્રેસિડેન્ટ ટ્રમ્પની ધમકી.<br>● સ્લોવેનિયાએ કોરોના મહામારીનો અંત જાહેર કરી પોતાની સરહદો ખૂલ્લી મૂકી. |

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | ભારત | ● આત્મનિર્ભર ભારત પેકેજ-૩ ની જાહેરાત. કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો માટે રૂા. ૧.૬૩ લાખ કરોડની ફાળવણી. નિર્મલા સીતારામને કરેલી આ જાહેરાતોમાંથી ૮ કૃષિ સંબંધિત અને ૩ સુશાસન અને સુધારણાની હતી.<br>● આત્મનિર્ભર ભારતની યોજનાના ૨૦ લાખ કરોડના પેકેજમાંથી હવે ૧.૯૩ લાખ કરોડની જાહેરાત બાકી.<br>● કોરોના સંક્રમિતોના કેસમાં ભારત વિશ્વમાં ૧૧મા ક્રમે પહોંચી ગયું. દેશમાં કોરોનાના ૭૯ ટકા કેસો ૩૦ શહેરમાં બનવા પામેલ છે.<br>● કોરોના સંક્રમિતના ૮૫૦૦૦ કેસ સાથે ભારતે ચીનને વટાવ્યું.<br>● કોરોના શ્રીમંતોનો રોગ છે. ગરીબ શ્રમજીવીઓમાં કોરોનાનું સંક્રમણ વધુ છે પરંતુ તેઓની જિંદગી હાડમારીની હોવાથી તેમની ઈમ્યુનિટી પ્રમાણમાં ઘણી સારી હોય છે. – એક અહેવાલ. |
| | ગુજરાત | ● નાના વેપારી, રીક્ષાચાલકો વગેરેને ૨ ટકા વ્યાજના દરની લોનના ફોર્મ ૨૧મીથી મળવાના ચાલુ થશે. |
| | અમદાવાદ | ● સંપૂર્ણ લોકડાઉન બાદ છુટછાટ આપવામાં આવતા લોકડાઉનના નિયમના ધજાગરા ઉડ્યા. બજારમાં ભીડ ઉમટી. કોરોનાની પરિસ્થિતિ વણસતા છેલ્લા એકાદ અઠવાડિયાથી સમગ્ર અમદાવાદ શહેરમાં સંપૂર્ણ લોકડાઉન જાહેર કરાયું હતું.<br>● શાકભાજીવાળા વગેરે ૧૨,૫૦૦ સુપર સ્પ્રેડર્સના કોરોનાના ટેસ્ટ કરાતા ૭૦૦ લોકો પોઝીટીવ નીકળ્યા. |
| ૧૭-૫-૨૦૨૦ રવિવાર | વિશ્વ | ● ભારતને ૨૦૦ વેન્ટીલેટર દાનમાં આપવાની અમેરિકાના પ્રેસિડેન્ટ ટ્રમ્પની જાહેરાત.<br>● અમે કોરોનાની રસી - દવા શોધી કાઢી છે તેવો અમેરિકી કંપની 'સોરેન્ટો'નો દાવો.<br>● વિશ્વમાં કોરોના સંક્રમણનું સૌથી વધુ જોખમ ધરાવતા એરપોર્ટમાં અમદાવાદનો સમાવેશ.<br>● વિશ્વમાં કોરોનાના સંક્રમણ માટે જોખમી હોય તેવા ટોચના ૨૦માંથી ૧૫ એરપોર્ટ ભારતમાં. |
| | ભારત | ● આત્મનિર્ભર અભિયાન પેકેજ હેઠળ ચોથા તબક્કાની જાહેરાતો કરવામાં આવી.<br>● લોકડાઉન-૪ માં સ્થાનિક એરલાઈન્સ, ઓટો, મૉલ, બસ સેવાઓને મંજૂરીની શક્યતા.<br>● લોકડાઉનમાં મજૂરો અતિ દયનીય હાલતમાં મૂકાયા – મદ્રાસ હાઈકોર્ટ.<br>તદુપરાંત મદ્રાસ હાઈકોર્ટે સ્થળાંતરિત મજૂરો તથા ખેત મજૂરો માટે શું કર્યું તેની સંપૂર્ણ વિગતો ૨૨ મે સુધી રજૂ કરવા સરકારને જણાવ્યું.<br>● ટ્રકમાં પોતાને વતન જતાં શ્રમજીવીઓની ટ્રકને ઉત્તર પ્રદેશના ચોરૈયામાં એક્સિડન્ટ. ૨૪ મજૂરોના મૃત્યુ, ૩૬ મજૂરોને ઈજા.<br>● લોકડાઉનના બે મહિનામાં ભારતભરમાં ૨૦૦૦ અકસ્માત. ૩૬૮ મજૂરોના મૃત્યુ થયા. |
| | ગુજરાત | ● હાઈકોર્ટના આદેશ પછી કોરોના દર્દીઓ પાસે કોર્પોરેટ હોસ્પિટલ દ્વારા લેવામાં આવનાર ચાર્જ સરકારે નક્કી કરી તેની યાદી બહાર પાડી. |
| | અમદાવાદ | ● અમદાવાદમાંથી ૧.૪૬ લાખ શ્રમિકો અત્યાર સુધી હિજરત કરી ગયા. તેમાંથી ૧.૨૬ લાખ શ્રમિકો ઉત્તર પ્રદેશના અને ૧૧૬૬૫ શ્રમિકો બિહાર તરફના હતા.<br>● અમદાવાદની સિવિલ હોસ્પિટલની વધુ એક બેદરકારી બહાર આવી. હોસ્પિટલમાં દાખલ કોરોના દર્દીની લાશ દાણીલીમડા BRTS સ્ટેન્ડમાંથી મળી. |
| ૧૮-૫-૨૦૨૦ સોમવાર | વિશ્વ | ● ચીનના પાટનગર બેઈજિંગમાં જાહેરમાં માસ્ક પહેરવામાંથી મુક્તિ. ચીની સંસદનું વાર્ષિક સત્ર ૨૨મી મે એ યોજાશે. |
| | ભારત | ● કોરોનાનું વધતું સંક્રમણ રોકવા લોકડાઉન-૪ ની જાહેરાત. તેનો અમલ ૧૯ મે થી ૩૧ મે સુધીનો રહેશે (૧૩ દિવસ).<br>● લોકડાઉન-૪ માં નીચેની યાદી મુજબ છુટછાટ નહીં. તે સિવાયનાને બધી છુટ. સ્કૂલ-કૉલેજો, શોપિંગ મૉલ, સિનેમા ઘર, વ્યાયામ શાળા, સ્વિમિંગ પૂલ, મનોરંજન પાર્ક, બાર અને ઓડિટોરિયમ, એસેમ્બલી હોલ, સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય હવાઈ સેવા અને મેટ્રો ટ્રેન વગેરે બંધ રહેશે. તદુપરાંત ધાર્મિક, સામાજિક અને રાજકીય સહિત દરેક પ્રકારના જાહેર મેળાવડાઓ પર પ્રતિબંધ યથાવત રહેશે.<br>● લોકડાઉન-૪ની કેન્દ્રની જાહેરાત મુજબ રાજ્યોને કન્ટેઈનમેન્ટ, બફર, રેડ, ઓરેન્જ અને ગ્રીન ઝોન નક્કી કરવાની સત્તા રહેશે. રાજ્યો વચ્ચે અને રાજ્યોની અંદર બસ સેવા ચાલુ થઈ શકશે. |

*શોધે છે શબ્દકોશમાં જેઓ અર્થ વૃક્ષનો, એવા લોકો વસંત જેવા સભર હોય તોય શું?*

<table>
<tr><th>તારીખ</th><th>સ્થળ</th><th>વિગત</th></tr>
<tr><td></td><td></td><td>● કોરોના સંક્રમણ પ્રવાસી શ્રમિકોના કારણે વધવાના ભયથી ઉત્તર પ્રદેશ સરકારે બોર્ડર સીલ કરી દેતાં લોકડાઉનથી કંટાળેલા મજૂરો વિફર્યા. અનેક જગ્યાએ હિંસા અને પોલીસ સાથે ઘર્ષણ.</td></tr>
<tr><td></td><td>ગુજરાત</td><td>● ગુજરાતમાં કન્ટેઈનમેન્ટ વિસ્તારમાં ૩૧ મે સુધી સખત લોકડાઉન રહેશે. એ સિવાયના વિસ્તારોમાં ૧૯-૫થી અંશતઃ લોકડાઉન સાથે હળવા નિયમો રહેશે તેવી મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જાહેરાત કરી.<br>● ગુજરાતમાં લોકડાઉન-૧ કરતાં લોકડાઉન-૩ માં કોરોનાના કેસ ૧૦ ગણા જેટલા વધી ગયા.<br>● વતન જવા રાજકોટ નજીક શાપરમાં શ્રમિકોના તોફાન.</td></tr>
<tr><td></td><td>અમદાવાદ</td><td>● કોરોના રોગચાળાને પગલે અ.મ્યુનિ. કમિશનર વિજય નહેરાની બદલી. મૂકેશકુમારને ફરી કમિશનર બનાવાયા.<br>● અમદાવાદની સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં આવેલ કેન્સર હોસ્પિટલમાં અત્યાર સુધી ૮૪ કર્મચારીઓને કોરોના પોઝીટીવ જાહેર કરવામાં આવ્યા.<br>● સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયેલ કોરોનાના દર્દીની BRTS બસ સ્ટેન્ડમાંથી ગઈકાલે લાશ મળી આવવાના મામલે તપાસના આદેશ. જવાબદાર સામે કડક કાર્યવાહી કરાશે તેવી મુખ્યમંત્રીની જાહેરાત.</td></tr>
<tr><td>૧૯-૫-૨૦૨૦<br>મંગળવાર</td><td>વિશ્વ</td><td>● વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની બે દિવસની વર્ચ્યુઅલ બેઠકમાં 'કોરોના પેદા ક્યાંથી થયો?' તેની તપાસ કરવાની ભારત સહિત ૧૨૦ દેશોએ માંગ કરી. ઓસ્ટ્રેલિયા અને યુરોપિયન સંઘે કરેલ પ્રસ્તાવને જગતભરના દેશોએ ટેકો આપ્યો. ચીન વિરૂધ્ધ છૂપો રોષ પ્રગટ્યો.<br>● અમેરિકામાં રઝળી પડેલા ભારતીય વિદ્યાર્થીઓ તથા નાગરિકોની ભારત પરત આવવા વધુ ફ્લાઈટોની માંગણી. બીજા તબક્કામાં ૭ ફ્લાઈટ અમેરિકાથી ભારત આવશે.<br>● એર ઈન્ડિયાના ગુજરાતના (બેંગ્લુરુ સ્થિત) ફ્લાઈટ કેપ્ટન પ્રત્યુષ વ્યાસે 'વંદે ભારત' મિશનમાં ૧૦ કલાક સુધી ખાવા, પીવા કે બાથરૂમ જવા પર પ્રતિબંધ પાળી, PPE કીટ પહેરી ફલાય કર્યું અને ગત તા. ૧૨-૫ના ૧૮૦ મુસાફરોને દુબઈથી ભારત લાવ્યા.</td></tr>
<tr><td></td><td>ભારત</td><td>● ભારતમાં કોરોનાનો કહેર. સંક્રમિતોનો આંકડો ૧ લાખને પાર.</td></tr>
<tr><td></td><td>ગુજરાત</td><td>● અમદાવાદ - સુરત સિવાયના સમગ્ર ગુજરાતમાં ૧૯-૫થી ૩૧-૫ના લોકડાઉન-૪ માં વ્યાપક છુટછાટ આપવામાં આવી. સાંજના ૭ થી સવારમાં ૭ સુધી સમગ્ર રાજ્યમાં કર્ફ્યુનો અમલ. રેડ ઝોન વિસ્તારમાં રહેતા લોકોને બહાર આવવા-જવાની મનાઈ. લગ્નમાં ૫૦થી વધુ વ્યક્તિને છૂટ નહીં. પાન-બીડીની દુકાનો ચાલુ કરવાની છૂટ અપાઈ. વધુમાં વધુ બે પેસેન્જરો સાથે ઓટો રીક્ષાને છૂટ આપવામાં આવી. કોમ્પ્લેક્સમાં એકી-બેકી નંબરની દુકાનો / ઓફિસોને એકાંતરે ખોલવાની પરવાનગી અપાઈ. માલવાહક ટ્રાન્સપોર્ટને સમગ્ર ગુજરાતમાં છૂટ અપાઈ.<br>● ખાનગી હોસ્પિટલોની બહાનાબાજીથી મોડાસામાં ચૌધરી સમાજના બે આશાસ્પદ યુવકોના મૃત્યુ. અમદાવાદ અને મોડાસાની બે ખાનગી હોસ્પિટલોએ સારવાર માટે ના પાડી દીધી હતી. રીપોર્ટ કઢાવવાની કાર્યવાહીમાં બંનેના મૃત્યુ થયાનો આક્ષેપ.<br>● કોરોનાનો ગુજરાતમાં કેર. ગુજરાતમાં દરરોજના ૩૦૦થી વધુ કેસ અને અમદાવાદમાં રોજના ૨૫૦થી વધુ કેસ.
<table>
<tr><th>તારીખ</th><th>ગુજરાત</th><th>અમદાવાદ</th><th>તારીખ</th><th>ગુજરાત</th><th>અમદાવાદ</th></tr>
<tr><td>૯ મે</td><td>૩૯૪</td><td>૨૮૦</td><td>૧૪ મે</td><td>૩૨૪</td><td>૨૬૫</td></tr>
<tr><td>૧૦ મે</td><td>૩૯૮</td><td>૨૭૮</td><td>૧૫ મે</td><td>૩૪૦</td><td>૨૬૧</td></tr>
<tr><td>૧૧ મે</td><td>૩૪૭</td><td>૨૬૮</td><td>૧૬ મે</td><td>૧૦૫૭</td><td>૯૭૩</td></tr>
<tr><td>૧૨ મે</td><td>૩૬૨</td><td>૨૬૭</td><td>૧૭ મે</td><td>૩૯૧</td><td>૨૭૬</td></tr>
<tr><td>૧૩ મે</td><td>૩૬૪</td><td>૨૯૨</td><td>૧૮ મે</td><td>૩૬૬</td><td>૨૬૩</td></tr>
</table>
● કોરોનાના દર્દીની અમદાવાદના દાણીલીમડાના BRTS બસ સ્ટેન્ડ પરથી મળેલી લાશ બાબત તપાસ પંચે સિવિલ હોસ્પિટલને ક્લીન ચીટ આપતા, આ તપાસના અહેવાલમાં ગરબડ હોવાની શક્યતાથી તેના પરિવારે સીટની માંગણી કરી.</td></tr>
<tr><td>૨૦-૫-૨૦૨૦</td><td>વિશ્વ</td><td>● વિશ્વમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૪૯.૨૪ લાખને પાર અને મૃતકનો આંકડો ૩.૨૦ લાખને પાર.</td></tr>
</table>

*શાંતિભર્યા જીવનની એકલતા અને તેના સ્વરૂપે મળેલ એકાંત આપણા મનની સર્જકતાને વેગ આપે છે.*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| બુધવાર | | ● અમેરિકામાં સંક્રમિતોની સંખ્યા ૧૫.૫૦ લાખની ઉપર. મૃત્યુ ૯૦ હજારની ઉપર.<br>● WHO ચીનની તરફેણ કરતું હોવાના મુદ્દે માથાકુટ. કોરોનાવો વાયરસ પેદા થયો કે કરવામાં આવ્યો તેની તપાસ WHO કરશે. |
| | ભારત | ● ભારતમાં કોરોના સંક્રમિતોની આજ દિવસ સુધીની સંખ્યા ૧,૦૫,૪૯૮ અને મૃત્યુનો આંક ૩૧૪૫.<br>● ભારતમાં કોરોના બેકાબૂ. તે હવે સંક્રમિતોની સંખ્યામાં વિશ્વમાં સાતમા ક્રમે પહોંચ્યું.<br>● કોવિડ-૧૯ની વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે ભારતના ફોરેન ફંડમાંથી ૬.૪ અબજ ડોલરનું રોકાણ પાછું ખેંચાયું.<br>● કોરોના મહામારી અને લોકડાઉનની અસરોમાંથી અર્થવ્યવસ્થાને ઉગારવા સરકારે જાહેર કરેલ પેકેજથી આર્થિક જાણકારો નિરાશ થયા. સરકારનું આત્મનિર્ભર પેકેજ બિન અસરકારક નીવડવાની અટકળો.<br>● લોકડાઉન દરમિયાન ખાનગી શાળાઓ માત્ર ટ્યુશન ફી લઈ શકશે – દિલ્હી હાઈકોર્ટ. |
| | ગુજરાત | ● ગુજરાતમાં આજ દિવસ સુધી કોરોના સંક્રમિતોનો આંક ૧૨૧૪૧ અને મૃત્યુનો આંક ૭૧૯ સુધી પહોંચ્યો.<br>● લોકડાઉન-૪ માં અમદાવાદ, વડોદરા, સુરતના કેટલાક કન્ટેઈનમેન્ટ ઝોનનો રેડ ઝોનમાં સમાવેશ.<br>● તા. ૧૯-૫ના રોજ ૫૫ દિવસે નોન કન્ટેઈનમેન્ટ ઝોનમાં છુટછાટ મળતાં ગુજરાતનું જનજીવન ધબકતું થયું. સવારના ૭ થી સાંજના ૭ સુધીની છુટ મળતાં બધા જ પ્રકારની દુકાનો ખૂલી જવા પામી અને જનતા ખરીદી કરવા મોટા પ્રમાણમાં બહાર નીકળી હતી. અમદાવાદ, વડોદરા અને સુરતના કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના ગુજરાતભરના બધા જ વિસ્તારોમાં દુકાનો સવારમાં ૮ થી સાંજના ૪ વાગ્યા સુધી ખૂલી રાખવાની છુટ મળી હતી.<br>● ગુજરાતની ૬ કરોડની જનતામાંથી વિવિધ કન્ટેઈનમેન્ટ હેઠળના વિસ્તારમાં હવે ૩૧.૦૩ લાખની વસતિ રહે છે કે જેને છુટછાટમાં પ્રતિબંધો નડે છે.<br>● લોકડાઉન સમયના કંપનીઓના કામદારોને પગાર ચૂકવવાના ગુજરાત સરકારના આદેશ સામે સુપ્રીમ કોર્ટે સ્ટે મૂકતાં ગુજરાત સરકારનો હવે યુ-ટર્ન. લોકડાઉનમાં કર્મચારીઓનો પગાર ન કાપવાનો આદેશ સરકારે પરત લીધો.<br>● કચ્છમાં બહારથી પ્રવેશ કરનારાને કારણે કોરોનાના વધુ ૨૧ કેસ નોંધાયા. કચ્છમાં આજ દિન સુધીના કુલ કેસોનો આંકડો ૫૪ સુધી પહોંચ્યો. |
| | અમદાવાદ | ● અમદાવાદમાં કોરોનાના સંક્રમિતોની સંખ્યા ૮૯૪૫ અને મૃત્યુની સંખ્યા ૫૭૬ થઈ.<br>● અમદાવાદમાં છૂટ પછી પ્રથમ દિવસે જ બધી દુકાનો ખૂલી જતાં સરકારે સ્પષ્ટતા કરી કે એકી તારીખે ઑડ નંબરની અને ઈવન તારીખે બેકી નંબરની દુકાન / ઑફિસ ખોલી શકાશે.<br>● મ્યુનિસિપાલિટીની પશ્ચિમ વિસ્તારની કચેરીઓ ૫૦ ટકા સ્ટાફ સાથે હવેથી ચાલુ રહેશે. વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓની હાજરી દરરોજની ૧૦૦ ટકા રહેશે.<br>● અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં માનવતાને શરમાવતી ઘટના બનવા પામેલ છે. ત્રણ દર્દીના મૃતદેહો પરથી દાગીના તથા રોકડ રકમ એમ ટોટલ રૂા. ૯૭,૦૦૦/-ની મતા ચોરાઈ જવા પામેલ છે. |
| ૨૧-૫-૨૦૨૦<br>ગુરૂવાર | વિશ્વ | ● દુનિયાભરના વૈજ્ઞાનિકોએ કાર્બનના લેવલનો અભ્યાસ કરીને રીપોર્ટ આપ્યો. લોકડાઉનના કારણે દુનિયાભરમાં કાર્બનનું પ્રમાણ ૧૭ ટકા ઘટ્યું. અમેરિકામાં કાર્બનનું ઉત્સર્જન ૩૩ ટકા, ચીનમાં ૨૫ ટકા, યુરોપિયન દેશોમાં ૨૭ ટકા અને ભારતમાં ૨૬ ટકાનો ઘટાડો થયો.<br>● કોરોના ઈફેક્ટના કારણે દુનિયાની મોટાભાગની એરલાઈન્સ નાદારી નોંધાવે તેવો ભય. વિશ્વની એરલાઈન્સ ઈન્ડસ્ટ્રીઝને ૩૧૪ અબજ ડોલરની ખોટ – JATA. |
| | ભારત | ● કોરોનાની બિઝનેસ પર પડેલી અસરની જાણ કરો : સેબી<br>બિઝનેસ પર કેટલી અસર થશે એ રોકાણકારો અને હિસ્સેદારોને સમયસર જાણ કરવી જરૂરી.<br>● ગરીબીનો સામનો કરી રહેલા ગ્રામીણ ભારતને પડ્યા પર પાટુ જેવું થયું. લોકડાઉનના પગલે ગ્રામીણ ભારતમાં ૫૦ ટકા લોકોએ ભોજનમાં કાપ મૂક્યો. ૨૪ ટકા લોકોએ દેવું કરી અનાજની વ્યવસ્થા કરી. ૮૪ ટકા લોકો સરકારી રાશન પર નિર્ભર. |

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | | ● તા. ૨૫-૫થી ડોમેસ્ટીક ફ્લાઈટો ચાલુ થવાની જાહેરાત.<br>● પહેલી જૂનથી શરૂ થનારી ટ્રેનોનું આજથી ઓનલાઈન બુકિંગ શરૂ. |
| | ગુજરાત | ● મુખ્યમંત્રી રૂપાણીનો ગુજરાતની જનતાને અનુરોધ : કોરોના સાથે જીવતા શીખો. |
| | અમદાવાદ | ● સરકારે ૧૬-૫થી હોસ્પિટલમાં આયુર્વેદ ડૉક્ટરો મૂક્યા. કોરોનામાં હવે આયુર્વેદ પર ભરોસો વધશે. ૭૦૦થી વધુ દર્દી આયુર્વેદની દવા લેવા સહમત થયા.<br>● ગુજરાતના કુલ મૃત્યુમાંથી ૮૦ ટકા મૃત્યુ અમદાવાદમાં.<br>● કોરોના મહામારીને કારણે અમદાવાદમાં થિયેટર કલ્ચર ઊભું કરતા ગ્રુપને મોટો ફટકો. |
| ૨૨-૫-૨૦૨૦ શુક્રવાર | ભારત | ● ઈન્ટરનેટ અને કોમ્પ્યુટર વંચિત લોકો પણ હવે ટ્રેનનું બુકિંગ કરાવી શકશે. આજથી સમગ્ર દેશમાં ૧.૭ લાખ કોમન સર્વિસ સેન્ટર પરથી ટ્રેનોનું બુકિંગ શરૂ.<br>● સ્થાનિક વિમાની સેવાઓ માટે માર્ગદર્શિકા જાહેર. સરકારે ભાડા પર નિયંત્રણ મૂક્યા.<br>● લોકડાઉન તેમજ મંદી અને બેકારીના કારણે દરરોજ આપઘાતનો સીલસીલો ચાલુ. |
| | ગુજરાત | ● અમદાવાદ સિવાય રાજ્યમાં એસ.ટી. બસ સેવા શરૂ કરાઈ. પ્રથમ દિવસે ૨૩૦૬૯ મુસાફરોએ મુસાફરી કરી.<br>● ગુજરાતની આત્મનિર્ભર સહાય યોજના માટે રૂપિયા એક લાખની લોન લેવા ગુજરાતમાં દસ લાખ લોકોની લાઈનો. ફોર્મ છપાયા ન હોવાથી સંખ્યાબંધ બેંકો ફોર્મ જ ન આપી શકી.<br>● કોરોના માટે નક્કી કરેલ હોસ્પિટલોમાં અન્ય સારવાર ન મળતાં દર્દીઓ હેરાન થાય છે. અન્ય બીમારીઓ માટે મધ્યમ વર્ગને પરવડે તેવો સારવારનો વિકલ્પ ન મળતાં મૃત્યુ પામતા દર્દીઓ.<br>● ગુજરાતમાં કોરોનાના દર્દીઓની હાલત પણ ખૂબ જ ખરાબ. સરકારી હોસ્પિટલોમાં સુવિધાનો અભાવ, જ્યારે ખાનગી હોસ્પિટલોમાં બેફામ ચાર્જ.<br>● ગુજરાતમાં ખાનગી હોસ્પિટલોમાં કોરોના દર્દીઓ માટે બેફામ ચાર્જ, જ્યારે મહારાષ્ટ્રમાં ઘણા વ્યાજબી દર. |
| ૨૩-૫-૨૦૨૦ શનિવાર | વિશ્વ | ● કોરોના મહામારીના કારણે વિશ્વ આ સદીની સૌથી ભીષણ મંદીનો સામનો કરવા જઈ રહ્યું છે. કોરોના બાદ વિશ્વમાં મંદી, બેરોજગારી અને સંરક્ષણવાદ વકરશે.<br>● ભારતની સરખામણીમાં ચીનનું સંરક્ષણ બજેટ ૨.૭ ગણું વધારે. કોરોના મહામારી વચ્ચે પણ ચીને સંરક્ષણ બજેટ ૬.૬ ટકા વધારી ૧૭૯ અબજ ડોલર કર્યું. |
| | ભારત | ● ભારતનો આર્થિક વિકાસ હવે શૂન્ય નહીં પણ માઈનસ જોવા મળશે. સરકારે જાહેર કરેલા પગલા અપર્યાપ્ત. ટૂંકાગાળામાં વૃદ્ધિને વેગ નહીં મળે – ***મૂડીઝ***<br>● લોકડાઉન વચ્ચે એમેઝોનની ભારતમાં ૫૦,૦૦૦ લોકોને નોકરી આપવાની જાહેરાત. |
| | ગુજરાત | ● ગુજરાતમાં આવશ્યક ચીજવસ્તુની દુકાનો ચાલુ કરવા માટે ઓડ - ઈવનનો નિયમ લાગુ નહીં પડે – સરકારની ચોખવટ.<br>● ૮૦ ટકા માતા-પિતાઓ કહે છે કે સપ્ટેમ્બર સુધી શાળાઓ ખોલવી ન જોઈએ. |
| | અમદાવાદ | ● સિવિલ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓને માણસ સમજી વર્તન કરો : ***હાઈકોર્ટ.***<br>દર્દીઓ તથા તેના પરિવાર સાથે સન્માનજનક વર્તન કરવા હાઈકોર્ટની ટકોર. એશિયાની સૌથી મોટી હોસ્પિટલની નિરંતર બેદરકારી મુદ્દે હાઈકોર્ટની ઝાટકણી. એક અઠવાડિયામાં સમસ્યાનો ઉકેલ લાવવાની સરકારની ખાત્રી.<br>● ***બે મહિનામાં અમદાવાદમાં ૨૦૦થી વધુ મેડિકલ સ્ટાફ કોરોના પોઝીટીવ બની ગયો.***<br>● સિવિલ હોસ્પિટલની ફરી બેદરકારી : કોરોનાના દર્દીના મૃત્યુના પાંચ કલાક બાદ તેના પરિવારને જાણ કરાઈ.<br>● અમદાવાદમાં ૨૫ મે થી ભારતના ૧૯ શહેરોને સાંકળતી ફ્લાઈટ શરૂ કરાશે. |
| ૨૪-૫-૨૦૨૦ રવિવાર | ભારત | ● ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા એક માર્ગદર્શિકા જાહેર. ડૉક્ટરો, નર્સો, પોલીસ વગેરે કોરોના વોરિયર્સ કોરોનાથી બચવા હાઈડ્રોક્સીક્લોરોક્વિન દવાનો ઉપયોગ કરી શકશે. ***વિવિધ ૩ જેટલા અભ્યાસ દ્વારા સાબિત થયું છે કે આ દવા કોરોનાનો ચેપ અટકાવી શકે છે.*** |

*અમુક ક્ષણની સાચી કિંમત ત્યારે જ સમજાય છે જ્યારે એ ક્ષણ માત્ર સ્મરણ બનીને રહી જાય!*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | | ● કોરોના વાઈરસના સ્ક્રિનિંગ માટે બેંગ્લોરની હોસ્પિટલમાં મૂકવામાં આવેલ બે રોબોટ.<br>● મુંબઈથી ઉત્તર પ્રદેશના ગોરખપુર જવાને બદલે ટ્રેન ઓરિસ્સા પહોંચી ગઈ. પ્રશાસનની બેદરકારીના કારણે મજૂરો વધુ હેરાન થયા.<br>● અન્ય એક ટ્રેન જોનપુરના બદલે વારાણસી લઈ જવામાં આવી. ભોજન-પાણી વગર મજૂરો ગરમીમાં શેકાતા રહ્યા.<br>● પરપ્રાંતમાંથી મજૂરોની વાપસી બાદ જે તે પ્રાંતમાં કોરોનાના કેસમાં વધારો.<br>● લોકડાઉનની અશોભનીય અસર : મધ્ય પ્રદેશમાં એક મેજિસ્ટ્રેટને ત્યાંથી રોટલીની ચોરી. દિલ્હીમાં લોકોએ ફેરિયાને ફળ વગેરે માટે લૂંટ્યો. ઉત્તર પ્રદેશમાં મજૂરોએ રેલવે પ્લેટફોર્મ પર પાણીની બોટલોની લૂંટ ચલાવી.<br>● આંતરરાષ્ટ્રીય ફ્લાઈટો જૂનના મધ્યમાં શરૂ કરવાની કેન્દ્રની યોજના. |
| | ગુજરાત | ● ગુજરાતમાં ૩ લાખ ઔદ્યોગિક એકમો કાર્યરત થઈ ગયા. ૨૫ લાખ કામદારો કામ પર લાગી ગયા.<br>● ગુજરાતમાં ઉદ્યોગો દ્વારા સામાન્ય સંજોગોમાં ઉપયોગમાં લેવાતી વીજળીના ૮૨ ટકા વીજળીનો ઉપયોગ ચાલુ થઈ ગયો.<br>● ગુજરાતમાં ખાનગી બાંધકામ ઉદ્યોગમાં ૨૧ હજાર શ્રમિકો કામ પર લાગી ગયા. |
| | અમદાવાદ | ● ***કોરોનાને રોકવામાં નબળી કામગીરી બદલ રાજ્યના સ્વાસ્થ્ય પ્રધાન નીતિન પટેલ અને આરોગ્ય સચિવ જયંતી રવિની હાઈકોર્ટે ઝાટકણી કાઢી.*** જે સિનિયર અધિકારીઓની બેદરકારીના કારણે સિવિલમાં સંખ્યાબંધ કોરોનાના દર્દીના મોત થયા, તેમની જવાબદારી સત્વરે નક્કી કરો. તેઓએ વેન્ટીલેટર અને ઑક્સિજન બેડ વધારવાનો પણ આદેશ કર્યો.<br>● અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં કોરોનાને કારણે પતિનું મોત થતાં તેની પત્ની કોરોના શંકાસ્પદ તરીકે એપોલો હોસ્પિટલ નામની ખાનગી હોસ્પિટલમાં દાખલ થઈ. ત્યાં તેનું ૪ દિવસનું સારવારનું બીલ રૂા. ૧.૯૨ લાખ આવ્યું.<br>● ***અમદાવાદની સિવિલના કેમ્પસમાં આવેલ કેન્સર હોસ્પિટલમાં ૧૦૨ કર્મચારીઓ કોરોના પોઝીટીવ થયા.*** |
| ૨૫-૫-૨૦૨૦ સોમવાર | વિશ્વ | ● વિશ્વમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૫૪.૨૯ લાખની ઉપર અને મૃત્યુની સંખ્યા ૩.૪૪ લાખની ઉપર.<br>● અમેરિકામાં સંક્રમિતોની સંખ્યા ૧૬.૬૭ લાખની ઉપર અને મૃત્યુની સંખ્યા ૯૮,૦૦૦થી ઉપર. |
| | ભારત | ● અત્યાર સુધીની ભારતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧,૩૫,૬૨૧ અને મૃત્યુની સંખ્યા ૩૯૪૦.<br>● ***શ્રમિકોને લઇ દેશના વિવિધ રાજ્યોના સ્ટેશનો પરથી ઉપડેલી ૪૦ જેટલી શ્રમિક ટ્રેનો એકના બદલે અન્ય રાજ્યના સ્ટેશનો પર પહોંચી ગઈ.*** આ ટ્રેનોમાં મુસાફરી કરતા શ્રમિકો હેરાન-પરેશાન થઈ ગયા. તેઓ દિવસો સુધી હેરાન થયા બાદ પોતાના ઘેર પહોંચ્યા.<br>● ***હાલે દેશમાં મજૂરોની સ્થિતિ એકદમ પીડાદાયક. મજૂરોનું પલાયન થવું, એ આઝાદ ભારતની સૌથી મોટી ટ્રેજેડી –*** જાણીતા ઈતિહાસકાર અને લેખક રામચંદ્ર ગુહા.<br>● કોરોનાને કારણે દેશનું અર્થતંત્ર દસ વર્ષ પાછળ ધકેલાઈ જવાની સંભાવના. સરકારની નબળી નીતિઓના કારણે પણ આર્થિક સ્થિતિ ગંભીર બની છે – પી. ચિદમ્બરમ<br>● દિલ્હી એરપોર્ટની ૩૮૦ ફ્લાઈટનું સંચાલન કરવાની તૈયારી. મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને તામિલનાડુ જેવા ૩ રાજ્યના વિરોધ વચ્ચે આજથી દેશમાં ડોમેસ્ટીક ફ્લાઈટ્સ શરૂ કરવામાં આવશે.<br>● મૌલવી - સામાજિક આગેવાનોએ મુસ્લિમોને અપીલ કરી. કોરોનાની મહામારી વચ્ચે આજે ઘરમાં જ ઈદ ઉજવાશે. |
| | ગુજરાત | ● અત્યાર સુધી કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૪૦૬૩ અને મૃત્યુ ૮૫૮.<br>● કોરોના સંકટને પહોંચી વળવા ગુજરાત સરકાર સંપૂર્ણ નિષ્ફળ : વિપક્ષ.<br>● કોરોના મુદ્દે ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારની જે ઝાટકણી કાઢી છે તે આંખો ઉઘાડનારી છે – અહેમદ પટેલ, કોંગ્રેસના નેતા |
| | અમદાવાદ | ● અમદાવાદનો અત્યાર સુધીનો કોરોના સંક્રમિતોનો આંક ૧૦૨૮૦ અને મૃત્યુ ૬૯૭.<br>● અમદાવાદ એરપોર્ટમાં ૬૧ દિવસ બાદ આજથી ૫૦ ફ્લાઈટોની અવર-જવર શરૂ.<br>● અમદાવાદની તપન હોસ્પિટલે કોરોના દર્દીની દસ દિવસની સારવારનું રૂા. ૪.૬૯ લાખનું બીલ આપ્યું. બીલ ચૂકવો તો જ ડેડ બોડી મળશે તેવું પણ જણાવ્યું. ઉઘાડી લૂંટનો મામલો બહાર આવતાં હોસ્પિટલે બીલ ઘટાડીને રૂા. ૨.૮૦ લાખ કર્યું. |

*ધૂળથી ભરેલા કાળા ભમરા ફૂલોમાંથી મધ પીએ છે જ્યારે શ્વેત હંસોને ગંદી સેવાળમાંય આળોટવું પડે છે. આને કહેવાય ભાગ્યની અકળતા!*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| ૨૬-૫-૨૦૨૦ મંગળવાર | વિશ્વ | ● ૧.૪૧ લાખ કેસ સાથે ભારત વિશ્વમાં કોરોનાગ્રસ્ત ટોપ-૧૦ દેશમાં સામેલ.<br>● અમેરિકામાં મૃત્યુની સંખ્યા ૧ લાખની નજીક.<br>● બ્રાઝીલમાં કોરોનાના કેસ વધતાં બ્રાઝીલના નાગરિકોને અમેરિકામાં પ્રવેશબંધી.<br>● નેપાળ - ચીનમાં કોરોનાનો કેર વધ્યો.<br>● ટોકિયોમાં કોરોના ઈમરજન્સી હટાવાઈ.<br>● ગ્રીક ટાપુઓ પર ફેરી સર્વિસ, રેસ્ટોરાં વગેરે શરૂ થયા. |
| | ભારત | ● ***IIM-A ના પ્રો. ચિન્મય તુમ્બે કહે છે કે લોકડાઉન અગાઉના ૨૪ માર્ચથી એક અઠવાડિયું શ્રમિકો માટે સ્થળાંતરનો સમય સરકાર ચૂકી ગઈ.***<br>● વિમાન સેવા અંગે કેન્દ્ર - રાજ્યોમાં વિચારભેદ. ૬૩૦ ફ્લાઈટ રદ કરવી પડી. ૩૯૨૩૧ પ્રવાસીઓ સાથે ૫૩૨ ફ્લાઈટનું ઉડ્ડયન.<br>● રિલાયન્સે જિયો માર્ટ દ્વારા ૨૦૦ શહેરોમાં ઓનલાઈન અનાજ - કરિયાણાનું વેચાણ શરૂ કર્યું. |
| | અમદાવાદ | ● અમદાવાદમાં ૬૦ ટકા ફ્લાઈટ કેન્સલ. પ્રવાસીઓ પરેશાન થયા. |
| ૨૭-૫-૨૦૨૦ બુધવાર | વિશ્વ | ● કોરોનાના કારણે એક લાખથી વધુ મૃત્યુ ધરાવતો અમેરિકા વિશ્વનો પ્રથમ દેશ બન્યો.<br>● હાઈડ્રોક્સીક્લોરોક્વિન દવા પર તેની સાઈડ ઈફેક્ટના કારણે **WHO**નો પ્રતિબંધ.<br>દવાથી સાઈડ ઈફેક્ટ થતી નથી તેવી ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચે સ્પષ્ટતા કરી. |
| | ભારત | ● ભારતમાં કોરોનાના કેસ ૧.૫૦ લાખની નજીક. ઓરિસ્સા, બિહાર, આસામમાં કોરોનાના કેસમાં તીવ્ર ઉછાળો.<br>● દેશમાં કોરોનાનો મૃત્યુ દર ૨.૮૭ ટકા, જે વિશ્વમાં સૌથી ઓછો. રીકવરી રેટમાં પણ નોંધપાત્ર સુધારાનો કેન્દ્રનો દાવો.<br>● ***પરપ્રાંતિય મજૂરોની દયનીય સ્થિતિ અંગે સુપ્રીમની સૂઓ મોટો. મજૂરોના મુદ્દે કેન્દ્ર - રાજ્યોના નિર્ણયો અધૂરા અને ભૂલભરેલા : સુપ્રીમે સરકારોને ઝાટકી.***<br>***મજૂરોએ હજુ પણ સેંકડો કિ.મી. અંતર પગપાળા / સાઈકલ પર કાપવા પડે છે તેનો કેન્દ્ર - રાજ્યો બે દિવસમાં જવાબ આપે : સુપ્રીમ કોર્ટ.***<br>● ***સુરતથી બિહાર જતી બે શ્રમિક ટ્રેનોમાંથી એક ઓરિસ્સા અને બીજી કર્ણાટક પહોંચી.***<br>● ***દિલ્હીથી બિહારના મોનિહારી જતી શ્રમિક ટ્રેન ૩૦ કલાકને બદલે ૪ દિવસે સમસ્તીપુર પહોંચી.***<br>● દિલ્હી પોલીસનું જમાતના ૮૨ વિદેશીઓ સામે કોર્ટમાં તહોમતનામું મૂકાયું – ૧૨ જૂને સુનાવણી. |
| | ગુજરાત | ● અમદાવાદ એરપોર્ટથી સતત બીજા દિવસે અડધોઅડધ ફ્લાઈટ કેન્સલ. ૭૪ માંથી ૩૬ ફ્લાઈટની જ અવર-જવર થઈ શકી. ફ્લાઈટ ખાલી રહેતી હોવાથી તથા કેટલાક રાજ્યોની ઉડ્ડયન અંગેની તેમની નીતિના કારણે ફ્લાઈટો કેન્સલ કરવી પડે છે – પ્રવક્તા. |
| ૨૮-૫-૨૦૨૦ ગુરૂવાર | ભારત | ● દેશમાં કોરોનાના કેસ ૧.૫૦ લાખને પાર. માત્ર છેલ્લા ૧૦ દિવસમાં ૫૦,૦૦૦ કેસ નોંધાયા.<br>● દેશમાં બેરોજગારી દર સૌથી ખરાબ સપાટીએ – ૨૪ ટકાને પાર.<br>લોકડાઉન વચ્ચે દેશમાં દર ચારમાંથી એક વ્યક્તિ બેરોજગાર – રિપોર્ટ. |
| | ગુજરાત | ● ***હાઈકોર્ટના ન્યાયાધીશોની સિવિલ હોસ્પિટલની મુલાકાત પહેલા સરકારી તંત્ર દોડતું થયું.*** અમદાવાદની સિવિલ હોસ્પિટલની છાપ સુધારવા તંત્ર સક્રિય બન્યું. રેઢા મૂકાયેલા દર્દીઓની કાળજી લેવાનું શરૂ કર્યું. દર્દી સાથે તેના સગાને વાત કરવા વીડિયો કોલની સુવિધા ઊભી કરાઈ. ***આરોગ્ય સચિવ ડો. જયંતી રવિએ બે મહિના બાદ કોરોના વોર્ડમાં પગ મૂક્યો.***<br>● ગુજરાત કોરોનાના મૃત્યુ દરમાં નંબર વન. ૧૦૦ દર્દીમાંથી ૬ ના મૃત્યુ થાય છે. મહારાષ્ટ્ર, તામિલનાડુ, બિહારમાં મૃત્યુ દર ૩.૪ ટકા. અમદાવાદમાં મૃત્યુ દર સૌથી ઉપર – ૭ ટકા.<br>● ગુજરાતના સંશોધકોએ કોરોના વાયરસના ૧૩૧ વંશસૂત્રો શોધી કાઢ્યા. |
| | અમદાવાદ | ● અમદાવાદની એસ.વી.પી. હોસ્પિટલમાં આયુર્વેદના નિષ્ણાતો સફળ થયા. પંચગવ્યની સારવારથી કોરોના વાયરસના ચેપનો |

*સ્વતંત્રતાને ભવિષ્ય છે, ભયને ભવિષ્ય ન હોય.*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | | ભોગ બનેલા દર્દીઓ સાજા થવા લાગ્યા.<br>● ***અમદાવાદમાંથી ૨.૫૧ લાખથી વધુ શ્રમિકોની હિજરત થઈ.*** છેલ્લા ૨૬ દિવસમાં ૧૭૨ શ્રમિક ટ્રેનો દોડાવાઈ. અમદાવાદના પૂર્વ વિસ્તારમાંથી સૌથી વધુ ૧.૩૭ લાખ મજૂરોએ હિજરત કરી. સૌથી વધુ ૧.૬૫ લાખ મજૂરો ઉત્તર પ્રદેશ ગયા.<br>● આવશ્યક વસ્તુની ઊંચી કિંમત વસુલતા વેપારીઓને તોલમાપ ખાતા દ્વારા દંડ કરવામાં આવ્યો. |
| ૨૯-૫-૨૦૨૦ શુક્રવાર | વિશ્વ | ● કોરોનાના કારણે દુનિયામાં આ વર્ષના અંતે ૮.૬ કરોડ વધુ બાળકો ગરીબીમાં ધકેલાશે. આફ્રિકા અને એશિયાના બાળકોને સૌથી વધુ અસર થશે. પરિવારની આવકમાં ઘટાડો થતો હોવાથી વિશ્વમાં ગરીબીમાં ધકેલાયેલા બાળકોની સંખ્યા ૬૭.૨ કરોડ થશે – ***યુનિસેફનો અહેવાલ.***<br>● અમેરિકાની વિમાન બનાવતી કંપની બોઈંગે ૧૨૦૦૦ કર્મચારીઓની છટણી કરી. યુરોપની ઈઝી જેટે ૧૫૦૦૦ માંથી ૫૦૦૦ કર્મચારીઓને છૂટા કર્યા. અમેરિકન એરલાઈન્સ ૫૧૦૦ કર્મચારીઓને દૂર કરશે. |
| | ભારત | ● સુપ્રીમ કોર્ટે આદેશ બહાર પાડ્યો કે સ્થળાંતર થતા મજૂરોનું બધું જ ભાડું સરકાર ચૂકવે અને પૂરતું ભોજન પણ આપે. જો કે અત્યાર સુધી ૯૧ લાખ મજૂરો ઘરે પહોંચી ગયા હોવાના અહેવાલ છે.<br>● ***મજૂરોની કફોડી સ્થિતિ મુદ્દે ગુજરાત - બિહારને માનવ અધિકાર પંચની નોટીસ.***<br>● કોરોના વાયરસના કારણે ક્વોરન્ટાઈન હેઠળ રખાયેલાની સંખ્યા છેલ્લા ૧૨ દિવસમાં બમણી થઈ. ભારતમાં ૨૩ લાખ લોકો ક્વોરન્ટાઈન હેઠળ મૂકાયેલ છે. મહારાષ્ટ્રમાં ૬ લાખ, ગુજરાતમાં ૪.૪૨ લાખ, ઉત્તર પ્રદેશમાં ૩.૬ લાખ, બિહારમાં ૨.૧ લાખ લોકોને ક્વોરન્ટાઈન કરાયા. મોટા ભાગનાને હોમ ક્વોરન્ટાઈન કરાયા. ભારતમાં કોરોના સંક્રમિતોના કુલ કેસ ૧.૬૦ લાખને પાર.<br>● કોરોનાના દર્દીઓને અપાતી પેરાસિટામોલ દવાની નિકાસ પરનો પ્રતિબંધ ભારતે ઉઠાવી લીધો. |
| | ગુજરાત | ● હાઈકોર્ટની સુચનાના આધારે રાજ્ય આરોગ્ય વિભાગે જાહેરનામું બહાર પાડ્યું કે ખાનગી હોસ્પિટલમાં સરકારી દરે જ સારવાર કરાશે. ૨૦થી વધુ બેડ હોય તેવી ખાનગી હોસ્પિટલના ૫૦ ટકા બેડ સરકારી દર સાથે અલાયદા રાખવા પડશે.<br>● ક્લિનિકલ અને પેથોલોજી એટોપ્સીના નિષ્ણાત ડૉ. ડી.એન. લાન્જેવારનો મત : કોરોનાનું કારણ - મારણ શોધવા મૃતકોની એટોપ્સી કરાવવી જોઈએ. ગુજરાતના દર્દીઓ પર કોરોનાનો પ્રહાર ફેફસા પર થાય છે. |
| | અમદાવાદ | ● ***અમદાવાદના સરકારી અને ખાનગી ૧૯૭ ડોક્ટરો કોરોનાની ઝપટમાં.*** |
| ૩૦-૫-૨૦૨૦ શનિવાર | વિશ્વ | ● યુ.કે.ની આગેવાનીમાં ચીન પાસેથી ૫-જી ટેકનોલોજી તથા સાધનો ન ખરીદવા ભારત સહિતના ૧૦ દેશોનું સંગઠન બનશે.<br>● વિશ્વમાં કોરોનાની સૌથી ખરાબ સ્થિતિવાળા દેશોમાં ભારત ૯મા ક્રમે.<br>● કોરોનાથી મૃત્યુમાં ભારતે ચીનને પાછળ રાખ્યું. |
| | ભારત | ● લોકડાઉન મુદ્દે કેન્દ્ર સરકાર પોતાની ભૂમિકા મર્યાદિત કરીને રાજ્યોને વધુ અધિકાર આપશે.<br>● ભારતમાં હાલ કોરોનાના ૯૧૬૪૮ એક્ટીવ દર્દીઓ છે. તેમાંથી ૪ ટકા જ ક્રિટીકલ છે. પાંચ હજાર કોરોનાગ્રસ્ત મૃત્યુ માટે ૧૨૯ કરોડની જનતાને સજા ન કરાય – ***વિશ્વના અર્થશાસ્ત્રીઓ તથા સમાજશાસ્ત્રીઓ.*** |
| | ગુજરાત | ● કોરોના ટેસ્ટીંગ પોલિસી મુદ્દે હાઈકોર્ટની આઈ.સી.એમ.આર.ને નોટીસ.<br>● સારવાર તથા સર્જરી પહેલા સરકારની પરવાનગી શા માટે? સરકારને જાણ કરી ખાનગી લેબોરેટરી ટેસ્ટીંગ કરી શકવી જોઈએ – ***કોર્ટની સરકારને ટકોર.*** |
| | અમદાવાદ | ● કોરોનાના બેડ ઊભા કરવાના અવિચારી પગલાને કારણે કિડની હોસ્પિટલમાં લીવર - કિડની ટ્રાન્સપ્લાન્ટની કામગીરી સદંતર બંધ.<br>● અમદાવાદ હોસ્પિટલ અને નર્સિંગ હોમ એસોસિએશને હાઈકોર્ટમાં સુઓમોટો અરજી કરીને જણાવેલ છે કે સરકારે ખાનગી હોસ્પિટલ જોડે જે ભાવો નક્કી કરેલ છે તેમાં ખાસ કોઈ ઘટાડો કરવાની શક્યતા નથી. – તે સામે વિરોધીઓની એવી વાત છે કે હાલના સમયમાં ખાનગી હોસ્પિટલોએ નફાખોરી છોડી સેવાની ભાવનાથી કાર્ય કરવું જોઈએ. |

*તેરી એક નિગાહને ખરીદ લિયા હમેં, બડા ગુરુર થાય હમેં કી હમ બિકતે નહીં.*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| ૩૧-૫-૨૦૨૦ રવિવાર | વિશ્વ | ● વિશ્વમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૬૨ લાખની નજીક. મૃત્યુ ૩.૬૭ લાખથી વધુ.<br>● અમેરિકામાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૮ લાખને નજીક. મૃત્યુની સંખ્યા ૧.૪ લાખથી ઉપર. |
| | ભારત | ● કોરોના સંક્રમિતોની સંખ્યા ૧,૭૬,૭૯૨. મૃત્યુ આંક ૫૧૨૪.<br>● લોકડાઉન-૫ ની અનલોક-૧ તરીકે જાહેરાત કરવામાં આવી.<br>કન્ટેઈનમેન્ટ ઝોનમાં ૧ જૂનથી ૩૦ જૂન સુધી લોકડાઉન ચાલુ રહેશે. બાકીના વિસ્તારો ત્રણ તબક્કામાં અનલોક કરાશે.<br>હાલના સાંજના ૭ થી સવારના ૭ સુધીના રાત્રિ કરફ્યુને બદલે રાત્રે ૯ થી સવારે ૫ સુધી રાત્રિ કરફ્યુ રહેશે.<br>પ્રથમ તબક્કામાં ૧-૬થી રાજ્યો વચ્ચે જાહેર પરિવહનને મંજૂરી.<br>બીજા તબક્કામાં ૮-૬થી ધાર્મિક સ્થળો, રેસ્ટોરા, શોપિંગ મૉલ વગેરે ખુલ્લા મૂકાશે.<br>ત્રીજા તબક્કામાં આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ, મેટ્રો, થિયેટર, સ્વિમિંગ પુલ, પાર્ક, બાર વગેરે ખોલવાની પરવાનગી આપવામાં આવશે. |
| | ગુજરાત | ● કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા ૧૬૩૫૬ જ્યારે મૃત્યુનો આંક ૧૦૦૭.<br>● ગુજરાતમાં અનલોક-૧, તા. ૧-૬-૨૦૨૦થી ચાલુ. જનજીવન ધબકતું કરવા વ્યાપક છુટછાટ. કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં સવારમાં ૮ થી સાંજના ૭ સુધી વેપારધંધા ચાલુ રાખી શકાશે. રાતના ૯ વાગ્યાથી સવારમાં ૫ વાગ્યા સુધી કરફ્યુ. રાજ્યમાં એસ.ટી. બસો ૬૦ ટકા સિટીંગ કેપેસિટી સાથે દોડશે, સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમો સાથે ઑફિસો શરૂ કરી શકાશે. માસ્ક પહેરવું ફરજિયાત (ન પહેરનારને રૂા. ૨૦૦/- દંડ). ટુ વ્હીલર પર બે વ્યક્તિ જઈ શકશે. થ્રી વ્હીલરમાં બે પેસેન્જર બેસાડી શકાશે. ફોર વ્હીલરમાં ડ્રાઈવર સિવાય ૩ વ્યક્તિની છુટ. સિટી બસ સેવા ૫૦ ટકા કેપેસિટીથી શરૂ કરાશે.<br>સરકારી કચેરીઓ, બેંકો વગેરે તા. ૧-૬થી ચાલુ થશે.<br>૮મી જૂનથી હોટલ, રેસ્ટોરન્ટ, ધાર્મિક સ્થળો, મૉલ શરૂ થશે.<br>શાળા-કૉલેજો, કોચિંગ ક્લાસીસ, ટ્યુશન ક્લાસીસ જુલાઈ મહિનાથી શરૂ કરી શકાશે.<br>કન્ટેઈનમેન્ટ ઝોનમાં જીવન જરૂરિયાતની વસ્તુઓ સિવાયના પ્રતિબંધો ચાલુ રહેશે.<br>● ગુજરાતમાં કોરોનાથી કુલ ૧૦૦૭ મૃત્યુ પૈકી ૭૯ ટકા મૃત્યુ માત્ર મે મહિનામાં થયા છે. મે મહિનામાં કુલ ૭૯૩ મૃત્યુ થયા છે. |
| | અમદાવાદ | ● કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૧૮૮૧ અને મૃત્યુની સંખ્યા ૮૨૨.<br>● અમદાવાદમાં દર કલાકે એક મૃત્યુ અને નવા બાર કેસ. |
| **જૂન-૨૦૨૦** | | |
| ૧-૬-૨૦૨૦ સોમવાર | વિશ્વ | ● વિશ્વમાં આજ દિન સુધી નોંધાયેલા કોરોનાના કેસ ૬૧.૯૭ લાખને પાર. મૃત્યુ ૩.૭૧ લાખને પાર.<br>● અમેરિકામાં આજ દિન સુધી નોંધાયેલા કેસ ૧૮.૧૯ લાખને પાર. મૃત્યુ ૧.૫ લાખને પાર. |
| | ભારત | ● ભારતમાં કોરોનાના નોંધાયેલા કેસ ૧,૮૪,૬૨૨. મૃત્યુની સંખ્યા ૫૩૨૩.<br>● સમગ્ર ભારતમાં લોકડાઉન-૪ ના ૧૫ દિવસમાં કોરોનાના ૯૦ હજારથી વધુ કેસ નોંધાયા.<br>● આજથી લોકડાઉન-૪નો અંત. આજથી અનલોક-૧ નો અમલ શરૂ.<br>● ભારતમાં ૪ લોકડાઉનના અમલની નોંધ<br>લોકડાઉન-૧ તા. ૨૫-૩-૨૦૨૦ થી તા. ૧૪-૪-૨૦૨૦ – ૨૧ દિવસ<br>લોકડાઉન-૨ તા. ૧૫-૪-૨૦૨૦ થી તા. ૩-૫-૨૦૨૦ – ૧૯ દિવસ<br>લોકડાઉન-૩ તા. ૪-૫-૨૦૨૦ થી તા. ૧૭-૫-૨૦૨૦ – ૧૪ દિવસ<br>તા. ૧૮-૫-૨૦૨૦ – કોઈ જાહેરાત નહીં – ૧ દિવસ |

*ઉમ્ર તો નહીં ઈશ્ક કરને કી, બસ, એક ચહેરા દેખા ઔર જવાં હો ગયે.*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | | લોકડાઉન-૪ તા. ૧૯-૫-૨૦૨૦ થી તા. ૩૧-૫-૨૦૨૦ – ૧૩ દિવસ<br>૬૮ દિવસ<br>અનલોક-૧ તા. ૧-૬-૨૦૨૦ થી તા. ૩૦-૬-૨૦૨૦ – ૩૦ દિવસ |
| | ગુજરાત | ● આજથી અનલોક-૧ નો અમલ.<br>માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોનમાં કોઈ રાહત નહીં. આજથી BRTS / AMTS / ST બસ સર્વિસ ચાલુ. બધા જ બજારો ખુલ્લા. સવારમાં ૫ થી રાત્રે ૯ વાગ્યા સુધી અવર-જવર થઈ શકશે.<br>● ગુજરાતના આરોગ્ય સચિવને હાઈકોર્ટની ચેતવણી. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને દાખલ કરવાની ના પાડશો તો પગલા લઈશું. જરૂર પડે તો વધુ ડૉક્ટરો - નર્સોની ભરતી કરો.<br>● ગુજરાતમાં અગાઉના ત્રણેય લોકડાઉન કરતાં લોકડાઉન-૪માં સૌથી વધુ મૃત્યુ. ૧૩ દિવસના લોકડાઉન-૪ માં ૫૪૧૪ કેસ અને ૩૭૯ના મૃત્યુ. |
| | અમદાવાદ | ● અમદાવાદમાં ૧૧ કન્ટેઈનમેન્ટ ઝોન હટાવી નવા ૪૬ માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોન નક્કી કરી જાહેર કરાયા. આખા વોર્ડના બદલે ઝુંપડપટ્ટી, ચાલી, સોસાયટીમાં નિયંત્રણો મૂકાયા.<br>● અમદાવાદના સાબરમતી નદી પરના તમામ બ્રિજ આજથી ખોલાઈ જશે. લોકડાઉન હળવું થતાં અઢી મહિના બાદ શહેર ફરી ટ્રાફિકથી ધમધમતું થયું.<br>● અમદાવાદની સિવિલ હોસ્પિટલના અંધેર તંત્રનો વધુ એક નમૂનો. અંતિમ સંસ્કાર બાદ દર્દીના પરિવારને ફોન કરવામાં આવ્યો કે તમારા પરિવારજનનો કોરોના રીપોર્ટ નેગેટીવ આવ્યો છે. |
| ૨-૬-૨૦૨૦<br>મંગળવાર | ભારત | ● દેશમાં કોરોનાની સંખ્યા ૧.૯૨ લાખથી ઉપર. ભારત હવે વિશ્વમાં ૭મા ક્રમે.<br>● MSME ને ૨૦,૦૦૦ કરોડની સબસીડી. ફેરિયાઓને રૂા. ૧૦,૦૦૦/- સુધીની લોન. દિલ્હીમાં કેબિનેટની મીટિંગમાં લેવાયેલો નિર્ણય.<br>● ભારત દુનિયાનો બીજા ક્રમનો PPE સપ્લાયર દેશ બન્યો. ભારતનું PPE માર્કેટ રૂા. ૧૦,૦૦૦ કરોડનું થયું. |
| | ગુજરાત | ● કોરોનાના મૃતકો માટે મૌન પાળી મંત્રીઓ સચિવાલયમાં લાંબા સમય બાદ પ્રવેશ્યા.<br>● ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઠપકાના પરિણામે ખાનગી હોસ્પિટલોના ચાર્જીસમાં ૫ થી ૧૦ ટકાનો ઘટાડો.<br>● અનલોકના પહેલા જ દિવસે એટલે કે તા. ૨૨-૩-૨૦૨૦થી તા. ૩૧-૫-૨૦૨૦ સુધીના ૭૦થી પણ વધુ દિવસ બાદ સુરતમાં લીકર શોપ ખૂલતા પરમિટ ધારકોની લાઈન લાગી. |
| | અમદાવાદ | ● ગઈકાલથી અમદાવાદનું જનજીવન ૭૦ દિવસ બાદ પુનઃ ધબકતું થયું.<br>● અમદાવાદની સ્ટાર હોટલમાં દારૂ ખરીદવા પરમિટ ધારકોની ભીડ જામી.<br>● અમદાવાદમાં ૭૪ દિવસ બાદ એસ.ટી. બસો શરૂ થઈ.<br>● અમદાવાદની સિવિલ હોસ્પિટલનો વધુ એક ગોટાળો : મૃત્યુના ૧૪ દિવસ બાદ પરિવારને મેસેજ કર્યો કે દર્દીને કોવિડ વોર્ડમાં મોકલાયો છે. આ જ દર્દીના મૃતદેહ પરના ઘરેણા સિવિલ હોસ્પિટલમાંથી ચોરાયાની ફરિયાદ હતી. |
| ૩-૬-૨૦૨૦<br>બુધવાર | વિશ્વ | ● અમેરિકામાં કોરોનાના કારણે નર્સિંગ હોમમાં મૃત્યુની સંખ્યા ૨૬૦૦૦થી વધુ.<br>● ચીને વુહાનમાં એક પખવાડિયામાં ૧૦ મિલિયન લોકોના ટેસ્ટ કર્યા.<br>● શ્રીલંકામાં ઈકોનોમિની ખરાબ હાલત. |
| | ભારત | ● ભારતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨ લાખની ઉપર. છેલ્લા ૧૫ દિવસમાં જ ૧ લાખ કેસનો વધારો.<br>● લોકડાઉન દરમિયાન ૨૫ માર્ચથી ૩૧મી મે સુધીમાં માર્ગ અકસ્માતોની સંખ્યા ૧૪૬૧ અને શ્રમિકોના કરુણ મૃત્યુની સંખ્યા ૧૯૮.<br>● કોરોના ઈફેક્ટ પછી ડાઈઝ અને ઈન્ટર મીડિએટ્સના ૭૦ ટકા એક્ષપોર્ટના ઓર્ડર રદ થયા. |

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | ગુજરાત | ● ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શનના આધારે ખાનગી લેબમાં કોરોના ટેસ્ટ થઈ શકશે. હાઈકોર્ટના ફીટકાર બાદ આરોગ્ય વિભાગનો નિર્ણય. |
| | અમદાવાદ | ● ગુજરાતમાં કોરોનાથી થયેલા કુલ મૃત્યુના ૪૧ ટકા મૃત્યુ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં થયા. ગુજરાતના ૧૦૯૨ મૃત્યુમાંથી ૪૩૪ વ્યક્તિઓના મૃત્યુ આ સિવિલ હોસ્પિટલમાં થયા. |
| ૪-૬-૨૦૨૦ ગુરૂવાર | વિશ્વ | ● દુબઈમાં મોલ અને ઓફિસો સંપૂર્ણપણે ખોલી નાખવામાં આવી. |
| | ભારત | ● જાણકારોનું કહેવું છે કે મેડિક્લેઈમ પોલિસીમાં કોરોનાની સારવારનો ખર્ચ મળવાપાત્ર છે જ.<br>● બે રાજ્યો વચ્ચે સંકલનના અભાવે મહારાષ્ટ્રમાં ૧૦૫ અને ગુજરાતમાં ૪૭ ટ્રેનો સહિત ટોટલ ૨૫૬ શ્રમિક ટ્રેનો કેન્સલ કરવામાં આવી. |
| | ગુજરાત | ● ગુજરાતમાં કોરોનાનો વિસ્ફોટ. છેલ્લા ૨૪ કલાકમાં ૪૮૫ નવા કેસો અને ૩૦ મૃત્યુ. |
| ૫-૬-૨૦૨૦ શુક્રવાર | વિશ્વ | ● વિશ્વમાં કોરોનાનો આંક ૬૫.૯૦ લાખથી ઉપર. મૃત્યુની સંખ્યા ૩.૮૮ લાખની ઉપર.<br>● અમેરિકામાં કોરોનાનો આંક ૧૯.૧૦ લાખથી ઉપર. મૃત્યુની સંખ્યા ૧.૦૯ લાખથી ઉપર. |
| | ભારત | ● ભારતમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૨,૧૭,૩૮૯ અને મૃત્યુની સંખ્યા ૬૨૨૩.<br>● દિલ્હીમાં નવેમ્બર-૨૦૧૯માં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૮૦૦ હતો. સામાન્ય સંજોગોમાં ઓફિસ અને ઘરોમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ૫૦૦ PPE હોવું જોઈએ. અત્યારના સંજોગોમાં તે ઘણો જ ઓછો નોંધાયેલ છે.<br>● શ્રમિકોની વતન વાપસીથી બિહાર, ઝારખંડ વગેરે રાજ્યોમાં કોરોનાના કેસો વધ્યા.<br>● ૩ લાખ કરોડની MSME લોન માટે અનેક કંપનીઓએ બેંકોમાં ફોર્મ ભરવા દોટ મૂકી. |
| | ગુજરાત | ● ગુજરાતમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૧૮,૬૦૧ અને મૃત્યુની સંખ્યા ૧૧૫૫.<br>● કોરોના મહામારીમાં થયેલ આર્થિક બેહાલીને રોકવા ગુજરાતે જાહેર કરેલું ૧૪,૦૦૦ કરોડનું આત્મનિર્ભર પેકેજ. (૧) દરેક પ્રકારના સ્ટોર્સને જૂનથી ઓગસ્ટ સુધી વીજ કરમાં ૫ ટકાની રાહત. (૨) લો ટેન્શન વીજ ધારકોને ફિક્સ ચાર્જ માફ. (૩) જીપ, ટેક્સી અને લક્ઝરી બસના માલિકોને રોડ ટેક્સમાં માફી. (૪) વેટ, જી.એસ.ટી.નું રૂા. ૧૨૦૦ કરોડનું રીફંડ તરતમાં ચૂકવી દેવાશે. (૫) સ્વરોજગાર નિર્માણ કરવા માટે રૂા. ૫૨૫ કરોડનું પેકેજ જારી. (૬) ઉદ્યોગોને વ્યાજ અને મૂડીની ચૂકવણીમાં ૭૬૮ કરોડની રાહત. (૭) દુકાનો, હોટેલો, રેસ્ટોરાં, ઓફિસો, દવાખાના અને નર્સિંગ હોમને રૂા. ૬૦૦ કરોડની સહાય. (૮) માસિક ૨૦૦ યુનિટથી ઓછું વપરાશ કરનારાઓને ૧૦૦ યુનિટોનું બીલ માફ. (૯) MSME વિભાગને કો.ઓ. બેંકમાંથી ૮ ટકા વ્યાજવાળી રૂા. ૧ લાખ સુધીની લોન વાર્ષિક બે ટકાના વ્યાજે. બાકી ૬ ટકા વ્યાજ ગુજરાત સરકાર ચૂકવશે. |
| | અમદાવાદ | ● અમદાવાદમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૧૩૩૫૪ અને મૃત્યુની સંખ્યા ૯૩૮.<br>● લોકડાઉન સમયમાં અમદાવાદનો એર ક્વોલિટી ઈન્ડેક્સ ઘટીને ૭૦ થઈ ગયેલ હતો. જ્યારે અનલોક-૧ નો તબક્કો શરૂ થતાં શહેરમાં કુલ વાહનોની સંખ્યા કરતા માત્ર ૪૦ ટકા વાહનો રસ્તા પર જોવા મળ્યા ત્યારે શહેરનો એર ક્વોલિટી ઈન્ડેક્સનો આંક વધીને માત્ર ૩ દિવસમાં જ ૧૦૧ પર પહોંચી ગયો હતો. |
| ૬-૬-૨૦૨૦ શનિવાર | વિશ્વ | ● હાઈડ્રોક્સિક્લોરોક્વિનાઈન નુકસાનકારક હોવાનું સંશોધન ખોટું હતું તેવું બે જગવિખ્યાત મેડિકલ જર્નલ 'ધ લાન્સિટ' અને 'ન્યુ ઈંગ્લેન્ડ જર્નલ ઓફ મેડિસીન'એ સ્વીકારેલ હતું. |
| | ભારત | ● દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના સૌથી વધુ ૧૦,૬૪૯ કેસ અને ૩૩૪ના મૃત્યુ. |
| | ગુજરાત | ● ગુજરાતમાં ૨૪ કલાકમાં રેકોર્ડ બ્રેક ૫૧૦ કેસ. ૩૫ના મૃત્યુ<br>● માલવાહક વાહનોના માલિકોનો એપ્રિલ અને મે મહિનાનો વાહનવેરો માફ કરવાના ગુજરાત સરકારના નિર્ણયના પરિણામે રાજ્યના ૨.૮૦ લાખ માલવાહક વાહનોના માલિકોને અંદાજે રૂા. ૧૦૦ કરોડની રાહત મળશે. |
| | અમદાવાદ | ● અમદાવાદમાં કોરોના વકર્યો. એક જ દિવસમાં નવા ૩૨૪ કેસ નોંધાયા અને ૩૦ દર્દીઓના મૃત્યુ થયા.<br>● અમદાવાદ સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઓક્યુપેશન હેલ્થે હાથ ધરેલ સર્વે અને સંશોધન બાદ જણાવ્યું કે કોરોનાના |

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | | હાઈ અને મોડરેટ રીસ્ક ધરાવતા ૧૬ ટકા દર્દીઓ જ વાયરસ ફેલાવે છે. દર્દીના વાયરસ ફેલાવવાની ક્ષમતા તેના ટેસ્ટમાં જ જાણી શકાય છે. |
| ૭-૬-૨૦૨૦ રવિવાર | વિશ્વ | ● ભારતમાં કોરોના વિસ્ફોટ થવાની WHO ની ચેતવણી. દર્દીઓ છુપાવવા ભારતમાં કોરોનાના પૂરતા પ્રમાણમાં ટેસ્ટ જ કરાતા ન હોવાની ચર્ચા.<br>● ભારતમાં કોરોનાના વધુ ટેસ્ટ થાય તો અમેરિકા કરતા ભારતમાં વધુ કેસ નોંધાય : ટ્રમ્પ |
| | ભારત | ● કોરોના સામે વેન્ટીલેટર કરતા એચ.સી.ક્યુ. વધુ અસરકારક. ઈન્વેસિવ વેન્ટીલેટર પર રખાયેલા કોરોનાના ૮૮ ટકા દર્દીઓ મોતને ભેટ્યા.<br>● કોવિડ-૧૯ની અર્થતંત્ર પર પડેલી અસરમાંથી બહાર નીકળતા દેશને વર્ષો નીકળી જશે : રીઝર્વ બેંક.<br>● ૭૫ દિવસના વિરામ બાદ આવતીકાલથી મંદિરોના દ્વાર ખૂલી જશે. |
| | ગુજરાત | ● ગુજરાતભરના મોલ, હોટેલ અને રેસ્ટોરા આવતી કાલે તા. ૮-૬થી ચાલુ થશે. |
| ૮-૬-૨૦૨૦ સોમવાર | વિશ્વ | ● કોરોના વાઈરસ અંગે ચીને શ્વેતપત્ર જાહેર કર્યું.<br>(૧) કોરોનાનો ચેપ માણસથી માણસ ફેલાતો હોવાની જાણ ૧૯ જાન્યુઆરીએ થઈ હતી.<br>(૨) ૪થી જાન્યુઆરીએ ચીને કોરોના વિશે WHO અને અમેરિકાને જાણ કરેલ હતી.<br>(૩) કોરોનાનો પહેલો કેસ વાઈરલ ન્યુમોનિયા તરીકે ૨૭મી ડિસેમ્બરે નોંધાયો હતો. |
| | ગુજરાત | ● ગુજરાતમાં કોરોનાનો આંક ૨૦,૦૦૦ને પાર. અમદાવાદમાં ૧૦૦૦થી વધુના મૃત્યુ.<br>● આજથી ગુજરાતમાં શોપિંગ મોલ, હોટેલ્સ અને ધાર્મિક સ્થળો જનતા માટે ખુલ્લા કરવામાં આવ્યા.<br>● કેન્દ્રીય શિક્ષણ મંત્રીના નિવેદન પછી ગુજરાત સરકારે નિર્ણય જાહેર કર્યો કે ગુજરાતમાં સ્કૂલો વિદ્યાર્થીઓ માટે ૧૫ ઓગસ્ટ બાદ જ ખૂલશે.<br>● કોરોનાનો ભય : એસ.ટી.ની લોકલ બસો માંડ ૫ ટકા મુસાફરો સાથે દોડે છે. ગુજરાતમાં અઠવાડિયામાં માત્ર ૮૧,૦૦૦ ટિકિટો બુક થઈ. અગાઉ રોજના ૨૫ લાખ મુસાફરો મુસાફરી કરતા હતા. હાલ માંડ ૧૧,૦૦૦ મુસાફરો જોવા મળે છે. જો કે એક્સપ્રેસ બસમાં મુસાફરોની સંતોષકારક સંખ્યા જોવા મળી રહી છે. |
| | અમદાવાદ | ● અમદાવાદ મ્યુનિ. કોર્પો.ની લાપરવાહી : ટેસ્ટ કર્યા વિના જ કહી દેવાયું કે તમારો રીપોર્ટ પોઝિટિવ છે. મ્યુનિ. કોર્પો.માંથી ફોન આવતા ઈસનપુરના યુવકે કહ્યું કે મેં તો ટેસ્ટ જ કરાવ્યો નથી. |
| ૯-૬-૨૦૨૦ મંગળવાર | વિશ્વ | ● નેપાળ, સિંગાપોર અને પાકિસ્તાનમાં કોરોનાના કેસની સંખ્યા વધી.<br>● ન્યુયોર્ક શહેરને ખુલ્લું મૂકવામાં આવ્યું.<br>● ન્યુઝીલેન્ડને કોરોના મુક્ત જાહેર કરાયો. |
| | ગુજરાત | ● ગુજરાતમાં સતત ૧૦ દિવસે કોરોનાના ૪૦૦થી વધુ કેસ નોંધાયા. |
| | અમદાવાદ | ● એક દિવસમાં અમદાવાદમાં ૧૦ ડૉક્ટરો કોરોના પોઝિટિવ બન્યા.<br>● અમદાવાદમાં ૧૧ વિસ્તારો માઈક્રો કન્ટેઈનમેન્ટમાંથી મુક્ત કરાયા.<br>● PPE કિટ અને માસ્કના નાણાં પગારમાંથી કાપી લેવાતાં કોરોનાના કેર વચ્ચે SVP હોસ્પિટલમાં કોન્ટ્રાક્ટ પરના નર્સિંગ સ્ટાફની હડતાળ. સમજાવટ બાદ અને આપેલ ખાત્રીઓ લેખિતમાં અપાતા, સાડા ત્રણ કલાક બાદ સ્ટાફની હડતાળનો અંત. |
| ૧૦-૬-૨૦૨૦ બુધવાર | વિશ્વ | ● વિશ્વમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૭૨.૩૮ લાખને પાર અને મૃત્યુ ૪.૦૯ લાખને પાર.<br>● અમેરિકામાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨૦.૩૦ લાખને પાર અને મૃત્યુ ૧.૧૩ લાખને પાર.<br>● કોરોનાથી દુનિયામાં સ્થિતિ વધુ કથળી શકે છે : WHO<br>● અમેરિકામાં ૨૫,૦૦૦ સ્ટોર્સ કાયમ માટે બંધ થયા.<br>● યુરોપમાં કોરોનાએ ફરી માથુ ઊંચક્યું. |

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | | ● રશિયામાં છેલ્લા ૨૪ કલાકમાં નવા ૮૫૯૫ કેસ. કુલ સંક્રમિતોની સંખ્યા ૪,૮૫,૨૫૩. |
| | ભારત | ● કોરોના સંક્રમિતોની ટોટલ સંખ્યા ૨,૬૫,૪૯૮. મૃત્યુ ૭૭૧૦.<br>● ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સના સંશોધકોએ ડેટાના આધારે અહેવાલ તૈયાર કર્યો કે ભારતમાં કોરોનાના ફેલાવા પાછળ યુરોપિયન દેશોમાંથી આવેલ ભારતીય પ્રવાસીઓ જવાબદાર.<br>● દિલ્હીમાં કોરોનાના કેસો ૫ લાખને પાર જવાની શક્યતા – વૈજ્ઞાનિકોની ચેતવણી.<br>● ભારતમાં જુલાઈના અંત સુધીમાં કોરોનાના ૧૦ લાખ કેસ હશે – વૈજ્ઞાનિકોની ચેતવણી.<br>● કોરોના ઈફેક્ટ : ઘાનાના ફુટબોલરને મુંબઈ એરપોર્ટ બહાર ૭૩ દિવસ વિતાવવા પડ્યા.<br>● લોકડાઉનમાં પારલે-જી બિસ્કિટે વેચાણનો ૮૨ વર્ષનો રેકોર્ડ તોડ્યો. |
| | ગુજરાત | ● ગુજરાતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨૧૦૪૪ અને મૃત્યુ ૧૩૧૩. |
| | અમદાવાદ | ● અમદાવાદમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૪૯૬૨ અને મૃત્યુ ૧૦૬૬.<br>● અમદાવાદ મ્યુનિસિપલ તંત્રે બોડીલાઈન હોસ્પિટલ અને અર્થમ્ હોસ્પિટલને સારવાર આપવાના ઈન્કાર સામે પાંચ-પાંચ લાખનો દંડ ફટકાર્યો. |
| ૧૧-૬-૨૦૨૦ ગુરૂવાર | વિશ્વ | ● બ્રાઝીલમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૨,૦૦૦ કેસ સાથે ટોટલ કેસની સંખ્યા ૭.૪૨ લાખ ઉપર.<br>● દુનિયાભરમાં કોરોનાથી ૧૦ કરોડ લોકોના મોતની ભીતિ – લાન્સિટ જર્નલ. |
| | ભારત | ● ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૧૧૭૮૮ કેસ અને ૩૮૯ના મૃત્યુ. |
| | ગુજરાત | ● ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૫૧૦ કેસ અને ૩૪ મૃત્યુ. |
| | અમદાવાદ | ● અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૪૩ કેસ અને ૨૬ મૃત્યુ. |
| ૧૨-૬-૨૦૨૦ શુક્રવાર | વિશ્વ | ● રશિયામાં છેલ્લા ૨૪ કલાકમાં ૮૭૭૯ નવા કેસ. ટોટલ કેસની સંખ્યા ૫ લાખને પર. ટોટલ મૃત્યુની સંખ્યા ૬૫૩૨.<br>● કોરોના સંક્રમિત દેશોમાં બ્રિટન કરતા આગળ વધી જઈને ભારત હવે અમેરિકા, બ્રાઝીલ અને રશિયા પછી ચોથા ક્રમે પહોંચ્યું છે. |
| | ગુજરાત | ● ગુજરાતમાં હવે પછી લોકડાઉનની શક્યતા નથી – મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી.<br>● તબીબોની ભલામણ પર હવે ખાનગી લેબમાં કોરોનાનો ટેસ્ટ કરાવી શકાશે. |
| | અમદાવાદ | ● કોરોનાથી ગભરાઈને હોસ્પિટલોના કેટલાક ડૉક્ટરોએ રાજીનામા આપવાની શરૂઆત કરી. તે ન સ્વીકારવાનો સરકારનો આદેશ.<br>● પીર પરાઈ ફાઉન્ડેશને અમદાવાદમાં લોકડાઉનમાં રોજ ૪ લાખ લોકોને પૂરી શાક જમાડ્યા.<br>● દર્દીને આઈસોલેશનના એક રૂમમાં રાખીને માત્ર સામાન્ય દવા અને આહાર આપીને એક દિવસના રૂા. ૫૦,૦૦૦/- થી રૂા. ૧,૦૦,૦૦૦/-ના બીલ ખાનગી હોસ્પિટલોએ બનાવ્યા હોવાની ફરિયાદ કરવામાં આવી.<br>● સિવિલમાં દર્દીના મૃત્યુની તેમના સગાને જાણ કરવામાં જ ન આવી. દર્દી સાથે ફોન પર વાત ન થઈ શકતા તેમના સગાએ ઓળખીતા દ્વારા તપાસ કરાવડાવી તો જાણવા મળ્યું કે તેમના દર્દીનું ગઈકાલે જ અવસાન થઈ ગયેલ છે. |
| ૧૩-૬-૨૦૨૦ શનિવાર | વિશ્વ | ● બ્રાઝીલમાં સ્થિતિ ગંભીર. છેલ્લા ૨૪ કલાકમાં ૩૦,૪૧૨ નવા કેસ. સંક્રમિતોનો ટોટલ આંક ૮ લાખને પાર.<br>● કોરોનાને કારણે આર્થિક બેહાલી : વૈશ્વિક ગરીબોની સંખ્યા ૧ અબજ વટાવી જશે. |
| | ભારત | ● એક અભ્યાસ જણાવે છે કે દેશમાં કોરોના હજુ વકરશે. જુલાઈ-ઓગસ્ટમાં તેના પોઝિટિવ કેસો ટોચ પર પહોંચવાની સંભાવના.<br>● દેશમાં કોરોનાના દર્દીઓ સાથે જાનવર જેવું વર્તન રાખી દેશમાં શરમજનક અને ઘૃણાસ્પદ સ્થિતિ માટે સુપ્રીમ કોર્ટે રાજ્યોની આકરી ટીકા કરી અને સરકારો પાસે જવાબ માંગ્યો.<br>● કોરોનાની મહામારી વચ્ચે કેટલીક અમાનવીય ઘટનાઓ નોંધાઈ. પશ્ચિમ બંગાળમાં મૃતદેહોને હુકથી ઢસડવામાં આવ્યા. ઉત્તર પ્રદેશમાં મૃતદેહોને કચરાની વાનમાં નાખવામાં આવ્યા. દિલ્હીની સરકારી હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓ પાસે જ મૃતદેહો રઝળી રહ્યા છે. |

*ઐસા ભી આયેગા વક્ત, પતા નહીં થા; ઈન્સાન ડરેગા ઈન્સાન સે હી, પતા નહીં થા.*

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | | ● કોરોના સમયે રાજ્યોમાં મેડિકલ સ્ટાફને પગાર ન ચૂકવાતા સુપ્રીમ કોર્ટ નારાજ. કોરોના સામેની લડાઈમાં કોરોનાના સૈનિકોને સરકાર નારાજ કરે એ અયોગ્ય કહેવાય તેવું સુપ્રીમ કોર્ટે જણાવ્યું. |
| | ગુજરાત | ● ગુજરાતના હેલ્થ કમિશનરે પરિપત્ર બહાર પાડી રાજ્યભરમાં પૂર્વ મંજૂરી વિના એમ.ડી. તથા તેનાથી ઉચ્ચ કક્ષાના ડૉક્ટરોના પ્રિસ્ક્રિપ્શનથી કોરોનાના ટેસ્ટ કરવાની મંજૂરી આપી. |
| | અમદાવાદ | ● અમદાવાદની હોસ્પિટલોમાં ICU વિભાગ ફુલ. અમદાવાદના દર્દીઓને અન્ય જિલ્લામાં રીફર કરવાની સરકારની વિચારણા. |
| ૧૪-૬-૨૦૨૦ રવિવાર | વિશ્વ | ● ચીનમાં કોરોનાના વાયરસે ફરી ઉથલો મારતા ત્યાંના અનેક બજારો બંધ. બેઈજિંગમાં કોરોનાના નવા ૪૬ કેસના પગલે 'વોર ટાઈમ ઈમર્જન્સી' જાહેર કરવામાં આવી.<br>● ચીન, અમેરિકા, બ્રાઝીલ, રશિયા, બ્રિટન તથા યુરોપમાં કોરોના સંક્રમણનો બીજો તબક્કો.<br>● કોરોનાના સૌથી વધુ મૃત્યુના આંકડામાં અમેરિકા પછી બ્રાઝીલ બીજા ક્રમે.<br>● અમેરિકામાં કેસો ૨૧,૧૭,૯૯૧ જ્યારે બ્રાઝીલમાં ૮,૩૧,૦૬૪ કેસ.<br>● અમેરિકાનો મૃત્યુ આંક ૧,૧૬,૮૪૭ જ્યારે બ્રાઝીલનો મૃત્યુ આંક ૪૧,૯૫૧.<br>● બેઈજિંગના કેટલાક વિસ્તારોમાં કડક લોકડાઉન.<br>● કોરોનાના સૌથી વધુ કેસ એવા ટોપ-૧૦ દેશો :<br>(૧) અમેરિકા : ૨૧,૧૭,૯૯૧ \| (૫) યુ.કે. : ૨,૯૨,૯૫૦ \| (૯) જર્મની : ૧,૮૭,૨૫૬<br>(૨) બ્રાઝીલ : ૮,૩૧,૦૬૪ \| (૬) સ્પેન : ૨,૯૦,૨૮૯ \| (૧૦) ઈરાન : ૧,૮૪,૯૫૫<br>(૩) રશિયા : ૫,૨૦,૧૨૯ \| (૭) ઈટાલી : ૨,૩૬,૩૦૫<br>(૪) ભારત : ૩,૧૦,૩૬૭ \| (૮) પેરૂ : ૨,૨૦,૭૪૯<br>● સમગ્ર દુનિયાના સંક્રમિત કેસો ૭૭,૭૩,૭૮૯. મૃત્યુ ૪,૨૮,૯૯૬. |
| | ભારત | ● ભારતમાં એક જ દિવસમાં કોરોનાના સૌથી વધુ કેસ ૧૨,૫૭૬ અને ૩૯૪ના મૃત્યુ<br>● ભારતના આરોગ્ય મંત્રાલયે ચેતવણી આપી છે કે સુંઘવામાં અને સ્વાદ પારખવામાં સમસ્યા હોય તો પણ કોરોના હોઈ શકે.<br>● કોરોનાના સમયમાં પોતાની ઈમ્યુનિટી લૉ ના થાય તે માટે લોકો રક્તદાન કરી રહ્યા નથી, એટલે છેલ્લા ત્રણ મહિનામાં રક્તદાનમાં ૭૦ ટકાનો ઘટાડો થયો છે. |
| | ગુજરાત | ● ગુજરાતમાં કોરોનાના અત્યાર સુધીના રેકોર્ડ બ્રેક ૫૧૭ કેસ.<br>● ગુજરાતમાં શિક્ષણ મંત્રીએ ખાનગી શાળાના સંચાલકોને સપ્ટેમ્બર સુધી વાલીઓ પાસે ફી ન માંગવા આદેશ કરેલ છે. વાલી મંડળે ત્રણ મહિનાની ફીની માફી માંગી, તેનો સ્વીકાર કરવામાં આવેલ નથી. |
| ૧૫-૬-૨૦૨૦ સોમવાર | વિશ્વ | ● વિશ્વમાં સંક્રમિતોની સંખ્યા ૭૯,૧૧,૯૭૩ અને મૃત્યુ ૪,૩૩,૧૫૮.<br>● અમેરિકામાં સંક્રમિતોની સંખ્યા ૨૧,૪૬,૨૫૪ અને મૃત્યુ ૧,૧૭,૫૫૮.<br>● બ્રાઝીલમાં સંક્રમિતોની સંખ્યા ૮,૫૦,૭૯૬ અને મૃત્યુ ૪૨,૭૯૧.<br>● બ્રાઝીલમાં સાઓ પાઓલોનું કબ્રસ્તાન હાઉસફુલ. જૂની કબરો ખોદીને મૃતદેહો દફનાવાઈ રહ્યા છે.<br>● અમેરિકામાં ૭૦ વર્ષના માઈકલ ફ્લોરનું ૬૨ દિવસનું હોસ્પિટલનું બીલ ૧૧,૨૨,૫૦૧.૦૪ ડોલરનું બન્યું. |
| | ભારત | ● ભારતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૩,૨૫,૧૩૬ અને મૃત્યુ ૯૫૪૫.<br>● દેશમાં કોરોના વકરતો જાય છે. એક જ દિવસમાં ૧૪,૧૭૮ નવા કેસ અને મૃત્યુનો આંક ૪૦૮. બંનેમાં અત્યાર સુધીનો વિક્રમ.<br>● કોરોનાના મોટાભાગના દર્દીઓ 'હોમ આઈસોલેશન'માં સ્વસ્થ થઈ શકે છે. નિષ્ણાત તબીબોના મતે જો હળવા લક્ષણો ધરાવતા દર્દીઓ ઘરે આઈસોલેશનમાં રહે તો બાકી રહેતા માત્ર ૨૦ ટકા દર્દીઓની સારવાર કરવી અત્યંત સરળ બનશે. |
| | ગુજરાત | ● ગુજરાતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨૩૫૯૦ અને મૃત્યુનો આંક ૧૪૭૮.<br>● ***ગુજરાતમાં ૫.૩ના સ્કેલનો ભૂકંપ. એપી સેન્ટર કચ્છના ભચાઉ પાસે. પ્રથમ દિવસે છ આંચકા.***<br>● ગુજરાતભરમાં ચોમાસાનું ધમાકેદાર આગમન. ૧ થી ૪ ઈંચ સુધીનો વરસાદ. |

| તારીખ | સ્થળ | વિગત |
|---|---|---|
| | અમદાવાદ | ● અમદાવાદમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૬૬૪૦ અને મૃત્યુ આંક ૧૨૧૦.<br>● ***અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ડોક્ટરોની ૨૦૦ જગ્યા ખાલી. કોઈ ડોક્ટર અરજી કરતા નથી.***<br>● ***સિવિલ હોસ્પિટલમાં સ્ટાફ - નર્સ માટે ૫૦૦થી વધુ સંખ્યાની જરૂરત છે. હજી સુધી માત્ર ૩૧એ નોકરી સ્વિકારી છે.***<br>● ***વોર્ડ સરવન્ટની ૫૦૦ ખાલી જગ્યાની સામે માત્ર ૪૦ વ્યક્તિએ નોકરી સ્વિકારી છે.***<br>● ***૫૦ ઇ.સી.જી. ટેકનિશિયનની જરૂરત છે પણ અત્યાર સુધીમાં માત્ર ૪ અરજીઓ આવી છે.***<br>● અમદાવાદમાં સીઝનનો પ્રથમ અઢી ઈંચ વરસાદ. |
| ૧૬-૬-૨૦૨૦<br>મંગળવાર | વિશ્વ | ● યુરોપમાં પડોશી દેશ માટે સરહદો ખૂલી. બ્રિટનમાં તમામ દુકાનો ઉઘડી.<br>● ચીન, પાકિસ્તાન અને સિંગાપોરમાં કોરોનાની સંખ્યા વધી.<br>● બેઈજિંગમાં કોરોનાના નવા ૬૭ કેસ નોંધાતા મોટા પાયે ટેસ્ટીંગ શરૂ કરાયું.<br>● હોંગકોંગ ડિઝની લેન્ડ ૧૮ જૂનથી ખૂલશે.<br>● વિશ્વમાં કોરોનાના એક્ટીવ કેસ કરતાં સાજા થનારની સંખ્યા વધી. |
| | ભારત | ● તામિલનાડુ સરકારે કરેલી જાહેરાત : ૧૯ જૂનથી ૩૦ જૂન સુધી રાજ્યના ચેન્નાઈ સહિત ૪ જિલ્લામાં સંપૂર્ણ લોકડાઉન રહેશે. અત્યાર સુધી કોરોનાના ૪૫,૦૦૦ કેસો નોંધાઈ ગયા છે. તેમાં સતત વધારો. |
| | ગુજરાત | ● ગુજરાતની સ્ટેમ્પ ડ્યુટીની આવકમાં ૪૦થી ૫૦ ટકાનો ઘટાડો થવાની શક્યતા. રીયલ એસ્ટેટ માર્કેટમાં ૫૦ ટકા વેચાણ ઘટી જવાનો સરકારનો અંદાજ.<br>● ***કચ્છમાં ભૂકંપનો ફરી ૪.૬નો આંચકો. છેલ્લા ૨૨ કલાકમાં ધરતી ૧૦ વખત ધ્રૂજી.*** |
| ૧૭-૬-૨૦૨૦<br>બુધવાર | વિશ્વ | ● ભારત - ચીન સરહદ સળગી. ચીનનો હુમલો. ભારતના ૨૦ જવાન શહીદ. ચીનના પણ ૪૩ જવાન મર્યાના અહેવાલ. ૪૫ વર્ષ બાદ ભારત - ચીન વચ્ચે સરહદે મોટેપાયે ચકમક ઝરી.<br>● એક મહિના અગાઉ અમેરિકાના પ્રેસિડેન્ટ ટ્રમ્પે ભારતને ૧૦૦ વેન્ટીલેટર દાન કરવાની જાહેરાત કરેલ હતી. એ વેન્ટીલેટર ભારતને તા. ૧૫-૬-૨૦૨૦ના સોંપાયા. તેની કિંમત આશરે ૧.૨ બિલિયન ડોલર (રૂા. ૯,૧૨,૦૦,૦૦૦/-) માનવામાં આવે છે. અમેરિકા હજુ બીજા ૧૦૦ વેન્ટીલેટર ભારતને આપશે.<br>● કોરોનાનો મૃત્યુ દર ઓછો કરી શકે તેવી દવાની જાહેરાત. બ્રિટનની ઑક્સફર્ડ યુનિવર્સિટીના સંશોધકોના રિસર્ચ પ્રમાણે ડેક્સામેથાસોન નામની દવા કોરોનાની સારવારમાં ઉપયોગી સાબિત થઈ શકી છે.<br>● ચીનમાં કોરોનાની પરિસ્થિતિ ફરી વકરવા લાગી. ૪ દિવસમાં બેઈજિંગમાં ફરી ૧૦૬ નવા કેસ પ્રકાશમાં આવ્યા. |
| | ભારત | ● અત્યાર સુધી રેલવેએ ૪૪૫૦ શ્રમિક ટ્રેનો દ્વારા ૬૦ લાખ શ્રમજીવીઓને પોતાના વતન પહોંચાડ્યા. મુસાફર દીઠ સરેરાશ ભાડું રૂા. ૬૦૦/- લેવામાં આવ્યું. ટોટલ રૂા. ૩૬૦ કરોડની ભાડાની આવક થઈ. વિશેષ ટ્રેનો દોડાવવા કુલ ખર્ચના માત્ર ૧૫ ટકા રકમ ભાડા પેટે મળી. |
| | ગુજરાત | ● ***કચ્છમાં સતત ત્રીજા દિવસે ધરતીકંપના આંચકા. ૩.૫ની તીવ્રતા સાથે ધરતીકંપના ચાર આંચકા. અત્યાર સુધી વીસેક વખત ધરતી ધ્રૂજી ઉઠી.*** |
| ૧૮-૬-૨૦૨૦<br>ગુરૂવાર | વિશ્વ | ● બેઈજિંગ એરપોર્ટ ફરી બંધ કરી દેવામાં આવ્યું. બહાર જનારી ૬૧૫ અને બહારથી આવનારી ૬૪૦ ફ્લાઈટ સાથે ટોટલ ૧૨૫૫ ફ્લાઈટ બંધ કરવામાં આવી. |
| ૧૯. | બ્રાઝીલ | ૨૯૬૦૩૩ | ૧૯૧૪૮ | ૩૬૭૯૦૬ | ૨૨૯૬૫ | ૫૩૧૭૬૮ | ૩૦૧૫૨ | ૭૪૭૫૬૧ | ૩૮૭૦૧ |
| ૨૦. | બેલ્જિયમ | | | | | | | | |
| ૨૧. | કેનેડા | | | | | | | | |
| ૨૨. | પેરુ | | | | | ૧૭૦૦૩૯ | ૪૬૩૪ | ૨૦૩૭૩૬ | ૫૭૩૮ |
| ૨૩. | ચીલી | | | | | | | | |
| | કુલ | ૫૧૨૫૨૦૬ | ૩૩૦૮૪૩ | ૫૫૪૧000+ | ૩૪૭000+ | ૬૪.૧૯ લાખ | ૩.૭૯ લાખ | ૭૩.00 લાખ | ૪.૧૫ લાખ |

*નુકસાન કરવાની તથા પોતાનાને જોવાની હંમેશાં માનસિક તૈયારી સાથે જીવો.*

# કોરોના વર્લ્ડ કમ્પેરેટીવ ચાર્ટ

| ક્રમ | તારીખ | અમદાવાદ | | ગુજરાત | | ભારત | | અમેરિકા | | વિશ્વ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પોઝિટિવ | મૃત્યુ | પોઝિટિવ | મૃત્યુ | પોઝિટિવ | મૃત્યુ | પોઝિટિવ | મૃત્યુ | પોઝિટિવ | મૃત્યુ |
| ૧. | ૧૭-૧૧-૨૦૧૯ | – | – | – | – | – | – | – | – | ૧ (ચીન) | – |
| ૨. | ૩૧-૧૨-૨૦૧૯ | – | – | – | – | – | – | – | – | ૨૬૬ (ચીન) | – |
| ૩. | ૨૯-૦૧-૨૦૨૦ | – | – | – | – | ૧ | – | – | – | | |
| ૪. | ૧૪-૦૨-૨૦૨૦ | – | – | – | – | | – | – | – | ૫૯,૮૦૪ (ચીન)<br>૫૮૦ (અન્ય)<br>૬૦,૩૮૪ | |
| ૫. | ૦૨-૦૩-૨૦૨૦ | – | – | – | – | ૧૩ | – | ૭૦ | ૧ | ૮૮,૦૦૦ | ૩,૦૦૦<br>(ચીન : ૨૮૭૦<br>અન્ય : ૧૩૦) |
| ૬. | ૦૫-૦૩-૨૦૨૦ | – | – | – | – | ૨૮ | – | ૧૨૯ | ૯ | ૯૦,૪૨૮ | ૩,૧૧૭ |
| ૭. | ૦૭-૦૩-૨૦૨૦ | – | – | – | – | ૩૧ | – | | | ૧ લાખ+<br>(ચીનના ૮૦૫૫૨) | ૩,૨૮૦<br>(ચીનના ૩,૦૪૨) |
| ૮. | ૦૯-૦૩-૨૦૨૦ | – | – | – | – | ૪૦ | – | ૪૦૦ | ૧૯ | ૧.૦૨ લાખ+ | ૩,૫૧૩<br>(ચીનના ૩,૧૦૦) |
| ૯. | ૧૩-૦૩-૨૦૨૦ | – | – | – | – | ૭૬ | ૧ | ૧,૩૦૦ | ૧૯ | ૧,૨૬,૨૭૩ | ૪,૬૦૦ |
| ૧૦. | ૧૮-૦૩-૨૦૨૦ | – | – | – | – | ૧૩૮ | ૩ | ૫,૬૩૬ | ૯૧ | ૧,૮૮,૧૬૭ | ૭,૪૯૭ |
| ૧૧. | ૧૯-૦૩-૨૦૨૦ | ૧ | – | ૧ | – | ૧૫૯ | ૩ | | | ૨.૦૫ લાખ+ | ૮,૨૫૦ |
| ૧૨. | ૨૦-૦૩-૨૦૨૦ | ૧ | – | ૨ | – | ૧૯૭ | ૪ | | | ૨.૩૬ લાખ+ | ૧૦,૦૦૦ |
| ૧૩. | ૨૨-૦૩-૨૦૨૦ | ૫ | – | ૧૪ | – | ૩૨૧ | ૪ | ૧૯,૭૭૭ | ૨૭૬ | ૨,૭૫,૪૨૭<br>(વિશ્વના ૧૬૦ દેશો સંક્રમિત) | ૧૧,૩૯૭ |
| ૧૪. | ૨૩-૦૩-૨૦૨૦ | ૭ | – | ૧૮ | ૧ | ૩૬૫ | ૭ | | | ૩,૩૨,૧૩૪ | ૧૪,૪૩૬ |

*મને ખરી જતા પાંદડાઓએ બતાવ્યું કે ભારરૂપ બની જશો તો પોતાના જ ખેરવી દેશે.*

# કોરોના વર્લ્ડ કમ્પેરેટીવ ચાર્ટ

| ક્રમ | તારીખ | અમદાવાદ | | ગુજરાત | | ભારત | | અમેરિકા | | વિશ્વ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પોઝિટિવ | મૃત્યુ | પોઝિટિવ | મૃત્યુ | પોઝિટિવ | મૃત્યુ | પોઝિટિવ | મૃત્યુ | પોઝિટિવ | મૃત્યુ |
| ૧૫. | ૦૧-૦૪-૨૦૨૦ | ૨૪ | ૩ | ૭૪ | ૬ | ૧,૫૦૦ | ૪૫ | ૧.૭૬ લાખ | ૩,૪૩૧ | ૯,૩૭,૧૭૦ | ૪૭,૨૩૫ |
| ૧૬. | ૦૨-૦૪-૨૦૨૦ | ૩૨ | ૩ | ૮૭ | ૮ | ૧,૯૦૦ | ૫૫ | ૨,૦૫,૦૩૫ | ૪,૫૧૬ | ૧૦,૧૫,૭૦૯ | ૫૩,૦૬૯ |
| ૧૭. | ૧૦-૦૪-૨૦૨૦ | | | ૨૮૧ | ૧૭ | ૬,૬૨૪ | ૨૨૫ | ૪,૬૯,૨૦૮ | ૧૬,૬૯૧ | ૧૫.૫૦ લાખ+ | ૯૦,૦૦૦+ |
| ૧૮. | ૧૧-૦૪-૨૦૨૦ | ૧૯૭ | ૭ | ૩૯૧ | ૧૯ | ૬,૮૨૫ | ૨૨૯ | | | ૧૬ લાખ+ | ૯૫,૦૦૦+ |
| ૧૯. | ૧૬-૦૪-૨૦૨૦ | ૪૫૦ | ૧૬ | ૭૬૬ | ૩૩ | ૧૨,૩૭૦ | ૪૨૮ | ૬ લાખ+ | ૨૬,૦૦૦+ | ૨૦,૭૦,૨૪૩ | ૧,૩૪,૫૦૦ |
| ૨૦. | ૨૦-૦૪-૨૦૨૦ | ૧,૧૦૧ | ૩૨ | ૧,૭૪૩ | ૬૩ | ૧૭,૦૨૯ | ૫૬૫ | ૭.૬૦લાખ+ | ૪૦,૦૦૦+ | ૨૩,૬૧,૯૪૩ | ૧,૬૨,૦૪૫ |
| ૨૧. | ૨૫-૦૪-૨૦૨૦ | ૧,૮૨૧ | ૮૩ | ૨,૮૧૫ | ૧૨૭ | ૨૪,૩૫૬ | ૭૭૮ | ૮,૯૫,૦૭૨ | ૫૦,૯૫૨ | ૨૭,૦૯,૪૦૮ | ૧,૯૪,૫૪૫ |
| ૨૨. | ૩૦-૦૪-૨૦૨૦ | ૨,૭૭૭ | ૧૩૭ | ૪,૦૮૨ | ૧૯૭ | ૩૨,૮૩૦ | ૧,૦૬૪ | ૧૦,૩૫,૭૬૫ | ૫૯,૨૬૬ | ૩૧,૮૬,૪૦૦ | ૨,૨૫,૪૬૬ |
| ૨૩. | ૦૧-૦૫-૨૦૨૦ | ૩,૦૨૬ | ૧૪૯ | ૪,૩૯૫ | ૨૧૪ | ૩૪,૪૬૧ | ૧,૧૪૬ | ૧૦,૬૪,૧૯૪ | ૬૧,૬૫૬ | ૩૨,૭૧,૧૯૮ | ૨,૩૧,૨૩૧ |
| ૨૪. | ૦૫-૦૫-૨૦૨૦ | ૪,૦૭૬ | ૨૩૪ | ૫,૮૦૪ | ૩૧૯ | ૪૪,૪૫૧ | ૧,૪૫૮ | ૧૧,૯૭,૯૦૭ | ૬૯,૦૧૧ | ૩૬,૪૪,૮૪૦ | ૨,૫૫,૧૭૬ |
| ૨૫. | ૧૦-૦૫-૨૦૨૦ | ૫,૫૪૦ | ૩૬૩ | ૭,૯૯૭ | ૪૭૨ | ૬૨,૫૧૩ | ૨,૦૧૬ | ૧૩,૩૨,૪૪૨ | ૭૯,૧૮૦ | ૪૦,૧૨,૦૦૦+ | ૨,૭૬,૦૦૦+ |
| ૨૬. | ૧૫-૦૫-૨૦૨૦ | ૬,૯૧૦ | ૪૬૫ | ૯,૫૯૨ | ૫૮૬ | ૮૧,૬૩૪ | ૨,૫૭૨ | ૧૪,૩૯,૨૫૩ | ૮૫,૬૬૯ | ૪૪,૬૬,૯૪૪ | ૨,૯૯,૫૦૭ |
| ૨૭. | ૨૦-૦૫-૨૦૨૦ | ૮,૯૪૫ | ૫૭૬ | ૧૨,૧૪૧ | ૭૧૯ | ૧,૦૫,૪૯૮ | ૩,૧૪૫ | ૧૫,૫૦,૫૩૯ | ૯૦,૯૮૫ | ૪૯,૨૪,૩૭૨ | ૩,૨૦,૮૧૬ |
| ૨૮. | ૨૫-૦૫-૨૦૨૦ | ૧૦,૨૮૦ | ૬૯૭ | ૧૪,૦૬૩ | ૮૫૮ | ૧,૩૫,૬૨૧ | ૩,૯૪૦ | ૧૬,૬૭,૪૩૭ | ૯૮,૬૯૧ | ૫૪,૨૯,૬૮૧ | ૩,૪૪,૪૬૨ |
| ૨૯. | ૩૦-૦૫-૨૦૨૦ | ૧૧,૫૯૭ | ૭૯૮ | ૧૫,૯૪૪ | ૯૮૦ | ૧,૬૮,૧૩૨ | ૪,૮૦૮ | ૧૪,૭૧,૦૦૦+ | ૧,૦૩,૦૦૦+ | ૫૯,૨૫,૦૦૦ | ૩,૬૨,૦૦૦+ |
| ૩૦. | ૦૧-૦૬-૨૦૨૦ | ૧૨,૧૮૦ | ૮૪૨ | ૧૬,૭૯૪ | ૧૦૩૮ | ૧,૮૪,૬૬૨ | ૫,૩૨૩ | ૧૮,૧૯,૭૮૮ | ૧,૦૫,૬૩૪ | ૬૧,૯૭,૭૫૨ | ૩,૭૧,૬૨૬ |
| ૩૧. | ૦૫-૦૬-૨૦૨૦ | ૧૩,૩૫૪ | ૯૩૮ | ૧૮,૬૦૧ | ૧૧૫૫ | ૨,૧૭,૩૮૯ | ૬,૨૨૩ | ૧૯,૧૦,૦૦૦+ | ૧,૦૯,૦૦૦+ | ૬૫,૯૦,૦૦૦+ | ૩,૮૮,૦૦૦+ |
| ૩૨. | ૧૦-૦૬-૨૦૨૦ | ૧૪,૯૬૨ | ૧,૦૬૬ | ૨૧,૦૪૪ | ૧૩૧૩ | ૨,૬૫,૪૯૮ | ૭,૭૧૦ | ૨૦,૩૦,૦૦૦+ | ૧,૧૩,૦૦૦+ | ૭૨,૩૮,૪૮૪ | ૪,૦૯,૬૪૪ |
| ૩૩. | ૧૫-૦૬-૨૦૨૦ | ૧૬,૬૪૦ | ૧,૧૮૭ | ૨૩,૫૯૦ | ૧૪૭૮ | ૩,૨૫,૧૩૬ | ૯,૫૪૫ | ૨૧,૪૬,૨૫૪ | ૧,૧૭,૫૫૮ | ૭૯,૧૧,૯૭૩ | ૪,૩૩,૧૫૮ |
| ૩૪. | ૨૦-૦૬-૨૦૨૦ | ૧૮,૨૫૮ | ૧,૨૯૬ | ૨૬,૧૯૮ | ૧૬૧૯ | ૩,૭૯,૩૦૮ | ૧૨,૭૫૮ | ૨૨,૬૫,૪૪૯ | ૧,૨૦,૭૨૬ | ૮૬,૬૭,૩૦૬ | ૪,૫૭,૭૧૫ |
| ૩૫. | ૨૫-૦૬-૨૦૨૦ | ૧૯,૬૦૧ | ૧,૩૭૮ | ૨૯,૦૦૧ | ૧૭૩૬ | ૪,૬૨,૯૬૧ | ૧૪,૮૮૯ | ૨૪,૨૫,૦૦૦+ | ૧,૨૩,૦૦૦+ | ૯૩,૭૭,૦૦૦+ | ૪,૮૦,૦૦૦+ |
| ૩૬. | ૩૦-૦૬-૨૦૨૦ | ૨૦,૭૧૬ | ૧,૪૩૨ | ૩૨,૦૨૩ | ૧,૮૨૮ | ૫,૬૬,૮૪૦ | ૧૬,૮૯૩ | ૨૬,૪૦,૦૮૦ | ૧,૨૮,૪૬૧ | ૧,૦૩,૧૯,૦૩૨ | ૫,૦૫,૪૬૮ |

જિંદગી જે શીખ નથી આપી શકતી તે અનુભવ તો આપે જ છે.

# સંપૂટ-૩

## પ્રતિભાવ

કચ્છના પીઢ અગ્રણી રાજપુરુષ અને રાજ્યના પૂર્વ રાજ્યમંત્રી એવા તારાચંદભાઈ છેડાએ નર્મદાના પાણીના કામો કચ્છમાં પૂરા કરાતા નથી તેની વ્યથા વ્યક્ત કરી વડાપ્રધાનની દરમિયાનગીરી માંગી છે તે કચ્છના આ પ્રાણ પ્રશ્ન અંગેની તેમની સંવેદનશીલતાનું પ્રતીક છે. તેમના જેવા પીઢ આગેવાનના આ નિવેદનનો પક્ષીય હેતુસર વિરોધ કરવો એ ડહાપણભર્યું નથી. આ પ્રશ્ન ઉઠાવવા બદલ તેમને ખૂબ ખૂબ ધન્યવાદ ઘટે છે અને નર્મદાના પ્રશ્ને વર્ષોથી અભ્યાસ કરનાર એક પ્રૌઢ બૌધ્ધિક તરીકે તેમને અંતરના આશિર્વાદ આપું છું અને તેઓ આ પ્રયત્નમાં સફળતા મેળવે તેવી શુભકામના પાઠવું છું.

અલબત્ત, તેમણે પ્રથમ કારણ રાજકીય ઇચ્છાશક્તિના અભાવનું આપ્યું છે અને તે પછી તેમણે નિગમના અધિકારીઓની આડોડાઈનું કારણ આપ્યું છે. પરંતુ કચ્છની પ્રજાને આ કે તે કારણ સાથે નિસ્બત નથી પરંતુ નર્મદાના પાણીના કચ્છના કામો થયા નથી તે હકીકત સ્વયંસિધ્ધ થઈ છે તે સાથે નિસ્બત છે.

સમગ્ર ગુજરાતમાં નર્મદાની મુખ્ય નહેરના કામ વર્ષો અગાઉ પૂરા કરાવી લેવાયા છતાં માત્ર કચ્છની મુખ્ય નહેરનું કામ પૂરું કરાયું નથી તે મહત્ત્વનો પ્રશ્ન છે. આખા ગુજરાતમાં સંપાદનની પ્રક્રિયા આડે ન આવી શકી હોય તો માત્ર કચ્છના અમુક ચોક્કસ વિસ્તારમાં આ પ્રક્રિયા અટકી જાય અને સરકાર હાથ જોડી બેસી રહે તે ગળે ન ઉતરે તેવી બાબત છે. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના સતત પ્રયત્નો પછી સને ૨૦૦૬માં કચ્છની મુખ્ય નહેરનું ટેન્ડર બહાર પડાયા પછી આજે ૧૪ વર્ષે પણ આ કામ પૂરું થયું નથી તે સ્વયં સ્પષ્ટ હકીકત છે.

જમીન સંપાદન કાયદો સને ૨૦૧૩માં બદલવામાં આવ્યો. તેની જોગવાઈ મુજબ સંપાદન પ્રક્રિયા અટકે છે તે બહાનું ખોટું છે તે પણ પાછળથી સાબિત થયું છે અને કાયદામાં આંતર માળખાના કામોની યોજનાઓ માટે સ્પષ્ટ જોગવાઈ છે તેનો નિર્દેશ થતાં તે મુજબ કેટલાય કામોના જાહેરનામા પણ બહાર પડાયા છે. કચ્છમાં જમીન સંપાદન અધિકારીની જગ્યા જ ખાલી રખાઈ હોવાથી આ કામ આગળ વધતું નથી તેમ કહેવાય છે. એટલું જ નહીં, પણ ચોક્કસ રાજકીય ગતિવિધિઓ દ્વારા આ વિસ્તારનું કામ અટકાવાયું છે તેવો પણ આક્ષેપ છે.

નર્મદાના વધારાના પાણી માટેના કામોની હજુ શરૂઆત જ થઈ નથી અને તેના માટેની નાણાંકીય ફાળવણી માટેની સાંસદની રજુઆતને પણ નજર અંદાજ કરી, માત્ર સો કરોડની મશ્કરી રૂપ ફાળવણી બજેટમાં દેખાવ પૂરતી કરાઈ છે. જ્યારે ગુજરાત અને સૌરાષ્ટ્રને ફાળવેલ વધારાના પાણીના મોટાભાગના કામો પૂરા કરી દેવાયા છે.

કચ્છ જેવા સૂકા અને દુષ્કાળગ્રસ્ત વિસ્તારને પાણી પહોંચાડવાનું કારણ સતત આગળ ધરીને નર્મદા જળપંચ પાસેથી +૩૦૦ની કેનાલ મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના વાંધ છતાં મંજૂર કરાવ્યા બાદ કચ્છને જ પાણી પહોંચાડવાનું સરકાર ભૂલી ગઈ છે તે દીવા જેવી સ્પષ્ટ વાત જો કચ્છના ચૂંટાયેલા આગેવાનોને દેખાતી ન હોય તો તેની પાછળ કોઈ અકળ કારણોસર સરકારને વહાલા થવાના આશય સિવાય બીજું શું હોઈ શકે? સરકારમાં આ હેતુ માટે કરાયેલી રજુઆતોનો પ્રચાર ન કરી શકાતો હોય તો સરકારે સ્વિકારેલી રજુઆતોની પ્રસિધ્ધિ શા માટે કરાય છે?

ભારતના ઇતિહાસ પર નજર કરીએ તો અંગ્રેજો ભારતમાં માત્ર ગણીગાંઠી સંખ્યામાં જ આવ્યા હતા. પરંતુ ભારતીય અમલદારો અને આગેવાનોએ જ તેમને વહાલા થવા તેમના હાથના રમકડાં બની, ભારતીયો પર જ દમન ગુજારી અંગ્રેજોના સામ્રાજ્યને વિસ્તારવામાં મદદ કરી હતી. કચ્છની પણ આજે આ પરિસ્થિતિ છે. જ્યારે કચ્છના જ આગેવાનો કચ્છના હિતની પરવા કર્યા વિના સરકારને વહાલા થવા સાચી વાતનો સ્વીકાર કરવાના બદલે તેને ઉતારી પાડવાના નિવેદનો કરે છે. કચ્છની પ્રજાની આ જ કમનસીબી છે.

*શશીકાંત એમ. ઠક્કર - માધાપર*

★

*મનમાં મનોહર ભાવ હોય, શ્વાસમાં ભરપૂર સ્નેહ હોય તો સંસારમાં વસંત જ વસંત છે.*

'કચ્છશ્રુતિ'નો માર્ચ-૨૦૨૦નો અંક મળ્યો અને હંમેશની રીતે એકી બેઠકે તે વાંચી ગયો. આ અંકના પ્રતિભાવો નીચે પ્રમાણે આપું છું.

સૌપ્રથમ તો મા.શ્રી અશોકભાઈ મહેતાને અભિનંદન આપું છું. કેમકે, ઠેઠ મંગલ મંદિરના સમયથી હું તેમાં લખતો હતો અને મા.શ્રી મહેતા સાહેબને વાંચતો હતો. તેમના નર્મદા નદીના પાણી અંગે અને કચ્છના બીજા અનેક વિષયો અંગેના અભ્યાસપૂર્ણ લેખો હું તે સમયથી વાંચું છું. આ અંકમાં પણ નર્મદાના પાણી અંગે અને કચ્છની ખેતીનો વિકાસ રુંધાય છે – એ બંને લેખ ગમ્યા.... ખૂબ જ ગમ્યા.

ઐતિહાસિક વાર્તા શ્રેણીના અદશ્ય પાત્રોની શ્રી હરેશભાઈ ધોળકિયાની 'લંગો' વાર્તા તો ખરેખર રંગ જમાવે છે. મેં ઘણાં વર્ષો પહેલા છછરબુટા ઉપર વાર્તા લખી હતી તેની સ્મૃતિ આજે પણ મને છે. લેખકને અભિનંદન.

ભારતની પ્રથમ મહિલાઓ અંગેની માહિતી પણ વાંચવા મળી. ઘણું જાણવા મળ્યું. આ સિવાય અન્ય લેખો પણ સરાહનિય છે. સૌને અભિનંદન... અભિનંદન...

*ધનજી ભાનુશાલી 'કડક બંગાલી' - ભુજ, કચ્છ*
*મો. ૯૩૨૭૬ ૫૭૯૩૦*

★

માર્ચ-૨૦૨૦નો કચ્છશ્રુતિ માસિકનો અંક મળ્યો. અભ્યાસ કરતાં સર્વે બાળકોના નયનરમ્ય ચિત્ર પૃષ્ઠ પર દર્શાવતા ઘણો જ આનંદ થયો. આ અંકમાં દરેક લેખ, કાવ્ય વાંચનમાં ગમે એવા છે. સરસ્વતી નદીનો ઇતિહાસ, મહિલા સશક્તિકરણ, વિશ્વ વન દિવસ તથા ચકલી દિવસ લેખ તથા 'ફકરા અસત્યના હોય, સત્ય બે લીટીનું હોય', 'ઘરડાઘર' લેખો વાંચનમાં શ્રેષ્ઠ છે. અત્યારે કચ્છશ્રુતિના અંકમાં સામગ્રીઓ વાંચનમાં ગમે એવી છે. લેખકો વધારે સુંદર લેખ આપે એ જરૂરી છે. અશોકભાઈ મહેતાનો તંત્રીલેખ 'આઝાદીના ૭૩ વર્ષ બાદ પણ કચ્છની ખેતીનો વિકાસ રૂંધાય છે' લેખમાં જાણવા મળ્યું. પાણીદાર પ્રદેશ કચ્છના પાણી પ્રશ્ન નર્મદા નદીના પાણી લેખમાં વિસ્તૃત સમજણ આપી જણાવ્યું છે, જે શ્રેષ્ઠ છે. દરેકને અલગ અભિનંદન અપાય. સર્વે લેખકોને ખૂબ જ અભિનંદન, ધન્યવાદ.

'કચ્છશ્રુતિ' માસિક ઉત્તરોત્તર પ્રગતિ કરે અને સર્વશ્રેષ્ઠ માસિક બને એ જ શુભેચ્છા.

*મહાભાઈ વોરા - ભુજ, કચ્છ*

★

'કચ્છશ્રુતિ'નો ફેબ્રુઆરી-૨૦૨૦નો અંક મળ્યો. આ અંકની કેટલીક સામગ્રીએ ઘણા વખતે પત્ર લખવા પ્રેર્યો.

વાર્તાઓમાં 'માને સમાચાર મોકલવા છે' (બલવીરસિંહ જાડેજા) ગમી, પણ સૌથી વધારે તો ગુરૂકથા જેવી લઘુકથા 'લક્ષ્મીના પગલા' (ડૉ. ભાલચંદ્ર હાથી, પેજ-૪૦) હૃદયને સ્પર્શી ગઈ.

ઉપરાંત પાના-૪૪ ઉપર 'ગુજરાતી સારસ્વત પરિચય'માં સારસ્વતોનો તેઓની જ પ્રખ્યાત રચનાઓ દ્વારા પરિચય કરાવનાર પણ કોઈ સારસ્વત જ હોઈ શકે. નામ તો આપો!

આવું જ રાજ કપૂર અંગેના લેખમાં થયું છે. સંકલન સરસ થયું છે, પણ સંકલનકર્તાનું પણ નામ નથી!

***રાજ કપૂર વિશે થોડું વધારે :***

ફિલ્મના દરેક ક્ષેત્ર – દિગ્દર્શન, પટકથા, સંગીત અને સાથે અભિનયમાં પણ તેઓ અજોડ હતા. પ્રસ્તુત લેખમાં તેમના અભિનયના પાસાનો ખાસ ઉલ્લેખ નથી. જે જે ચિત્રોમાં તેમણે અભિનય કર્યો એ યાદગાર ચિત્રો હતો. (નામો લખવાની જરૂર ખરી?) પણ તેમનો શ્રેષ્ઠ અભિનય હોય એ ચલચિત્ર કયું? મતભેદને અવકાશ હોઈ શકે, પણ મારી દૃષ્ટિએ તેમનો સર્વશ્રેષ્ઠ અભિનય જૂના બ્લેક-વ્હાઈટ ચિત્ર "જાગતે રહો"માં છે. પ્રસ્તુત લેખમાં આ ચિત્રનો ઉલ્લેખ નરગીસ સાથેના છેલ્લા ચિત્ર તરીકે આપેલ છે. આ ચિત્ર થિયેટર કે ટી.વી.માં તો જોવા હવે ન મળી શકે, 'યુ-ટ્યુબ' ઉપર કદાચ મળે. આ ચિત્રમાં છેલ્લે ભૈરવી રાગમાં લતાજીના કંઠે ગવાયેલું ગીત "જાગો મોહન પ્યારે..." હજુ સુધી જૂના ગીતોના કાર્યક્રમોમાં સાંભળવા મળી જાય છે. "જાગતે રહો" એ મૂળ બંગાળી ચિત્ર "એક દિન રાત્રે" ઉપરથી બનેલ હતું.

*મગનલાલ સંઘવી - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૬૮૭૧૯૨૫*

***(નોંધ : 'કચ્છશ્રુતિ'ના ફેબ્રુઆરી-૨૦૨૦ના અંકમાં પાના નં.-૪૪ ઉપર પ્રસારિત કરવામાં આવેલ "ગુજરાતી સારસ્વત પરિચય" અને પાના નં.-૩૩ ઉપર પ્રસારિત કરવામાં આવેલ રાજ કપૂર વિશેનો લેખ વૉટ્સએપ પરથી મેળવવામાં આવેલ છે અને તેમાં લેખકના નામ ન હોવાથી તે પ્રસારિત કરી શકાયા નથી. બંને વિગતો પ્રસારિત કરવા યોગ્ય લાગેલ હોવાથી લેખકશ્રીના નામ વગર પ્રસારિત કરવામાં આવેલ છે.***
***– તંત્રી મંડળ)***

***સદ્‌ભાવ એવી ભાષા છે જે બધિરના કાન સુધી અને પ્રજ્ઞાચક્ષુની આંખ સુધી પોતાની મેળે પહોંચી જાય છે.***

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## અવસાન નોંધ

- **મંગળવાર, તા. ૨૪-૩-૨૦૨૦**
  ગૌરાંગભાઈ જયેન્દ્રભાઈ ફોફળિયાના માતુશ્રી રમીલાબેન જયેન્દ્રભાઈ ફોફળિયા (ભુજપુર - અમદાવાદ)નું આજરોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **બુધવાર, તા. ૨૫-૩-૨૦૨૦**
  દલાલ સુધીરકુમાર ચીમનલાલ શાહ (ઉં.વ. ૫૭) (માંડવી - અમદાવાદ)નું આજરોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **રવિવાર, તા. ૫-૪-૨૦૨૦**
  રોહિત ચુનીલાલ સંઘવી (ઉં.વ. ૫૬) (મુંદ્રા - અમદાવાદ)નું આજરોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **સોમવાર, તા. ૧૩-૪-૨૦૨૦**
  માતુશ્રી લક્ષ્મીબેન માવજી ધારશી ફુરિયા (ઉં.વ. ૮૨) (લાયજા - અમદાવાદ/મુંબઈ)નું આજરોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **મંગળવાર, તા. ૧૪-૪-૨૦૨૦**
  શૈલેષ મોહનલાલ શાહ (અંજાર - અમદાવાદ)નું આજરોજ અંજાર મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
- **શુક્રવાર, તા. ૨૨-૫-૨૦૨૦**
  કુંજલ વિપુલ રમણિકલાલ કુંવરજી ગોસર (ઉં.વ. ૪૨) (ગોધરા - અમદાવાદ)નું આજરોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **રવિવાર, તા. ૨૪-૫-૨૦૨૦**
  વર્ધમાન દેવજી છેડા (ઉં.વ. ૮૨) (સુજાપુર - અમદાવાદ)નું આજરોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **સોમવાર, તા. ૧-૬-૨૦૨૦**
  શાંતિલાલ રવજી રાંભિયા (ઉં.વ. ૭૧) (રામાણિયા - અમદાવાદ)નું આજરોજ દુઃખદ અવસાન થયેલ છે.

***પ્રભુ સદ્‌ગતશ્રીઓના આત્માને શાંતિ અર્પે એ જ અભ્યર્થના.***

*માણસ પાસે તિજોરી ઉભરાય એટલું ધન હોય, બેંકમાં મોટું બેલેન્સ હોય, બજારમાં જઈને કંઈ પણ ખરીદી શકે એટલી સંપત્તિ હોય છતાં હૃદય ગદ્‌ગદ્ બને, આંખ ભીની થાય અને અનેરી દિવ્યતાનો અનુભવ થાય એવી કોઈ પ્રેમાળ પળનું સ્મરણ ન હોય તો હકીકતમાં એ એક લાચાર અકિંચન વ્યક્તિ છે.*

## ગુણવત્તા વિનાના જાહેર બાંધકામો

**(અનુસંધાન : પાના નં. – ૧૦૪ ઉપરથી ચાલુ)**

કારણે ફેઈલ થાય છે તેની કોઈ તપાસ કરાયાનું બહાર આવ્યું નથી. એકમાત્ર કુકમા ગામની સીમમાં નગરપાલિકાના આવા ૫૦ જેટલા બોર ફેઈલ થયા છે. આખરે આ નાણાંનો બોજ તો નિર્દોષ પ્રજાની પીઠ પર જ પડે છે.

ભૂકંપ બાદ જ્યારે ભુજમાં ગટરની લાઈનો અને પાણીની લાઈનો બેસાડવામાં આવી હતી ત્યારે આ કામ સરકારી એજન્સી જી.યુ.ડી.સી.ને સોંપાયેલ. તેમના દ્વારા લાઈન લેવલ જોયા વિના આડેધડ કામ થતું હોવાના અખબારી અહેવાલો બહાર પડ્યા હતા. આ લેખકે અગાઉ પણ વર્તમાનપત્રોમાં નુક્તેચીની કરી હતી કે ભવિષ્યમાં આ ઘંટ નગરપાલિકાના ગળે વળગાડાશે. તેથી અત્યારે જ નગરપાલિકાના સત્તાવાળાઓએ આ બાબત રસ લઈ યોગ્ય રીતે કામ કરાવાય તે માટે કાળજી લેવી જોઈશે. મુરબ્બી શ્રી કુંદનભાઈના ઉપવાસ વખતે લાલ ટેકરી ઉપર તત્સમયના નગરપાલિકાના હોદ્દેદારોને પણ આ બાબત સમજાવી હતી પરંતુ સત્તા પક્ષની શરમે નગરપાલિકાના હોદ્દેદારોએ મૌન સેવ્યું. પરિણામે આજે નગરપાલિકાને ગટર અને પાણીની લાઈનોની સમસ્યા સામે એકલપંડે ઝઝુમવાનો સમય આવ્યો છે અને તેનો ભોગ ભુજની પ્રજા બને છે.

યુ.એન.ડી.પી. મારફતે ભુજ શહેરમાં રસ્તાના કામોમાં વપરાતી મેટલ માટી મિશ્રિત હોવાનું અને રીજેક્ટ થયેલ હોવાની પત્રકારો દ્વારા તત્સમયે રજૂઆત કરાઈ હતી અને ત્યારે ઘમંડપૂર્વક જવાબ અપાયો કે આ અંગેની ગુણવત્તા જાળવવાનું યોગ્ય તંત્ર છે અને બધી વ્યવસ્થા ગાંધીનગરથી ગોઠવાયેલી છે.


જે પ્રજા ચૂંટીને સત્તા પર બેસાડે છે તેજ પ્રજાનું હિત મોવડી મંડળની શરમમાં, પ્રજાના પ્રતિનિધિઓ કોરાણે મૂકી દે તે લોકશાહી પ્રથાનું હનન છે, તેમાં ભાગ્યે જ કોઈ અસહમત થઈ શકશે. ■

## પ્રભુનો આભાર

*મારે ચઢવા પડેલાં કપરાં ચઢાણો માટે,*
*મને લાગેલી દરેક ઠોકરો માટે,*
*મારે વહાવવા પડેલા પ્રસ્વેદ માટે,*
*સારવાં પડેલાં અશ્રુ માટે,*
*આપત્તિઓની આંધી માટે,*
*ધગધગતા લાવા જેવી લાગણીહીનતા માટે*
*હું તમારો આભાર માનું છું, પ્રભુ!*

*વ્યસ્ત દિવસમાં બે ઘડી કોઈ યાદ આવે એ પ્રેમ. કેમ છે?નો જ્યાં સુધી ઉત્તર ન આવે, ત્યાં સુધી હૃદય બેચેન રહે એ પ્રેમ!*

# ગુણવત્તા વિનાના જાહેર બાંધકામો



શશીકાંત ઠક્કર

ભુજ નગરપાલિકા દ્વારા થતા વિકાસ કામો યોગ્ય ગુણવત્તાસભર થતા નથી અને તેથી તેમાં ભ્રષ્ટાચાર થાય છે તેવી હકીકતો અવારનવાર માધ્યમો દ્વારા બહાર આવતી રહે છે. પરંતુ તેમાં શું અને કેવી કાર્યવાહી થઈ તેની કોઈ વિગતો ત્યાર પછી જાણવા મળતી નથી. થોડા સમય અગાઉ રેલવે સ્ટેશન રોડ ઉપર ગટરના પાઈપો બદલવાની કામગીરી થઈ હતી. તે પછી થોડા જ દિવસોમાં ત્યાં જ ફરીથી ગટર લાઇન બેસી જવાનો બનાવ બન્યો છે તેની શાહી હજુ સૂકાઈ નથી, ત્યાં શિવકૃપા નગરમાં આવેલ પાણીના ટાંકાનો સ્લેબ ધરાશાયી થઈ ગયો છે તેના ફોટા સાથેના અહેવાલો માધ્યમો દ્વારા બહાર આવ્યા છે. તૂટેલ સ્લેબના ફોટા જોતાં સ્પષ્ટ થાય છે કે સ્લેબ કેટલી જાડાઈની અને કેવી હતી...

આથી અગાઉ ભૂકંપ પુનઃવસન કાર્યક્રમ દરમિયાન શિવકૃપા નગરમાં રૂપિયા પાંત્રીસ લાખના ખર્ચે બનાવેલ પાણીનો ટાંકો પ્રથમ વખતે પાણી ભરવામાં આવતા જ ઉભેઉભો ધબાય નમઃ થઈ ગયો હતો. તત્સમયે થયેલા ઉહાપોહ સબબ આ કામ અંગે મુખ્યમંત્રીશ્રીની સૂચનાથી તપાસ સમિતિ નિમાઈ હતી અને તેનો અહેવાલ સીધો મુખ્યમંત્રીને અપાશે તેવું જાહેર કરાયું હતું. ત્યારબાદ ફોજદારી ફરિયાદ થઈ હતી, કોન્ટ્રાક્ટરના બે જણાની ધરપકડ પણ થઈ હતી. પરંતુ આ ટાંકાનું સુપરવિઝન કરનાર, માપો નોંધનાર, સ્લેબ સમયે હાજર રહી કામગીરી કરાવનાર ટેકનિકલ અધિકારી, બીલ પાસ કરનાર ઇજનેર વગેરે કોઈપણ સામે કોઈ કાર્યવાહી કરાઈ ન હતી કારણકે તપાસ સમિતિના મુખ્યા ખુદ ચીફ ઇજનેર હતા. બિલાડીને દૂધના તપેલાની રખેવાળી સોંપવા જેવી આ બાબત હતી. આ અંગેની વિગતો તા. ૧૬-૦૩-૨૦૦૪, તા. ૩૧-૮-૨૦૦૪, તા. ૧૧-૪-૨૦૦૬ અને તા. ૮-૪-૨૦૦૮ના વર્તમાનપત્રમાં જણાવી હતી. તત્સમયે આ ટાંકાના બદલે બીજો નવો ટાંકો રૂપિયા સિત્તેર લાખના ખર્ચે બનાવવામાં આવ્યાની જાહેરાત પણ થઈ હતી. તેનું શું થયું તે પણ પ્રશ્ન છે.

જ્યારે જ્યારે આવા બનાવો બને છે ત્યારે ત્રણ જાહેરાતો સત્તાવાળાઓ દ્વારા કરાય છે : (૧) બનાવની તપાસના આદેશો આપી દેવાયા છે. (૨) જવાબદારોની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે (કયા ચક્રો?) અને (૩) કોઈપણ ચમરબંધીને બક્ષવામાં નહીં આવે. આ જાહેરાતો પછીના કોઈ પરિણામની જાણ ક્યારેય પ્રજાને થતી નથી.

ઉપરોક્ત કિસ્સામાં નિમાયેલ તપાસ સમિતિએ શું અહેવાલ આપ્યો અને તે અંગે શું કાર્યવાહી થઈ, તે આજપર્યંત જાહેર થઈ નથી.

જી.કે. જનરલ હોસ્પિટલમાં તત્સમયે ચાર-પાંચ જણાની આંખોની રોશની બેદરકારીના કારણે ચાલી ગયાના બનાવમાં નિમાયેલ તપાસ સમિતિનો અહેવાલ પણ બહાર આવ્યો નથી.

કૂકમા પાસે નર્મદાની લાઇનનો ટાંકો તૂટ્યો તે અંગે પણકોઈ પગલા લેવાયાનું જાણવા મળ્યું નથી.

ભુજ નગરપાલિકા દ્વારા બનાવાયેલ વૉક-વે ના કામમાં થયેલ ભ્રષ્ટાચારના ફોટાઓ સાથેના અહેવાલો બહાર આવ્યા પછી તેની તપાસ સમિતિનો શું અહેવાલ આવ્યો અને કોની સામે શું કાર્યવાહી થઈ તે કોઈ જાણતું નથી.

પીવાના પાણીના બહાને વારંવાર ભુજની આસપાસ કરવામાં આવતા બોરવેલો કેમ ફેઈલ થાય છે અને ફેઈલ થયા પછી તેની મશીનરી અને અન્ય સાધન સામગ્રીનું શું થાય છે તે પણ પ્રશ્ન છે. હાલમાં જે પાંચ નવા બોર બનાવવાનું કામ ચાલુ કરાયું છે, તે જૂના બોર રી-ડ્રિલ કરવાના બહાના હેઠળ મંજૂર કરાયા છે અને તે મશીનરી સાથે પ્રતિ બોરના સવા ચોવીસ લાખના ખર્ચે મંજૂર કરાયા છે. જ્યારે વાસ્તવમાં ખાનગી વ્યક્તિઓ જે બોર બનાવે છે તેમની માહિતી મુજબ આજ માપ-સાઇઝના એક બોરનો ખર્ચ વધુમાં વધુ નવથી દસ લાખ રૂપિયા થાય છે અને આ બોર દસેક વર્ષ કામ આપે છે. તો પછી નગરપાલિકા દ્વારા બનાવાતા બોરના પ્રતિ બોરદીઠ ચોવીસ લાખ ઉપરાંતની રકમ કેમ મંજૂર થાય છે અને આ બોર અમુક મહિનાઓમાં કે એકાદ બે વર્ષમાં ફેઈલ કેમ થાય છે અને કયા

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૦૩ ઉપર)

*જો તું આવે સામે, તો તને જોવાનું મન થાય; હોય તારી મરજી, તો તને ચાહવાનું મન થાય.*

# કચ્છ ભારતીય કિસાન સંઘે મુખ્યમંત્રી પર લખેલ પત્ર

*<u>નોંધ</u> : નર્મદા નદીની કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો વિશે જે ઢીલાશ પ્રવર્તી રહી છે તેના અનુસંધાને કચ્છ ભારતીય કિસાન સંઘના પ્રમુખ શ્રી શિવજીભાઈ બારડિયાએ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીને જે પત્ર લખેલ છે તે પત્ર અત્રે અક્ષરસઃ રજૂ કરેલ છે. પત્રની વિગતો કચ્છના નર્મદા નદીના કાર્યો વિશે ઘણું બધું કહી જાય છે.*

***– તંત્રી મંડળ***

*તા. ૪-૬-૨૦૨૦*

*પ્રતિશ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ,*
*મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય*
*સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.*

***<u>વિષય</u> :** **કચ્છ જિલ્લાને ફાળવેલ નિયમિત નર્મદાના નીરનો ઉપયોગ કરવા સને ૨૦૨૦-૨૦૨૧ના વર્ષ માટે ફાળવવામાં આવેલ બજેટનો ઉપયોગ થાય તે માટે કચ્છ જિલ્લા માટે સ્વતંત્ર ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીની નિમણુંક કરવા બાબત.***

જય ભારત સાથે જણાવવાનું કે ગુજરાત સરકાર અને સંબંધિત સઘળા વિભાગોના સંયુક્ત પ્રયાસોથી કચ્છ શાખા નહેરની સાંકળ ૨૩૧ કિ.મી. સુધીની બાંધકામની પૂર્ણ થઈ જતાં ૨૩૧ કિ.મી. સુધી નર્મદાના નીર વહેતા થઈ ગયા છે. આથી કચ્છ જિલ્લાની પીવાના પાણીની સમસ્યા હળવી કરવા અંજાર તાલુકાના ટપ્પર ડેમમાં નર્મદાના પાણી ભરી શકાયા છે અને અસંખ્ય ખેડૂતોને આર્થિક ફાયદાઓ થયા છે, જે ગુજરાત સરકારની સિધ્ધિ ગણાય.

કચ્છ જિલ્લાને ફાળવેલ નિયમિત નર્મદાના નીરનો ઉપયોગ કરવા સને ૨૦૨૦-૨૦૨૧ના વર્ષ માટે ફાળવવામાં આવેલ રૂપિયા ૧૦૮૪ કરોડની બાબતને કચ્છ ભારતીય કિસાન સંઘ આવકારે છે. આ નાણાં ચાલુ વર્ષ દરમિયાન વણવપરાયેલા ન રહે તે માટે કચ્છ જિલ્લા માટે સ્વતંત્ર ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીની નીચેના કારણોસર તાકીદના ધોરણે નિમણુંક કરવામાં આવે તેવી વિનંતી છે.

કચ્છ શાખાની સાંકળ ૨૩૧ કિ.મી.થી ૩૫૭ કિ.મી. સુધીમાં જમીન સંપાદનને લગતા નીચે જણાવ્યા મુજબના વિવિધ પ્રશ્નોને કારણે નહેરો માટે જરૂરી જમીનોના કબજા મળતા નથી.

૧. જમીનના માલિકી હક્કો નક્કી થવામાં વિલંબ થવાથી.

૨. જમીનના કબજા ફેરના પ્રશ્નોનો ઉકેલ નહીં થવાથી.

૩. ખાતેદારોની જમીનની માલિકી હક્ક માટે તકરારી કોર્ટ કેસનો ઉકેલ નહીં આવવાથી.

૪. વારસાઇના પ્રશ્નોનો ઉકેલ નહીં આવવાથી.

૫. જાહેર થયેલા ઍવોર્ડમાં સુધારા કરવાના બાકી હોવાથી.

૬. પીયત જમીન ઍવોર્ડમાં બિનપીયત ગણતા પીયત ગણી ઍવોર્ડમાં સુધારા કરવાના બાકી છે.

૭. બિનખેતી થયેલ હોય પરંતુ ખેતી તરીકે સંપાદનની પ્રક્રિયા ચાલુ હોય.

૮. ખેતીલાયક જમીનના નવા કાયદા પ્રમાણે જમીનના કબજા લેવાના બાકી હોવાથી.

૯. જૂના કાયદા પ્રમાણે ખેડૂતોએ સંમતિથી જમીનનું વળતર સ્વીકાર્યા બાદ નવા કાયદા પ્રમાણે જંત્રીના ચાર ગણા ભાવોની

*રોકવાની કોશિશ તો બહુ જ કરી પલકોએ પરંતુ ઈશ્કમાં પાગલ આંસુ ખુદકુશી કરવા ચાલવા લાગ્યા.*

માંગણી કરીને કામો અટકાવવાના પ્રશ્નોનું નિરાકરણ કરવાનું બાકી હોય.

૧૦. જૂના અથવા નવા કાયદા પ્રમાણે ઍવોર્ડ જાહેર કરવામાં આવેલ છે પરંતુ પીયત જમીનોમાં બાગાયતી ફળાઉ ઝાડોનું યોગ્ય વળતર નહીં મળવાથી.

૧૧. ખેડૂતના ખેતરમાં ચંદનના ઝાડોનું યોગ્ય વળતર નહીં મળવાથી.

આમ, ઉપરોક્ત જણાવેલ વિવિધ પ્રશ્નોનું ઘણા લાંબા સમયથી નિરાકરણ નહીં થવાથી નહેરોના અધૂરા કામો પૂર્ણ થયા નથી. ખાસ કરીને કચ્છ શાખા નહેરની સાંકળ ૨૩૧ કિ.મી.થી ૩૫૭ કિ.મી. સુધીમાં આશરે ૨૨ કિ.મી. લંબાઈમાં કેનાલની અધૂરી કામગીરી પૂર્ણ કરવાની બાકી રહેલ હોવાથી માંડવી તાલુકાના મોજે મોડકુવા સુધી નર્મદાના નીર પહોંચાડી શકાયા નથી. આથી ખેડૂતોમાં સરકાર પ્રત્યે રોષની લાગણી પ્રગટ થયેલી જણાય છે અને ઈજારાકીય પ્રશ્નો ઊભા થયા છે.

મોટાભાગના પ્રશ્નો મુંદ્રા તાલુકા તેમજ માંડવી તાલુકાના ખેડૂતોને લગતા વિસ્તારના હોઈ, આ બંને તાલુકામાં ઓછી માત્રામાં ટી.ડી.એસ. હતા તે ધ્યાને લઈ નર્મદાના નીર વહેલા આવી જશે તેવી પ્રબળ આશાએ આધુનિક ખેતી કરી ખેડૂતોએ હજારો એકરમાં બાગાયતી ખેતી કરેલ છે. પરંતુ આ વિસ્તારમાં ઉપલબ્ધ અનેક ઉદ્યોગો તેમજ વિશાળ પાયે વાવેતર કરેલ બાગાયતી પાકો માટે મોટાપાયે ભૂગર્ભ જળ વાપરવામાં આવતા ભૂગર્ભ જળ તીવ્ર ગતિએ નીચા જવા લાગ્યા છે. પરિણામ સ્વરૂપ પાણીની ગુણવત્તામાં ઘણો ફેરફાર થવા લાગ્યો છે. જો નર્મદાના નીર એકાદ-બે વર્ષમાં પહોંચાડવામાં ન આવે તો હયાત બાગાયતી પાકો નિષ્ફળ જાય તેમ છે. આથી આ વિસ્તારના લોકોને હિજરત કરવાનો વારો આવે તેવી દહેશત વરતાઈ રહેલ છે. આથી આ સિંચાઈના પાણીથી પીડાતા વિસ્તારમાં નર્મદાના નીર વહેલામાં વહેલી તકે પહોંચાડવા અનિવાર્ય બની ગયું છે. કચ્છ શાખા નહેર ઉપરાંત અન્ય પેટા નહેરોના કામો પૂર્ણ કરવા જમીનો સંપાદિત કરવી ઘણી જ જરૂરી છે.

અમોએ જ્યારે મુંદ્રા તેમજ માંડવી વિસ્તારમાં પ્રવાસ કર્યો ત્યારે અમારી જાણ મુજબ મોટાભાગના પ્રશ્નો ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી નર્મદા યોજના ગાંધીધામ કચેરીને લાગુ પડે છે. આ કચેરીના અધિકારીશ્રી પાસે કુલ છ કચેરીઓનો ચાર્જ હોવાથી કચ્છના ઉપર જણાવ્યા મુજબના પ્રશ્નો ઉકેલવા ન્યાય આપી શકતા ન હોય, તેવું અનુભવે જણાઈ આવે છે.

ઉપર જણાવ્યા મુજબના પ્રશ્નો તેમજ અન્ય નીતિ વિષયક પ્રશ્નોના નિરાકરણ માટે ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીની નિયમિત હાજરી જરૂરી જણાય છે. અન્ય પ્રશ્નો જેવા કે –

(એ) અગાઉ જાહેર થયેલા ઍવોર્ડના ચૂકવવાના થતા નાણાં અમુક ખેડૂતોને ચૂકવવાના બાકી છે.

(બી) જે ખેડૂતોના નાણાં તિજોરીમાં જમા થયેલ છે તેવા નાણાં ખેડૂતો લેવા માંગે છે છતાં સંકલનને અભાવે અથવા યોગ્ય પ્રક્રિયાને અભાવે ખેડૂતોને નાણાં મળતા નથી.

(સી) કેનાલ માટે સંપાદિત થયેલ જમીન કમીદુરસ્તી કરી નર્મદા નિગમના નામે થતી નથી. આથી ખેડૂતોને મહેસૂલી ફી ભરવી પડે છે તેમજ ખેડૂતોને જમીન લે-વેચ કરવામાં મુશ્કેલી પડે છે. જમીનો લે-વેચ કરવા ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીની કચેરીનું 'ના વાંધા' પ્રમાણપત્ર જરૂરી હોઈ, ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી મોટાભાગે કચેરીમાં ગેરહાજર હોઈ, ખેડૂતોને ના-વાંધા પ્રમાણપત્ર મેળવવા ધક્કા ખાવા પડે છે.

(ડી) જિલ્લા અદાલતોમાં ચાલતા કેસોનો નર્મદા નિગમની કાર્યરત તજજ્ઞ કમિટીમાં અથવા લોક અદાલતો મારફત નિકાલ કરવા ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીની હાજરી અનિવાર્ય બને છે.

(ઇ) અગાઉ જાહેર કરવામાં આવેલ ઍવોર્ડમાં રેવન્યુના કારણે ભૂલો થવાથી અથવા વળતર ઓછું મળવાથી ખેડૂતોએ નામદાર જિલ્લા અદાલતોમાં રેફરન્સ કેસો દાખલ કરવા ઘણા ખેડૂતોએ ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીની કચેરીમાં અરજીઓ કરવામાં આવેલ. પરંતુ ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી હાજર રહેતા ન હોઈ આવી કાર્યવાહી કરવામાં વિલંબ થઈ રહ્યો છે.

(એફ) અંજાર તથા ભચાઉ સ્થિત નામદાર જિલ્લા અદાલતોમાં ચાલતા જમીન સંપાદનના કેસોમાં ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીએ જે જવાબો નામદાર અદાલતોમાં સમયસર રજૂ કરવાના હોય તે રજૂ નહીં થતા હોવાથી ખેડૂતોના કેસો નામદાર અદાલતે નામંજુર કર્યાના કિસ્સા ધ્યાનમાં આવેલ છે. આથી ખેડૂતોને યોગ્ય ન્યાય મળતો નથી.

*સમજણ વગરનું દેવું નકામું, નીતિ વગરનું લેવું નકામું; ન સમજે તેને કહેવું નકામું, કોઈના ઘરે ઝાઝા પડ્યા રહેવું નકામું.*

(જી) જંત્રી વિસંગતતાને કારણે ખેડૂતોએ નામદાર હાઈકોર્ટમાં રીટ પીટીશનો દાખલ કરેલ છે અને નામદાર હાઈકોર્ટે ખેડૂતોની તરફેણમાં ચુકાદા આપી અમુક સમયમાં નાણાં વ્યાજ સહિત ચૂકવવા આદેશ કરેલ. પરંતુ ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી ઉચ્ચ કક્ષાએ યોગ્ય ફોલો-અપ લઈ શકતા નથી. આથી ખેડૂતોને નામદાર હાઈકોર્ટના ચુકાદા મુજબ નિર્ધારીત કરેલ સમય મર્યાદામાં વળતરનું ચૂકવણું થતું નથી. આથી સરકારને લાખો રૂપિયાનું આર્થિક ભારણ વધે છે અને ખેડૂતોને સમયસર નાણાં મળતા નથી.

(એચ) નામદાર હાઈકોર્ટે ખેડૂતોની તરફેણમાં ચુકાદા આપેલ હોવા છતાં ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીની કચેરીના યોગ્ય સંકલનના અભાવે નાણાં નહીં ચૂકવાતા ખેડૂતોએ કોર્ટ ઓફ કન્ટેમ્પ્ટ કરેલ. જેથી નામદાર અદાલતે તાત્કાલિક ચૂકવણું કરવા આદેશ આપ્યો હોવા છતાં અમુક ખેડૂતોને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીની ગેર હાજરીના કારણે ચૂકવણું થયેલ નથી. આથી ખેડૂતોમાં રોષની લાગણી પ્રગટી છે.

(આઈ) ભચાઉના ૨૦ ખેડૂતોએ જંત્રી વિસંગતતાને કારણે નામદાર હાઈકોર્ટમાં રીટ પીટીશન દાખલ કરેલ હતી. નામદાર હાઈકોર્ટે ખેડૂતોની તરફેણમાં તા. ૨૦-૦૬-૨૦૧૭ના રોજ ચુકાદો આપી ત્રણ મહિનામાં વ્યાજ સહિત ચૂકવણું કરવા આદેશ કરેલ હોવા છતાં ફક્ત બે ખેડૂતોનું જ ચૂકવણું કરવામાં આવેલ છે. બાકીના ૧૮ ખેડૂતોનું ચૂકવણું બે વર્ષ ઉપરાંતનો સમય પસાર થવા છતાં આજદિન સુધી ચૂકવણું થયેલ નથી.

જમીન સંપાદન કરવા મોટાભાગે રેવન્યુને લગતા પ્રશ્નો હોય છે. ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી નાયબ કલેક્ટર કક્ષાનો દરજ્જો ધરાવતા હોઈ, તેઓ કચેરીમાં હાજર રહેતા હોય અથવા જરૂર જણાય ત્યારે રૂબરૂ જાય તો પ્રશ્નોનું નિરાકરણ તાત્કાલિક સમય મર્યાદામાં થાય. વળી જમીન સંપાદનને લગતા વિવિધ તબક્કે યોજાતી બેઠકોમાં પણ ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીની હાજરી અનિવાર્ય બને છે.

અમોને માહિતી મળ્યા મુજબ કચ્છ જિલ્લાને નિયત કરેલ નહેરો માટે જમીન સંપાદન કરવા બે કચેરી કાર્યરત છે. તેમાં (૧) ભચાઉ અને (૨) આદિપુર છે. ભચાઉ કચેરીમાં રેગ્યુલર પોસ્ટીંગ છે અને અન્ય પાંચ કચેરીઓના ચાર્જ છે. એટલે કચ્છ જિલ્લા માટે જમીન સંપાદનને લગતી કામગીરી માટે ન્યાય આપી શકતા નથી. ખેડૂતો જ્યારે જમીન સંપાદન અધિકારીશ્રીની કચેરીમાં પોતાના પ્રશ્નો માટે રૂબરૂ જાય અથવા ફોન કરે તો જાણવા મળે છે કે ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી જે તે જિલ્લાની જિલ્લા અદાલતમાં અથવા નામદાર હાઈકોર્ટમાં હાજર છે. તેથી યોગ્ય જવાબ પણ મળતો નથી કે ખેડૂતોના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ આવતું નથી તેવું સુમાહિતગાર વર્તુળમાંથી જાણવા મળેલ છે.

આમ, ઉપરોક્ત વિગતો વંચાણે લેતા ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીની ચાવીરૂપ ભૂમિકા હોવાથી કચ્છ જિલ્લાના અધિકારીશ્રીઓએ તેમજ પદાધિકારીશ્રીઓએ સરકાર લેવલે કચ્છ જિલ્લા માટે એક ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીની નિમણુંક કરવા વારંવાર રજૂઆતો કરવા છતાં આજદિન સુધી નિમણુંક નહીં થવાથી સરહદી અને દુષ્કાળગ્રસ્ત એવા સંવેદનશીલ કચ્છ જિલ્લા માટે નર્મદા જેવો પ્રાણપ્રશ્ન વણઉકેલ્યો રહ્યો હોઈ સમગ્ર કચ્છ હિતેચ્છુઓમાં રોષ પ્રગટ થઈ રહ્યો છે. **જો આ અન્યાય લાંબા સમય સુધી ચાલશે તો નજીકના ભવિષ્યમાં કાયદો અને વ્યવસ્થાની ગંભીર પરિસ્થિતિનો સરકારશ્રીએ સામનો કરવાની નોબત ઊભી થાય તેવું વાતાવરણ નિર્માણ થઈ ચૂક્યું છે.** માટે ઉપરોક્ત સઘળી બાબતોની ગંભીરતા સમજી ગુજરાત સરકારની ખાસ કરીને કચ્છ જિલ્લા માટે સંવેદનશીલ સરકારની છાપ ઊભી થયેલ છે ત્યારે કચ્છ જિલ્લા માટે કચ્છને ફાળવાયેલ નર્મદાના નિયમિત પાણી ખેડૂતોના ખેતરે પહોંચતા થાય તે માટે વિવિધ નહેરોના અધૂરા કામો ઝડપથી પૂર્ણ થાય તે માટે જરૂરી જમીનોના કબજા તાત્કાલિક ધોરણે મળતા થાય તે માટે કચ્છ જિલ્લા માટે એક સ્વતંત્ર ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીની તાત્કાલિક ધોરણે નિમણુંક કરવા અમો સમગ્ર કચ્છ પ્રેમીઓ વતી આગ્રહભરી વ્યાજબી અને ન્યાયી માંગણી કરીએ છીએ.

***આપશ્રીના હકારાત્મક અને નિર્ણયાત્મક સહકારની અપેક્ષા સાથે...***

**આપનો શુભેચ્છક**
**સહી/-**
**(શિવજીભાઈ માદેવા બરાડિયા)**
**પ્રમુખ - કચ્છ ભારતીય કિસાન સંઘ**

---

*કામ વગર જાવું નકામું, ભૂખ વગર ખાવું નકામું; નીર વગર નહાવું નકામું, ગળા વગર ગાવું નકામું.*

# કચ્છ

• શ્રીમતી (કિશોરી) અલ્કા એ. સંઘવી •

મારું, તમારું, આપણું કચ્છ એટલે કુદરતી સૌંદર્યનો સુગંધિત ખજાનો. જાજરમાન લોક સંસ્કૃતિનું જન્મ સ્થાન અને એકતાના દર્શન કરતું મંદિર. સાથે કુદરતે આપેલ ભરપેટ ભૌગૌલિક વિષમતા. છતા પણ માનવજીવન સરળ બને તે કચ્છી માડુની અનોખી રીત.

આપણું કચ્છ ભૌગોલિક રીતે ત્રણ ભાગમાં વહેંચાયેલ છે : ડુંગરાળ ભૂમિ, દરિયાઇ ભૂમિ અને રેતીનું રણ.

મને ગૌરવ છે કે મારું જન્મ સ્થાન માંડવી - કચ્છ છે.

કચ્છના રબારીઓની સ્ત્રીઓ જાણે આંગળીના ટેરવાથી કલાકારીગરીથી રમતી હોય! એમની આંગળીઓ કલાકારીગરીથી નૃત્ય કરતી હોય એવું લાગે. કાપડ ઉપર રંગબેરંગી દોરાથી ભરતકામ કરી, મનગમતી આકૃતિ કરી જીવંત દશ્ય વસ્ત્રો ઉપર કરીને સજાવે અને અલંકિત કાપડમાંથી વસ્ત્રો બનાવે.

લીંપણકામથી નાના ભૂંગાને પણ ખૂબ જ સહજતાથી સુંદર સજાવટ કરી એમાં આભલા ચોંટાડી એને રાજમહેલ કરતા પણ સુંદર ઘરની સજાવટ કરતી હોય.

મુસ્લિમ સ્ત્રીઓ પણ ખૂબ જ મોટી કલાકારો બની ગઈ છે. તેઓએ બનાવેલ બાંધણીની સાડી, પોષાક પર અનેક ભાત છાપકામ કરી કાઠું કાઢ્યું છે. એ લોકોની સુઝબુઝથી બનાવેલ ઘરચોળા, ચુંદડી, બાંધણીને આપણા અનેક પ્રસંગોમાં અમૂલ્ય સ્થાન મળ્યું છે. ખાસ કરીને લગ્ન પ્રસંગ હોય કે સીમંત પ્રસંગ હોય ત્યારે પાનેતર, ચુંદડી, ઘરચોળાને પહેલું સ્થાન અપાય છે એ કંઈ નાની સુની સફળતા નથી.

કચ્છના પુરુષો ચૂડી વગેરેની અનેક ડિઝાઈન બનાવે છે. હાથી દાંતના ચૂડી-ચૂડા પણ શુભ પ્રસંગે અગ્રસ્થાન પર છે.

કચ્છના લોખંડથી બનાવેલ ઘંટ, ઘંટડી વગેરે પણ એના રણકારથી સુંદર સજાવટ કરી ઘરને સંગીતમય બનાવે છે.

કચ્છના કુંભાર જાતજાતના માટીના રમકડાં અને વાસણો, તાવડા - તાવડી, ઘડા, માટલા વગેરે બનાવી ઘરને સુશોભિત બનાવે તેવી વસ્તુઓ બનાવે છે.

અજરખ બાટીકથી કાપડને સજાવીને તેના પણ સુંદર પોષાક, ચાદર, કુશન કવર વગેરે ખૂબ જ આકર્ષક રૂપ આપે છે.

કાપડ ઉપર રોગાનકામ જે અત્યારે લુપ્ત થતું જોવા મળે છે, તેમાં ખૂબ જ મહેનત કરવી પડતી હોય છે. તે પણ એક બહુ જ સારી કલાકારીગરી કરીને અનેક ઉપયોગમાં લેવાય છે.

માંડવીમાં દુનિયાનું અજોડ જહાજવાડું, જે વર્ષોથી નીત નવા નાના-મોટા જહાજ બનાવવા માટે કુશળ કારીગરોથી ભરપૂર છે. અંજારના સૂડી ચપ્પા પણ ખૂબ જ મશહુર છે.

કચ્છનું કોઈપણ શહેર હોય, ગામડું હોય કે ડુંગરાળ પ્રદેશ હોય; જ્યાં જુઓ ત્યાં કલાકારી જ કલાકારી દેખાય. કચ્છની ઘણી ઈમારતો હોય કે રાજમહેલ હોય કે હવેલી હોય – તે બધે જ સુંદરતાથી સજ્જ હોય. ભૂતકાળની અદ્ભુત કલાકારીગરી, ઈમારતો એ આપણો ભવ્ય વારસો છે.

કચ્છનો ભૂતકાળ ભવ્ય હતો, વર્તમાન પણ ઉજળો છે અને ભવિષ્ય પણ અતિ ઉજળો જ હશે એવી ખેવના છે.

આપણો કચ્છ અને કચ્છી માડુ દેશ-વિદેશમાં વિખ્યાત છે. આપણા કચ્છે દુનિયાને ઘણા જ વિદ્વાનો આપ્યા છે, જે આપણું ગૌરવ છે.

*૯, વિજય એપાર્ટમેન્ટ, કૃષ્ણબાગ, મણિનગર,*
*અમદાવાદ-૮. મો. ૯૪૨૭૩ ૫૩૪૮૨*

## વિચારોની અસર

તમારા વિચારો પર કાબૂ રાખો
વિચારો વાણીમાં પરિવર્તિત થાય છે.

તમારી વાણી પર કાબૂ રાખો
વાણી વર્તનમાં પરિવર્તિત થાય છે.

તમારા વર્તન પર કાબૂ રાખો
વર્તન પલટાય છે આદતોમાં

તમારી આદતો પર કાબૂ રાખો
આદતો ઘડે છે તમારું ચારિત્ર્ય.

તમારા ચારિત્ર્ય પર કાબૂ રાખો
તમારું ચારિત્ર્ય જ છે તમારું ભાગ્યવિધાતા.

*ગમતું હોય તે મળતું નથી, મળે છે તે ગમતું નથી. ગજબ છે જિંદગીની રમતો, આવે જ્યારે ત્રણ એક્કા ત્યારે સામે કોઈ રમતું નથી.*

## એક નિર્જીવ કોરોના યમરાજના પાડાને બુટેલ ટ્રેનની ઝડપે દોડાવે છે!

આમ તો આ લખનારને હળવા હાસ્ય - કટાક્ષના લેખો લખવાનો શોખ છે પરંતુ "ગુજરાત સાહિત્ય સંગમ"ના આજના સમયને અનુરૂપ અભિયાનમાં કોરોનાના અંગારામાં હાથ અને કલમને દાઝી ઝવાના જોખમે પણ લખવાની ઇચ્છા રોકી શકાતી નથી! એક ન્યુઝ પેપરના રીપોર્ટ પ્રમાણે ચીનની "બેટ વુમન" તરીકે જાણીતી બનેલી વુહાન ઇન્સ્ટિટ્યૂટ ઓફ વાઇરોલોજીની ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી ઝેન્ગલીએ દુનિયાને ગંભીર ચેતવણી આપી છે કે, 'કોરોના વાયરસ તો હિમશિલાની ટોચમાં છે! જો આપણે અજાણ્યા વાયરસનો અભ્યાસ નહીં કરીએ તો આવી બીજી અનેક મહામારી સર્જાઈ શકે છે!'

આવા માહોલમાં એક ગુજરાતીએ આ ચેલેન્જ ઉપાડી લીધી છે! વડોદરાના એમ.એસ. યુનિવર્સિટીના ડૉક્ટરેટ થયેલા અને ઘરમાં જ અલ્ટ્રા મોડર્ન લેબોરેટરી ઊભી કરેલા એક યુવાને કોરોના વાયરસના રામબાણ ઉપાય તરીકેની રસી શોધી કાઢવાનું મહાભારત કાર્ય હાથ પર લઈ દિવસ રાત એક કરી રહ્યો છે. જો આપણે આ યુવાનને રામ તરીકે ઓળખીએ તો તેમની પત્ની સીતાએ પોતાના પતિ માટે કામના કલાકો અને તે અંગે બહાર ન જવા માટેની એક લક્ષ્મણરેખા દોરી કાઢી છે અને સૂચના આપી દીધી છે કે એ રેખા ઓળંગવાની નથી! પરંતુ રામાયણમાં જેમ સીતાએ લક્ષ્મણરેખા ઓળંગી હતી તેમ અહીં રામે લક્ષ્મણ રેખા ઓળંગી!

ઘણાં વાંચન, પ્રયોગો અને સંશોધનોને અંતે તે લગભગ સફળતાની નજીક પહોંચી જ ગયો હતો અને ત્યારે જ...

એક દિવસ લોકડાઉનના સમયે તેણે લક્ષ્મણરેખા ઓળંગી! તે થોડા સમય માટે બહાર ગયો અને તે સમય દરમિયાન તેના કિશોર વયના દીકરાએ કોમ્પ્યુટરનો ઉપયોગ કર્યો અને ખલાસ! કોઈ અજાણ્યા વાયરસે સમગ્ર ડેટા ડિલીટ કરી નાખ્યો! કોરોનાની વેક્સીન શોધવાની અત્યંત નજીક પહોંચી ગયેલને હવે ફરી એકડો ઘુંટવો પડશે!

હવે વેક્સીન શોધાઈ જાય ત્યાં સુધી યમરાજના પાડાને બુલેટ ટ્રેનની ઝડપે દોડતા રોકી શકાશે નહીં!

*ચિત્રસેન શાહ - ગાંધીનગર*

*બગડેલા કેસને જે સુધારે તે વકીલ કહેવાય,*
*પણ જે કેસને બગડવા જ ન દે તે વડીલ કહેવાય.*

## લઘુ કથા : ટપાલી

આજના જમાનામાં ટપાલીની કોઈ રાહ જોતું નથી. પરંતુ આ જૂના સમયની વાત છે. ભુજનો સમગ્ર વિકાસ એ સમયે પાંચ નાકા બહાર થોડી થોડી સોસાયટીઓ અસ્તિત્વમાં આવી હતી ત્યારની વાત છે.

રસીકભાઈ ટપાલી ભોળો હતો. બહેનની જવાબદારીને કારણે બહેનના લગ્ન કર્યા બાદ જ પોતે મોડા લગ્ન કરવાનું વિચારેલું. ઘરમાં વિધવા માતા હતી.

તેનો વિસ્તાર નવી વિકસિત સોસાયટીમાં તથા જિલ્લા પંચાયત એમ મોટા વિસ્તાર હતા. તેને સાઇકલ પણ આવડતી નહીં. તે ટપાલી તરીકે પગપાળા જ પોતાની ફરજ બજાવતો હતો. સવારના ભાગે જિલ્લા પંચાયતમાં ટપાલ આપવા પહોંચી જતો. બપોર બાદ સોસાયટી વિસ્તારમાં ટપાલ આપવા જતો. જિલ્લા પંચાયતમાં કચેરી ગ્રાઉન્ડ ફ્લોર પર જાહેર બાંધકામ ખાતાની કચેરી હતી. તેથી રસીકભાઈ ઉપરના ત્રણ માળની ટપાલ આપવા જતા પહેલા, બાકીની ટપાલનો થેલો નીચે રાખીને જતો.

જાહેર બાંધકામ શાખાનો હેડ ક્લાર્ક ભગદેવ લાંચિયો અને ખંધો હતો. મીઠું બોલીને કોન્ટ્રાક્ટર પાસેથી કામ કઢાવી લેતો હતો. એક દિવસ ટેન્ડરના કોઈ કામ માટે ભાવ આવવાના હતા. હેડ ક્લાર્કે આ ભોળા ટપાલીનો લાભ લઈને ટેન્ડરનું કવર ખોલી ભાવ જાણી લીધો અને બીજા કોન્ટ્રાક્ટરને જાણ કરી દીધી. જેથી તે કોન્ટ્રાક્ટર ઓછો ભાવ ભરી, કામ રાખી લે તો તેને કામમાંથી નિયમિત હપ્તા મળે. પણ ટપાલી તેની રમત સમજ્યો નહીં. ટપાલ મળતા હેડક્લાર્કે કહ્યું, જો આ કવરો ખુલ્લાં જ લાવ્યો છે. હું તેની જાણ કરું છું. તે હેડક્લાર્ક મીઠું બોલીને ટપાલીને રવાના કર્યો. પરંતુ ઉચ્ચ અધિકારીને ટપાલી વિરુધ્ધ ફરિયાદ પણ કરી. આમ ટપાલીને પોસ્ટ ખાતા દ્વારા સજારૂપે ઇન્ક્રીમેન્ટ અટકાવીને બીજા વિસ્તારની ફરજો સોંપાઈ કારણકે હેડ પોસ્ટ ઓફિસના અધિકારીઓ તે ટપાલીને ઓળખતા હતા. તેથી રસીકભાઈને હવે માં દીકરાના ઘર સંચાલનમાં પગાર ટૂંકો પડવા લાગ્યો. તેથી ટપાલી બહારનો નાસ્તો કરી લેતો તથા તેની વિધવા મા બંને ટાઈમ ખીચડી છાશ ખાઈ લેતા.

રસીકભાઈ ધૂમ્રપાનને રવાડે પણ ચડ્યા. ખૂબ જ બીડી ફૂંકતા થઈ ગયા. તેના કારણે કેન્સર થઈ ગયું અને અવસાન પણ થયું. રસીકભાઈની આ જિંદગી માટે આ ખંધા લાંચિયા જિલ્લા પંચાયતના અધિકારીએ નિર્દોષ ટપાલીની જિંદગીનો ભોગ લીધો એમ કહેવાય.

*ધીમંત પ્રાણશંકર ભટ્ટ*
*મો. ૯૩૨૮૯ ૨૭૩૮૦*

*વ્યસન છોડી દો તો કસરત જ છે, કોઈને નડો નહીં તો સમાજસેવા જ છે. પાપ ના કરો તો પૂજ્ય જ છે, જેના લીધા છે એને પાછા આપી દો તો દાન જ છે.*

બોધ કથા

# વાત અંગત છે, છતાં કહું મગજમાં ભીડ હશે... હું દિલમાં રહું...?



ભોલાભાઈ ગોલીબાર

ઓર્સન વેલ્સની ફિલ્મ 'સિટીઝન કેન'માં ચાર્લ્સ ફોસ્ટર કેન નામનો એક પૈસાદાર, નિવૃત્ત નેતા અને મીડિયા કિંગ આખી જિંદગી લાગણી વગરનું જીવન જીવે છે. જીવનમાં અંતિમ શ્વાસ લેતી વખતે એ ફક્ત એક જ શબ્દ બોલે છે, 'રોઝબડ'! બધા નવાઈમાં પડી જાય છે. કોઈ નથી સમજી શકતું આ શબ્દનો અર્થ. આખી ફિલ્મમાં બધા આ શબ્દ પાછળનું રહસ્ય શોધવામાં લાગેલા રહે છે. આખરે અંતમાં આ રહસ્યનો ખુલાસો થાય છે. હકીકતમાં 'રોઝબડ' એક સ્લેજનું નામ હતું, જે બરફમાં ચલાવી શકાય એવી ગાડી હોય છે. જે ચાર્લ્સને બાળપણમાં ભેટ મળી હોય છે. 'રોઝબડ' એક ભોળા, નિર્દોષ અને મસ્ત બાળપણની આખરી નિશાની હતી. સુખની અંતિમ નિશાની, જે હંમેશ માટે ખોવાઈ ગઈ. કેટલી નવાઈની વાત છે કે આટલા શક્તિશાળી માણસને એના જીવનના છેલ્લા શ્વાસ વખતે કંઈ યાદ ન રહ્યું, સિવાય કે એ 'સ્લેજ' ગાડી! જિંદગી પણ નાની-નાની અનેક વસ્તુઓથી ભરાયેલી હોય છે. એક સ્લેજ, એક બોલ, ચોકલેટનું રૅપર કે આમલીની કેન્ડી. મોટી વસ્તુઓથી તો મહત્ત્વાકાંક્ષાની માયાવી દુનિયા રચાય છે.

નિર્મલ વર્માની નવલકથા 'વે દિન'માં પોલેન્ડમાં રહેતા એક ઘરડા માણસની વાત છે. યુદ્ધના સમયે એ એક બેરેકમાં રહેતો હોય છે. ત્યાં એક ગરમ ચા પણ મહિને મળતી, જે એને બહુ મોટું સુખ લાગતું હતું. એક દિવસ એ ઘરડા વ્યક્તિએ ચા પીતા પીતા કહ્યું, "જીવનમાં બે જાતના સુખ હોય છે. મોટું સુખ અને નાનું સુખ. 'મોટું સુખ' હંમેશાં આપણી પાસે જ હોય છે, જ્યારે 'નાનું સુખ' ક્યારેક જ મળે છે. જેમ કે ચા પી શકવી, ઠંડીમાં તાપણાની મજા લેવી એ નાના સુખ છે અને મોટું સુખ? શ્વાસ લઈ શકવો અને આપણે જીવતા છીએ એ જાણવું અને બધું ખતમ નથી થઈ ગયું એ 'મોટું સુખ' છે."

'સુખી થવું' ખૂબ જ સહેલું છે, પણ સરળ થવું સૌથી અઘરું. ૧૯૭૩માં ઇ. શુમાકરનું એક પુસ્તક વાંચ્યું હતું 'સ્મોલ ઇઝ બ્યુટીફૂલ.' એ દિવસોમાં 'બીગર ઇઝ બેટર', 'સાઇઝ ડઝ નોટ મેટર'નું ચલણ હતું. જોકે, સંત કબીરદાસને 'સ્મોલ ઇઝ બ્યુટીફૂલ' પુસ્તક વિશે ક્યાંથી ખબર હોય! પણ આ વાતના મર્મને એમણે વરસો પહેલા સમજાવી દીધું હતું.

*'લઘુતા મેં પ્રભુતા બસે, પ્રભુતા સે પ્રભુ દૂર,*
*ચીંટી શક્કર લે ચલી, હાથી કે સર ધૂર.'*

સંત કબીરનું કહેવું છે કે, 'લઘુતા'માં જ પ્રભુતા છે. જે નાનું છે એ સુખી છે, જે વિનયી છે એ ધન્ય છે. જેમકે જીસસ ક્રાઈસ્ટે 'સરમન ઑફ ધ માઉન્ટ'માં કહ્યું છે, 'ધન્ય છે એ, જેનો આત્મા મોહમાયાથી દૂર છે. સ્વર્ગમાં એ લોકોનું જ સામ્રાજ્ય હશે.' 'આજ લઘુતા' છે, જેની તરફ ઇશારો કરતા કબીરે ખૂબ જ સુંદર ઉદાહરણ આપતા કહ્યું કે, 'હાથીના મસ્તક પર બસ ધૂળ જ હોય છે, જ્યારે કીડી ખાંડનો નાનકડો દાણો ઉઠાવી મોજથી ચાલે છે.'

આ વાત પરથી મને મારું બાળપણ યાદ આવી ગયું. મેમ્કો ચૂરણ, લખોટી, આંબલી અને એ આંબલીનું ઝાડ... આંબલીના ઝાડ પરથી આંબલી પાડી ખાવા કરતાં મોટું કોઈ સુખ અમારા માટે નહોતું. આજે આપણને આપણું બાળપણ યાદ આવે છે ત્યારે ઘડપણમાં પહોંચી પછી થાય છે કે જે સુખ બાળપણમાં હતું એ સહજ-સુલભ હતું, જે હવે નથી મળતું. ક્યાંક એવું તો નથી ને કે બાળકમાંથી વર્તમાન સુધીની દોડમાં આપણે સુખના આ તારાને ક્યાંક પાછળ છોડી આવ્યા છીએ... જરા તપાસ તો કરો. ■

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે**

| | |
|---|---|
| નામ / Name | : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / Shri Kacchhi Samaj – Ahmedabad.** |
| બેંક | : ભારતીય સ્ટેટ બેંક, પાલડી, અમદાવાદ. |
| **Bank** | : **State Bank of India, Paldi, Ahmedabad (05306)** |
| **A/C No. :** | : **10011315039 • IFS Code : SBIN0005306 SWIFT** |

સમાજ કાર્યાલય વોટ્સઅપ નંબર : ૯૬૦૧૨ ૭૫૦૭૮

જીવદયા કરુણા અહિંસા ગુંદી પાંજરાપોળ

## શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર

(ગુંદી - મુંબઈ) પૂ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઔષધીઓનું નિર્માણ

પંચગવ્ય આયુર્વેદીક ઔષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર

બિમાર પશુ-પક્ષીઓનું દવાખાનુ | એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, અનાજ મેન્શન, ગોકુળધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૩૩૩, ૬૬૩૮૦૫૦૦

કાર્યક્ષેત્ર : ગામ - ગુંદી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦ ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦



iolite

## SCHOOL MANAGEMENT SOFTWARE

IOLITE SOFTWARES PRIVATE LIMITED

406, Tilakraj Complex, B/h Center Point, Panchavati,
Ellisbridge, Ahmedabad - 380 006, Gujarat, India.
T +91-79-2646 4946, 2644 1050, M +91-92270 00105
E rahul@iolitesoftwares.com, www.iolitesoftwares.com





Sunil R. Suthar, SID, CEPT : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

## HOME DESIGN

FURNITURE

Showroom & Mfg. of Wooden Furniture

Office : Shop No. 102, 1st Floor, Sarthak-II, Opp. Rajpath Club, S.G. Highway, Ahmedabad-380 051.

Factory : Plot No. 64-65-66, Swagat, 3, Industrial Estate, Kuha - Kanbha Road, Kuha, Ta. : Dascroi, Dist. : Ahmedabad.

E-mail : homedesign3202@gmail.com

Specialist for
Dining Table
Sofa Set
Bedroom Set



## જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....

આપના પરિવારના આનંદના વિવિધ પ્રસંગોએ તેમજ કુદરતી મુશ્કેલીઓમાં અબોલજીવોને આપના અમૂલ્ય દાનની સરવાણીનો મીઠો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

કચ્છની સંલગ્ન ૮૦ પાંજરાપોળોમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો અથવા પ્રતિનિધિઓને રૂબરૂ મળી શકશો.

શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી પારશી માવજી બેડા-મોખા (વાણા)

કાર્યાલય શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ । ૧૩૦ ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ००१ ફોન : ०२८३२ - २२७३०४ મો. : ०७६०४८३१५१४

મુંબઈ ઓફિસ :

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી પારશી માવજી બેડા-મોખા (વાણા)

૩૦૩ । ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ અનાજ મેન્શન, ગોકુળ ધામ હોટલની બાજુમાં, મુંબઈ ૪૦૦ ००४ ૨૩૮૧૩૩૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬



મૂકેશભાઈ સાવલા : ૯૮૨૫૦ ૩૪૫૬૯
સાગર સાવલા : ૯૪૨૯૧ ૧૩૦૯૪

શ્રી કચ્છી સમાજ - અમદાવાદને
તથા તેના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ને શુભેચ્છા....

## શ્રી મૂકેશભાઈ એમ. સાવલા

૧૦, શૈલરાજ બંગ્લોઝ, આમ્રપલાસ બંગ્લોઝ,
ફન રીપબ્લિકની પાછળ,
રામદેવનગર, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.



## જાહેરાત આવકાર્ય

## જાહેરાત આવકાર્ય

## જાહેરાત આવકાર્ય

REGD. NO. GAMC/1028/2018-20 VALID UPTO 31-12-2020 ● R.N.I. 46515/87
PUBLISHED ON 10TH OF EVERY MONTH ● POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

BUILDERS WE PRESENT

VISHWANATH SUN SAVVY SHILP shivalik & Many More...

BUY • SALE • RENT • INVEST
RESIDENT, COMMERCIAL, LAND
48, 4th Floor, Amrapali Axiom, Nr. Bopal Ring Road, Bopal, Ahmedabad-380058.
Mo : +91 98795 32139 +91 98700 63481
E : primeproperty123@yahoo.com

PRIME PROPERTY

- Inspection of Property
- Evaluate Property
- Pricing of Property
- Goodwill of Developer
- Validation of Document
- Time of Delivery
- Tenant Screening
- Ultimate Properties



SILICON
ZERO MAINTENANCE LAMINATE

RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.:

INDOTEX PAINTS
● DURABLE ● DECORATIVE ● PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (O) 26853279 • M. : 9909444500 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajasthan, Maharashtra, Karnataka, Goa, Andhra Pradesh



DEEP Industries Limited
Oil & Gas Exploration Production & Services

- EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS
- EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE
- NATURAL GAS COMPRESSION SERVICES
- OIL & GAS PROCESSING EQUIPMENT
- WORK OVER AND DRILLING RIGS
- HIGH PRESSURE MOBILE AIR COMPRESSION
- NATURAL GAS BASED POWER GENERATION
- GAS DEHYDRATION UNIT

CONTACT DETAILS
Deep Industries Limited
Address : 12A & 14, Abhi Shree Corporate Park, Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
Phone # : +91-2717-298510 Fax # : +91-2717-298520
Website : www.deepindustries.com E-mail : info@deepindustries.com

RADHA VALLABH GROUP
Bonafide Brokers | Nelco Agency
Aryan Agency | Jaya Marketing
A-410, City Center, Opp. Idgah Police Chowky,
Prem Darwaja Road, Ahmedabad.
Phone : 22124412, 22120234, 22160418 (Resi.) 22865419
Web : www.bonafidebrokers.com
Chamanbhai : M. 99250 70719 Amitkumar : M. 98790 24849
Nileshbhai : M. 98250 70719 Hirenkumar : M. 98799 97777

જાહેરાત આવકાર્ય

જાહેરાત આવકાર્ય

જાહેરાત આવકાર્ય

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. ● Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta ● Price : Rs. 18.00 ● Lifetime Subscription : Rs. 1500/- (15 Years)